# જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)
## (બેહારૂલ અન્વાર, ભાગ-૪૩)

| | | |
|---|---|---|
| કિતાબનું નામ | : | જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)<br>(બેહારૂલ અન્વાર, ભાગ-૪૩) |
| પ્રકાશક | : | મુન્તઝીર પ્રકાશન |
| પ્રકાશનની તારીખ | : | ૨૦ જમાદીઉસ્સાની,<br>હી.સ. ૧૪૩૮ |
| પ્રત | : | ૧૦૦૦ |
| કંપોઝર-પ્રીન્ટર | : | આલ્ફા કોમ્પ્યુટર્સ<br>સોહીલ મરચન્ટ<br>૨૨૭, રોયલ કોમ્પ્લેક્ષ,<br>હજુરપાયગા રોડ, ભાવનગર.<br>મો. ૯૩૭૪૫ ૪૩૬૦૧<br>sohil1414@gmail.com |

# ઝિયારતે જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)

اَلسَّلَامُ عَلَيْكِ يَا بِنْتَ رَسُوْلِ اللّٰهِ

સલામ થાય આપ પર અય રસૂલે ખુદા (સ.અ.વ.)ની દુખ્તર

اَلسَّلَامُ عَلَيْكِ يَا بِنْتَ نَبِيِّ اللّٰهِ

સલામ થાય આપ પર અય અલ્લાહના નબીની દુખ્તર

اَلسَّلَامُ عَلَيْكِ يَا بِنْتَ حَبِيْبِ اللّٰهِ

સલામ થાય આપ પર અય અલ્લાહના દોસ્તની દુખ્તર

اَلسَّلَامُ عَلَيْكِ يَا بِنْتَ خَلِيْلِ اللّٰهِ

સલામ થાય આપ પર અય અલ્લાહના ખલીલની દુખ્તર

اَلسَّلَامُ عَلَيْكِ يَا بِنْتَ صَفِيِّ اللّٰهِ

સલામ થાય આપ પર અય બરગુઝીદએ ખુદાની દુખ્તર

اَلسَّلَامُ عَلَيْكِ يَا بِنْتَ أَمِيْنِ اللّٰهِ

સલામ થાય આપ પર અય અલ્લાહના અમાનતદારની દુખ્તર

اَلسَّلَامُ عَلَيْكِ يَا بِنْتَ خَيْرِ خَلْقِ اللهِ

સલામ થાય આપ પર અય અલ્લાહની

સૌથી બેહતરીન મખ્લૂકની દુખ્તર

اَلسَّلَامُ عَلَيْكِ يَا بِنْتَ أَفْضَلِ

أَنْبِيَاءِ اللهِ وَ رُسُلِهِ وَ مَلَائِكَتِهِ

સલામ થાય આપ પર અય તે બુઝુર્ગની દુખ્તર જે

અલ્લાહના નબીઓ, રસૂલો અને ફરિશ્તાઓથી અફઝલ છે.

اَلسَّلَامُ عَلَيْكِ يَا بِنْتَ خَيْرِ الْبَرِيَّةِ

સલામ થાય આપ પર અય બહેતરીન મખ્લૂકની દુખ્તર.

اَلسَّلَامُ عَلَيْكِ يَا سَيِّدَةَ نِسَاءِ الْعَالَمِيْنَ

સલામ થાય આપ પર તમામ આલમની ઔરતોની સરદાર.

اَلسَّلَامُ عَلَيْكِ يَا وَالِدَةِ

الْحُجَجِ عَلَى النَّاسِ اَجْمَعِيْنَ

સલામ થાય આપ પર
અય તમામ લોકો પર હુજ્જતની વાલેદા.

اَلسَّلَامُ عَلَيْكِ أَيَّتُهَا الْمَظْلُومَةُ الْمَمْنُوعَةُ حَقَّهَا

સલામ થાય આપ પર અય મઝલૂમા
કે જેને હકથી મહેરૂમ કરવામાં આવ્યા.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى اَمَتِكَ وَ ابْنَتِ نَبِيِّكَ

وَزَوْجَةِ وَصِيِّ نَبِيِّكَ

અલ્લાહ તઆલા! રહેમત મોકલ તારી કનીઝ અને
તારા નબીની દુખ્તર અને તારા નબીના વસીની જવઝા પર.

صَلٰوةً تُزْلِفُهَا فَوْقَ زُلْفٰى عِبَادِكَ الْمُكْرَمِيْنَ

مِنْ اَهْلِ السَّمٰوٰتِ وَالْاَرَضِيْنَ

એવી રહેમત જે મરતબો બુલંદ કરી દે. જેનાથી વધારે
બુલંદ મરતબો તારા ઈઝઝત આપેલા બંદાઓમાં
આસમાનો અને ઝમીનોમાંથી કોઈપણનો ન હોય.

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાના |
|---|---|---|
| | પ્રસ્તાવના | ૧૫ |
| | **પ્રકરણ-૧<br>જ. ફાતેમા ઝહરા (સ.અ.)ની વિલાદત,<br>સુરત, બાંધો અને દેખાવ** | |
| ૧ | માતાના પેટમાં આપ (સ.અ.)ની વાતચીત અને વિલાદતના હાલાત | ૧૭ |
| ૨ | આપ (સ.અ.) ઈન્સીયએ હુરા (ઈન્સાની શકલમાં હુર) | ૨૦ |
| ૩ | આપ (સ.અ.)ની પૈદાઈશ નૂરથી છે | ૨૧ |
| ૪ | આપ (સ.અ.) ઈન્સાની શકલમાં હુર છે | ૨૩ |
| ૫ | આપ (સ.અ.)નો મુબારક બાંધો | ૨૫ |
| ૬ | આપ (સ.અ.)ની વિલાદત અને શહાદત | ૨૫ |
| ૭ | અંગૂઠીનું લખાણ | ૨૮ |
| ૮ | વિલાદતની તારીખ વિરોધીઓની રિવાયતમાં | ૨૮ |
| ૯ | આપ (સ.અ.) તરબીયત પામેલા હતા | ૩૦ |
| ૧૦ | આપ (સ.અ.) અને ઈલ્મે મા કાન વ મા યકુન | ૩૧ |
| | **પ્રકરણ-૨<br>જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ના<br>મુબારક નામો અને ફઝીલતો** | |
| ૧ | આપ (સ.અ.)ના મુબારક નામો અને કુન્નીયત | ૩૫ |
| ૨ | કુન્નીયત અને નામ | ૩૫ |
| ૩ | ફાતેમા નામ રાખવાનું કારણ | ૩૫ |
| ૪ | ઝહરા (સ.અ.) નામ આપવાનું કારણ | ૪૦ |
| ૫ | બતુલ નામ રાખવાનું કારણ | ૪૬ |
| ૬ | ઉમ્મે અબીહા નામ રાખવાનું કારણ | ૪૮ |
| ૭ | તાહેરા નામ રાખવાનું કારણ | ૪૮ |

| | | |
|---|---|---|
| | **પ્રકરણ-૩**<br>**જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)નો મરતબો, આપની શાનમાં કુરઆનની આયતો, આપના મોઅજીઝાઓ** | |
| ૧ | દુન્યવી ઔરતોમાં બેહતરીન | ૫૧ |
| ૨ | આપ (સ.અ.) પુરી દુનિયાની ઔરતોમાં મુન્તખબ છે | ૫૩ |
| ૩ | સૈયદતુન નિસાઈલ આલમીન | ૫૪ |
| ૪ | જ. મરયમથી પણ બતુલ (સ.અ.)નો મરતબો બલંદ છે | ૬૦ |
| ૫ | ખયરૂન્નીસાઈલ આલમીન | ૬૭ |
| ૬ | ખાતુને જન્નત | ૬૮ |
| ૭ | આપ (સ.અ.)ને બાકી રહેવાવાળા કલેમાની બશારત | ૬૯ |
| ૮ | આપ (સ.અ.) શજનાએ રસુલ છે | ૭૦ |
| ૯ | શજનાનો અર્થ | ૭૦ |
| ૧૦ | આપ (સ.અ.)ના મોતી જેવા દાંતથી નુરનું પ્રકાશવું | ૭૦ |
| ૧૧ | આપ (સ.અ.)નો મહેલ | ૭૧ |
| ૧૨ | હઝરત અલી (અ.સ.) અને જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)નું મુસ્કુરાવું અને જન્નતમાં રૌશની | ૭૧ |
| ૧૩ | આપ (સ.અ.)ના નુરથી ચાંદ ફિક્કો પડી જાય છે | ૭૨ |
| ૧૪ | તસ્બીહે ફાતેમા ઝહરા (સ.અ.)નો શરફ | ૭૨ |
| ૧૫ | આપ (સ.અ.)નો ઝીક્ર ઈન્જીલમાં છે | ૭૩ |
| ૧૬ | આપ (સ.અ.)ની ઝુર્રીય્યત પર જહન્નમની આગ હરામ છે | ૭૩ |
| ૧૭ | જન્નતમાં દાખલ થવું | ૭૩ |
| ૧૮ | ઉમ્મતના ગુનેહગારોની શફાઅત | ૭૫ |
| ૧૯ | આપ (સ.અ.)ની રઝા, અલ્લાહની રઝા છે | ૭૯ |
| ૨૦ | આપ (સ.અ.) ઉપર અલ્લાહના સલામ | ૮૧ |
| ૨૧ | ફરિશ્તાઓની સાથે વાતચીત કરવી | ૮૨ |
| ૨૨ | આપ (સ.અ.) માટે જન્નતથી અંગુઠીનું આવવું | ૮૩ |
| ૨૩ | આપ (સ.અ.)ના વકીલ અલ્લાહ છે | ૮૫ |
| ૨૪ | અલ્લાહને આપ (સ.અ.)નું ગમગીન થવું ગવારા નથી | ૮૫ |
| ૨૫ | આપ (સ.અ.)ની બદલામાં ચક્કીનું ચલાવવું | ૮૭ |

| | | |
|---|---|---|
| ૨૬ | આપ (સ.અ.) માટે જન્નતમાંથી ખોરાકનું આવવું | ૯૧ |
| ૨૭ | જન્નતના ખોરાકનું આવવું અને શૈતાનનો સવાલ | ૯૭ |
| ૨૮ | આપ (સ.અ.)ની સખ્ત ભુખ રસુલે ખુદા (સ.અ.વ.)ને મંજુર ન હતી | ૯૮ |
| ૨૯ | રસુલ (સ.અ.વ.)ની ઔલાદ માટે હદીસ | ૯૮ |
| ૩૦ | હ. અલી (અ.સ.)ની ગીરફતારી અને આપ (સ.અ.)ની ફરિયાદ | ૧૦૦ |
| ૩૧ | કયામતના દિવસે મુલાકાત | ૧૦૧ |
| ૩૨ | સ્ત્રીઓ માટે સૌથી અફઝલ વાત | ૧૦૨ |
| ૩૩ | મોઅમીનોને ત્રણ વાતનો લેહાઝ રાખવો જોઈએ | ૧૦૩ |
| ૩૪ | આયાતનું શાને નુઝુલ | ૧૦૪ |
| ૩૫ | લયલતુલ કદ્રની તફસીર | ૧૧૩ |
| ૩૬ | لَإِحۡدَى الۡكُبَرِ ની તફસીર | ૧૧૪ |
| ૩૭ | રસુલે ખુદા (સ.અ.વ.)ને ૧૦ વાતોનો અંદેશો હતો | ૧૧૪ |
| ૩૮ | ચાર મશ્હુર તૌબા કરવાવાળા | ૧૧૭ |
| ૩૯ | દુનિયામાં ચાર નેક ઔરતોને ડરાવવામાં આવી | ૧૧૮ |
| ૪૦ | દોઆએ નૂર | ૧૧૯ |
| ૪૧ | દુખ્તરની તાઅઝીમ (એહતેરામ) | ૧૨૨ |
| ૪૨ | આપ (સ.અ.) પર દુરૂદ (સલવાત)નો સવાબ | ૧૨૯ |
| ૪૩ | આપ (સ.અ.)નું ઝોહદ | ૧૨૯ |
| ૪૪ | આપ (સ.અ.)થી વધીને કોઈ ઈબાદત ગુઝાર ન હતા | ૧૩૦ |
| ૪૫ | આપ (સ.અ.) મોહદ્દેસા હતા | ૧૩૦ |
| ૪૬ | જફર, જામેઅહ અને મુસ્હફે ફાતેમા (સ.અ.) કોને કહેવાય છે | ૧૩૧ |
| ૪૭ | મુસ્હફે ફાતેમા (સ.અ.) કોને કહેવાય છે | ૧૩૨ |
| ૪૮ | આપ (સ.અ.) કાઝી શુરૈકની નઝરમાં | ૧૩૩ |
| ૪૯ | મૈદાને હશ્રમાં આપ (સ.અ.)ની સવારીનો ઈન્તેઝામ | ૧૩૫ |
| ૫૦ | ગૈબથી સવારીનો ઈન્તેઝામ | ૧૩૬ |
| ૫૧ | આપ (સ.અ.)ની ખાદેમા ઉમ્મે અયમન માટે આસમાનથી પાણીની ડોલ નાઝીલ થવી | ૧૩૭ |

| | | |
|---|---|---|
| ૫૨ | મોઅજીઝનુમા પ્યાલો | ૧૩૮ |
| ૫૩ | હબશના રાજાએ મોકલેલી ચાદર | ૧૩૯ |
| ૫૪ | આપ (સ.અ.)ની ચાદરના ઝરીયાથી યહુદી ઈસ્લામ લઈ આવ્યા | ૧૪૧ |
| ૫૫ | આપ (સ.અ.)નો બીજો એક મોઅજીઝો | ૧૪૨ |
| ૫૬ | એક બાબરકત હાર | ૧૪૩ |
| ૫૭ | ઈસારનો બદલો (કુરબાનીનો બદલો) | ૧૪૯ |
| ૫૮ | હસ્નૈન(અ.સ.)ની માટે ઈદના કપડા | ૧૫૩ |
| ૫૯ | રસુલે ખુદા (સ.અ.વ.)ની રિસાલત પર ગરોળીની ગવાહી | ૧૫૪ |
| | **પ્રકરણ-૪**<br>**જ. ફાતેમા (સ.અ.)ની સિરત, મકારેમુલ અખ્લાક અને જ. ફાતેમા (સ.અ.)ની અમુક કનીઝોના હાલાત** | |
| ૧ | હ. અલી (અ.સ.) અને આપ (સ.અ.)ની વચ્ચે કામની વહેંચણી | ૧૬૭ |
| ૨ | કપડાની સાદગી | ૧૬૭ |
| ૩ | મકારેમુલ અખ્લાક | ૧૬૮ |
| ૪ | તસ્બીહે જ. ફાતેમા (સ.અ.) | ૧૬૯ |
| ૫ | જ. ફીઝઝા અને કુરઆનથી વાત કરવી | ૧૭૩ |
| ૬ | આપ (સ.અ.)ની ઝાહીદ ઝીંદગી | ૧૭૮ |
| ૭ | આપ (સ.અ.)થી બની ઉમય્યાની અદાવત | ૧૮૧ |
| ૮ | આપ (સ.અ.)ની પસંદીદા સબજી | ૧૮૧ |
| ૯ | આપ (સ.અ.) અને શોહદાની કબ્રોની ઝિયારત | ૧૮૨ |
| ૧૦ | بَضْعَةٌ مِنِّى (મારો ટુકડો) | ૧૮૨ |
| | **પ્રકરણ-૫**<br>**જ. ફાતેમા (સ.અ.)ની શાદીના બારામાં** | |
| ૧ | હ. અલી (અ.સ.)ની રિશ્તાની માંગણી | ૧૮૫ |
| ૨ | શૈખૈન (ઉમર, અબુબક્ર) અને શાદીનો પયગામ | ૧૯૮ |
| ૩ | શૈખૈનની નારાઝગી | ૨૦૨ |
| ૪ | રિશ્તાની મંજુરી | ૨૦૨ |
| ૫ | અગર હ. અલી (અ.સ.) ન હોત તો | ૨૦૫ |

| | | |
|---|---|---|
| ૬ | શાદી માટે ખુદાનો હુકમ | ૨૦૬ |
| ૭ | હ. અલી (અ.સ.)ના ફઝાએલ હ. મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.)ની ઝબાન ઉપર | ૨૦૬ |
| ૮ | હદીસ મેહમુદ | ૨૧૨ |
| ૯ | ભાઈ પણ અને જમાઈ પણ | ૨૧૪ |
| ૧૦ | નસબન વ સેહરનની તફસીર | ૨૧૫ |
| ૧૧ | નિકાહની તારીખ | ૨૧૬ |
| ૧૨ | આપ (સ.અ.)ના નિકાહ આસમાનોમાં | ૨૧૭ |
| ૧૩ | રૂખસતીની શાન | ૨૧૭ |
| ૧૪ | આસમાની કપડા અને ઝવેરાતનો વરસાદ | ૨૧૭ |
| ૧૫ | સીદરતુલ મુન્તહામાં નિકાહ અને રૂખસતીની શાન | ૨૧૮ |
| ૧૬ | રૂખસતીની તૈયારીઓ | ૨૧૯ |
| ૧૭ | રૂખસતી | ૨૨૧ |
| ૧૮ | રૂખ્સતી અને દઅવતે વલીમાની તૈયારી | ૨૨૨ |
| ૧૯ | રૂખ્સતીની માટે વાતચીત | ૨૩૧ |
| ૨૦ | રૂખ્સતી અને દાવતનો ઈન્તેઝામ | ૨૩૪ |
| ૨૧ | રસ્મે રૂ-નુમાઈ (મુંહ દિખાઈ) | ૨૩૮ |
| ૨૨ | દઅવતે વલીમા | ૨૪૦ |
| ૨૩ | શાદીની હાલત | ૨૪૨ |
| ૨૪ | હ. અલી (અ.સ.)નું ઘર અને શાદીની તૈયારી | ૨૪૩ |
| ૨૫ | આપ (સ.અ.)ના નિકાહનો ખુત્બો અને રાહીલનું ખુત્બાને પઢવું | ૨૪૪ |
| ૨૬ | હઝરત અલી (અ.સ.) અને નિકાહનો ખુત્બો | ૨૪૬ |
| ૨૭ | રસુલે ખુદા (સ.અ.વ.)નો નિકાહનો ખુત્બો | ૨૫૦ |
| ૨૮ | મહેરની રકમની સાચી સંખ્યા અને વિવિધ રિવાયતો | ૨૫૩ |
| ૨૯ | આપ (સ.અ.)નું મહેર નિકાહ પહેલા અને નિકાહ પછી | ૨૫૪ |
| ૩૦ | હઝરત અલી (અ.સ.)નું આપ (સ.અ.)ની સાથે શાદી ઉપર ફખ્ર મહેસુસ કરવું | ૨૫૮ |

| | | |
|---|---|---|
| ૩૧ | આપ (સ.અ.) ફઝાએલનું કેન્દ્ર | ૨૫૯ |
| ૩૨ | હઝરત અલી (અ.સ.) અને આપ (સ.અ.)ના શીઆઓ માટે જહન્નમથી આઝાદીનો પરવાનો અને તુબાનું ઝાડ | ૨૬૦ |
| ૩૩ | જમીનનું હઝરત અલી (અ.સ.)થી વાત કરવી | ૨૬૨ |
| ૩૪ | હઝરત અલી (અ.સ.)ની શુક્ર માટેની દોઆ | ૨૬૨ |
| ૩૫ | નસબવ્વ સેહરનની તફસીર | ૨૬૩ |
| ૩૬ | દહેજના સામાનની ખરીદી | ૨૬૭ |
| ૩૭ | જનાબે ખદીજા (સ.અ.)નો અસ્મા બિન્તે ઉમૈસથી વાયદો લેવો | ૨૬૯ |
| | **પ્રકરણ-૬**<br>**હઝરત ફાતેમા ઝહરા (સ.અ.) નો**<br>**હઝરત અલી (અ.સ.) સાથે વર્તન** | |
| ૧ | કુરૈશની ઔરતોના મેણા ટોણા | ૨૭૩ |
| ૨ | શૌહરની ઈતાઅતનો હુકમ | ૨૭૭ |
| ૩ | આલે મોહમ્મદ (સ.અ.વ) ના ઘરોમાં એક મહીનાથી આગ પણ રોશન નથી થઈ | ૨૭૮ |
| ૪ | આપ (સ.અ.)ને શીકાયત કે હઝરત અલી (અ.સ.) બધુ જ રાહે ખુદામાં આપી દે છે | ૨૭૯ |
| ૫ | આપ (સ.અ.)ની હયાતીમાં હઝરત અલી (અ.સ.) પર બીજી ઓરતો હરામ હતી | ૨૮૦ |
| ૬ | સુરે હલઅતામાં આપ (સ.અ.)નો એહતેરામ | ૨૮૦ |
| | **પ્રકરણ-૭**<br>**જનાબે ઝહરા (સ.અ.) પર મઝાલીમ, તેમનુ ગીર્યા અને બુકા અને આપ (સ.અ.) ની શહાદતનું બયાન** | |
| ૧ | દુનિયાના પાંચ મશહુર રોવાવાળા | ૨૮૩ |
| ૨ | રસુલે ખુદા (સ.અ.વ.)નો વફાતનો સમય અને આપ (સ.અ.)નું ગીર્યા કરવુ | ૨૮૪ |
| ૩ | રસુલે ખુદા (સ.અ.) ની ભવિષ્યવાણી | ૨૮૮ |

| | | |
|---|---|---|
| ૪ | આપ (સ.અ.)નું ખ્વાબ-વફાતે રસુલ (સ.અ.વ.)ની પછી | ૨૯૦ |
| ૫ | રસુલે ખુદા (સ.અ.વ.) ની વફાત પર આપ (સ.અ.)ના મરસીયા અને નૌહા | ૨૯૪ |
| ૬ | રસુલે ખુદા (સ.અ.વ.)ની વફાત પર આપ (સ.અ.)નો મરસીયો | ૩૦૦ |
| ૭ | હઝરત બીલાલ (અ.ર.)થી અઝાનની ફરમાઈશ | ૩૦૧ |
| ૮ | આપ (સ.અ.)નો ખિતાબ | ૩૦૩ |
| ૯ | એહતેઝાર ના સમય (વફાત નઝદીક નો સમય)નો હાલ | ૩૦૭ |
| ૧૦ | આપ (સ.અ.)ની કબ્રની જગ્યાને નક્કી કરવી | ૩૧૫ |
| ૧૧ | આપ (સ.અ.)ની વસીય્યતો | ૩૧૬ |
| ૧૨ | આપ (સ.અ.)ને દફન કર્યા બાદ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની કબ્રથી ખીતાબ | ૩૨૦ |
| ૧૩ | જફર, જામેઆ અને મુસહફે ફાતેમા (સ.અ.) શું છે? | ૩૨૨ |
| ૧૪ | કબ્રને ખોદવાનો ઈરાદો અને હઝરત અલી (અ.સ.)નો ગુસ્સો | ૩૨૩ |
| ૧૫ | આપ (સ.અ.)ના ઘરના દરવાજાને સળગાવવામાં આવ્યો | ૩૨૫ |
| ૧૬ | માના શિક્મમાં જનાબે મોહસીન (અ.સ.)ની શહાદત | ૩૩૩ |
| ૧૭ | આપ (સ.અ.)ને ઝખ્મી કરવામાં આવ્યા | ૩૩૪ |
| ૧૮ | શૈખૈનથી નારાઝગી અને દફન વીધી | ૩૩૫ |
| ૧૯ | હઝરત અબ્બાસ ઈબ્ને અબ્દુલ્મુત્તલીબ નો મત કે આપ (સ.અ.)નો જનાઝો શાનો શૌકતથી ઉઠાવવામાં આવે | ૩૪૫ |
| ૨૦ | આપ (સ.અ.)ની નમાઝે જનાઝા પઢવાવાળાનો શરફ | ૩૪૭ |
| ૨૧ | વફાતની તારીખ અને ગુસ્લો-કફન | ૩૪૭ |
| ૨૨ | આપ (સ.અ.)ની વફાત અને ઉમ્રના બારામાં વિવિધ રિવાયતો | ૩૪૮ |
| ૨૩ | વફાત સમયે આપ (સ.અ.)ની ઉમ્રના બારામાં ઈખ્તેલાફ | ૩૫૦ |
| ૨૪ | પોતાના દરેક માલને સદકો કરવાની વસીય્યત | ૩૫૧ |
| ૨૫ | વસીય્યતનામાનુ લખાણ | ૩૫૧ |

| | | |
|---|---|---|
| ૨૬ | આપ (સ.અ.)ની વફાત પર હઝરત અલી (અ.સ.)નો મરસીયો | ૩૫૩ |
| ૨૭ | આપ (સ.અ.)ની વફાત પર હઝરત અલી (અ.સ.) એ આ પણ અશઆર કહ્યા | ૩૫૫ |
| ૨૮ | વફાતના પહેલા આપ (સ.અ.)ની દોઆઓ | ૩૫૬ |
| | **પ્રકરણ-૮**<br>**કયામતના દિવસે અલ્લાહ તઆલાની નજરમાં**<br>**જનાબે ફાતેમા (સ.અ.)નો મરતબો અને અઝમત** | |
| ૧ | ખાતુને જન્નતનું હશ્રના મૈદાનમાં અને જન્નતમાં ઈસ્તેકબાલ | ૩૬૧ |
| ૨ | જન્નતની ખાતુનનો જન્નતમાં પ્રવેશ | ૩૬૬ |
| ૩ | મહેશરવાળા લોકોને આંખો બંધ કરવાનો હુકમો | ૩૬૮ |
| ૪ | હઝરત ઈમામ હુસૈન (અ.સ.)નું હશ્રના મૈદાનમાં આવવું | ૩૭૦ |
| ૫ | જનાબે ફાતેમા (સ.અ.)ની ફરિયાદ | ૩૭૪ |
| ૬ | શફાઅત | ૩૭૪ |
| | **પ્રકરણ-૯**<br>**જનાબે ફાતેમા (સ.અ.)ની ઔલાદનું**<br>**હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની ઔલાદ હોવું** | |
| ૧ | ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.) રસુલે ખુદા (સ.અ.વ.)ના સુલ્બી ફરઝંદ છે. કુરઆને મજીદથી દલીલ | ૩૭૯ |
| ૨ | આપ (સ.અ.)ની ઔલાદ જનાબે રસુલે ખુદા (સ.અ.વ.)ની ઔલાદ છે. તે કુરઆને મજીદથી એક બીજી દલીલ | ૩૮૪ |
| ૩ | આપ (સ.અ.)ના શીકમથી પૈદા થવાવાળાનો શરફ | ૩૮૮ |
| ૪ | ઝૈદ બિન ઈમામ મુસા કાઝીમ (અ.સ.)ને ઈમામ રેઝા (અ.સ.)નો ઠપકો | ૩૯૧ |

| | | |
|---|---|---|
| | **પ્રકરણ-૧૦**<br>**જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ના**<br>**વકફો અને સદકાઓ** | |
| ૧ | આપ (સ.અ.)નો સદકો બની હાશીમ અને બની અબ્દુલ મુત્તાલીબ માટે | ૩૯૫ |
| ૨ | વકફનામાનું લખાણ | ૩૯૫ |
| ૩ | જનાબે સલમાનનો લગાવેલો બાગ | ૩૯૭ |
| ૪ | આપ (સ.અ.)ના બાગોના નામ | ૩૯૭ |

# પ્રસ્તાવના

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

ઈમામ મહદી (અ.ત.ફ.શ.) ફરમાવે છેઃ

فِيۡ اِبۡنَةِ رَسُوۡلِ اللّٰهِ لِيۡ اُسۡوَةٌ حَسَنَةٌ

*'હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ના દુખ્તર (જનાબે ફાતેમા સ.અ.) મારા માટે શ્રેષ્ઠ નમુનો છે.'*

અલ્લાહ (ત.વ.ત.)નો લાખો શુક્ર છે અને એહલેબૈત (અ.મુ.સ.)ના નઝરો કરમથી કિતાબ બેહારૂલ અન્વાર, ભાગ-૪૩ જે અરબી ભાષામાં છે જેના લેખક અલ્લામા મોહમ્મદ બાકીર મજલીસી (અ.ર.) છે જેનો ઉર્દુ અનુવાદ મૌલાના સૈયદ હસન ઈમ્દાદ, લખનઉ એ કરેલ છે જેના ભાગ-૩ નો અમે ગુજરાતી અનુવાદ કરેલ છે અને આ કિતાબને અમો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની વિલાદત (૨૦ જમાદીઉસ્સાની, હીસ. ૧૪૩૮)ના મૌકા ઉપર પ્રકાશિત કરીએ છીએ અને આ કિતાબનો સવાબ જનાબે ફાતેમા (સ.અ.)ને પેશ કરીએ છીએ.

બેહારૂલ અન્વાર, ભાગ-૪૩ માં સૈયદતુન્નીસાઈલ આલમીન, રસુલે ખદા (સ.અ.વ.)ના જીગરનો ટુકડો અને અઈમ્મા (અ.મુ.સ.)ના નુરનો મુળ સ્ત્રોત, ઉમ્મુલ અઈમ્મા, તે અઈમ્મા કે જેઓ દીન અને દુનિયાના સરદાર છે અને રસુલે ખુદા (સ.અ.વ.)ના જાનશીનના પત્નિ, કુફુએ અલી (અ.સ.), બતુલ, અઝરા, જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)નું જીવનચરીત્ર, તેમની વિલાદત, તેમના મુબારક નામો, તેમની શાદી, તેમના મોઅજીઝાઓ, તેમની કનીઝો, તેમના પર થયેલ મઝાલીમો અને તેમની વસીય્યતો અને શહાદત, દફન, વિ. નું એહલે સુન્નત અને શીઆના મશહુર આલીમોની કિતાબોના હવાલાથી સવિસ્તાર બયાન કરેલ છે.

અલ્લાહ (ત.વ.ત.) આપણને તેમની સિરત ઉપર અમલ કરવાની તૌફીક અતા કરે. આમીન.

– મુન્તઝીર પ્રકાશન

# પ્રકરણ-૧

# જ. ફાતેમા ઝહરા (સ.અ.)ની વિલાદત, સુરત, બાંધો અને દેખાવ

## (૧) માતાના પેટમાં આપ (સ.અ.)ની વાતચીત અને વિલાદતના હાલાતઃ

મુફઝઝલ બિન ઉમરથી રિવાયત છે કે તે બયાન કરે છે કે એક વખત મેં હઝરત અબુ અબ્દિલ્લાહ ઈમામ જઅફરે સાદિક (અ.સ.)થી અર્ઝ કરી કે શું તમે મને તમારા દાદી હઝરત ફાતેમા ઝહરા (સ.અ.)ની વિલાદતનો કાંઈક હાલ સંભળાવશો?

આપ (અ.સ.) એ ફરમાવ્યુંઃ હા, સાંભળો! જ્યારે હ. ખદીજા એ સીદ્દીકા (સ.અ.)ના નિકાહ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)થી થયા ત્યારે મક્કાની ઔરતોએ આ મોઅઝઝમા થી દરેક પ્રકારનો સંબંધ તોડી નાંખ્યો. ન તો કોઈ ઔરત તેમની પાસે આવતી ન તો આપ (સ.અ.)ને સલામ કરતી, ન તો કોઈ બીજી ઔરતને આપની પાસે આવવા દેતી. આ હાલાત જોઈને હઝરત ખદીજા (સ.અ.) ખુબજ પરેશાન રહેવા લાગ્યા, આપ (સ.અ.)ને સૌથી વધુ ફીક્ર રસુલે ખુદા (સ.અ.વ.)ની હતી.

જ્યારે આપ (સ.અ.)ના મુબારક પેટમાં જનાબે ઝહરા (સ.અ.) આવ્યા તો ત્યારથીજ પોતાની માતાનો જીવ બહેલાવવા માટે માતાથી વાતચીત કરતા રહેતા હતા અને તેમને સબ્ર અને સહનશીલતાની તલ્કીન કરતા હતા પરંતુ આ વાતચીતની હ. ખદીજા (સ.અ.) એ હ. રસુલે ખુદા (સ.અ.વ.)ને જાણ નહોતી કરી.

એક દિવસ રસુલે ખુદા (સ.અ.વ.) પોતાના ઘરમાં દાખલ થયા ત્યારે રસુલે ખુદા (સ.અ.વ.) એ સાંભળ્યું કે હ. ખદીજા (સ.અ.) કોઈની સાથે વાત કરવામાં મશ્ગુલ છે.

રસુલે ખુદા (સ.અ.વ.) એ પુછયુંઃ અય ખદીજા (સ.અ.)! અહીંયા તો જાહેરમાં કોઈ બીજી વ્યકિત નથી તો પછી તમે કોની સાથે વાત કરવામાં મશ્ગુલ છો?

જ. ખદીજા (સ.અ.) એ જવાબ આપ્યોઃ અય હઝરત! આ બાળક જે મારા શિકમમાં છે ઘણી વખત મારી સાથે વાતો કર્યા કરે છે. જેનાથી મારૂ દીલ બહેલાય છે. રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ અય ખદીજા (સ.અ.)! અલ્લાહ તઆલાએ જીબ્રઈલ મારફત મને ખબર આપી છે જે આપણા માટે ખુશીનું કારણ છે કે આ નેક બેટી છે જે તમારાથી વાતો કરી રહ્યા છે.

આ દીકરી તાહેરા છે. અલ્લાહ તઆલા આ જ પુત્રીની નસ્લથી અઈમ્મા (અ.મુ.સ.)ને પૈદા કરશે કે જેઓને અલ્લાહ તઆલા વહ્યનો સિલસિલો કપાઈ જવા પછી મારા વસી અને જમીનમાં ખલીફા મુકર્રર કરશે. જેઓ મારી નસ્લ કહેવાશે.

હ. ખદીજા (સ.અ.) આ રીતે પોતાની પુત્રીસાથે વાતો કરતા અને મન ખુશ કરતા રહ્યા. ત્યાં સુધી કે વિલાદતનો સમય નઝદીક આવ્યો. આપ (સ.અ.) એ કુરૈશ અને બની હાશીમની ઔરતો પાસે કોઈને મોકલ્યાં કે જેથી વિલાદતના સમયે તેની મદદ કરે. પરંતુ તેઓએ જવાબ આપ્યો કે, કારણકે તમે અમારી વાતને ન માની અને અબ્દુલ્લાહના યતીમ (મોહમ્મદ સ.અ.વ.) જેઓ એકદમ ફકીર અને મુફલીસ છે, તેની સાથે નિકાહ કરી લીધા તેના લીધે અમે નહી આવીએ અને આ કામમાં અમે તમારી મદદ નહી કરશું.

હ. ખદીજા (સ.અ.)ને તેનું ખુબજ દુઃખ થયું અને હજી બેઠા બેઠા વિચારી રહ્યા હતા કે આપ (સ.અ.)ની પાસે ૪ ઔરતો જે ઘઉવર્ણી રંગના અને લાંબા કદના (સામાન્ય રીતે બની હાશીમની ઔરતો હોય છે) તે આવ્યા. આપ (સ.અ.) તે અજાણી ઔરતોને જોઈને થોડાક ગભરાયા તો તેમાંથી એક એ કહ્યુંઃ અય ખદીજા! ડરવાની કોઈ વાત નથી, અમે તો તમારા રબ તરફથી આ વિલાદતના કામ માટે આવ્યા છીએ. આ જ. આસીયા બિન્તે મઝાહીમ છે જે જન્નતમાં તમારી સહેલી હશે, આ જ. મરીયમ બિન્તે ઈમરાન છે, આ જ. મુસા

(અ.સ.)ની બહેન જ. કુલસુમ છે અને હું જ. સારા, જ. ઈબ્રાહીમ (અ.સ.)ની પત્નિ છું.

તેથી તેમાંથી એક ડાબી બાજુ અને એક જમણી બાજુ, એક સામેની તરફ અને એક પાછળની તરફ બેસી ગયા. પછી જ. ફાતેમા તાહેરા(સ.અ.) ની વિલાદત થઈ. જ્યારે આપ (સ.અ.)ની વિલાદત થઈ તો આપ (સ.અ.)ના મુબારક ચહેરાથી એક એવું નૂર જાહેર થયું કે જેની રોશની મક્કાના દરેક ઘરમાં પહોંચી. પૂર્વથી લઈને પશ્ચિમ સુધી જમીન પર કોઈ એવી જગ્યા નહોતી જ્યાં આપ (સ.અ.)ની રોશની ન પહોંચી હોય.

ત્યાર પછી જન્નતથી ૧૦ હુરો આવી. દરેકની સાથે એક થાળ અને એક જામ હતો કે જેમાં આબે કવસર ભરેલું હતું અને તે મોઅઝઝમાં કે જે હ. ખદીજા (સ.અ.)ની સામે બેઠા હતા તેઓએ એક હુરના હાથમાંથી જામ લીધો અને હ. ફાતેમા (સ.અ.)ને આબે કવસરથી ગુસ્લ દીધું પછી બે કપડા નીકાળ્યા જે દુધથી વધારે સફેદ, મુશ્ક અને અંબરથી વધારે ખુશ્બુદાર હતા, એક કપડામાં આપ (સ.અ.)ને વિટાળી લીધા અને બીજા કપડાને દુપટ્ટા તરીકે માથા પર નાંખી દીધા પછી આપ (સ.અ.)થી કાંઈક બોલવાની ખ્વાહીશ જાહેર કરી ત્યારે હ. ફાતેમા (સ.અ.)એ કલમએ શહાદતૈનને પોતાની જબાન પર જારી કર્યા અને કહ્યું: 'અશ્હદો અન લાઈએલાહા ઈલલ્લ્લાહ વ અન્ન અબી રસુલુલ્લાહે વ સય્યદુલ અમ્બીયાએ વ અન્ન બઅલી સૈયદુલ અવસેયાએ વ વલદી સાદતુલ અસ્બાત.'

'હું ગવાહી આપું છું કે અલ્લાહ સિવાય કોઈ ખુદા નથી અને એ કે મારા પિતા અલ્લાહના રસુલ છે અને અમ્બીયાઓના સરદાર છે અને મારા શૌહર અવ્સીયાઓના સરદાર છે અને મારા ફરઝંદો આવનાર નસ્લના સરદાર છે.'

ત્યાર પછી આપ (સ.અ.) એ તે ચારેય ઔરતોના નામ લઈને સલામ કરી અને તે બધા હસવા લાગ્યા. હુરોએ એકબીજાને જ.ફાતેમા(સ.અ.) ની વિલાદતની મુબારકબાદી આપી, આસ્માનવાળાઓ એ પણ એકબીજાને મુબારકબાદી આપી પછી આસમાન પર એવુ નૂર જાહેર થયુ કે ફરિશ્તાઓએ આ પ્રકારનું નૂર કયારેય નહોતુ જોયું.

આ ઔરતોએ હ. ખદીજા (સ.અ.)ને કહ્યુંઃ અય ખદીજા! આ લ્યો આ તમારી દીકરી એકદમ તાહેરા અને મુત્તાહહેરા છે, પાક અને પાકીઝા છે, કબુલને પાત્ર છે. અલ્લાહ જનાબે ઝહરા (સ.અ.)ને તેની નસ્લમાં બરકત દેશે, તેથી જનાબે ખદીજા (સ.અ.) એ ખુશી ખુશી તેમને લઈ લીધા, પોતાની છાતીથી લગાવ્યા અને પોતાનું દુધ પીવડાવ્યું.

હઝરત ફાતેમા ઝહરા (સ.અ.) એક દિવસમાં એટલા મોટા થતા હતા જેટલા બીજા બાળકો એક મહીનામાં મોટા થાય છે અને એક મહીનામાં એટલા મોટા થતા કે જેટલા બીજા બાળકો એક વર્ષમાં થાય છે.

(કિતાબ અમાલીએ શૈખે સદુક અ.ર., મિસ્બાહુલ અન્વારમાં પણ હમ્માદથી આજ રિવાયત મરવી છે)

## (૨) આપ (સ.અ.) ઈન્સીયએ હુરા (ઈન્સાની શકલમાં હુર):

અમાલીએ શૈખે સદુક (ર.અ.)માં છે કે હરુવીએ ઈમામ રેઝા (અ.સ.)થી રિવાયત કરી છે કે હ. નબીએ અકરમ (સ.અ.વ.) એ બયાન ફરમાવ્યું છે જ્યારે શબે મેઅરાજ મને આસમાન પર લઈ જવામાં આવ્યો તો જીબ્રઈલે મારા હાથને પોતાના હાથમાં લીધો અને મને જન્નતમાં લઈ ગયા. પછી ત્યાંના થોડા રૂતબ (ફળો) મને આપ્યા. મેં તેને ખાધા તો તેણે મારા સુલ્બમાં મખ્સુસ જવહરે હયાતનું સ્વરૂપ લઈ લીધું. પછી જ્યારે હું જમીન પર પાછો આવ્યો આજ મખ્સુસ જવહરે હયાતથી હ. ખદીજા (સ.અ.)ના પેટમાં જનાબે ફાતેમા (સ.અ.)નો

હમલ રહ્યો. જ. ફાતેમા (સ.અ.) ઈન્સીયાએ હુરા (ઈન્સાની શકલમાં હુર છે) જ્યારે હું જન્નતની ખુશ્બુ સુંધવા ચાહું છું ત્યારે મારી બેટી ફાતેમાની ખુશ્બુ સુંઘી લઉં છું.

(અમાલીએ શૈખે સદુક અ.ર., એહતેજાજ)

## (૩) આપ (સ.અ.)ની પૈદાઈશ નૂરથી છેઃ

કિતાબ મઆનીલ અખ્બારમાં છે કે સુદૈરે સેરફી એ હ. અબુ અબ્દિલ્લાહ ઈમામ જઅફર સાદિક (અ.સ.)થી અને તેમણે પોતાના પવિત્ર બાપ-દાદાઓથી રિવાયત કરી છે કે હ. રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ મારી દીકરી ફાતેમા (સ.અ.)નું નૂર જમીન અને આસમાનની ખિલ્કતથી પહેલા પૈદા થયું છે.

કોઈએ આપને પુછયુંઃ યા રસુલુલ્લાહ (સ.અ.વ.)! આનો મતલબ એમ છે કે જ. ફાતેમા (સ.અ.) ઈન્સાની મખ્લૂક નથી?

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ જ. ફાતેમા (સ.અ.) ઈન્સાની શકલમાં હુરા છે.

તેણે ફરીથી પુછયુંઃ અય અલ્લાહના નબી, આ ઈન્સાની શકલમાં હુરા કેવી રીતે?

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ આલમે અરવાહમાં હ. આદમ (અ.સ.)ની ખિલ્કતની પહેલા અલ્લાહ તઆલાએ પોતાના નૂરથી જ. ફાતેમા (સ.અ.)ના નૂરને પૈદા કર્યું તે એક મુદ્દત સુધી અર્શની નીચે નુરના કુબ્બામાં રહ્યું.

તેણે ફરી પુછયુંઃ અય અલ્લાહના નબી! ત્યાં જ. ફાતેમા (સ.અ.)નો ખોરાક શું હતો?

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ પરવરદિગારની તસ્બીહ અને તકદીસ, તેહલીલ અને તહમીદ પરંતુ જ્યારે અલ્લાહે હ. આદમ (અ.સ.)ને પૈદા કર્યા અને તેના સુલ્બથી મને પૈદા કર્યો અને ચાહ્યું કે

મારા સુલ્બથી જ. ફાતેમા (સ.અ.)ને પૈદા કરે તો જ. ફાતેમા (સ.અ.)ના નૂરને જન્નતમાં સફરજનની શકલમાં બનાવી દીધી. તે સફરજન જીબ્રઈલ મારી પાસે લઈને આવ્યા અને બોલ્યાઃ 'અય મોહમ્મદ(સ.અ.વ.)! અસ્સલામો અલયક વ રહમતુલ્લાહે વ બરકાતોહ.'

તો મેં કહ્યુંઃ મારા દોસ્ત જીબ્રઈલ વ અલયકસ્સલામ વરહમત. જીબ્રઈલે કહ્યુંઃ અય મોહમ્મદ (સ.અ.વ.) અલ્લાહ તઆલા આપને સલામ કહે છે.

મેં ફરમાવ્યુંઃ સલામ તેનાથીજ છે અને તેની તરફજ પાછું ફરવું છે. જીબ્રઈલે કહ્યુ અય મોહમ્મદ (સ.અ.વ.)! આ એક સફરજન છે જેને જન્નતથી અલ્લાહે તમારા માટે તોહફા તરીકે મોકલ્યું છે.

મેં તે સફરજનને લઈને પોતાની છાતીથી લગાવ્યું.

જીબ્રઈલે કહ્યુંઃ અય મોહમ્મદ (સ.અ.વ.)! અલ્લાહ તઆલાએ ઈરશાદ ફરમાવ્યું છે કે આને તમે ખાવ.

મેં કહ્યું કે ઠીક છે. પછી હું તેને ખાવા લાગ્યો તો મેં જોયુ કે તેમાંથી એક નૂર જાહેર થયું. હું જરા થોભી ગયો.

જીબ્રઈલે કહ્યુંઃ અય મોહમ્મદ (સ.અ.વ.)! તમે આને ખાવામાં અટકો નહિ કારણકે આ નૂર એ ઈસ્મતે મઆબનું છે, જેનું નામ આસમાન પર મન્સુરા છે અને જમીન પર ફાતેમા (સ.અ.) છે.

મેં કહ્યું એ મારા દોસ્ત જીબ્રઈલ તેમનુ નામ આસમાન પર મન્સુરા, જમીન પર ફાતેમા (સ.અ.) શા માટે છે? જીબ્રઈલે કહ્યું તેમનું નામ જમીન પર ફાતેમા એટલા માટે છે કે તેઓ પોતાના શીઆઓને જહન્નમથી છોડાવશે અને પોતાના દુશ્મનોને પોતાની મોહબ્બતથી અલગ રાખશે અને આસમાન પર તેમનું નામ મન્સુરા એટલા માટે છે કારણકે અલ્લાહ તઆલા ફરમાવે છેઃ

وَيَوْمَئِذٍ يَفْرَحُ الْمُؤْمِنُونَ ﴿٤﴾ بِنَصْرِ اللَّهِ ۚ يَنصُرُ مَن يَشَاءُ ۖ وَهُوَ الْعَزِيزُ الرَّحِيمُ

*''તે દિવસે મોઅમીનો અલ્લાહની મદદથી ખુશ થઈ જશે અને તે જેમની ચાહશે તેમની મદદ કરશે.''*

(સૂરએ રૂમ, આયત નં. ૪-૫)

આનો મતલબ એમ છે કે અલ્લાહની મદદથી મુરાદ ફાતેમા (સ.અ.) છે. ફાતેમા (સ.અ.) પોતાના દોસ્તો, મોહીબ્બો અને શીઆઓને પોતાની મદદથી ખુશ કરશે.

(મઆનીલ અખ્બાર)

## (૪) આપ (સ.અ.) ઈન્સાની શકલમાં હુર છેઃ

કિતાબ એલલુશ્શરાએઅમાં ઈબ્ને અબ્બાસથી રિવાયત છે કે આએશા એ જ. રસુલે ખુદા (સ.અ.વ.)ની પાસે આવીને જોયું કે રસુલે ખુદા (સ.અ.વ.) જનાબે ફાતેમા (સ.અ.)ની ખુશ્બુ સુંઘી રહ્યા છે. આએશા એ પૂછયુંઃ અય અલ્લાહના રસુલ! તમે તેમને શા માટે સુંઘી રહ્યા છો? શું તમે તેમનાથી વધારે મોહબ્બત કરો છો?

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ અય આએશા! ખુદાની કસમ! અગર તને એ ઈલ્મ હોત કે મને તેમનાથી શા માટે આટલા બધા વધારે પ્રમાણમાં મોહબ્બત છે તો તમે તેમનાથી ખુબ વધારે મોહબ્બત કરવા લાગત. સાંભળો! જ્યારે હું મેઅરાજમાં ચોથા આસમાનમાં પહોંચ્યો ત્યાં જીબ્રઈલે અઝાન આપી, મિકાઈલે એકામત આપી અને મને કહેવામાં આવ્યું કે મોહમ્મદ (સ.અ.વ.) આગળ આવો નમાઝ પઢાવો. મેં કહ્યું એ જીબ્રઈલ તમે હોવા છતાં હું આગળ વધું.

જીબ્રઈલે ફરમાવ્યુંઃ જી, હા. અલ્લાહ તઆલાએ મુકર્રબ મલાએકા ઉપર પોતાના અંબીયા અને મુર્સલીનને ફઝીલત આપી છે અને તમને તો ખુસુસીય્યતની સાથે આ ફઝીલત હાંસીલ છે.

મેં આગળ વધીને ચોથા આસમાન પર ત્યાના રહેવાસી સાથે નમાઝ પઢી પછી પોતાની ડાબી બાજુ મોઢું ફેરવ્યું તો જોયુ કે હ. ઈબ્રાહીમ (અ.સ.) જન્નતના એક બગીચામાં છે અને ફરિશ્તાઓનો એક સમુહ તેમની આજુબાજુ છે.

પછી હું પાંચમાં આસમાન પર ગયો ત્યાંથી છઠ્ઠા આસમાન પર પહોંચ્યો તો અવાજ આવીઃ અય મોહમ્મદ (સ.અ.વ.)! તમારા દાદા ઈબ્રાહીમ કેટલા સારા જદ (દાદા) છે! તમારા ભાઈ અલી કેટલા સારા ભાઈ છે!

ત્યાર પછી જ્યારે હું હિજાબો સુધી પહોંચ્યો તો જીબ્રઈલ (અ.સ.) એ મારો હાથ પકડયો અને મને જન્નતમાં લઈ ગયા ત્યાં મેં જોયું કે એક નૂરનું ઝાડ છે જેના નીચે બે ફરિશ્તા કપડા અને ઝવેરાત તૈયાર કરી રહ્યા છે. મેં પુછયુંઃ અય મારા દોસ્ત જીબ્રઈલ આ ઝાડ કોના માટે છે?

તો જીબ્રઈલે કહ્યુંઃ આ ઝાડ તમારા ભાઈ હ. અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ની માટે છે. આ બન્ને ફરિશ્તાઓ કયામત સુધી તેમના માટે કપડા અને ઝવેરાત તૈયાર કરતા રહેશે.

પછી હું ત્યાંથી આગળ વધ્યો. એક ખજુરનું ઝાડ જોયું. મેં એક ખજુરને તોડીને ખાધું તો ફળોમાં ખુબજ સ્વાદિષ્ટ, ખુશ્બુદાર અને મધથી પણ વધારે મીઠું અને માખણથી વધારે નરમ હતું. તે ખજુર જવહરે હયાતનું તત્વ બનીને મારા સુલ્બમાં મુન્તકીલ થઈ ગયું. જ્યારે હું જમીન પર પાછો આવ્યો તો આ જ જવહરે હયાતથી ખદીજા (સ.અ.)ના પેટમાં જ. ફાતેમા (સ.અ.)નો હમલ રહ્યો. આ જ કારણે જ. ફાતેમા (સ.અ.) ઈન્સાની હુરા છે. જ્યારે મને જન્નતની ખુશ્બુ

સુંઘવાનો શૌખ થાય છે તો જ. ફાતેમા ઝહેરા (સ.અ.)ની ખુશ્બુ સુંઘી લઉ છું.

(કિતાબ એલલુશ્શરાએ)

ઈબ્ને બાબવય્હે કુમ્મીની કિતાબ 'મોવલુદે ફાતેમા (સ.અ.)' માં અસ્મા બિન્તે ઉમૈસથી રિવાયત છે કે હ. ફાતેમા ઝહરા (સ.અ.)ના કોઈ એક બાળકના વિલાદતના સમયે મેં તેમની દેખરેખ કરી. પરંતુ મેં જ. ફાતેમા (સ.અ.)ને નિફાસની હાલતમાં ન જોયા. ત્યારે મેં રસુલે ખુદા (સ.અ.વ.)ને આ બારામાં કહ્યું તો રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું કે હકીકતમાં મારી દિકરી ફાતેમા ઝહરા (સ.અ.) હુર્રીયા છે જે ઈન્સાની શકલમાં પૈદા થયા છે.

## (૫) આપ (સ.અ.)નો મુબારક બાંધોઃ

'મનાકીબ'માં અનસ બીન માલીકથી રિવાયત છે તે બયાન કરે છે કે મેં મારી માતાને પુછયું કે હ. ફાતેમા (સ.અ.) સુરતમાં કેવા હતા? તો તેમણે કહ્યુંઃ જનાબે ફાતેમા (સ.અ.)નો રંગ એકદમ સાફ અને ગોરો હતો જાણેકે ૧૪ મી રાતનો ચાંદ અને નકાબની અંદર એવી રીતે જેવી રીતે સુરજ વાદળની અંદર હોય છે.

જાબીર બિન અબ્દુલ્લાહથી રિવાયત છે કે તેઓ બયાન કરે છે કે હું જ્યારે જનાબે ફાતેમા (સ.અ.)ને ચાલતા જોતો તો મને રસુલે ખુદા (સ.અ.વ.)ની રફતાર યાદ આવી જતી. આપ (સ.અ.) પણ ચાલવામાં ઘણી વખત ડાબી બાજુ ઝુકી જતા તો ઘણી વખત જમણી બાજુ ઝુકી જતા હતા.

## (૬) આપ (સ.અ.)ની વિલાદત અને શહાદતઃ

૧) હ. ફાતેમા (સ.અ.)ની બેઅસતે નબીના ૫ વર્ષ અને મેઅરાજના ૩ વર્ષ પછી જમાદીઉલ આખરમાં વિલાદત થઈ. પોતાના બુઝુર્ગ પિતાની સાથે મક્કામાં ૮ વર્ષ રહ્યા પછી આં હઝરતની સાથે

મદિના હિજરત કરીને આવ્યા અને હિજરતના ૨ વર્ષ પછી ૧ ઝિલ્હજના અને અમૂક રિવાયત પ્રમાણે ૬ ઝિલ્હજના હ. અલી (અ.સ.)ની સાથે આપના નિકાહ થયા. રિવાયતમાં આ પણ છે કે જંગે બદ્રના પછી ૬ ઝિલ્હજ મંગળવાર ના દિવસે આપની વિદાય થઈ. જ્યારે રસુલે ખુદા (સ.અ.વ.)ની વફાત થઈ તો જનાબે ઝહરાની ઉમ્ર ૧૮ વર્ષ અને ૭ મહિના હતી. ઈમામ હસન (અ.સ.)ની વિલાદત સમયે જ. ફાતેમા ઝહરા (સ.અ.)ની ઉમ્ર ૧૨ વર્ષની હતી.

૨) કશ્ફુલ ગુમ્મામાં રિવાયત છે કે ઈબ્ને ખશાબે પોતાના બુઝુર્ગોથી અને તેઓએ હ. અબુ જાફર મોહમ્મદ બિન અલી (અ.સ.)થી રિવાયત કરી છે કે ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) એ ફરમાવ્યું કે હ. ફાતેમા (સ.અ.)ની વિલાદત નબુવ્વતની જાહેરાત અને વહી નાઝીલ થયા ના ૫ વર્ષ પછી થઈ. જ્યારે કે કુરૈશના લોકો ખાનએ કાબાની તામીરમાં વ્યસ્ત હતા અને શહાદતના સમયે આપ(સ.અ.)ની ઉમ્ર ૧૮ વર્ષ અને ૭૫ દિવસની હતી.

એક રિવાયતમાં છે શહાદતના સમયે જનાબે ફાતેમા (સ.અ.)ની ઉમ્ર ૧૮ વર્ષ ૧ મહિનો ૧૫ દિવસ હતી. જનાબે ઝહરા (સ.અ.) પોતાના મહાન પિતાની સાથે મક્કામાં ૮ વર્ષ રહ્યા પછી રસુલે ખુદા (સ.અ.વ.)ની સાથે હિજરત કરી મદીના આવ્યા અને ત્યાં રસુલે ખુદા (સ.અ.વ.)ની સાથે ૧૦ વર્ષ રહ્યા. આ રીતે જનાબે ફાતેમા (સ.અ.)ની ઉમ્ર ૧૮ વર્ષની હતી. જનાબે ઝહરા પોતાના મહાન પિતાની વફાત પછી હ. અલી (અ.સ.)ની સાથે ૭૫ દિવસ જીવીત રહ્યા. બીજી એક રિવાયતમાં છે ફકત ૪૦ દિવસ જીવંત રહ્યા.

૩) ઝારેઅનો કોલ છે કે હું કહું છું કે ઉપરની રિવાયતના આધારે હ. ફાતેમા ઝહરા (સ.અ.) કુલ ૧૮ વર્ષ એક મહીના ૧૦ દિવસની ઉમ્ર પામ્યા. હીજરતના ૩ વર્ષ પછી જ્યારે જ. ફાતેમા (સ.અ.) ૧૧ વર્ષ ના હતા ત્યારે હ. ઈમામ હસન (અ.સ.)ની વિલાદત થઈ.

૪) 'રવ્ઝતુલ વાએઝીન'માં રિવાયત છે કે હ. ફાતેમા (સ.અ.)ની વિલાદત બેઅસતે નબવીના ૫ વર્ષ બાદ અને મેઅરાજના બનાવના ત્રણ વર્ષ પછી થઈ.

જ. ફાતેમા (સ.અ.) મક્કામાં જનાબે રસુલે ખુદા (સ.અ.વ.)ની સાથે ૮ વર્ષ રહ્યા. ત્યાર બાદ રસુલે ખુદા (સ.અ.વ.)ની સાથે હિજરત કરીને મદીનએ મુનવ્વરામાં આવી ગયા. મદીનામાં આવ્યા તેના ૧ વર્ષ પછી હ. અલી (અ.સ.) સાથે જ. ફાતેમા ઝહરા (સ.અ.)ના નિકાહ થયા અને રસુલે ખુદા (સ.અ.વ.)ના વફાતના સમયે હ. ફાતેમા ઝહરા (સ.અ.)ની ઉમ્ર ૧૮ વર્ષની હતી. પોતાના મહાન પિતાની વફાત પછી આપ (સ.અ.) ફકત ૭૨ દિવસ હયાત રહ્યા.

(રવઝતુલ વાએઝિન)

૫) કાફીમાં રિવાયત છે, હ. ફાતેમા ઝહરા (સ.અ.)ની બેઅસતે નબવીના ૫ વર્ષ પછી વિલાદત થઈ અને વફાતના સમયે જ. ફાતેમા (સ.અ.)ની ઉમ્ર ૧૮ વર્ષ અને ૭૫ દિવસ હતી. પોતાના મહાન પિતાની વફાત પછી ફકત ૭૫ દિવસ જીવંત રહ્યા.

૬) શૈખે મુફીદ (અ.ર.) એ પોતાની કિતાબ 'હદાએકુર રિયાઝ' માં લખ્યું છે કે રસુલે સરવરે કાએનાતના બેઅસતના ૨ વર્ષ પછી હ. સૈયદા ફાતેમા ઝહરા (સ.અ.)ની ૨૦ જમાદીઉલ આખરના વિલાદત થઈ.

૭) કાફીમાં છે કે હબીબસજીસ્તાનીબયાન કરે છે કે મે અબુ જાફર ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.)ને બયાન ફરમાવતા સાંભળ્યા કે હ. ફાતેમા ઝહરા (સ.અ.)ની બેઅસતે નબવીના ૫ વર્ષ પછી વિલાદત થઈ અને ૧૮ વર્ષ અને ૭૫ દિવસની ઉમ્રમાં શહાદત પામ્યા.

૮) મિસ્બાહૈનમાં છે કે સરવરે કાએનાતની બેઅસતના બે વર્ષ પછી ૨૦ જમાદીઉલ આખર જુમ્આના દિવસે હ. ફાતેમા (સ.અ.)ની વિલાદત થઈ અને બીજી એક રિવાયત છે કે બેઅસતના ૫ વર્ષ પછી

જ. ફાતેમા (સ.અ.)ની વિલાદત થઈ. હજીએકરિવાયત છે કે બેઅસતના ૫ વર્ષ પહેલા જ. ફાતેમા (સ.અ.)ની વિલાદત થઈ.

૯) મોહમ્મદ બિન જરીર તબરીની કિતાબ 'દલાએલુલ ઈમામત' માં રિવાયત છે કે અબુ બસીરે હ. અબુ અબ્દીલ્લાહ ઈમામ જાફરે સાદિક (અ.સ.)થી રિવાયત કરી છે કે ઈમામ સાદિક (અ.સ.) એ ફરમાવ્યુંઃ જે સમયે નબી (સ.અ.વ.)ની ઉમ્ર ૪૫ વર્ષ હતી ત્યારે હ. ફાતેમા ઝહરા (સ.અ.) ની માહે જમાદીઉલ આખરમાં વિલાદત થઈ. જ. ઝહરા (સ.અ.) મક્કામાં ૮ વર્ષ અને મદીનામાં ૧૦ વર્ષ રહ્યા. પયગમ્બરે અકરમ (સ.અ.વ.)ની વફાત પછી ફકત ૭૫ દિવસ જીવીત રહ્યા અને ફાતેમા ઝહરા (સ.અ.) ૩ જમાદીઉલ આખર હીજરી સન ૧૧ મંગળવારના દિવસે શહાદત પામ્યા.

## ૭) અંગૂઠીનું લખાણઃ

કિતાબ મિસ્બાહુલ કફઅમીમાં રિવાયત છે કે જનાબ સરવરે કાએનાતની બેઅસતના ૨ વર્ષ પહેલા ૨૦ જમાદીઉલ આખરના જુમ્આના દિવસે જ. ફાતેમા ઝહરા (સ.અ.)ની વિલાદત થઈ. આમ પણ કહેવામાં આવ્યું છે બેઅસતના ૫ વર્ષ પછી આપની વિલાદત થઈ.

જ. ફાતેમા ઝહરા (સ.અ.)નો અંગૂઠીનું લખાણ **અમનુલ મુતવક્કેલુન** હતું.

જ. ફાતેમા ઝહરા (સ.અ.)ની કનીઝ જ. ફીઝઝા હતા.

## ૮) વિલાદતની તારીખ વિરોધીઓની રિવાયતમાંઃ

અમુક વિરોધીઓએ પોતાની કિતાબોમાં પોતાની સનદોની સાથે લખ્યું છે કે અબ્દુલ્લાહ બિન મોહમ્મદ બિન સુલૈમાન હાશમીએ પોતાના પિતાથી અને તેણે તેના દાદાથી રિવાયત કરી છે કે તે બયાન કરે છે કે હ. ફાતેમા ઝહરા (સ.અ.)ની વિલાદત તે સમયે થઈ જ્યારે રસુલે ખુદા (સ.અ.વ.)ની ઉમ્ર મુબારક ૪૧ વર્ષની હતી.

મોહમ્મદ બિન ઈસ્હાકનો ખ્યાલ છે કે હ. ફાતેમા ઝહરા (સ.અ.)ની વિલાદત રસુલે ખુદા (સ.અ.વ.) પર વહ્ય નાઝીલ થવા પહેલા થઈ અને એજ રીતે આ હઝરતની દરેક ઔલાદો પણ જ. ખદીજા થકી વહ્યના નાઝીલ થવા પહેલા થઈ.

હાફીઝ અબુ મન્સુર દયલમીની બન્ને રિવાયતોના આધારે અને 'કિતાબે માઅરેફતે સહાબા' અલી હરાદની હાફીઝ અબુ ખસીમથી રિવાયતના બીના પર આ છે કે હ. ફાતેમા ઝહરા (સ.અ.) ઉમ્રના લેહાઝથી રસુલે ખુદા (સ.અ.વ.)ની દિકરીઓમાં સહુથી નાના હતા. તેઓની એ સમયે વિલાદત થઈ જ્યારે કુરૈશીઓ ખાનએ કાબાને બનાવવામાં વ્યસ્ત હતા અને તેની પહેલા આપ ની કુન્નીયત ઉમ્મે અસમા હતી.

અબુલ ફરજ ઈસ્ફહાનીએ પોતાની કિતાબ 'મકાતેલુત તાલેબીન'માં લખ્યું છે કે હ. ફાતેમા ઝહરા (સ.અ.)ની વિલાદત બા સઆદત જ. સરવરે કાએનાત (સ.અ.વ.)ની બેઅસતના પહેલા તે સમયે થઈ જ્યારે કુરૈશવાળાઓ કાબાની તામીરમાં વ્યસ્ત હતા અને જ. ફાતેમા (સ.અ.)ના નિકાહ હ. અલી (અ.સ.)થી તે સમયે થયા જ્યારે આપ (સ.અ.વ.) ગઝવએ બદ્રથી મદીના પાછા આવ્યા અને ત્યારે જ. ફાતેમા (સ.અ.)ની ઉમ્ર ૧૮ હતી.

આ રિવાયત હસન બિન અલીએ હારીસથી અને તેણે ઈબ્ને સઅદથી તેણે વાકેદીથી તેણે અબુબક્ર ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને અબી સબરાથી તેણે ઈસ્હાક ઈબ્ને અબ્દુલ્લાહ અબુ ફરવાથી તેણે જાફર ઈબ્ને મોહમ્મદ ઈબ્ને અલી (અ.સ.)થી કરી છે.

(કિતાબ માઅરેફતે સહાબા, મકાતેલુ તાલેબીન)

## (૯) આપ (સ.અ.) તરબીયત પામેલા હતાઃ

દલાએલુલ ઈમામતમાં ઈબ્ને અબ્બાસથી આ પણ રિવાયત છે કે હ. ફાતેમા ઝહરા (સ.અ.) એક દિવસમાં આટલા મોટા થઈ જતા હતા જેટલા અન્ય બાળકો ૧ અઠવાડીયામાં વધતા હતા અને એક અઠવાડીયામાં એટલા મોટા થઈ જતા જેટલા અન્ય બાળક ૧ મહિનામાં થતા અને ૧ મહિનામાં આટલા મોટા થતા જેટલા અન્ય બાળકો ૧ વર્ષમાં વધતા હતા. જ્યારે રસુલે ખુદા (સ.અ.વ.) મક્કાથી હિજરત કરી મદીના તશરીફ લાવ્યા ત્યાં મસ્જીદને બનાવવામાં આવી અને મદીનાવાળાઓ હ. રસુલે ખુદા (સ.અ.વ.)થી માનુસ થઈ ગયા. રસુલે ખુદા (સ.અ.વ.)નો કલમો બલંદ થયો, રસુલે ખુદા (સ.અ.વ.)ના પગની બરકતને લોકોએ એહસાસ કર્યો દૂર દૂરથી સવાર થઈને લોકો આવવા લાગ્યા. ઈમાનનો ઝહુર થયો. કુરઆનનો દર્સ શરૂ થયો, અરબના અમીર શરીફોના પત્રો અને પયગામ આવવા લાગ્યા. કબીલાના સરદારો અને કૌમના બુઝુર્ગો આપની તલવારથી ડરવા લાગ્યા. હ. અમીરૂલ મોઅમેનીન (અ.સ.) સાથે જ. ફાતેમા (સ.અ.) અને મોહાજીરોની ઔરતો જેમાં આએશા પણ હતા મક્કાથી હિજરત કરીને મદીના આવ્યા અને નબીએ કરીમ (સ.અ.વ.)ની સાથે અબુ અય્યુબ અન્સારીના માતાના ઘરે રહેવા લાગ્યા.

નબી કરીમ (સ.અ.વ.) એ જ્યારે મદીનામાં આવીને સૌથી પહેલા હ. સોઅદાહથી નિકાહ કર્યા તો હ. ફાતેમા ઝહરા (સ.અ.) પણ હ. સોઅદાહની પાસે રહેવા લાગ્યા. પછી રસુલે ખુદા (સ.અ.વ.)એ હ. ઉમ્મે સલમાથી બીજા નિકાહ કર્યા. પરંતુ તેઓ પોતે ફરમાવે છે કે રસુલે ખુદા (સ.અ.વ.) એ મારાથી નિકાહ કર્યા બાદ પોતાની દિકરીને મને સુપુર્દ કરી. મેં તેમને અદબ શીખવાડવા ચાહ્યું પરંતુ ખુદાની કસમ

ફાતેમા (સ.અ.) તો મારાથી પણ વધારે મોઅદ્દબ હતા અને દરેક વાતો મારાથી બહેતર જાણતા હતા.

(દલાએલુલ ઈમામતે તબરી)

## (૧૦) આપ (સ.અ.) અને ઈલ્મે મા કાન વ મા યકુનઃ

ઓયુનુલ મોઅજેઝાતમાં રિવાયત છે કે હ. સલમાન એ હ. અમ્મારથી રિવાયત કરી છે કે હ. સલમાન બયાન કરે છે કે એક દિવસ જ. અમ્મારે મને કહ્યું હું તમને એક અજીબ વાત બતાવું? મેં કહ્યું કે હા, એ અમ્માર બતાવો, શું વાત છે?

અમ્મારે કહ્યું હું ગવાહ છું કે એક વખત હ. અલી (અ.સ.), જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની પાસે પહોંચ્યા જ્યારે જનાબે ફાતેમા (સ.અ.) એ જોયું તો આવાઝ આપી કે મારી નજદીક આવો. હું તમને બતાવીશ કે અત્યાર સુધી શું શું થઈ ગયું છે અને કયામત સુધી શું થવાનું છે. જ. અમ્માર બયાન કરે છે. આ સાંભળીને હ. અલી (અ.સ.) તરતજ પાછા ફર્યા અને હું પણ તેમની સાથે હતો. હ. અલી (અ.સ.) રસુલે ખુદા (સ.અ.વ.)ની ખિદમતમાં પહોંચ્યા તો રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ અય અબુલ હસન! નજદીક આવો. હ. અલી (અ.સ.) નજદીક ગયા અને ઈત્મીનાનથી બેસી ગયા ત્યારે રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ તમે શા માટે પાછા આવ્યા છો? એ હું બતાવું કે તમે બતાવશો? હ. અલી (અ.સ.) એ કહ્યુંઃ યા રસુલુલ્લાહ (સ.અ.વ.) તમારૂં બયાન કરવું તો બધા કરતા ઉમદા અને બહેતર છે. રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ તમે જ. ફાતેમા ઝહરા (સ.અ.)ની પાસે ગયા હતા અને તેમણે તમને આ પ્રમાણે બયાન કર્યું. તમે ત્યાંથી પાછા ફરીને અહીં આવી ગયા. હ. અલી (અ.સ.) અર્ઝ કરી કેઃ શું જનાબે ફાતેમા (સ.અ.) પણ તે જ નૂરથી છે જે નૂરથી આપણે છીએ?

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ અય અલી (સ.અ.) શું તમને આનું ઈલ્મ નથી? આ સાંભળીને હ. અલી (અ.સ.) સજદએ શુક્ર બજાવી લાવ્યા.

જ. અમ્મારનું બયાન છે કે પછી હ. અલી (અ.સ.) ત્યાંથી હ. ફાતેમા ઝહરા (સ.અ.)ની પાસે તશરીફ લાવ્યા અને હું પણ તેમની સાથે હતો.

જ. ફાતેમા (સ.અ.) એ ફરમાવ્યુંઃ હમણા તમે મારા પિતાની પાસે ગયા હતા અને જે કાંઈ મેં આપને કહ્યું હતું તેની ખબર તમે મારા પિતાને આપી? હ. અલી (અ.સ.) એ ફરમાવ્યુંઃ હા, અય ફાતેમા (સ.અ.) એમ જ થયું હતું.

પછી જ. ફાતેમા (સ.અ.) એ ફરમાવ્યુંઃ અય અબુલ હસન! સાંભળો અલ્લાહ તઆલાએ મારા નૂરને ખલ્ક ફરમાવ્યું જે ખુદાએ ઝુલજલાલની તસ્બીહમાં મસરૂફ રહ્યું પછી અલ્લાહે આ નૂરને જન્નતના એક ઝાડમાં ડીપોઝીટ કરી દીધુ અને તે ઝાડ પુરનુર થઈ ગયું. જ્યારે મારા મહાન પિતા શબે મેઅરાજ જન્નતની સૈર માટે ગયા ત્યારે અલ્લાહે તેમના પર વહ્ય કરી કે આ ઝાડની પાસે જાવ અને તેના ફળને તોડીને ખાવ. રસુલે ખુદા (સ.અ.વ.) એ એમજ કર્યું. તેના થકી અલ્લાહે મારા નૂરને મારા પિતાના સુલ્બમાં મુકયું. પછી તે નૂર મારી માતાના પેટમાં રહ્યું અને પછી મારી વિલાદત થઈ. અય અબુલ હસન! મને પણ ઈલ્મે મા કાન વ મા યકુન આપવામાં આવ્યું છે. મોમીન તો અલ્લાહના આપેલા નૂરથીજ તે જોવે છે.

(ઓયુનુલ મોઅજેઝાત)

# પ્રકરણ-૨

# જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ના મુબારક નામો અને ફઝીલતો

### (૧) આપ (સ.અ.)ના મુબારક નામો અને કુન્નીયતઃ

યુનુસ બિન ઝબીયાનએ હ. અબુ અબ્દિલ્લાહ ઈમામ જાફરે સાદિક (અ.સ.)થી રિવાયત કરી છે કે ઈમામ જાફરે સાદિક (અ.સ.) એ ફરમાવ્યું કે અલ્લાહ તઆલાએ જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ના ૯ નામ પસંદ કર્યા છે એટલેકે ફાતેમા (સ.અ.), સીદ્દીકા, મુબારકા, તાહેરા, ઝકીય્યાહ, રાઝીયા, મરઝીયા, મોહદ્દેસા અને ઝહરા (સ.અ.).

### (૨) કુન્નીયત અને નામઃ

હ. ફાતેમા ઝહરા (સ.અ.)ની કુન્નીયત ઉમ્મુલ હસન, ઉમ્મુલ હુસૈન, ઉમ્મુલ અઈમ્માહ, ઉમ્મુલ મોહસીન, ઉમ્મે અબીહા છે.

અબુ જાફર કુમ્મીના બયાનના પ્રમાણે જનાબે ઝહરા (સ.અ.)ના નામો નીચે મુજબ છે. ફાતેમા (સ.અ.), બતુલ અલહેસાન, અલહુર્રા, સૈયદા, અઝરા, અલ હુરા, અલ મુબારેકા, તાહેરા, ઝકીય્યા, રઝીયા, મરઝીયા, મોહદ્દેસા, મરયમે કુબરા, સીદ્દીકતુલ કુબરા.

અને આસમાન પર જ. ફાતેમા (સ.અ.)ને નુરીયહ, સમાવીયહ, હાનીયાહના નામથી યાદ કરવામાં આવે છે.

(મનાકીબે ઈબ્ને શહરે આશુબ)

### (૩) ફાતેમા નામ રાખવાનું કારણઃ

#### ૧) યુનુસ બિન ઝબીયાનઃ

હ. ઈમામ જાફરે સાદિક (અ.સ.)ને એક વખત યુનુસ બિન ઝબીયાનને પુછયુંઃ તમને ખબર છે કે ફાતેમાનો શું મતલબ છે? રાવી કહે છેઃ મેં કહ્યું મૌલા તમે જ જણાવો. ઈમામ (અ.સ.) એ ફરમાવ્યુંઃ ફાતેમાનો મતલબ એ છે કે દરેક બુરાઈ અને શરથી દૂર રાખવામાં આવેલી. આ જ કારણ છે કે જ. ફાતેમા (સ.અ.)ના નિકાહ માટે હ. અલી (અ.સ.) જેવા મુકદ્દસ, મહાન સિફતવાળા વ્યકિતને પસંદ કરવામાં આવ્યા. હ. અલી (અ.સ.) સિવાય પહેલા અને છેલ્લે સુધી

એટલે હ. આદમ (અ.સ.)થી લઈને કયામત સુધી જનાબે ફાતેમા (સ.અ.)ના કોઈ સમાન અને શોહર ન મળત.

(આમાલી શૈખે સદુક, એલલુશ્શરાએ, અલ ખેસાલ)

કિતાબ દલાએલુલ ઈમામતે તબરસીમાં પણ શૈખે સદુક (અ.ર.)થી આજ રિવાયત નકલ કરવામાં આવી છે.

**૨) ખલીફએ મન્સુરઃ**

ખલીફએ મન્સુરે પોતાના પિતાથી અને તેણે તેના દાદાથી રિવાયત કરી છે કે એક વખત ઈબ્ને અબ્બાસે મોઆવીયાને કહ્યુંઃ તને ખબર છે જ. ફાતેમા (સ.અ.)નું નામ ફાતેમા કેમ રાખવામાં આવ્યું છે?

તેણે જવાબ આપ્યો કે નહિં. ઈબ્ને અબ્બાસે કહ્યુંઃ એટલા માટે કે તેઓ અને તેમના દોસ્તદારો જહન્નમથી એકદમ અલગ રાખવામાં આવ્યા છે અને આ વાત મેં રસુલે ખુદા (સ.અ.વ.)થી સાંભળી છે.

(ઓયુનો અખ્બારે રેઝા)

**૩) હ. ઈમામ રેઝા (અ.સ.):**

હ. ઈમામ રેઝા (અ.સ.) એ પોતાના પવિત્ર બાપ દાદાથી રિવાયત કરી છે કે હ. રસુલે ખુદા (સ.અ.વ.) એ ઈરશાદ ફરમાવ્યું કે મેં મારી બેટીનું નામ ફાતેમા એટલા માટે રાખ્યું છે કે અલ્લાહે તેમને અને તેમના દોસ્તોને જહન્નમથી બિલ્કુલ અલગ રાખ્યા છે.

(કિતાબ ઓયુનો અખ્બારે રેઝા)

સહીફએ રઝામાં પણ ઈમામ રેઝા (અ.સ.)એ પોતાના પવિત્ર બાપ-દાદાથી આજ રિવાયત નકલ કરી છે.

**૪) યઝીદ બિન અબ્દુલ મલીકઃ**

યઝીદ બિન અબ્દુલ મલીકે હ. અબુ જાફર ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.)થી રિવાયત કરી છે કે જ્યારે જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની વિલાદત થઈ ત્યારે અલ્લાહ તઆલાએ એક ફરિશ્તાને હ. રસુલે ખુદા (સ.અ.વ.) ની ઝબાન મુબારક પર જારી કર્યુ જેના લીધે

રસુલે ખુદા (સ.અ.વ.) એ પોતાની દીકરીનું નામ ફાતેમા રાખ્યું અને ફરમાવ્યુંઃ અય ફાતેમા ઝહરા (સ.અ.)! મેં તમને ઈલ્મ આપીને જેહાલતથી છોડાવી દીધા, તહારત આપીને હૈઝથી દૂર રાખ્યા.

હ. ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) ફરમાવે છે કે પછી ખુદાની કસમ અલ્લાહે હ. ફાતેમા ઝહરા (સ.અ.)ને એટલું ઈલ્મ અતા કરી દીધું કે તેઓ જેહાલતની કયારેય નઝદીક નથી ગયા અને ઝાહેરી અને બાતેની નજાસતથી દૂર રાખ્યા.

(ઓયુનો અખ્બારે રેઝા)

મિસ્બાહુલ અન્વારમાં પણ આ ની જેવીજ રિવાયત છે.

અબુ હોરેરાથી પણ આ રિવાયત નકલ થયેલ છે.

(ઓયુનો અખ્બારો રેઝા, મઆનીલ અખ્બાર)

**૫) હ. જઅફર બિન મોહમ્મદ (અ.સ.):**

હ. જઅફર ઈબ્ને મોહમ્મદ ઈબ્ને અલી (અ.સ.) એ પોતાના મહાન પિતાથી રિવાયત કરી છે કે એક વખત હ. રસુલે ખુદા (સ.અ.વ.) એ પોતાની દિકરીને ફરમાવ્યુંઃ અય ફાતેમા (સ.અ.)! શું તમને ખબર છે કે તમારૂં નામ ફાતેમા શા માટે રાખવામાં આવ્યું છે?

હ. અલી (અ.સ.) (જે ત્યાં મૌજુદ હતા) કહ્યું અય અલ્લાહના રસુલ! તમે જણાવો કે તેમનું નામ ફાતેમા શા માટે રાખવામાં આવ્યું છે? રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું એ માટે કે તેઓ અને તેમના દોસ્તો જહન્નમથી સંબંધ નથી ધરાવતા.

(ઓયુનો અખ્બારે રેઝા)

અમાલીએ શૈખે મુફીદમાં પણ ઈમામ અલી નકી (અ.સ.)થી આવી જ રિવાયત નકલ કરવામાં આવી છે.

**૬) મોહમ્મદ બિન મુસ્લીમ સકફીઃ**

મોહમ્મદ બિન મુસ્લીમ સકફીથી રિવાયત છે કે મેં હ. અબુ જાફર ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.)ને ફરમાવતા સાંભળ્યા છે. ઈમામ

બાકીર (અ.સ.) એ બયાન કર્યું કે હ. ફાતેમા ઝહરા (સ.અ.) જહન્નમના દરવાજા ઉપર ઉભા રહેશે. જ્યારે કયામતના દિવસે દરેક વ્યકિતના કપાળ ઉપર લખી દેવામાં આવશે કે આ મોમીન છે અને આ કાફીર છે અને જ. ઝહરા (સ.અ.)ના કોઈ ચાહવાવાળા માટે તેના વધારે પડતા ગુનાહોને લીધે એ હુકમ થાશે કે તેને જહન્નમમાં લઈ જવામાં આવે. જયારે તે જહન્નમના દરવાજા પર પહોંચશે તો જ. ઝહરા (સ.અ.) તેના કપાળ ઉપર લખેલું વાંચીને અલ્લાહથી અરજ કરશે. અય મારા પરવરદિગાર! અય મારા માલીક! તે તો મારૂ નામ ફાતેમા રાખ્યું છે અને મારા લીધે તે મારા મોહીબ્બોને અને મારી આલના ચાહવાવાળાને જહન્નમથી નજાતનો વાયદો કર્યો છે અને તારો વાયદો હક છે. તું કયારેય વાયદાની મુખાલેફત નથી કરતો.

અલ્લાહ તઆલા કહેશેઃ અય ફાતેમા (સ.અ.)! તમે સાચુ કહ્યું. બેશક મે જ તમારૂ નામ ફાતેમા રાખ્યું છે અને તમારા લીધે મેં તમારા મોહીબ્બો અને તમારી આલના ચાહવાવાળાને જહન્નમથી નજાત દેવાનો વાયદો કર્યો છે અને મારો વાયદો સાચો છે અને હું કયારેય મારા વાયદાની ખિલાફ નથી કરતો. મેં તો મારા આ બંદાને જહન્નમની તરફ એટલા માટે મોકલ્યો છે કે તમે તેની શફાઅત કરો અને હું તમારી શફાઅત કબુલ કરી લઉ. જેથી મારા મલાએકા, મારા અંબીયા અને રસુલો અને ઉભા રહેવાવાળા પણ જોઈ લે કે મારી નઝદીક તમારી કદ્રો મંઝેલત શું છે. હવે તમે જે વ્યકિતની કપાળ પર મોઅમીન લખેલુ જોવો તો તેને તમારી સાથે લઈ જાવ અને જન્નતમાં દાખલ કરી દો.

(ઓયુનો અખ્બારે રેઝા)

**૭) કલ્બીઃ**

કલ્બીએ ઈમામ જાફરે સાદિક (અ.સ.)થી રિવાયત કરી છે કે ઈમામ જાફરે સાદિક (અ.સ.) બયાન કરે છે કે રસુલે ખુદા (સ.અ.વ.) એ હ.

અલી (અ.સ.)ને ફરમાવ્યું કે અય અલી! શું તમે જાણો છો કે ફાતેમા (સ.અ.)નું નામ ફાતેમા કેમ રાખવામાં આવ્યું છે?

હ. અલી (અ.સ.) એ ફરમાવ્યું: તમેજ બયાન કરો.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું: એટલા માટે કે તેઓ અને તેમના શીઆઓ જહન્નમથી એકદમ આઝાદ છે.

(અલ અબાના ઈબ્ને બતા, મૌલા ફાતેમા ઈબ્ને બાબવયહે)

**૮) અબુ હુરૈરહ:**

અબુ હુરૈરહથી રિવાયત છે કે હ. અલી (અ.સ.) એ ફરમાવ્યું કે હ. ફાતેમા (સ.અ.)નું નામ ફાતેમા એટલા માટે રાખવામાં આવ્યું કે જે પણ તેઓથી મોહબ્બત કરશે તે જહન્નમથી છુટી જશે.

(તારીખે અબુ અલી સલામી)

**૯) જાબીર ઈબ્ને અબ્દુલ્લાહ અન્સારી:**

જાબીર ઈબ્ને અબ્દુલ્લાહ અન્સારીથી રિવાયત છે કે નબી (સ.અ.વ.) એ ફરમાવ્યું કે મારી દિકરીનું નામ ફાતેમા એટલા માટે રાખવામાં આવ્યું કે તેઓ અને તેમને ચાહવાવાળાઓ જહન્નમથી આઝાદ છે.

(ફિરદોસુલ અખ્બાર)

**૧૦) એક નવું કારણ:**

અબ્દુલ્લાહ ઈબ્ને હસનથી રિવાયત છે કે તેઓ બયાન કરે છે કે એક વખત હ. અબુલ હસન (અ.સ.) એ મને ફરમાવ્યું તમને ખબર છે કે મારી દાદી જ. ફાતેમા (સ.અ.)નું નામ ફાતેમા શા માટે રાખવામાં આવ્યું છે?

મેં જવાબ આપ્યો એટલા માટે કે તે નામમાં અને બીજા નામો વચ્ચે ફર્ક છે. આપે ફરમાવ્યું કે આ તો એક નામોમાં થી નામ તો છે. ઠીક છે. સાંભળો હું જણાવું કે તેનું કારણ શું છે? હકીકતમાં આ નામ એટલા માટે રાખવામાં આવ્યું છે કે અલ્લાહ તઆલાને કોઈપણ બનાવ થવાની

પહેલાજ ઈલ્મ હોય છે અને અલ્લાહ તઆલાને ખબર હતી કે રસુલે ખુદા (સ.અ.વ.) (જ. ખદીજા સ.અ. પછી) અલગ અલગ કબીલાની ઔરતોની સાથે નિકાહ કરશે અને પછી તે લોકો કે જેમની દિકરીઓ રસુલે ખુદા (સ.અ.વ.)ના નિકાહમાં આવ્યા છે. તેઓ રસુલે ખુદા (સ.અ.વ.)ની પછી તેમની નિયાબત પર અને વિરાસતનો કબજો લેવા લાલચ કરશે. એટલા માટે જ્યારે હ. ફાતેમા (સ.અ.)ની વિલાદત થઈ તો અલ્લાહે તેમનું નામ ફાતેમા (સ.અ.) રાખ્યું અને નિયાબત, વિરાસત, તેમની ઔલાદમાં કરાર આપ્યો. જ. ફાતેમા (સ.અ.)ના વુજુદથી આવા તમામ લોકોનું લોભ અને લાલચ કપાઈ ગયું.

(ઓયુનો અખ્બારે રેઝા)

**૧૧) મોહમ્મદ બિન અલી બિન હુસૈન બિન ઝૈદઃ**

મોહમ્મદ બિન અલી બિન હુસૈન બિન ઝૈદ હ. ઈમામ રેઝા (અ.સ.)થી અને તેઓએ તેમના પવિત્ર બાપ દાદાઓથી અને તેઓએ હ. અલી (અ.સ.)થી રિવાયત કરી છે કે ઈમામ અલી (અ.સ.) એ ફરમાવ્યું કે મેં હ. રસુલે ખુદા (સ.અ.વ.)ને આમ ઈરશાદ ફરમાવતા સાંભળ્યા કે હ. ફાતેમા (સ.અ.)નું નામ ફાતેમા એટલા માટે રાખવામાં આવ્યું કે અલ્લાહ તઆલાએ તેઓને અને તેમના શીઆઓને જહન્નમથી અલગ કરી દીધા છે અને તેઓ તે ઈમાન અને તૌહીદની સાથે જે હું લઈને આવ્યો છું અલ્લાહથી મુલાકાત કરશે.

## (૪) ઝહરા (સ.અ.) નામ આપવાનું કારણઃ

**૧) અબાન બિન તગલબઃ**

અબાન બિન તગલબથી રિવાયત છે કે તેઓ બયાન કરે છે કે એક વખત મેં હ. ઈમામ અબુ અબ્દિલ્લાહ જાફરે સાદિક (અ.સ.)ને પુછયું કેઃ અય ફરઝંદે રસુલ! તમારા દાદી જ. ઝહરા (સ.અ.)નું નામ ઝહરા કેમ રાખવામાં આવ્યું છે?

ઈ. સાદિક (અ.સ.) એ ફરમાવ્યુંઃ એટલા માટે રાખવામાં આવ્યું છે કે જનાબે ઝહરા (સ.અ.) દિવસમાં ત્રણ વખત હ. અલી (અ.સ.) માટે પોતાની નુરાનીય્યતના ઈઝહાર ફરમાવતા હતા. પહેલી વાર સુબ્હના સમયે જ્યારે લોકો પોતાના બિસ્તરોમાં હોય છે ત્યારે જ. ફાતેમા (સ.અ.) પોતાના નુરાની ચહેરાથી એવુ નૂર જાહેર થતું કે જેનો પ્રકાશ લોકોના ઘરોની અંદર પહોંચતો અને ઘરોની દિવાલો ચમકી ઉઠતી. લોકોને આશ્ચર્ય થતું અને લોકો દોડતા જ. રસુલે ખુદા (સ.અ.વ.)ની પાસે પહોંચી જતા અને પુછતા કે અય રસુલુલ્લાહ (સ.અ.વ.) આ કેવી રૌશની છે? ત્યારે રસુલે ખુદા (સ.અ.વ.) તેઓને હ. ફાતેમા ઝહરા (સ.અ.)ના ઘરે મોકલી દેતા. તેઓ અહીં આવતા અને આવીને આ રૌશનીના બારામાં પુછતા તો જાણ થતી કે જ. ફાતેમા ઝહરા (સ.અ.) મહેરાબે ઈબાદતમાં નમાઝમાં મશ્ગુલ છે અને જ. ફાતેમા ઝહરા (સ.અ.)ના નુરાની ચહેરાથી નુર ઝાહેર થઈ રહ્યું છે. ત્યારે સમજમાં આવતું કે તે નૂર તેમના નૂરનું પ્રતિબીંબ છે જે અમારા ઘરના દરવાજા અને દિવાલો પર પડી રહ્યું છે.

પછી જ્યારે ઝોહરનો સમય થતો અને જ. ફાતેમા (સ.અ.) નમાઝ માટે ઉભા થતા તો એક નૂર આપના ચહેરાથી જાહેર થતું જ્યારે આ રૌશની લોકોના ઘરોમાં પહોંચતી તો લોકોના કપડા અને શરીર પણ પીળું નજર આવવા લાગતું. ફરી તે લોકો દોડીને જ. રસુલે ખુદાની ખિદમતમાં આવતા અને પુછતા અય રસુલે ખુદા (સ.અ.વ.) હવે આ રૌશની કઈ છે? રસુલે ખુદા (સ.અ.વ.) ફરી તેઓને જ. ઝહરા (સ.અ.)ના ઘર તરફ મોકલી દેતા તે લોકો અહી આવીને જોતા કે જ. ફાતેમા ઝહરા (સ.અ.)ના મહેરાબે ઈબાદતથી નૂર પ્રકાશીત છે. લોકો સમજી જતા કે આ નૂર જ. ઝહરા (સ.અ.)ના ચહેરાનું છે. જેનાથી અમારા કપડા, વગેરે પીળા દેખાય છે.

તેના પછી સુરજ આથમી જતો ત્યારે જ. ફાતેમા ઝહરા (સ.અ.)ના ચહેરાનો રંગ ખુશીના લીધે અને ખુદાના શુક્રમાં લાલ થઈ જતો હતો જેના લીધે લોકોના ઘરોમાં રૌશની ફેલાઈ જતી હતી. લોકો ફરી આશ્ચર્ય થઈ રસુલે ખુદા (સ.અ.વ.)ની ખિદમતમાં પહોંચીને પુછતા અય રસુલે ખુદા (સ.અ.વ.) આ લાલ રૌશની કયાથી આવી રહી છે? રસુલે ખુદા (સ.અ.વ.) ફરીથી તેઓને જ. ફાતેમા ઝહરા (સ.અ.)ના ઘર તરફ મોકલી દેતા અને લોકો ત્યાં આવીને જોતા કે આ નૂર જ. ફાતેમા (સ.અ.)ના ઘરની મહેરાબે ઈબાદતથી જાહેર થાય છે તો ખબર પડી જતી આપ (સ.અ.) નમાઝ અદા કરી રહ્યા છે અને તે લોકો સમજી જતા કે અમારા ઘરોમાં જે લાલ રૌશની નઝર આવી રહી છે તે જ. ફાતેમા (સ.અ.)ના ચહેરાના નૂરનું પ્રતિબિંબ છે.

જ. ફાતેમા ઝહરા (સ.અ.)ના ચહેરાના નૂરની આજ હાલત ઈ. હુસૈન (અ.સ.)ની વિલાદત સુધી રહી. ત્યાર પછી તે નૂર અમારા ચહેરાઓ તરફ મુન્તકીલ થઈ ગયું. કયામત સુધી અમે એહલેબૈત (અ.મુ.સ.)માંથી ઈમામો છીએ, એક ઈમામથી બીજા ઈમામને આ નૂર મુન્તકીલ થતું રહેશે.

(ઓયુને અખ્બારે રેઝા)

## ૨) હ. સલમાને ફારસીઃ

‘ઈરશાદુલ કોલુબ’ માં જ. સલમાને ફારસીથી રિવાયત છે કે તેઓ બયાન કરે છે એક વખત હું મસ્જીદે નબવીમાં રસુલે ખુદા (સ.અ.વ.)ની ખિદમતમાં હાજર હતો. ત્યાં રસુલે ખુદા (સ.અ.વ.)ના કાકા અબ્બાસ બિન અબ્દુલ મુત્તાલીબ મસ્જીદમાં દાખલ થયા અને તેઓએ રસુલે ખુદા (સ.અ.વ.)ને સલામ કરી અને રસુલે ખુદા (સ.અ.વ.)એ સલામનો જવાબ આપીને આવકાર્યા.

અબ્બાસ બિન અબ્દુલ મુત્તાલીબે અર્ઝ કરી કે અય અલ્લાહના રસુલ! આપણે બધા એકજ ખાનદાનના સભ્યો છીએ અને આપણા

દરેકના પરદાદા પણ એકજ છે તો પછી હ. અલી (અ.સ.)ને અમારા બધા પર ફઝીલત કેમ છે?

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ અય વ્હાલા કાકા સાંભળો. અલ્લાહ તઆલાએ મને અને અલી (અ.સ.)ને (અમારા નૂરને) તે સમયે પૈદા કર્યું હતું જ્યારે ન તો ઝમીન અને ન તો આસમાન ન તો જન્નત અને ન તો જહન્નમ હતી, ન લવ્હ હતી ન કલમ.

પછી જ્યારે અલ્લાહે અમારા નુરને પૈદા કરવાનો ઈરાદો કર્યો તો કુદરતના હોઠેથી એક કલમો જારી થયો જે નૂર બની ગયું. ફરી બીજો કલમો જારી થયો તે રૂહ બની ગઈ. ત્યાર પછી તે બંનેને ભળી જવાનો હુકમ થયો તો તે બંને એક જીવ બની ગયો. પછી તે એક જીવંત નૂર અને રૂહથી મને અને અલી (અ.સ.)ને પૈદા કરવામાં આવ્યા મારા નૂરથી અર્શના નૂર પૈદા કરવામાં આવ્યું. આટલા માટે હું અર્શ પર પણ ફઝીલત ધરાવું છું અને હ. અલી (અ.સ.)ના નૂરથી આસમાનના નુરોને પૈદા કર્યા એટલા માટે હ. અલી (અ.સ.) પણ દરેક આસમાનથી મહાન અને બુલંદ છે. પછી હસન (અ.સ.)ના નૂરથી સૂર્યના નુરને અને હુસૈન (અ.સ.)ના નૂરથી ચંદ્રના નૂરને પૈદા કર્યું. આટલા માટે આ બંને સુરજ અને ચંદ્ર કરતા ઉચ્ચ અને બલંદ છે. પછી મલાએકા અમારા નૂરોને જોઈને કહેવા લાગ્યા કે સુબ્હાનલ્લાહ આ નૂરો અલ્લાહની નજદીક કેટલા માનવંત છે!

પછી જ્યારે અલ્લાહ તઆલાએ મલાએકાનું ઈમ્તેહાન લેવા ચાહ્યું તો એક કાળું વાદળ મોકલ્યું જેના લીધે દરેક બાજુ એવું અંધારૂ છવાઈ ગયું કે તેઓને નઝદીકની પણ કોઈ વસ્તુ દેખાતી ન હતી ત્યારે મલાએકાએ અલ્લાહની બારગાહમાં દોઆ કરી કે અમારા અલ્લાહ! અમારા માલીક! જ્યારથી તે અમને પૈદા કર્યા છે ત્યારથી અમે કયારેય આવું અંધારૂ નથી જોયુ તને તે માનનીય અન્વારનો વાસ્તો આપીએ છીએ કે આ અંધારૂ અને ઝુલ્મતને દૂર કરી દે.

અલ્લાહે ફરમાવ્યુંઃ હા, જરૂર એમજ કરીશ. પછી તરતજ અલ્લાહ તઆલાએ મારી દિકરી જ. ફાતેમા (સ.અ.)ના નૂરને પૈદા કર્યું અને તેને ફાનસની જેમ અર્શના ગોશવારામાં લટકાવી દીધું જેની રૌશનીથી દરેક આસમાન અને દરેક જમીન ઝગમગી ઉઠી એટલા માટે જ જ. ફાતેમા (સ.અ.)ને ઝહેરાના નામથી યાદ કરવામાં આવે છે.

જ. ફાતેમા (સ.અ.)ના નુરને જોઈને મલાએકા ફરી વખત પરવરદિગારની તસ્બીહ અને તકદીસમાં વ્યસ્ત થઈ ગયા તો અલ્લાહે ફરમાવ્યુંઃ હું મારી ઈઝઝત અને જલાલની કસમ ખાઈને કહું છું કે તમારી આ તકદીસ અને તસ્બીહનો સવાબ જ. ફાતેમા (સ.અ.) તેમના મહાન પિતા, તેમના શોહર અને તેમની ઔલાદના ચાહવાવાળાને આપુ છું.

હ. સલમાનનું બયાન છે કે આ સાંભળીને જ્યારે અબ્બાસ ઈબ્ને અબ્દુલ મુત્તાલીબ રસુલે ખુદા (સ.અ.વ.)ની ખિદમતમાંથી બહાર નિકળ્યા તો હ. અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ની મુલાકાત થઈ.

અબ્બાસ ઈબ્ને અબ્દુલ મુત્તાલીબે તેમને ગળે લગાવ્યા તેમના કપાળ ઉપર બોસો આપ્યો અને બોલ્યા કે એહલેબૈતમાંથી તેમજ મુસ્તુફા (સ.અ.વ.)ની ઈતરત પર મારા માં-બાપ કુરબાન થઈ જાય, તમે લોકો (એહલેબૈત) અલ્લાહની નઝદીક કેટલા ઈઝઝતવાળા અને અઝમતવાળા છો! (ઈરશાદુલ કોલુબ)

**૩) જનાબે જાબીરઃ**

જ. જાબીર (ર.અ.) એ હ. અબુ અબ્દિલ્લાહથી રિવાયત કરી છે. જ. જાબીર (ર.અ.) બયાન કરે છે કે એક દિવસ મેં ઈમામ સાદિક (અ.સ.)ને પુછયું (આપના દાદી) હ. ફાતેમા ઝહરા (સ.અ.)નું નામ ઝહેરા કેમ રાખવામાં આવ્યું છે?

ઈમામ સાદિક (અ.સ.) એ ફરમાવ્યુંઃ અલ્લાહ તઆલાએ એ મોઅઝ્ઝમાને પોતાના નુરની અઝમતથી ખલ્ક કર્યા છે. જ્યારે આપના નુરનું પ્રકાશ આસમાનો અને જમીનોમાં ફેલાણું તો મલાએકાની આંખો ઝુકવા લાગી અને તેઓએ પોતાના માથા સજદામાં નાખી દીધા અને કહેવા લાગ્યા અય પરવરદિગાર! અય અમારા માલિક! આ નૂર કેવું છે?

અલ્લાહ તઆલાએ તેઓ ઉપર વહ્ય ઉતારી કે આ નૂર મારા નૂરની અઝમતથી પૈદા થયું છે. તેને મેં પોતાના જ આસમાનમાં રાખ્યું છે. જેને હું પોતાના અંબીયામાંથી સૌથી વધારે અઝમતવાળા નબીના સુલ્બમાં દાખલ કરીને જાહેર કરીશ. પછી તેનાથી એવા નુરો પૈદા કરીશ જે જમીનવાળાઓ પર મારી તમામ મખ્લુકાતમાંથી બહેતર હશે અને મારા દીને હકની તરફ લોકોની હિદાયત કરશે અને વહ્યનો સિલસિલો ખતમ થઈ જવા બાદ તે અઈમ્માનો અન્વાર મારા ખલીફા અને મારા દીનના મુહાફીઝ હશે.

(કિતાબ ઓયુનો અખ્બારે રેઝા)

મિસ્બાહુલ અન્વારમાં પણ હ. અબુ જાફર ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.)થી આના જેવી રિવાયત નકલ થઈ છે.

**૪) ઈબ્ને અમ્મારઃ**

ઈબ્ને અમ્માર પોતાના પિતાથી રિવાયત કરી છે કે તેનું બયાન છે કે એક વખત મેં ઈમામ જાફરે સાદિક (અ.સ.)થી પુછયું કે જ. ફાતેમા ઝહરા (સ.અ.)નું નામ ઝહેરા કેમ રાખવામાં આવ્યું છે? તો ઈમામ જાફરે સાદિક (અ.સ.) એ ફરમાવ્યુંઃ જ્યારે જ. ઝહરા (સ.અ.) મહેરાબે ઈબાદતમાં ઉભા રહેતા તો આપનું નુર આસમાનવાળાઓ માટે એ રીતે ચમકતું હતું કે જેવી રીતે જમીનવાળાઓ માટે સીતારા ચમકે છે.

(કિતાબ ઓયુનો અખ્બારે રેઝા)

**૫) અબુ હાશીમ અસ્કરી (અ.ર.):**

અબુ હાશીમ અસ્કરીનું બયાન છે કે મેં ઈમામ હસન અસ્કરી (અ.સ.)ને પુછયું કે હ. ફાતેમા ઝહરા (સ.અ.)નું નામ ઝહરા કેમ રાખવામાં આવ્યું છે?

ઈમામ અસ્કરી (અ.સ.) એ ફરમાવ્યુંઃ જનાબે ઝહરા (સ.અ.)નો નુરાની ચહેરો હ. અમીરૂલ મોઅમેનીન (અ.સ.) માટે ચમકી ઉઠતું હતું. સવારના સમયે સુરજની જેમ ચમકતું હતું, બપોરના સમયે રૌશન ચાંદની જેમ ચમકતું હતું અને સુર્યાસ્તના સમયે કવ્કબે દુર્રીની જેમ ચમકતું હતું.

**૬) હસન બીન યઝીદઃ**

હસન બીન યઝીદનું બયાન છે કે ઈ. જાફરે સાદિક (અ.સ.)થી પુછયું કે જ. ફાતેમા (સ.અ.)નું નામ ઝહરા કેમ રાખવામાં આવ્યું છે?

ઈમામ સાદિક (અ.સ.) એ ફરમાવ્યુંઃ

'જન્નતમાં આ મોઅઝ્ઝમાની મિલ્કીય્યત લાલ યાકુતથી બનેલો (કુબ્બો) ગુંબજ છે. જે હવામાં (એક વર્ષની મુસાફરી જેટલું) ઉંચુ છે. જે ખુદાએ જબ્બારની કુદરતથી સંબંધ રાખે છે (લટકે) છે. ન ઉપરથી કોઈ વસ્તુથી લટકેલું છે, ન નીચે કોઈ પાયા ઉપર રાખવામાં આવ્યું છે. આ કુબ્બાના એક લાખ દરવાજા છે. દરેક દરવાજા પર હજાર ફરિશ્તા રાખવામાં આવ્યા છે અને જે રીતને તમે લોકો આસમાનમાં ઝોહરાના સિતારા જોવો છો એજ રીતે ફરિશ્તાઓ આ કુબ્બાને જોઈને કહે છે કે આ ઝોહરા હ. ફાતેમા (સ.અ.) માટે છે.

**(૫) બતુલ નામ રાખવાનું કારણઃ**

**૧) અબુ સાલેહ મોઅઝ્ઝીનઃ**

અબુ સાલેહ મોઅઝ્ઝીને પોતાની કિતાબ અરબઈનમાં લખ્યું છે કે એક વખત હ. રસુલે ખુદા (સ.અ.વ.)થી પુછવામાં આવ્યું કેઃ અય અલ્લાહના મુન્તખબ રસુલ! બતુલથી મુરાદ શું છે?

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું: બતુલ એ ઔરતને કહેવામાં આવે છે જેને અલ્લાહ તઆલાએ હૈઝની નજાસતથી પાક રાખ્યા હોય.

હ. રસુલે ખુદા (સ.અ.વ.)એ આયેશાને ફરમાવ્યું: અય હુમૈરા! હકીકત એ છે કે મારી દીકરી ફાતેમા (સ.અ.) આમ ઔરતોની જેમ નથી કારણ કે અલ્લાહ તઆલાએ તેમને હૈઝની નજાસતથી પાક અને પાકીઝા રાખ્યા છે.

હ. ઈમામ જાફરે સાદિક (અ.સ.)થી ફરમાવ્યું કે જ્યાં સુધી હ. ફાતેમા (સ.અ.) જીવંત હતા હ. અલી (અ.સ.)ની માટે બીજી ઔરત સાથે નિકાહ કરવા હરામ કરવામાં આવ્યું હતું.

હઝરત બતુલ (સ.અ.) હૈઝથી એકદમ પાક હતા એટલા માટે આપ (સ.અ.) તાહેરા હતા.

ઉબૈદ હરવી કહે છે કે: હઝરત મયરમનું નામ બતુલ એટલા માટે રાખવામાં આવ્યું હતું કે જ.મરયમનો કોઈ શૌહર ન હતો અને જ. ફાતેમા (સ.અ.)નું નામ બતુલ એટલા માટે રાખવામાં આવ્યું કે આપ (સ.અ.) ઔરતોમાં બેમીસાલ અને બેનઝીર હતા.

**૨) હ. અલી (અ.સ.):**

હ. અલી (અ.સ.)થી રિવાયત છે કે 'એક વખત હ. રસુલે ખુદા (સ.અ.વ.)થી પુછવામાં આવ્યું કે બતુલનો શું અર્થ છે. એટલા માટે કે અય અલ્લાહના રસુલ અમે તમને ફરમાવતા સાંભળ્યા છે કે જ. મરીયમ બતુલ હતા અને જ. ફાતેમા (સ.અ.) પણ બતુલ છે.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું: બતુલ તે ઔરત છે જેને અલ્લાહ તઆલા હૈઝની નજાસતથી પાક રાખે છે.

(મઆનીલ અખ્બાર,ઓયુનો અખ્બારે રેઝા,મિસ્બાહુલ અન્વાર)

## (૬) ઉમ્મે અબીહા નામ રાખવાનું કારણઃ

કિતાબ મકાતેલુત તાલેબીનના લેખકે સનદોની સાથે ઈમામ જાફર ઈબ્ને મોહમ્મદ (અ.સ.)થી અને તેઓએ પોતાના પિતાથી રિવાયત કરી છે કે હ. ફાતેમા (સ.અ.)ને ઉમ્મે અબીહાની કુન્નીયતથી બોલાવવામાં આવતા હતા.

## (૭) તાહેરા નામ રાખવાનું કારણઃ

મિસ્બાહુલ અન્વારમાં રિવાયત છે કે હ. અબુ જાફર મોહમ્મદ બાકીર (અ.સ.) એ પોતાના પવિત્ર બાપ દાદાથી રિવાયત કરી છે કે હ. ફાતેમા (સ.અ.) દરેક પ્રકારની નજાસતથી પાક હતા ત્યાં સુધી કે તેઓને ન તો કયારેય હૈઝ આવ્યું છે અને ન નિફાસ એટલા માટે તેઓ તાહેરાના નામથી બોલાવવામાં આવતા હતા.

# પ્રકરણ-૩

# જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)નો મરતબો, આપની શાનમાં કુરઆનની આયતો, આપના મોઅજીઝાઓ

## (૧) દુન્યવી ઔરતોમાં બેહતરીનઃ

અબુબક્ર શિરાઝીની કિતાબમાં રિવાયત છે કે અબુલ હોઝૈલ એ મકાતીલથી અને તેણે મોહમ્મદે હનફીયાથી અને તેણે પોતાના વાલિદે બુઝુર્ગવારથી રિવાયત કરી છે કે હ. રસુલે ખુદા (સ.અ.વ.) એ આ કુરઆનની આયતની તિલાવત ફરમાવીઃ

إِنَّ اللّٰهَ اصْطَفَاكِ وَطَهَّرَكِ وَاصْطَفَاكِ عَلَىٰ نِسَاءِ الْعَالَمِينَ

અલ્લાહે તમને ચુંટયા અને દરેક બુરાઈથી પાક રાખ્યા અને તમામ આલમીનની ઔરતો પર તમને ફઝીલત આપી.

(સુરએ આલે ઈમરાનઃ ૪૨)

પછી ફરમાવ્યુંઃ અય અલી (અ.સ.) દુનિયાની ચાર બેહતરીન ઔરતો છે. (૧) મરીયમ બિન્તે ઈમરાન (૨) ખદીજા બિન્તે ખોવૈલદ (૩) ફાતેમા બિન્તે મોહમ્મદ (૪) આસીયા બિન્તે મઝાહીમ.

હાફીઝ અબુ નઈમે હિલ્યતુલ અવ્લીયામાં, ઈબ્ને બયઅએ મુસ્નદમાં, ખતીબે પોતાની તારીખમાં, ઈબ્ને બતાએ પોતાની કિતાબ અબાનામાં અને એહમદ સમઆનીએ પોતાની કિતાબ ફઝાએલમાં પોત પોતાની સનદો સાથે મોઅમ્મરથી તેણે કતાદાથી તેણે અનસથી રિવાયત કરી છે. ઉપરાંત સોઅલબી એ પોતાની તફસીરમાં, સલામીએ પોતાની તારીખે ખુરાસાનમાં, અબુ સાલેહ મોઅઝ્ઝીને કિતાબ અરબઈનમાં પોત પોતાની સનદોથી સાથે અબુ હુરૈરાથી આજ રિવાયત કરી છે અને શઆબી એ જાબીર બિન અબ્દુલ્લાહ અને સઈદ ઈબ્ને મુસય્યબથી, કરીબ એ ઈબ્ને અબ્બાસથી, મકાતીલે સુલૈમાનથી તેણે ઝહાકથી અને તેણે ઈબ્ને અબ્બાસથી આજ રિવાયત નકલ કરી છે. અબુ મસ્ઉદ અને અબ્દુલ રઝઝાક અને એહમદ અને ઈસ્હાક એ હ. રસુલે ખુદા (સ.અ.વ.)થી આજ રિવાયત બયાન કરી છે અને અહીંયા આ રિવાયત કિતાબ હિલ્યતુલ અવ્લીયાના શબ્દમાં પેશ કરવામાં આવે છે.

હ. નબીએ કરીમ (સ.અ.વ.) એ ઈરશાદ ફરમાવ્યુંઃ તમામ દુનિયાની ઔરતોમાં મરીયમ બિન્તે ઈમરાન, ખદીજા બિન્તે ખોવૈલદ, ફાતેમા બિન્તે મોહમ્મદ (સ.અ.)અને જ. આસીયા બિન્તે મઝાહીમ (ફીરઔનની પત્નિ) તમારા માટે નમુનાએ અમલ તરીકે કાફી છે.

અને મકાતીલ અને ઝહહાક અને અકરમા ની રિવાયત છે કે આની સાથે રસુલે ખુદા (સ.અ.વ.) એ આપને ફરમાવ્યું કે તેમાંથી સૌથી અફઝલ ફાતેમા (સ.અ.) છે.

અબ્દુલ મલીક અકબરીએ કિતાબ ફઝાએલમાં અને એહમદે પોતાની કિતાબ મુસ્નદમાં પોત પોતાની સનદો સાથે કરીનથી તેણે ઈબ્ને અબ્બાસથી રિવાયત કરી છે કે દરેક દુનિયાની ઔરતોમાં સૌથી બહેતર મરીયમ બિન્તે ઈમરાન, ખદીજા બિન્તે ખોવૈલદ, જ. ફાતેમા બિન્તે મોહમ્મદ, જ. આસીયા બિન્તે મઝાહીમ (ફીરઔનની પત્નિ) છે અને તેમાં આ ફકરો પણ છે કે રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું કે દુનિયા અને આખેરતમાં આ દરેક ઔરતોમાં ફાતેમા ઝહરા (સ.અ.) અફઝલ છે.

આયેશા અને તેના સિવાય બીજા રાવીઓએ પણ રિવાયત કરી છે કે રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ અય ફાતેમા (સ.અ.) હું તમને ખુશખબરી સંભળાવી આપું કે અલ્લાહે તમને તમામ દુનિયાઓની ઔરતોમાં સામાન્ય રીતે અને એ ઈસ્લામવાળાઓની ઔરતોમાં ખાસ કરીને મુન્તખબ કર્યા છે અને ઈસ્લામ બેહતરીન દીન છે.

હોઝૈફાએ રસુલે ખુદા (સ.અ.વ.)થી રિવાયત કરી છે કે રસુલે ખુદા (સ.અ.વ.) એ ઈરશાદ ફરમાવ્યુંઃ મારી પાસે એક ફરિશ્તો આવ્યો અને તેણે મને આ ખુશખબરી આપી કે જ. ફાતેમા (સ.અ.) સૈયદતુન્નિસાએ એહલીલ જન્નત ‘જન્નતની સ્ત્રીઓની સરદાર’ અથવા સૈયદતુન્નિસાએ ઉમ્મત છે.

ઈમામ બુખારી અને મુસ્લીમે પોતાની સહીહૈનમાં, અબુ સઆદાતએ 'ફઝાએલલ અશ્રરહ'માં, અબુબક્ર શૈબાએ પોતાની કિતાબ 'અમાલી'માં, દયલમી એ પોતાની કિતાબ 'ફિરદૌસ'માં લખ્યું છે કે રસુલે ખુદા (સ.અ.વ.)એ ઈરશાદ ફરમાવ્યું કે 'ફાતેમા (સ.અ.) સૈયદતો નિસાએ અહલે જન્નત છે.'

હાફીઝ અબુ નઈમ એ હિલ્યતુલ અવલીયામાં જ. જાબીર બિન સુમરાથી રિવાયત કરી છે કે રસુલે ખુદા (સ.અ.વ.) એ એક હદીસમાં ઈરશાદ ફરમાવ્યુંઃ

'પરંતુ આ ફાતેમા (સ.અ.) કયામતના દિવસે તમામ ઔરતોની સરદાર હશે.'

'તારીખે બલાઝરી'માં રિવાયત છે કે નબી અકરમ (સ.અ.વ.) એ હ. ફાતેમા ઝહરા (સ.અ.)ને ફરમાવ્યું 'બેટી, હવે મારો સમય નઝદીક છે પરંતુ તમે મારા એહલેબૈતમાં સૌથી પહેલા મારી મુલાકાત કરશો.'

આ સાંભળીને જ. ફાતેમા (સ.અ.) ગમગીન થયા તો રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ શું તમે તેના પર ખુશ નથી કે તમે તમામ એહલે જન્નતની ઔરતોના સરદાર છો. આ સાંભળીને જ. ઝહરા (સ.અ.) ખુશ થઈ ગયા. (ખેસાલ)

## (૨) આપ (સ.અ.) પુરી દુનિયાની ઔરતોમાં મુન્તખબ છેઃ

કિતાબે ખેસાલમાં છે કે હ. નબીએ અકરમ (સ.અ.વ.) એ હ. અલી (અ.સ.)ને જે વસીયતો કરી તેમાં આ વસીયત પણ હતી કે અય અલી (અ.સ.)! સાંભળો, અલ્લાહ તઆલાએ પૂરી દુનિયા ઉપર એક ઈન્તેખાબની નઝર કરી અને તમામ મર્દોમાંથી મને મુન્તખબ કર્યો પછી બીજી ઈન્તેખાબની નઝર કરી તો મારા પછી પુરી દુનિયાના મર્દોમાંથી તમને મુન્તખબ કર્યા અને ત્રીજી વખતમાં તમારા પછી તે અઈમ્મા (અ.મુ.સ.)ને મુન્તખબ કર્યા કે જેઓ તમારી નસ્લમાંથી હશે અને

જ્યારે ચોથી વાર ઈન્તેખાબની નઝર કરી તો તમામ દુનિયાની ઔરતોમાંથી જ. ફાતેમા ઝહરા (સ.અ.)ને મુન્તખબ કર્યા.

મુફઝઝલથી રિવાયત છે કે એક વખત મેં ઈમામ જાફરે સાદિક (અ.સ.)ને પુછયું કે, મૌલા એ ઈરશાદ ફરમાવો કે રસુલે ખુદા (સ.અ.વ.) એ જે જ. ફાતેમા ઝહરા (સ.અ.)ના બારામાં ઈરશાદ ફરમાવ્યું છે કે આ દુનિયાની તમામ ઔરતોના સરદાર છે. તો શું હ. ફાતેમા ઝહરા (સ.અ.) ફકત પોતાના ઝમાનાની ઔરતોના સરદાર હતા?

ઈમામ સાદિક (અ.સ.) એ ફરમાવ્યુંઃ આ સિફત તો જ. મરીયમની છે કે તેઓ પોતાના ઝમાનાની ઔરતોના સરદાર હતા અને અમારી દાદી હ. ફાતેમા ઝહરા (સ.અ.) દરેક દુન્યાની ઔરતોના સરદાર ચાહે તે પહેલાની ઔરતો હોય કે આખરી ઝમાનાની ઔરતો હોય.

(મઆનીલ અખ્બાર)

## (૩) સૈયદતુન નિસાઈલ આલમીનઃ

### ૧) સઈદ બિન મુસય્યબ

સઈદ બિન મુસય્યબે ઈબ્ને અબ્બાસથી રિવાયત કરી છે કે એક દિવસ હ. રસુલે ખુદા (સ.અ.વ.) બેઠા હતા તે સમયે રસુલ (સ.અ.વ.)ની પાસે હ. અલી (અ.સ.) અને હ. ફાતેમા (સ.અ.) અને ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.) પણ મૌજુદ હતા. રસુલે ખુદા (સ.અ.વ.) એ દોઆ માટે હાથ ઉંચા કર્યા અને ફરમાવ્યુંઃ પરવરદિગાર! તું સારી રીતે જાણે છે કે આ મારી એહલેબૈત છે અને મારી નઝદીક ઈન્સાનોમાં સૌથી વધારે માનનીય અને અઝીઝ છે. પછી તું તેને દોસ્ત રાખ જે તેમને (એહલેબૈતને) દોસ્ત રાખે અને તેને દુશ્મન રાખ જે એહલેબૈત (અ.મુ.સ.)ની સાથે દુશ્મની રાખે. તું તેમની મદદ કર જે તેઓની મદદ કરે અને એહલેબૈત (અ.મુ.સ.) થી દરેક પ્રકારની

નજાસત અને ગંદકીને દુર રાખ અને તેમને દરેક ગુનાહથી મઅસુમ બનાવી દે અને તેઓની રૂહુલ કુદુસ થકી મદદ કર.

ત્યાર પછી રસુલે ખુદા (સ.અ.વ) હ. અલી (અ.સ.)ની તરફ મુતવજ્જેહ થયા અને ફરમાવ્યુંઃ અય અલી (અ.સ.)! તમે મારી ઉમ્મતના ઈમામ છો અને મારી પછી તમે મારા ખલીફા અને જાનશીન છો. જન્નતના રસ્તામાં મોઅમીનોના પેશ્વા અને માર્ગદર્શક છો અને હું મારી દીકરી ફાતેમા ઝહરા (સ.અ.)ને જોઈ રહ્યો છું કે તેઓ મહેશરના દિવસે નુરની ઉંટણી ઉપર સવાર થઈને આવ્યા છે. તેમની ડાબી બાજુ ૭૦૦૦૦ ફરિશ્તા અને જમણી બાજુ ૭૦૦૦૦ ફરિશ્તા તેમની આગળ પણ ૭૦૦૦૦ ફરિશ્તા અને પાછળ પણ ૭૦૦૦૦ ફરિશ્તાઓ છે અને તેઓ મારી ઉમ્મતની મોમીના ઔરતોની જન્નતની તરફ કયાદત કરે છે. પછી જે ઔરત દિવસ અને રાતમાં પાંચ વખતની નમાઝ પઢશે, માહે રમઝાનમાં રોઝા રાખશે, અલ્લાહના ઘરની હજ કરશે, પોતાના માલમાંથી ઝકાત આપશે, પોતાના શૌહરની ઈતાઅત કરશે અને મારા પછી અલી (અ.સ.)ની વિલાયત અને ઈમામતનો ઈકરાર કરશે તે મારી દીકરી ફાતેમા ઝહરા (સ.અ.)ની શફાઅતના વસીલા થકી જન્નતમાં દાખલ થશે. ફાતેમા (સ.અ.) તમામ દુનિયાઓની ઔરતોના સરદાર છે.

કોઈએ પુછયુંઃઅય અલ્લાહના રસુલ(સ.અ.વ.)! શું જ. ઝહરા (સ.અ.) ફકત પોતાના ઝમાનાની ઔરતોના સરદાર છે?

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ આ સિફતો તો હ. મરીયમ બિન્તે ઈમરાનની છે. મારી દીકરી ફાતેમા (સ.અ.) તો તમામ દુનિયાની ઔરતોના સરદાર છે, ચાહે તે પહેલાના ઝમાનાની સ્ત્રીઓ હોય કે આખરી ઝમાનાની હોય.

જ્યારે જ. ઝહરા (સ.અ.) મહેરાબે ઈબાદતમાં ઉભા રહેતા ત્યારે ૭૦૦૦૦ મુકર્રબ ફરિશ્તાઓ આવીને તેઓને સલામ કરતા અને તેમને

આ શબ્દોમાં સંબોધન કરતા. જે શબ્દોમાં જ. મરીયમને સંબોધન કરતા હતા. ફરિશ્તાઓ કહેતા

يَافَاطِمَه! إِنَّ اللهَ اصْطَفَاكِ وَطَهَّرَكِ وَاصْطَفَاكِ عَلَىٰ نِسَاءِ الْعَالَمِينَ

(સુરએ આલે ઈમરાનઃ ૪૨)

અય ફાતેમા (સ.અ.)! અલ્લાહે તમને ચુંટયા અને દરેક બુરાઈથી પાક રાખ્યા અને તમામ આલમીનની ઔરતો પર તમને ફઝીલત આપી.

ત્યાર બાદ રસુલ (સ.અ.વ.) એ હ. અલી (અ.સ.)ની તરફ મુતવજ્જેહ થયા અને ફરમાવ્યુંઃ ફાતેમા (સ.અ.) મારા જીગરનો ટુકડો છે, મારી નુરે નઝર છે, મારા દિલનો મેવો છે. જેણે તેમને અઝીય્યત પહોંચાડી તેણે મને અઝીય્યત પહોંચાડી, જેણે તેમને ખુશ રાખ્યા તેણે મને ખુશ રાખ્યો. આ મારી એહલેબૈતમાંથી સૌથી પહેલા મારી મુલાકાત કરશે એટલા માટે મારા પછી તેમનો ખુબજ ખ્યાલ રાખજો અને હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.) મારા ફરઝંદો છે. જેઓ મારી ઝિંદગીના વૃક્ષોના બે ફુલ છે અને તે બંને જવાનાને એહલે જન્નતના સરદાર છે. તે બંનેનો પણ એટલો જ ખ્યાલ રાખજો જેટલો તમે પોતાની આંખ અને કાનનું ધ્યાન રાખો છો.

પછી હ. રસુલે ખુદા (સ.અ.વ.) એ પોતાના હાથ આસમાન તરફ બલંદ કર્યા અને ફરમાવ્યુંઃ પરવરદિગાર! તું ગવાહ રહેજે કે હું તે શખ્સથી મહોબ્બત કરૂ છું જે મારી એહલેબૈતથી મહોબ્બત કરે છે અને તેને દુશ્મન રાખુ છું જે તેઓથી (એહલેબૈતથી) દુશ્મની રાખે છે. મારી સુલેહ તેનાથી છે જે તેનાથી સુલેહ રાખે છે, મારી જંગ તેનાથી છે જે તેઓથી જંગ કરે છે, મારી અદાવત તેનાથી છે જેઓ તેઓ (એહલેબૈતથી) અદાવત રાખે છે, મારી દોસ્તી તેનાથી છે જે તેમનાથી દોસ્તી રાખે.'

(આમાલીએ શૈખે સદુક અ.ર.)

૨) તમીમીએ પોતાની સનદોની સાથે હ. ઈ. અલી રેઝા (અ.સ.)થી અને તેઓએ પોતાના પવિત્ર બાપ-દાદાથી રિવાયત કરી છે કે હ. રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ 'હસન અને હુસૈન અ.સ.' મારા પછી અને તેમના પિતા (હ. અલી અ.સ.) પછી ઝમીનવાળાઓમાં સૌથી વધારે બેહતર છે અને તેમની માતા (જ. ફાતેમા ઝહરા સ.અ.) તમામ એહલે ઝમીનની ઔરતોમાં સૌથી અફઝલ અને બહેતર છે.

૩) શઅબી એ મસ્રૂકથી અને તેણે આયેશાથી રિવાયત કરી છે કે નબીએ અકરમ (સ.અ.વ.) એ જ. ફાતેમા (સ.અ.)થી ખુબ જ ધીમી આવાઝમાં કાંઈક કહ્યું તો જ. ફાતેમા (સ.અ.) હસવા લાગ્યા. મેં પુછયું કે રસુલે ખુદા (સ.અ.વ.) એ શું ફરમાવ્યું?

હ. ફાતેમા (સ.અ.) એ ફરમાવ્યુંઃ રસુલે ખુદા (સ.અ.વ.) એ મને કહયુઃ બેટી! શું તમે તેના પર ખુશ નહી થાવ કે તમે સય્યદતો નીસાએ એહલે જન્નત (જન્નતની ઔરતોના સરદાર) અથવા ઉમ્મતની ઔરતોની સરદાર હોવ.

હિલ્યતુલ અવ્લીયા અને કિતાબે શીરાઝીમાં ઈમરાન બિન હસીન અને જાબીર બિન સુમરાથી રિવાયત છે કે એક વખત નબીએ અકરમ (સ.અ.વ.) જ. ફાતેમા (સ.અ.)ના ઘરે તશ્રીફ લઈ ગયા અને પુછયુંઃ બેટી, કેમ છો?

જ. ઝહરા (સ.અ.) એ ફરમાવ્યુંઃ બાબા! તબીયત બરાબર નથી અને વધુમાં એ કે ઘરમાં કાંઈ ખાવાનું પણ નથી.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ બેટી, શું તમે તેના પર ખુશ નથી કે તમે સય્યદતો નેસાઈલ આલમીન છો?

જ. ઝહરા (સ.અ.) એ ફરમાવ્યુંઃ બાબા! અગર એવું છે તો પછી જ. મરયમ બિન્તે ઈમરાનનો શું મકામ છે? રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ તેઓ ફકત પોતાના ઝમાનાની ઔરતોના સરદાર હતા, તમે

દરેક ઝમાનાની ઔરતોના સરદાર છો. ખુદાની કસમ! મેં તમારી શાદી એક એવા શખ્સ સાથે કરી છે જે દુનિયામાં પણ સરદાર છે અને આખેરતમાં પણ સરદાર છે.

જ્યારે હ. ઈમામ જઅફર સાદિક (અ.સ.)થી આ રિવાયતના બારામાં પુછવામાં આવ્યું કે હ. રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું: ફાતેમા (સ.અ.) સય્યદતો નેસાએ અહલીલ જન્નત છે. તો શું આનો મતલબ એ છે કે તેઓ પોતાના ઝમાનાની ઔરતોની સરદાર છે?

ઈમામ સાદિક (અ.સ.)એ ફરમાવ્યું: નહિ. આ મરતબો તો જ. મરયમનો છે. (અમારી દાદી) હ. ફાતેમા ઝહરા (સ.અ.) જન્નતની અંદર પહેલાની અને આખરી ઝમાનાની ઔરતોની સરદાર છે.

એક હદીસમાં એ છે કે જ. આસીયા બિન્તે મઝાહીમ અને જ. મરયમ બિન્તે ઈમરાન અને જ. ખદીજા બિન્તે ખોવૈલદ જન્નતમાં જવા માટે હ. ફાતેમા (સ.અ.)ની આગળ આગળ હાજીઓની જેમ ચાલશે.

ફઝાએલે અશરહમાં અબુસાદાતે અને ફઝાએલે સહાબામાં સમઆનીએ અને બીજાઓએ પણ ઈબ્ને હેજામથી રિવાયત કરી છે અને તેઓએ જમીઅ બિનકસીરના ઝરીયાથી આયેશા અને ઓસામાથી રિવાયત કરી છે તેના સિવાય બુરૈરહથી પણ આ જ રિવાયત નકલ છે કે: મેં જ. રસુલે ખુદા (સ.અ.વ.)થી પુછયું: અય અલ્લાહના રસુલ! ઔરતોમાં કઈ ઔરત તમને સૌથી વધારે મહેબુબ છે?

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું: ફાતેમા (સ.અ.).

મેં કહ્યું: અને મર્દોમાં?

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું: તેમના પતિ (અલી ઈબ્ને અબી તાલિબ અ.સ.)

જામેએ તિરમીઝીમાં પણ રિવાયત છે કે બુરૈરહએ કહ્યું કે ઔરતોમાં જ. ફાતેમા ઝહરા (સ.અ.) અને મર્દોમાં હ. અલી (અ.સ.) હ. રસુલે ખુદા (સ.અ.વ.)ને સૌથી વધારે મહેબુબ છે.

કુવ્વતે કોલુબ-અબુ તાલીબે મક્કી, અરબઈન-અબુ સાલેહ મોઅઝઝીન અને ફાઝએલે સહાબા-એહમદમાં પોતાની સનદોની સાથે આયેશાથી રિવાયત છે કે એક દિવસ હ. અલી (અ.સ.) અને હ. ફાતેમા (સ.અ.) બંને બેઠા હતા અને રસુલે ખુદા (સ.અ.વ.) તે બંનેની વચ્ચે બેઠા હતા.

હ. અલી (અ.સ.) એ અર્ઝ કરીઃ અય અલ્લાહના રસુલ! અમારા બંનેમાંથી તમને કોણ વધારે મહેબુબ છે? (હું કે આ?)

હ. રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ આ (જ. ફાતેમા સ.અ.) મને વધારે મહેબુબ છે અને તમે મને વધારે અઝીઝ છો.

જ. જાબીર બીન અબ્દુલ્લાહ અન્સારીથી રિવાયત છે કે એક વખત હ. અલી (અ.સ.) અને હ. ફાતેમા (સ.અ.) એ પોત પોતાના ફઝાએલ પર ફખ્ર કર્યો તો હ. જીબ્રઈલ (અ.સ.) એ હ. પયગમ્બરે અકરમ (સ.અ.વ.)ને આવીને ખબર આપી કે હ. અલી (અ.સ.) અને હ. ફાતેમા (સ.અ.)ની વચ્ચે લાંબી ચર્ચા થઈ છે કે બંનેમાં કોણ અફઝલ છે? પરંતુ કોઈ ફેંસલો નથી આવતો. આથી તમે જઈને બંનેના દરમ્યાન ફેંસલો કરો.

હ. રસુલે ખુદા (સ.અ.વ.) તશરીફ લઈ ગયા અને હ. ફાતેમા (સ.અ.)ને ફરમાવ્યુંઃ તમારા માટે ફકત ઔલાદની મીઠાશ છે અને તેમની (હ. અલી અ.સ.) પાસે મર્દોની ઈઝઝત અને વકાર છે. આ મને તમારાથી વધારે મહેબુબ છે.

આ સાંભળીને હ. ફાતેમા (સ.અ.) એ અર્ઝ કરીઃ બાબાજાન! તે ઝાતની કસમ જેણે આપને મુન્તખબ કર્યા અને તમારા વસીલાથી ઉમ્મતની હિદાયત ફરમાવી. હવે હું જ્યાં સુધી જીવતી રહીશ તેની ફઝીલતની મુકીર રહીશ (કબુલ રાખીશ).

આમીરે શોઅબી, હસને બસરી, સુફયાને સૌરી, મુજાહીદ, ઈબ્ને જુબૈર, જાબીર અન્સારી અને ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) અને

ઈમામ જઅફરે સાદિક (અ.સ.) એ હ. નબીએ અકરમ (સ.અ.વ.)થી રિવાયત કરી છે કે રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ

إِنَّمَا فَاطِمَةُ بِضْعَةٌ مِنِّي فَمَنْ أَغْضَبَهَا فَقَدْ أَغْضَبَنِي

ફાતેમા (સ.અ.) ફકત મારો જ એક ટુકડો છે. જેણે તેમને નારાઝ કર્યા તેણે મને નારાઝ કર્યો.

બુખારી એ પણ મુસવ્વર બિન મુખ્રમાથી આ રિવાયત લીધી છે અને જાબીરની રિવાયત છે કે હ. રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ જેણે તેને અઝીય્યત આપી તેણે મને અઝીય્યત આપી, જેણે મને અઝીય્યત આપી તેણે ખુદાને અઝીય્યત આપી.

સહીહ મુસ્લીમ અને હિલ્યતુલ અવ્લીયામાં છે કે હ. રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ બેશક મારી દીકરી ફાતેમા (સ.અ.) મારો જ એક ભાગ છે જે વસ્તુ તેને નાપસંદ છે તે વસ્તુ મને પણ નાપસંદ છે. જે તેના માટે અઝીય્યતનું કારણ છે તે મારા માટે અઝીય્યતનું કારણ છે.

**(૪) જ. મરયમથી પણ બતુલ (સ.અ.)નો મરતબો બલંદ છેઃ**

૧) હ. મરયમને બિન્તે ઈમરાન અને હ. ફાતેમા (સ.અ.)ને બિન્તે મોહમ્મદ કહેવામાં આવે છે અને સ્પષ્ટ છે કે ઔલાદનો શરફ બાપથી છે.

૨) હ. મરયમની માતાએ હમલના સમયે અલ્લાહ માટે હ.મરયમને નઝર કર્યા હતા અને રસુલે ખુદા (સ.અ.વ.) જે તમામ મખ્લુકમાં સૌથી વધારે અલ્લાહથી કરીબ થવા ઈચ્છતા હતા એટલા માટે રસુલ (સ.અ.વ.) એ ફાતેમા (સ.અ.)ના હમલ વખતે તેનાથી વધારે ખુદાવંદથી કુરબત હાસીલ કરવાના કલેમાત ઉપયોગ કર્યા પછી એ પણ છે કે માં ની નઝરનો સવાબ બાપની નઝરના સવાબથી અડધો હોય છે.

૩) હ. મરયમ (સ.અ.)ની પરવરિશ હ. ઝકરીયા એ કરી અને હ. ફાતેમા (સ.અ.)ની પરવરિશ હ. મોહમ્મદે મુસ્તફા (સ.અ.વ.)એ કરી

તો શું કોઈ તે વાતનો ઈન્કાર કરી શકે છે કે રસુલે ખુદા (સ.અ.વ.)ની પરવરિશ હ. ઝકરીયા (અ.સ.)ની પરવરિશ કરતા ઘણી વધારે અફઝલ અને બરતર છે અને હ. ઝકરીયા એ હ. મરયમની પરવરિશ યતીમીની હાલતમાં કરી હતી અને તેમણે એક મુસ્તહબ કામ અંજામ આપ્યુ હતું. પરંતુ જ. ફાતેમા (સ.અ.)ની પરવરિશ હ. રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરીઝા (વાજીબ)ના લીધે અંજામ આપ્યુ હતું કારણ કે ઔલાદની પરવરીશ વાજીબ છે અને વાજીબ મુસ્તહબ કરતા અફઝલ છે.

૪) હ. મરયમએ હ. ઈસા (અ.સ.)ને જાહેલીય્યતના દિવસોમાં જન્મ આપ્યો અને ફાતેમા (સ.અ.) એ હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.)ની વિલાદત ઈસ્લામી દૌરમાં થઈ.

૫) અલ્લાહ તઆલાએ હ. મરયમને હમલના સમયે તેમની અને તેમના દીકરાની સલામતીનું યકીન દેવરાવ્યું હતું એટલા માટે કે કોઈ પ્રકારના ડર તેમને ન હોવો જોઈતો હતો. હ. ફાતેમા ઝહરા (સ.અ.)ને ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.) દરમ્યાન ખબર ન હતી કે તેઓ જીવંત રહેશે કે વિલાદત પછી તેઓની વફાત થશે એટલા માટે જ. ફાતેમા ઝહરા (સ.અ.)ને સવાબ વધારે મળવો જોઈએ. આના લીધે જ બદ્રની જંગમાં મુસલમાનોને મલાએકાથી વધારે સવાબ મળશે (જેમકે હદીસમાં છે) એટલા માટે કે મુસલમાનો ખૌફ અને ઉમ્મીદ દરમ્યાન જેહાદ કરતા હતા. તેઓને ખબર ન હતી કે કત્લ થઈ જશે કે બચી જશે જ્યારે કે મલાએકાની આ હાલત ન હતી.

૬) હ. મરયમ (સ.અ.)થી કહેવામાં આવ્યું કે لَاتَحْزَنِیْ ગમ ન કરો અને જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ના બારામાં કહેવામાં આવ્યું કે اَنَّ اللّٰهَ يَرْضَ الرِّضَاكِ કે અલ્લાહ તમારી રઝાથી રાઝી થાય છે.

૭) હ. મરયમના માટે એ છે કે: وَ نَفَخْنَا فِيْهِ مِنْ رُوْحِیْ અમે તેમાં પોતાની રૂહ ફુંકી અને હ. ફાતેમા ઝહરા (સ.અ.) ચાદરવાળામાંથી

પાંચમાં હતા જેના પર હ. જીબ્રઈલ (અ.સ.) એ ફખ્ર કર્યો અને કહ્યું: مَنْ مِثْلِي وَاَنَا سَادِسُ الْخَمْسَه મારી જેવું કોણ છે હું તે પાંચમાંથી છઠ્ઠો છું.

૮) હ. મરયમ (સ.અ.)ના માટે વૃક્ષમાંથી ખજુર પડયા હતા અને ઝરણામાંથી પાણી નીકળ્યુ હતું જેમકે કુરઆને મજીદમાં

تُسَاقِطْ عَلَيْكِ رُطَبًا جَنِيًّا ﴿٢٥﴾ فَكُلِي وَاشْرَبِي

તમારા પર તાજા અને પાકેલા ખજુર પડશે. પછી ખાવો અને પીવો.

(સુરએ મરયમ: ૨૫-૨૬)

આ મોજીઝો ન હતો પરંતુ એની પહેલાની ૨૩ મી આયતમાં આ ઝીક્ર મૌજુદ છે.

فَأَجَاءَهَا الْمَخَاضُ إِلَىٰ جِذْعِ النَّخْلَةِ

પછી પ્રસુતીની પીડા તેણીને એક ખજુરના વૃક્ષના મુળમાં લઈ આવી.

અને એ પણ શકય છે કે પાણીનું ઝરણું પહેલેથી ત્યાં મૌજુદ હોય નહીંતર એજાઝ વડે હોત તો તેની કાંઈને કાંઈ યાદગાર તથા નામો નિશાન જરૂર હોત. જેવી રીતે ઝમઝમનો કુવો, મકામે તન્નુરે નૂહ (જ. નૂહ અ.સ. ના તન્નુરની જગ્યા) દરિયાનું શીગાફતા થવું, સુરજનું પાછું ફરવાની નિશાનીઓ પોત પોતાની જગ્યાએ મૌજુદ છે.

અને હ. ફાતેમા ઝહરા (સ.અ.)ની માટે સીહાની ખજુર અને આબે કૌસરની હદીસો મશ્હુર છે.

આ પણ રિવાયત છે કે ઉમ્મે અયમને જ. રસુલે ખુદા (સ.અ.વ.)ને શિકાયત કરી કે: અય અલ્લાહના રસુલ! તમો ફાતેમા (સ.અ.)ની શાદીમાં કાંઈ કુરબાન ન કર્યુ?

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું: આ તમે ખોટુ કેમ કહો છો? અલ્લાહ તઆલાએ જનાબે ફાતેમા (સ.અ.)ની શાદીના મૌકા પર જન્નતના વૃક્ષોને હુકમ આપ્યો કે તે સોનુ, ઝવાહેર અને કિંમતી કપડા

જન્નતવાળા પર ન્યોછાવર કરે જેથી જન્નતવાળાઓએ એવી એવી નેઅમતો પામ્યા જે તેઓ જાણતા પણ ન હતા.

૯) મલાએકાએ જ. મરયમને આ કહીને સંબોધન કર્યુઃ

إِنَّ اللَّهَ اصْطَفَاكِ وَطَهَّرَكِ وَاصْطَفَاكِ عَلَىٰ نِسَاءِ الْعَالَمِينَ

(સુરએ આલે ઈમરાનઃ ૪૨)

અય મરીયમ બેશક અલ્લાહે તમને ચુંટયા છે અને પાક રાખ્યા છે અને તમને દુનિયાની તમામ ઔરતોમાંથી ચુંટયા છે.

આ આયતમાં દુનિયાઓથી મુરાદ તે ઝમાનાની ઔરતો છે. જેમકે અલ્લાહ તઆલાએ બની ઈસરાઈલને કહ્યું કેઃ

وَأَنِّي فَضَّلْتُكُمْ عَلَى الْعَالَمِينَ

(સુરએ બકરહઃ ૪૭)

મેં તમને દુનિયાઓ પર ફઝીલત આપી.

જ્યારે કે બની ઈસ્રાઈલ મુસલમાનોથી અફઝલ ન હતા જેમકે અલ્લાહ તઆલા ફરમાવે છે કેઃ

كُنْتُمْ خَيْرَ أُمَّةٍ

(સુરએ આલે ઈમરાનઃ ૧૧૦)

તમે સૌથી બેહતરીન ઉમ્મત છો.

મઝકુર આયતમાં જે સિફતોનો તઝકેરો છે તેમાં હ. મરીયમના સિવાય બીજા લોકો પણ શરીક છે. જેમકે અલ્લાહ તબારક વ તઆલા ફરમાવે છેઃ

إِنَّ اللَّهَ اصْطَفَىٰ آدَمَ وَنُوحًا وَآلَ إِبْرَاهِيمَ وَآلَ عِمْرَانَ عَلَى الْعَالَمِينَ ذُرِّيَّةً بَعْضُهَا مِن بَعْضٍ

(સુરએ આલે ઈમરાનઃ ૩૩-૩૪)

બેશક અલ્લાહે આદમ (અ.સ.) તથા નુહ (અ.સ.)ને અને આલે ઈબ્રાહીમ અને આલે ઈમરાનને તમામ દુનિયાવાળાઓ પર મુન્તખબ કર્યા છે. અને તેમાં અમુક એકબીજાની ઝુર્રીયત છે.

એટલે કે હ. ફાતેમા (સ.અ.) અને તેમની ઝુર્રીયત પણ આ આયતમાં શામીલ છે અને હ. ફાતેમા (સ.અ.) માટે હ. પયગમ્બરે અકરમ (સ.અ.વ.) એ ફરમાવ્યું છે કેઃ તમે પહેલાની અને આખરી ઝમાનાની ઔરતોના સરદાર છો અને ફરમાવ્યું કે જ્યારે ફાતેમા ઝહરા (સ.અ.) મહેરાબે ઈબાદતમાં ઉભા રહેતા તો ૭૦૦૦૦ મુકર્રબ ફરીશ્તા તેઓને સલામ કરતા અને એ જ રીતે તેમને આવાઝ આપે છે જેવી રીતે જ. મરયમ (સ.અ.)ને આવાઝ આપતા હતા.

يَا فَاطِمَةُ إِنَّ اللهَ اصْطَفَاكِ وَطَهَّرَكِ وَاصْطَفَاكِ عَلَىٰ نِسَاءِ الْعَالَمِينَ

૧૦) જ. મરયમના બારામાં કુરઆને મજીદમાં છે કેઃ

كُلَّمَا دَخَلَ عَلَيْهَا زَكَرِيَّا الْمِحْرَابَ وَجَدَ عِندَهَا رِزْقًا

(સુરએ આલે ઈમરાનઃ ૩૭)

જ્યારે પણ જ. ઝકરીયા (અ.સ.) તેમની (જ. મરયમ) પાસે મેહરાબે ઈબાદતમાં દાખલ થતા તો તેમની પાસે રીઝકને પામતા હતા.

પરંતુ કુરઆને મજીદમાં એ નથી કે આ ખાવાનું જન્નતથી જ મોઅજીઝાથી આવતુ હતું. હ. મરયમ ફકત કહેતા હતા કે

قَالَتْ هُوَ مِنْ عِندِ اللَّهِ ۖ إِنَّ اللهَ يَرْزُقُ مَن يَشَاءُ بِغَيْرِ حِسَابٍ

(સુરએ આલે ઈમરાનઃ ૩૭)

આ અલ્લાહ તરફથી છે બેશક અલ્લાહ જેને ચાહે તેને બેહિસાબ રીઝક અતા કરે છે.

આમ કહેવુ ફકત જ. મરયમના વધારે શુક્ર કરવાની દલીલ છે અને તેના જેવુ છે કે કહેવામાં આવે કે 'આજે મને અલ્લાહે એક દીરહમ આપ્યો' અથવા આમ કહેવામાં આવે

كُلٌّ مِّنْ عِنْدِ اللّٰهِ
(સૂરએ નિસાઃ ૧૮)

દરેક ચીઝ અલ્લાહ તરફથીજ છે.

પરંતુ હ. ફાતેમા (સ.અ.) માટે આ અનુસંધાનમાં ઘણા વાકેઆ નોંધાએલા છે જેનો કોઈ મુસલમાન ચાહે તે સુન્ની હોય કે શીઆ, ઈન્કાર નથી કરી શકતા જેમકે હદીસે મીકદાદ, હદીસે તૈર અને દાડમ અને દ્રાક્ષ, વિ. જેનાથી સ્પષ્ટ થાય છે કે જ. ઝહરા (સ.અ.) એ તે ખોરાક ખાધો જે દુનિયામાં હ. આદમ (અ.સ.) અને હવ્વાના નીચે આવ્યા બાદ કોઈને નસીબ નથી થયો.

હદીસમાં છે કે એક દિવસ હ. રસુલે ખુદા (સ.અ.વ.) જ. ફાતેમા ઝહરા (સ.અ.) પાસે તશરીફ લાવ્યા તો જોયું જે જ. ઝહરા (સ.અ.) પોતાના મુસલ્લા પર બેઠા નમાઝમાં મશગુલ હતા અને આપ (સ.અ.)ની પાસે એક થાળ રાખેલો છે જેમાંથી ગરમ ગરમ ખોરાકના ધુમાડા નીકળતા હતા.

હ. ફાતેમા (સ.અ.) એ નમાઝ તમામ કરીને તે ખોરાક હ. રસુલે ખુદા (સ.અ.વ.) અને હ. અલીએ મુરતઝા (અ.સ.)ની સામે રાખ્યો.

હ. અલી (અ.સ.) એ પુછયું કેઃ اَنّٰى لَكِ هٰذَا؟ આ કયાથી આવ્યું છે?

જ. ઝહરા (સ.અ.) એ જવાબ આપ્યોઃ

هُوَ مِنْ فَضْلِ اللّٰهِ وَرِزْقَهُ اِنَّ اللّٰهَ يَرْزُقُ مَنْ يَشَآءُ بِغَيْرِ حِسَاب

આ અલ્લાહના ફઝલમાંથી છે અને તેનું રીઝક છે. બેશક અલ્લાહ જેને ચાહે તેને બેહિસાબ અતા કરે છે.

અને અગર એમ માની પણ લેવામાં આવે કે જ. મરયમનું ખાવાનું જન્નતથી જ આવ્યું હતું તો હ. ફાતેમા ઝહરા (સ.અ.) તે છે કે જેનુ ખમીર જન્નતના રિઝકથી તૈયાર થયુ હતું.

૧૧) અગર હ. મરયમ (સ.અ.)ની અલ્લાહ તઆલાએ ૨૦ જગ્યાઓ પર મદહ (તારીફ) કરી છે તો જ. ફાતેમા ઝહરા (સ.અ.)ના પણ અલ્લાહ તઆલાએ ૨૦ નામ રાખ્યા છે અને દરેક નામ આપ (સ.અ.)ની એક ફઝીલત તરફ ઈશારો કરે છે જેનો ઝીક્ર ઈબ્ને બાબવય્હે 'મૌલુદે ફાતેમા સ.અ.'માં કર્યો છે.

૧૨) જ. મરયમ બિન્તે ઈમરાનના બારામાં અલ્લાહ તઆલા કુરઆને મજીદમાં ફરમાવે છેઃ

أَحْصَنَتْ فَرْجَهَا

(સુરએ તહેરીમઃ ૧૨)

તેમણે (જ. મરયમે) પોતાની શર્મગાહની હિફાઝત કરી.

આનાથી તેમની ઈફફત (પાકદામની) અને ઈસ્મત મુરાદ છે. આનો એ મતલબ નથી કે તેણે શાદી નથી કરી અને શૌહરથી તેમની ઝુર્રીયત (ઔલાદ) પૈદા નથી થઈ એટલે તેઓ વખાણને લાયક છે. અગર એવું હોત તો તેનો હમલ અને હમલનું હોવું આદતની ખિલાફ હોત (મોઅજીઝાના તૌર પર હોત) જ્યારે કે તે આદતની મુતાબીક થયું હતું. તેનાથી આપનો દાવો સાબીત થયો. અમારા આ દાવાની તાઈદ તે આ હદીસોથી પણ થાય છે જેમાં તઝવીજ અને નિકાહ અને નસ્લ વધારવાની તાઅરીફ અને કુંવારા રહેવાનું વખોડવામાં આવ્યું છે અને હ. ફાતેમા (સ.અ.) અને તેમની પવિત્ર ઔલાદોથી આ આયતના ઝરીએ સંબોધન થયું છેઃ

إِنَّمَا يُرِيدُ اللهُ لِيُذْهِبَ عَنكُمُ الرِّجْسَ أَهْلَ الْبَيْتِ وَيُطَهِّرَكُمْ تَطْهِيرًا

'બેશક અલ્લાહે એ ઈરાદો કર્યો છે કે અય એહલેબૈત તે તમારાથી દરેક પ્રકારની નજાસતને દૂર રાખે અને તમને એ રીતે પાક રાખે જે રીતે પાક રાખવાનો હક છે.' (સુ અહઝાબ-૩૩)

હસન બીન સાબિતે પોતાના કસીદામાં આને ધ્યાનમાં રાખીને શેર કહેલ છે જેના અર્થ નીચે આપેલ છે.

૧) હ. મરયમે પોતાની ઈસ્મતની હિફાઝત કરી અને અલ્લાહે તેમને હ. ઈસા (અ.સ.) જેવો ચાંદ જેવો દીકરો આપ્યો.

૨) હ. ફાતેમા (સ.અ.) એ પોતાની ઈસ્મતની હિફાઝત કરી તો અલ્લાહે જ. ફાતેમા (સ.અ.)ને રસુલે ખુદા (સ.અ.વ.)ના બે નવાસા ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.) આપ્યા.

(કિતાબ અમાલીએ શૈખે સદુક અ.ર.)

## (૫) ખયરૂન્નીસાઈલ આલમીનઃ

'કશફુલ ગુમ્માહ'માં મઆલેમુલ ઈતરતના હવાલાથી અનસથી આ રિવાયત નકલ કરી છે કે રસુલે ખુદા (સ.અ.વ.) એ ઈરશાદ ફરમાવ્યુંઃ તે ઉમ્મતની બેહતરીન ઔરત જ. મરયમ હતા અને આ ઉમ્મતની બેહતરીન ઔરત જ. ફાતેમા બિન્તે મોહમ્મદ છે.

એક બીજી રિવાયત જે એહમદ બિન હમ્બલથી રિવાયત છે તેમાં અનસનું બયાન છે હ. રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું દુનિયાની ઔરતોમાં તારા માટે મરયમ બિન્તે ઈમરાન, ખદીજા બિન્તે ખોવૈલદ, ફાતેમા બિન્તે મોહમ્મદ (સ.અ.) અને આસીયા બિન્તે મઝાહીમ (ફીરઔનની પત્નિ) કાફી છે.

અનસે પોતાની સનદોની સાથે આ પણ રિવાયત કરી છે કે તારા માટે દુનિયાની ઔરતોમાંથી જ. મરયમ બિન્તે ઈમરાન, જ. ખદીજા બિન્તે ખોવૈલદ અને જ. ફાતેમા બિન્તે મોહમ્મદ (સ.અ.) કાફી છે.

આ જ કિતાબમાં આ પણ નકલ છે કે એક વખત આયેશાએ જ. ફાતેમા (સ.અ.)ને કહ્યુંઃ હું તમને ખુશખબરી સંભળાવું છું કે મેં રસુલે ખુદા (સ.અ.વ.)ને આમ કહેતા સાંભળ્યા કે જન્નતવાળાઓની સરદાર ચાર છે ૧) મરયમ બિન્તે ઈમરાન ૨) ફાતેમા બિન્તે મોહમ્મદ ૩)

ખદીજા બિન્તે ખોવૈલદ ૪) આસીયા બિન્તે મઝાહીમ (ફિરઓનની પત્નિ)

**(૬) ખાતુને જન્નતઃ**

મુસ્નદે એહમદ બિન હમ્બલમાં આયેશાથી આ રિવાયત નકલ છે કે હ. ફાતેમા ઝહરા (સ.અ.)ની રફતાર રસુલે ખુદા (સ.અ.વ.)ની રફતારથી બિલ્કુલ બરાબર હતી. એક વખત હ. ફાતેમા ઝહરા (સ.અ.) પોતાના પિતાની પાસે આવ્યા તો રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ આવો બેટી! પછી રસુલે ખુદા (સ.અ.વ.) એ જનાબે ફાતેમા (સ.અ.)ને પોતાની જમણી અથવા ડાબી બાજુ બેસાડી દીધા અને તેમને કાનમાં ધીમી અવાજમાં કાંઈક કહ્યું જેનાથી જ. ફાતેમા ઝહરા (સ.અ.) રડવા લાગ્યા તો મેં પુછયું રસુલુલ્લાહ (સ.અ.વ.) એ તમને શું ખાસ વાત કહી જેનાથી તમે રડવા લાગ્યા.

ત્યારબાદ રસુલે ખુદા (સ.અ.વ.) એ બીજી વખત તેમના કાનમાં કંઈક કહ્યું અને જનાબે ફાતેમા (સ.અ.) હસવા લાગ્યા અને મેં કયારેય કોઈને આટલા જલ્દીથી રડતા અને હસતા નથી જોયા. જ્યારે મેં જ. ફાતેમા (સ.અ.)ને તેનું કારણ પુછયું તો તેઓ એ જવાબ આપ્યો કે હું મારા પિતાના ભેદને ખુલ્લો નથી કરતી.

પરંતુ રસુલે ખુદા (સ.અ.વ.)ની વફાત બાદ જ્યારે બીજી વખત પુછયું તો તેમણે ફરમાવ્યુંઃ રસુલે ખુદા (સ.અ.વ.) એ પહેલી વાર આમ ફરમાવ્યું હતુ કેઃ બેટી! દર વર્ષે જીબ્રઈલે અમીન મારી સામે કુરઆને મજીદને એક વખત પેશ કરે છે. પરંતુ આ વર્ષે તેમણે ૨ વખત પેશ કર્યું. આ એ વાતની નિશાની છે કે મારી વફાત નઝદીક છે અને તમે મારી એહલેબૈત (અ.મુ.સ.)માંથી સૌથી પહેલા મારી પાસે આવશો અને હું તમારી માટે સારો અનુગામી છું.

આ સાંભળી હું રડવા લાગી પછી રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ શું તમે આના પર ખુશ નથી કે તમે ઉમ્મતની બધીજ સ્ત્રીઓ અને મોઅમેનીનની બધીજ ઔરતોની સરદાર છો?

આ સાંભળીને હું હસવા લાગી.

(કશફુલ ગુમ્માહ, ભાગ-૨, પા. ૮)

## (૭) આપ (સ.અ.)ને બાકી રહેવાવાળા કલેમાની બશારતઃ

હઝરત મરયમને અલ્લાહે તેના બેટા ઈસા (અ.સ.)ને આ કહીને બશારત આપીઃ

إِنَّ اللهَ يُبَشِّرُكِ بِكَلِمَةٍ

(સુરએ આલે ઈમરાનઃ ૪૫)

બેશક અલ્લાહે તમને એક કલેમાની ખુશખબરી આપી.

અને હ. ફાતેમા (સ.અ.)ને પણ હ. હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.)ની બશારત આપવામાં આવી. હદીસમાં છે કે તે બંનેની વિલાદતના મૌકા ઉપર આમ બશારત આપી કે હ. રસુલે ખુદા (સ.અ.વ.) એ તેમને ફરમાવ્યુંઃ બેટી! તમને મુબારક થાય કે તમારાથી એક એવા ઈમામ પૈદા થશે જે જન્નતવાળાઓની સરદારી કરશે. અલ્લાહે ઈમામતના સિલસિલાને જ. ફાતેમા (સ.અ.)ની નસ્લમાં સંપૂર્ણ કર્યો છે અને ઈરશાદ થાય છે કેઃ

وَجَعَلَهَا كَلِمَةً بَاقِيَةً فِي عَقِبِهِ

અને તેમને કલમએ બાકીય્યહ કરાર દીધો છે. તેમની નસ્લમાં એટલે હ. અલી (અ.સ.)ની નસ્લમાં.

(સુરએ ઝુખ્રૂફઃ ૨૮)

(મનાકીબ)

## (૮) આપ (સ.અ.) શજનાએ રસુલ છેઃ

ઈબ્ને અબ્બાસથી રિવાયત છે હ. નબીએ અકરમ (સ.અ.વ.) એ ઈરશાદ ફરમાવ્યુંઃ ફાતેમા ઝહરા (સ.અ.) મારા સિલસિલાની ઘનઘોર ડાળી છે, જેને તેમને અઝીય્યત આપી તેણે મને અઝીય્યત આપી. જેણે તેમને ખુશ કર્યા તેણે મને ખુશ કર્યા. અલ્લાહ તઆલા ફાતેમા ઝહરા (સ.અ.)ની નારાઝગીથી નારાઝ છે અને તેની ખુશીમાં ખુશ છે.

(મઆનીલ અખ્બાર)

## (૯) શજનાનો અર્થઃ

અલી બિન અબ્દુલ અઝીઝનું બયાન છે કે મે કાસીમ બિન સલામને રસુલે ખુદા (સ.અ.વ.)ની આ હદીસ

الرحم شجنة من الله

ની સ્પષ્ટતા કરતા સાંભળ્યા તેણે ફરમાવ્યું કે આનો મતલબ એ છે કે રહેમ એક જાળની જેમ આપસમાં ગુંથાએલી કરાબતને જન્મ દે છે.

(મઆનીલ અખ્બાર)

## (૧૦) આપ (સ.અ.)ના મોતી જેવા દાંતથી નુરનું પ્રકાશવુંઃ

સઈદ અલહુફફાઝ દૈલમીએ પોતાની સનદની સાથે અનસ બિન માલિકથી રિવાયત કરી છે કે હ. રસુલે ખુદા (સ.અ.વ.) એ ઈરશાદ ફરમાવ્યુંઃ જે સમયે જન્નતવાળાઓ જન્નતની નેઅમતોથી ફાયદો ઉઠાવતા હશે અને જહન્નમવાળાઓ જહન્નમના અઝાબમાં મુબ્તેલા હશે તો એકાએક જન્નતવાળા જોશે કે એક તરફથી એક નૂર પ્રકાશે છે તે સમયે આ લોકો એક બીજાને કહેશે કે આ નૂર કેવું છે? કદાચ અલ્લાહ તઆલાએ આપણી ઉપર રહેમતની નઝર કરી છે. ત્યારે રિઝવાને જન્નત જવાબ દેશે નહિ, આમ નથી પરંતુ હ. અલી (અ.સ.) એ જ. ફાતેમા (સ.અ.) ને મજાક મા કોઈ વાત કહી અને જ. ફાતેમા

ઝહરા (સ.અ.) હસ્યા. આ નૂર જ. ઝહરા (સ.અ.)ના દાંત મુબારકથી પ્રકાશયું છે.

## (૧૧) આપ (સ.અ.)નો મહેલઃ

પોતાની સનદોની સાથે ઈબ્ને અબ્બાસથી રિવાયત છે રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ જ્યારે શબે મેઅરાજ મને આસમાનની સૈર કરાવવામાં આવી અને હું જન્નતમાં દાખલ થયો તો ત્યાં મેં જ. ઝહરા (સ.અ.)ના મહેલને પણ અંદર જઈને જોયો તેમાં ૭૦ મહેલ લાલ મરજાન ના જોયા જે મોતીઓથી મઢેલા હતા અને તેના દરવાજા, દિવાલો અને છતો આ બધુ એક ડાળમાંથી બનાવવામાં આવ્યું હતું.

## (૧૨) હઝરત અલી (અ.સ.) અને જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)નું મુસ્કુરાવું અને જન્નતમાં રૌશનીઃ

હદીસની મોટાભાગની કિતાબ જેમકે કશ્ફુલ ગુમ્માહ, સોઅલબી અને અબુ સઆદતની કિતાબ અલ ફઝાએલમાં કુરઆને મજીદની આ આયતઃ

لَا يَرَوْنَ فِيهَا شَمْسًا وَلَا زَمْهَرِيرًا

(સુરએ દહરઃ ૧૩)

‘જન્નતમાં ન તો લોકો તડકો જોશે અને ન તો ઠંડીનો એહસાસ કરશે’ ના અર્થના બારામાં લખ્યું છે કે ઈબ્ને અબ્બાસથી રિવાયત છે કે જન્નતવાસીઓ જ્યારે જન્નતમાં રહેવા લાગશે તો એક એવુ નૂર જોશે કે જેનાથી પુરી જન્નત પ્રકાશિત થઈ જશે અને લોકો પરવરદિગારથી કહેશે કે અય અમારા પરવરદિગાર! તે તારી એ કિતાબ જે તે પોતાના હબીબ પર નાઝીલ કરી હતી તેમાં તે ઈરશાદ કર્યું હતુંઃ

لَا يَرَوْنَ فِيهَا شَمْسًا وَلَا زَمْهَرِيرًا

તો પછી આ રૌશની કઈ છે?

અલ્લાહ તઆલાના તરફથી એક મુનાદી અવાજ દેશેઃ સાંભળો! અય જન્નતવાળા! આ સુરજની રૌશની અને ચાંદ ની ચાંદની નથી. બલ્કે હ. અલી (અ.સ.) અને જ. ફાતેમા ઝહરા (સ.અ.)ને કોઈ વાત પર આશ્ચર્ય થયું જેના પર તે હસ્યા એના હાસ્યથી જન્નત પુરી રીતે પ્રકાશિત થઈ ગઈ.

## (૧૩) આપ (સ.અ.)ના નુરથી ચાંદ ફિક્કો પડી જાય છેઃ

કિતાબ ફઝાએલે શહરે રમઝાનેમાં, શૈખે સદુક (અ.ર.) એ લાંબી હદીસ પોતાની સનદોની સાથે ઈમામ રેઝા (અ.સ.)થી નકલ કરી છે. જેમાં આ ફકરો છે કે 'જ્યારે માહે રમઝાનનો ચાંદ નમુદાર થતો અને હ. ફાતેમા ઝહરા (સ.અ.) ચાંદની સામે જતા તો જ. ફાતેમા (સ.અ.)ના ચહેરાનું નુર તે ચાંદ પર ગાલિબ થઈ જતુ હતું અને તે ચાંદ નજર ન આવતો અને જ. ફાતેમા ઝહરા (સ.અ.) તેની સામેથી હટી જતા તો તે ચાંદ નજર આવતો હતો.'

(ફઝાએલે શહરે રમઝાન)

## (૧૪) તસ્બીહે ફાતેમા ઝહરા (સ.અ.)નો શરફઃ

હ. ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.)થી રિવાયત છે. આપ (અ.સ.) એ ફરમાવ્યુંઃ અલ્લાહની ઈબાદત અને તેની હમ્દ માટે તસ્બીહે ફાતેમા (સ.અ.)થી વધારે અફઝલ અને બેહતર બીજી કોઈ ચીઝ નથી. અગર આનાથી વધારે બેહતર કોઈ ચીઝ હોત તો રસુલે ખુદા (સ.અ.વ.) ચોક્કસ જ. ફાતેમા ઝહરા (સ.અ.)ને તે તસ્બીહના બદલામાં તેની તઅલીમ આપત.

(કાફી)

## (૧૫) આપ (સ.અ.)નો ઝીક્ર ઈન્જીલમાં છેઃ

હમ્માદે અબ્દુલ્લા બિન સુલૈમાનથી રિવાયત કરી છે કે મેં ઈન્જીલમાં પયગમ્બર (સ.અ.વ.)ની સિફતો વાંચી છે. તેમાં હતું કે રસુલે ખુદા (સ.અ.વ.) નિકાહ તો ઘણા કરશે પરંતુ રસુલે ખુદા (સ.અ.વ.)ની ઔલાદ ઓછી હશે. રસુલે ખુદા (સ.અ.વ.)ની નસ્લ ફકત એક બા-બરકત દુખ્તરથી આગળ વધશે. જેનું ઘર એવી જન્નતમાં હશે જેમાં કોઈપણ જાતની તકલીફ નહી હોય. તેમની પરવરીશ આખરી ઝમાનાના નબી (સ.અ.વ.) એવી રીતે કરશે જે રીતે તમારી માતા (હ. મરયમ સ.અ.)ની પરવરીશ હ. ઝકરીયા (અ.સ.) એ કરી હતી. તેમના બે ફરઝંદો હશે અને બંને શહાદતના દરજ્જા ઉપર ફાએઝ થશે.

(કિતાબ આમાલીએ શૈખે સદુક અ.ર.)

## (૧૬) આપ (સ.અ.)ની ઝુર્રીય્યત પર જહન્નમની આગ હરામ છેઃ

ઓયુનો અખ્બારે રેઝામાં તમીમીની સનદોની સાથે નકલ છે કે હ. ઈમામ રેઝા (અ.સ.)એ પોતાના પવિત્ર બાપ દાદાથી રિવાયત કરી છે કે હ. નબીએ અકરમ (સ.અ.વ.) એ ઈરશાદ ફરમાવ્યું કે 'જ. ફાતેમા (સ.અ.) એકદમ પાકદામન અને બાઈસ્મત છે. એટલા માટે અલ્લાહે જહન્નમ પર તેમની ઔલાદને હરામ કરી છે.'

## (૧૭) જન્નતમાં દાખલ થવુંઃ

હ. રસુલે ખુદા (સ.અ.વ.)નો ઈરશાદ છે કે જ્યારે કયામતનો દિવસ હશે તો અર્ષની અંદરથી એક મુનાદી નીદા આપશે કે અય મહેશરવાળાઓ! પોત પોતાની આંખોને બંધ કરી દો કારણ કે હબીબે ખુદાની દુખ્તર જ. ફાતેમા ઝહરા (સ.અ.) પોતાના મહેલની તરફ રવાના થાય છે. તેના પછી મારી દીકરી તે શાનથી રવાના થશે કે તેમના શરીર ઉપર બે લીલા કપડા હશે. પછી ૭૦૦૦૦ હુરો તેમની સામે હશે અને જ્યારે તેઓ જન્નતના દરવાજા પર પહોંચશે તો ત્યાં ઈમામ હસન

(અ.સ.) ને ઉભેલા જોશે અને ઈમામ હુસૈન (અ.સ.) તેના સર વગર સુતા હશે.

જનાબે ઝહરા (સ.અ.) ઈમામ હસન (અ.સ.)ને પુછશેઃ બેટા! આ કોણ છે?

ઈમામ હસન (અ.સ.) જવાબ આપશેઃ માદરે ગીરામી! આ મારા ભાઈ હુસૈન (અ.સ.) છે. તમારા પછી નાનાની ઉમ્મતે તેમને કત્લ કરીને સરને શરીરથી અલગ કરી દીધું.

તે સમયે ગૈબથી અવાઝ આવશેઃ અય હબીબે કીબ્રીયાની દુખ્તર! મેં તમને તમારા હુસૈન (અ.સ.)ના તે હાલત ખુદ તમારી આંખોથી દેખાડી દીધી જે તમારા પિતાની ઉમ્મતે તેમની કરી હતી અને તમારા સાંત્વન માટે આ સામાન કર્યો છે કે મખ્લુકનો હિસાબ હું ત્યાં સુધી લેવાનું શરૂ નહી કરૂ જ્યાં સુધી તમે અને તમારી ઝુર્રીયત અને તમારા શીઆ અને જે પણ તેમની સાથે નેકી કરે ચાહે તે શીઆ ન પણ હોય જન્નતમાં દાખલ ન થઈ જાય.

પછી મારી દીકરી ફાતેમા (સ.અ.) અને તેમની ઔલાદ અને તેમના શીઆ અને તે લોકો જેઓએ તેમની સાથે નેકી કરી છે ભલે પછી તે શીઆ ન હોય દરેક જન્નતમાં દાખલ થઈ જશે અને આ આયતનો એજ મતલબ છેઃ

لَا يَحْزُنُهُمُ الْفَزَعُ الْأَكْبَرُ

તેઓને કયામતનો ભય ગમગીન નહી કરશે.

(સુરએ અંબીયાઃ ૧૦૨)

وَهُمْ فِي مَا اشْتَهَتْ أَنْفُسُهُمْ خَالِدُونَ

તેઓ પોતાના મનપસંદ મકામ પર હંમેશા રહેશે.

(સુરએ અંબીયાઃ ૧૦૩) (તફસીરે ફુરાત ઈબ્ને ઈબ્રાહીમ)

**૧૮) ઉમ્મતના ગુનેહગારોની શફાઅતઃ**

હ. ઈ. જઅફરે સાદિક (અ.સ.)થી રિવાયત છે કે એક વખત જાબીર બીન અબ્દુલ્લાહ અન્સારીએ મારા પિતા હ. ઈ. મોહમ્મદ બાકીર (અ.સ.)થી અર્ઝ કરીઃ ફરઝંદે રસુલ! હું તમારા પર કુરબાન થાવ! તમે પોતાની દાદી (જ. ફાતેમા ઝહરા સ.અ.)ની ફઝીલતમાં કોઈ એવી હદીસ બયાન કરો કે જેને હું તમારા શીઆઓને બયાન કરૂ તો તેઓ પણ ખુશ થઈ જાય.

હ. ઈ. મોહમ્મદ બાકીર (અ.સ.) એ ફરમાવ્યુંઃ સાંભળો! મારા પિતાએ મારા દાદાથી અને તેઓએ જ. રસુલે ખુદા (સ.અ.વ.)થી રિવાયત કરી છે કેઃ

'કયામતના દિવસે મેદાને મહેશરમાં તમામ અંબીયા અને મુર્સલીનના માટે નૂરના મીમ્બર રાખવામાં આવશે અને તે દિવસે મારૂ મીમ્બર તમામ અંબીયાના મીમ્બરથી બલંદ હશે અને મને અલ્લાહ તઆલાનો હુકમ થશે કે 'અય મોહમ્મદ! તેના પર જઈને ખુત્બો આપો.'

પછી હું મીમ્બર પર જઈને એવો ફસીહ અને બલીગ ખુત્બો આપીશ કે અંબીયા (અ.સ.)માંથી કોઈએ એવો ખુત્બો સાંભળ્યો નહી હોય. ત્યાર પછી અવ્સીયાના માટે નુરના મીમ્બર રાખવામાં આવશે. તેમાં એક મીમ્બર મારા વસી અલીએ મુરતુઝા (અ.સ.) માટે પણ રાખવામાં આવશે જે તમામ અવસીયાના મીમ્બરથી બલંદ હશે; તેના પછી અંબીયા (અ.સ.)ની ઔલાદના માટે નુરના મીમ્બર રાખવામાં આવશે. તેમાંથી બે મીમ્બર મારી ઝીંદગીના બાગના ફુલ હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.)ના માટે રાખવામાં આવશે અને તે બંને ખુદાના હુકમથી મીમ્બર પર જઈને પોતાનો ખુત્બો આપશે કે તે એવો ફસીહ અને બલીગ ખુત્બો હશે કે તે ઔલાદે અંબીયામાંથી કોઈએ સાંભળ્યો નહિ હોય.

ત્યારબાદ જીબ્રઈલે અમીન આવાઝ આપશે કેઃ કયા છે ફાતેમા બિન્તે મોહમ્મદ (સ.અ.)?

કયા છે જ. ખદીજા બિન્તે ખોવૈલદ?

કયા છે જ. મરયમ બિન્તે ઈમરાન?

કયા છે જ. આસીયા બિન્તે મઝાહીમ?

કયા છે ઉમ્મે કુલ્સુમ, ઉમ્મે યહ્યા ઈબ્ને ઝકરીયા અને તે દરેક સામે આવશે. તે સમયે અલ્લાહ તઆલા મહેશરવાળાઓને સંબોધન કરીને પુછશેઃ અય મેહશરવાળાઓ! બતાવો કે આજના દિવસે મહાનતા અને બુઝુર્ગી કોના માટે છે?

ત્યારે હ. મોહમ્મદ (સ.અ.વ.), હ. અલી (અ.સ.), જનાબે ફાતેમા (સ.અ.), ઈ. હસન (અ.સ.) અને ઈ. હુસૈન (અ.સ.) ફરમાવશેઃ અલ્લાહ કે જે વાહીદ અને કહહાર છે તેના માટે છે.

પછી અલ્લાહ તઆલા ફરમાવશેઃ અય મહેશરવાળાઓ સાંભળો! મેં બુઝુર્ગી હ. મોહમ્મદ (સ.અ.વ.), હ. અલી (અ.સ.), જનાબે ફાતેમા (સ.અ.), ઈ. હસન (અ.સ.) અને ઈ. હુસૈન (અ.સ.)ના માટે કરાર આપી છે. એટલા માટે એ મેહશરવાળાઓ! પોતાની આંખોને બંધ કરી દો અને પોતાના માથાને જુકાવી દો જેથી જ. ફાતેમા ઝહરા (સ.અ.)ની સવારી જન્નત સુધી ચાલી જાય.

આ એલાન પછી જીબ્રઈલે અમીન (અ.સ.) જન્નતથી એક અઝીમુશાન ઉંટણી લઈને આવશે. જેની મેહાર મોતીઓની હશે તેના પર મરજાનની અમારી રાખેલી હશે અને તેને લાવીને જ. ફાતેમા ઝહરા (સ.અ.)ની સામે બેસાડી દેવામાં આવશે. જ. ઝહરા (સ.અ.) તેના પર સવાર થાશે અને જ્યારે તે ઉંટણી ચાલશે તો એક લાખ ફરીશ્તા તેમની ડાબી બાજુ, એક લાખ ફરીશ્તા તેમની જમણી બાજુ, એક લાખ ફરીશ્તા તેમની પાંખોમાં બેસાડીને ઉડશે અને તેમને જન્નતના દરવાજા પર પહોંચાડી દેશે. જ્યારે જ. ઝહરા (સ.અ.) જન્નતના દરવાજા પર

પહોંચશે તો તેઓ પોતાની જમણી અને ડાબી બાજુ નજર કરશે. કુદરત તરફથી અવાઝ આવશેઃ અય ફાતેમા (સ.અ.)! તમે શું જોઈ રહ્યા છો? અય મારા હબીબની બેટી, મેં તમને જન્નતમાં દાખલ થવાનો હુકમ તો દઈ દીધો છે.

શેહઝાદી અર્ઝ કરશેઃ પરવરદિગાર! હું ચાહું છું કે હું આ પણ જોઈ લઉ કે તારી નજરમાં મારી કેટલી કદ્રો મંઝેલત છે?

અવાઝ આવશે કે અય મારા હબીબના દુખ્તર આ જોવું હોય તો મૈદાને હશ્રમાં પાછા આવો અને જેના દિલમાં તમારી અને તમારી ઔલાદમાંથી કોઈની મોહબ્બત છે તેનો હાથ પકડીને જન્નતમાં દાખલ કરો.

ત્યાર પછી ઈમામ (અ.સ.) ફરમાવે છેઃઅય જાબીર ખુદાની કસમ તે દિવસે મારા દાદી જ. ફાતેમા ઝહરા (સ.અ.) પોતાના દોસ્તોને હશ્રના મૈદાનથી ચૂંટી ચૂંટીને એ રીતે બહાર લાવશે જેવી રીતે કોઈ પક્ષી ખરાબ દાણામાંથી સારા સારા દાણાને ચૂંટે છે. પછી જ. ફાતેમા (સ.અ.)ના તે દોસ્તો તેમની સાથે જન્નતના દરવાજા પર આવશે. જ્યારે દાખલ થવાનો સમય થશે ત્યારે મશીય્યતે ઈલાહી વડે આ લોકો પણ આમ-તેમ, આજુબાજુ નજર કરશે. ત્યારે કુદરતની આવાઝ આવશે એ મારા દોસ્તો હવે તમે કેમ ફરી ફરીને આજુબાજુ નજર કરો છો? મેં તો તમને પણ પોતાના હબીબની બેટી જ. ફાતેમા ઝહરા (સ.અ.)ની શફાઅતના લીધે બક્ષી દીધા અને તમને જન્નતમાં દાખલ થવાની ઈજાઝત આપી દીધી.

તે લોકો કહેશે કે પરવરદિગાર! અમે એ ઈચ્છીએ છીએ કે તારી નજરમાં જે અમારી કદ્રો મંઝેલત છે તેનાથી અમે પણ વાકીફ થઈએ.

અલ્લાહ તઆલા ઈરશાદ ફરમાવશે ઠીક છે તો પછી તમે લોકો પણ હશ્રના મૈદાનમાં પાછા જાવ અને જોવો કે જેણે પણ દુનિયામાં જ. ફાતેમા ઝહરા (સ.અ.)ની ખુશ્નુદી માટે તમને દોસ્તા રાખ્યા હતા અને

જ. ફાતેમા ઝહરા (સ.અ.)ની મોહબ્બતમાં તમને કયારેય ખાવાનું ખવરાવ્યું, પાણી પીવડાવ્યું અથવા કપડા પહેરાવ્યા અથવા તમારી ગીબતને રદ કરી તેના પણ હાથ પકડો અને પોતાની સાથે તેને પણ જન્નતમાં દાખલ કરી લો.

ઈબ્ને ખાલ્વીયહની કિતાબ 'અલ્આલ'માં રિવાયત છે કે હ. ઈ. હસન અસ્કરી (અ.સ.) એ પોતાના પવિત્ર બાપ દાદાથી રિવાયત કરી છે કેઃ જ. રસુલે ખુદા (સ.અ.વ.) એ ઈરશાદ ફરમાવ્યુંઃ જ્યારે અલ્લાહ તઆલાએ હ. આદમ (અ.સ.)ને જ. હવ્વાને પૈદા કર્યા તો તે બંને ખુબજ ફખ્રથી જન્નતના બગીચાઓમાં હરવા ફરવા લાગ્યા અને આદમે (અ.સ.) જ. હવ્વાને કહ્યુંઃ ખુદાવંદે આલમે આપણાથી બહેતર કોઈપણ મખ્લુક પૈદા નથી કરી.

અલ્લાહ તઆલાએ જીબ્રઈલે અમીનને વહ્યના ઝરીએ હુકમ આપ્યો કેઃ અમારા આ બંદાને ફીરદૌસની સૈર કરાવો.

જ. જીબ્રઈલે તેમને જન્નતુલ ફીરદૌસમાં લઈ ગયા તો ત્યાં જ. આદમ (અ.સ.) એ એક હુરાને જોઈ જે એક મસ્નદ પર બેઠા છે અને તેના માથા પર નૂરનો તાજ હતો, કાનોમાં નુરના બે ગોશવારહ હતી અને આખી જન્નત તેના ચહેરાના નુરથી ઝગમગી રહી છે.

હ. આદમ (અ.સ.) એ જ. જીબ્રઈલને પુછયુંઃ આ હુરા કોણ છે કે જેના નુરથી આખી જન્નત ઝગમગી રહી છે?

જીબ્રઈલે કહ્યુંઃ આ જ. ફાતેમા બિન્તે મોહમ્મદ (સ.અ.) છે જેઓ આખરી ઝમાનામા તમારી ઝુર્રીયતમાં હશે.

હ. આદમ (અ.સ.) એ પુછયુંઃ આ તાજ જે તેમના માથા પર છે તે શું છે?

જીબ્રઈલ (અ.સ.) એ કહ્યુંઃ તે તેમના શૌહર હ. અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) છે.

હ. આદમ (અ.સ.) એ પુછયુંઃ અને આ ગોશવારહ શું છે?

જીબ્રઈલ (અ.સ.) એ કહ્યુંઃ તે જ. ઝહરા (સ.અ.)ના બંને ફરઝંદ ઈમામ હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.) છે.

હ. આદમ (અ.સ.) એ પુછયુંઃ શું તેઓને મારી પહેલા પૈદા કરવામાં આવ્યા છે?

જીબ્રઈલ (અ.સ.) એ જવાબ આપ્યોઃ તેઓ તમારી ખિલ્કતના ૪૦૦૦ વર્ષ પહેલા અલ્લાહ તઆલાના ઈલ્મની ઉંડાણમાં મૌજુદ હતા.

## ૧૯) આપ (સ.અ.)ની રઝા, અલ્લાહની રઝા છેઃ

ઓયુનો અખ્બારે રેઝામાં નકલ છે કે હ. ઈ. અલી રેઝા (અ.સ.) એ પોતાના પવિત્ર બાપ દાદાથી રિવાયત કરી છે કે જ. રસુલે ખુદા (સ.અ.વ.) એ ઈરશાદ ફરમાવ્યુંઃ જ. ફાતેમા (સ.અ.)ના નારાઝ હોવાથી અલ્લાહ તઆલા નારાઝ થાય છે. જ. ફાતેમા (સ.અ.)ના ખુશ થવાથી અલ્લાહ તઆલા ખુશ થાય છે.

સહીફએ રઝામાં પણ હ. ઈમામ રેઝા (અ.સ.)ની પોતાના પવિત્ર બાપ દાદાથી આજ રિવાયત નકલ કરી છેઃ

અલી બીન ઉમર બીન અલીએ એક વખત ફરમાવ્યું કે હ. ઈમામ જાફરે સાદિક (અ.સ.)ને પોતાના પવિત્ર બાપ દાદાથી રિવાયત કરી કે હ. રસુલે ખુદા (સ.અ.વ.) એ હ. ફાતેમા (સ.અ.)ને ફરમાવ્યુંઃ અય ફાતેમા (સ.અ.)! તમારી નારાઝગી અલ્લાહની નારાઝગી છે અને તમારી ખુશી અલ્લાહની ખુશી છે.

આ સાંભળી સન્દલ નામનો રાવી ઈમામ જઅફરે સાદિક (અ.સ.)ની ખિદમતમાં આવી અને કહ્યુંઃ યા અબા અબ્દીલ્લાહ! આજકાલના નવજવાન તમારા તરફ મન્સુબ કરીને અવી એવી હદીસો બયાન કરે છે જેને અક્કલ કબુલ નથી કરતી.

ઈમામ જઅફરે સાદિક (અ.સ.) એ ફરમાવ્યુંઃ અય સન્દલ તે કઈ હદીસો છે?

સન્દલે કહ્યું તેઓની બયાન કરેલી હદીસોમાંની એક હદીસ એ છે કે રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ જ. ફાતેમા (સ.અ.)ની નારાઝગી અલ્લાહની નારાઝગી અને જ. ફાતેમા (સ.અ.)ની રેઝા અલ્લાહની રેઝા છે.

ઈમામ જઅફરે સાદિક (અ.સ.) એ ફરમાવ્યુંઃ અય સન્દલ! તો પછી આમાં આશ્ચર્યની શું વાત છે? શું તમે તમારી રિવાયતોમાં આ રિવાયત બયાન નથી કરતા કે અલ્લાહ તઆલા પોતાના મોઅમીન બંદાની નારાઝગી પર નારાઝ અને તેની ખુશીથી ખુશ થાય છે?

સન્દલે કહ્યુંઃ જી, હા.

તો ઈમામ જઅફરે સાદિક (અ.સ.) એ ફરમાવ્યું તો પછી જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ને ઓછામાં ઓછું મોમીના તો જરૂર માનો છો. તો પછી તેમની નારાઝગી અલ્લાહની નારાઝગી છે. તેમની ખુશી અલ્લાહની ખુશી છે. તેનાથી તમે લોકોને કેમ ઈન્કાર છે?

સન્દલે કહ્યુંઃ (હવે વાત સમજમાં આવી ગઈ) ખરેખર અલ્લાહ તઆલા પોતાના પયગામને જેને ચાહે છે તેને હવાલે કરે છે.

(અમાલીએ શૈખે સદુક અ.ર., એહતેજાજે તબરસી)

ગઝાએરી એ શૈખે સદુક (અ.ર.)થી અને તેમણે યહ્યાથી આના જેવીજ રિવાયત બતાવી છે.

(અમાલીએ શૈખે મુફીદ અ.ર.)

અબુ સાલેહ મોઅઝીનએ પોતાની સનદોની સાથે ઈબ્ને મસ્ઉદથી રિવાયત કરી છે કે રસુલે ખુદા (સ.અ.વ.)ને બયાન કરતા સાંભળ્યા છે કે મેં જ્યારે અલ્લાહના હુકમોથી જ. ફાતેમા ઝહરા (સ.અ.)ના નિકાહ હ. અલી (અ.સ.)થી કરી દીધા તો જીબ્રઈલે અમીને મને કહ્યુંઃ અલ્લાહ તઆલાએ એક મોતીઓનો બાગ એવો બનાવ્યો છે કે જેના

એક વૃક્ષથી બીજા વૃક્ષના દરમ્યાન મોતી અને યાકુત અને સોનાના ટુકડા વિખરાયેલા છે. આ બાગની છત લીલા ઝબરજદની છે. જેમાં મોતીઓના છાપરા છે જેમાં યાકુત જડેલા છે. આની દિવાલોમાં સોના, ચાંદી, મોતી અને ઝબરજદની ઈંટો લાગેલી છે. પછી તેમાં જગ્યાએ જગ્યાએ ઝરણાઓ જારી છે અને નહેર વહી રહી છે. નહેરો પર મોતીઓનો પુલ છે. અલગ અલગ પ્રકારના વૃક્ષોના ઝુંડોથી ઘેરાયેલું છે. એવીજ રીતના આ બાગની અંદરના હિસ્સામાં ઘણા બધા ગુંબદવાળા મહેલો છે. દરેક મહેલમાં એક હુરા છે. દરેક મહેલના ૧૦૦ દરવાજા છે. દરેક દરવાજા પર બે કનીઝો અને બે વૃક્ષ છે. દરેક મહેલમાં એક સિંહાસન છે અને મહેલની દિવાલો પર આયતુલ કુરસી લખેલી છે.

રસુલે ખુદા (સ.અ.વ.) એ જીબ્રઈલને પુછયુંઃ ભાઈ જીબ્રઈલ! આ કોનો મહેલ છે? તેમણે જવાબ આપ્યોઃ આ મહેલ હ. અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) અને તમારી દુખ્તર જ. ફાતેમા (સ.અ.)ની માટે છે અને આ તેની તે જન્નતના સિવાય છે જેના તે માલિક છે. આ તો અલ્લાહે (તેઓની શાદીના મૌકા ઉપર) અલગથી એક તોહફો તેમને આપેલ છે જેથી તમારી આંખોને ઠંડક પહોંચે.

## ૨૦) આપ (સ.અ.) ઉપર અલ્લાહના સલામઃ

રિવાયત છે કે હ. અબુ અબ્દીલ્લાહ ઈ. જઅફરે સાદિક (અ.સ.) એ ફરમાવ્યુંઃ જ્યારે હ. ખદીજા (સ.અ.)ની વફાત થઈ તો હ. ફાતેમા (સ.અ.) દરેક સમયે રસુલે ખુદા (સ.અ.વ.)ની સાથે સાથે રહેતા અને પુછયા કરતા હતા કે બાબા મારી માતા કયાં છે? અને રસુલે ખુદા (સ.અ.વ.) તેમને કાંઈ જવાબ ન આપતા. જ. ફાતેમા (સ.અ.) વારંવાર આ જ સવાલ કરતા અને રસુલે ખુદા (સ.અ.વ.) પરેશાન હતા કે તેમની દીકરીને શું જવાબ આપે કે એટલામાં જીબ્રઈલે અમીન નાઝીલ થયા અને અર્ઝ કરીઃ અય અલ્લાહના રસુલ! તમારો પરવરદિગાર તમને

હુકમ આપે છે કે તમે જ. ફાતેમા (સ.અ.) ને મારા સલામ કહો અને તેમને બતાવો કે તેમની માતા એક એવા સોનાના મકાનમાં છે કે જેના પાયા લાલ યાકુતના છે. જ. આસીયા (ફિરઔનના પત્નિ) અને જ. મરીયમ બિન્તે ઈમરાન તેમના સાથી છે.

જ્યારે રસુલે ખુદા (સ.અ.વ.) એ જ. ફાતેમા (સ.અ.)ને અલ્લાહના સલામ અને પયગામ પહોંચાડયો તો જ. ફાતેમા (સ.અ.) એ ફરમાવ્યુંઃ બાબા જાન! મારી તરફથી કહી દો કે અલ્લાહ પોતે સલામ કહે છે. તેનાથીજ સલામની શરૂઆત છે અને તેમના પર જ સલામનો અંત છે.

## ૨૧) ફરિશ્તાઓની સાથે વાતચીત કરવીઃ

કિતાબ એલલુશશરાએમાં રિવાયત છે કે હ. ફાતેમા ઝહરા (સ.અ.)નું નામ 'મોહદ્દેસા' એટલા માટે રાખવામાં આવ્યું છે કે આસમાનથી ફરિશ્તાઓ નાઝીલ થઈને જ. ફાતેમા (સ.અ.)ને પણ એવી રીતે પુકારતા હતા જે રીતે હ. મરયમ બિન્તે ઈમરાનને પુકારતા હતા. તેઓ કહેતાઃ

يَافَاطِمَةُ! إِنَّ اللّٰهَ اصْطَفَاكِ وَطَهَّرَكِ وَاصْطَفَاكِ عَلَىٰ نِسَاءِ الْعَالَمِينَ

અય ફાતેમા! અલ્લાહે તમને ચૂંટી લીધા છે અને પાક રાખ્યા છે અને દુનિયાની તમામ ઔરતોમાં ચૂંટી લીધા છે.

(સૂરએ આલે ઈમરાન : ૪૨)

يَافَاطِمَةُ! اُقْنُتِي لِرَبِّكِ وَاسْجُدِي وَارْكَعِي مَعَ الرَّاكِعِينَ

(સૂરએ આલે ઈમરાન : ૪૩)

અય ફાતેમા (સ.અ.)! તમે તમારા રબની ફરમાબરદારી કરો અને રૂકુઅ અને સજદા કરવાવાળા ની સાથે થઈ જાવ.

જ. ફાતેમા ઝહરા (સ.અ.) ફરિશ્તાઓની સાથે વાત કરતા હતા અને ફરિશ્તાઓ તેમનાથી વાતચીત કરતા હતા. એક રાત્રે જ. ઝહરા (સ.અ.) એ ફરિશ્તાઓને ફરમાવ્યું કે શું જનાબે મરયમ બિન્તે ઈમરાનને દુનિયાની ઔરતો પર ફઝીલતો હાંસીલ ન હતી?

તો ફરિશ્તાઓએ કહ્યુંઃ જી હા. મરયમ બિન્તે ઈમરાનને પોતાના ઝમાનાની ઔરતો પર ફઝીલત હાંસીલ હતી પરંતુ અલ્લાહે તમારા ઝમાનાની ઔરતો પર અને જ. મરયમના ઝમાનાની ઔરતો પર ત્યાં સુધી કે દરેક પહેલાના કે આખરી ઝમાનાની ઔરતો પર તમને ફઝીલત આપી છે.

(દલાએલુલ ઈમામત તબરી)

## ૨૨) આપ (સ.અ.) માટે જન્નતથી અંગુઠીનું આવવુંઃ

એક વખત જ. ફાતેમા ઝહરા (સ.અ.) એ પોતાના પિતાથી એક અંગુઠીની દરખાસ્ત કરી.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ બેટી! હું તમને એક એવી વસ્તુ બતાવું જે અંગુઠી કરતા પણ બહેતર હોય?

જ. ઝહરા (સ.અ.) એ ફરમાવ્યુંઃ બતાવો.

હ. રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ જ્યારે તમે નમાઝથી ફારીગ થાવ તો અલ્લાહ તઆલાથી અંગુઠી માંગજો. તમારી હાજત પુરી થશે.

જ. ફાતેમા ઝહરા (સ.અ.) એ એમ જ કર્યુંઃ નમાઝે શબ પછી આપ (સ.અ.)એ અલ્લાહ તઆલાથી અંગુઠી માટે દોઆ કરી તો ગૈબથી આવાઝ આવીઃ અય ફાતેમા (સ.અ.)! જે વસ્તુ તમે અમારાથી તલબ કરી છે તે તમારા મુસલ્લાની નીચે રાખી છે.

જ. ઝહરા (સ.અ.) એ મુસલ્લો ઉઠાવ્યો તો તેની નીચેથી યાકુતની એક કિંમતી અંગુઠી મળી અને જ. ઝહરા (સ.અ.) એ તેને પહેરી લીધી

અને ખુશ થયા. જ્યારે રાત્રીએ સુતા તો ખ્વાબમાં જોયુ કે તે પોતે જન્નતમાં છે ત્યાં આપ (સ.અ.) એ એવા ત્રણ મહેલ જોયા કે તેની જેવા મહેલ જન્નતમાં કયાંય નથી.

જ. ઝહરા (સ.અ.) એ પુછયું: આ મહેલ કોના છે?

જવાબ મળ્યો: આ મહેલ સય્યદતો નીસાઈલ આલમીન ફાતેમા બિન્તે મોહમ્મદ (સ.અ.)ના છે.

આ સાંભળીને તેઓ તેમાંથી એક મહેલમાં દાખલ થયા તો જોયુ કે તેમાં એક તખ્ત છે જેના ફકત ત્રણ પાયા છે. ચોથો પાયો નથી તો પુછયું કે આના ત્રણ પાયા કેમ છે, ચોથાને શું થયું? (જેના લીધે આ આડુ છે).

જવાબ મળ્યો: આની માલીકહ એ અલ્લાહથી અંગુઠી તલબ કરી હતી અને અલ્લાહના હુકમથી તે અંગુઠી આ તખ્તના ચોથા પાયાથી બનાવીને દઈ દેવામાં આવી એટલા માટે આ તખ્ત અધુરો થઈ ગયો.

જ્યારે સવાર થઈ તો જ. ફાતેમા ઝહરા (સ.અ.) એ પોતાના પિતાની પાસે જઈને ખ્વાબ બયાન કર્યું.

હ. રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું: અય અવલાદે અબ્દુલ મુત્તાલીબ! તમારા માટે આ દુનિયા નથી, આખેરત છે. તમારા વાયદાની જગ્યા જન્નત છે. દુનિયા તમારા કામની નથી. આ દુનિયા ફાની (ફના થવાવાળી) છે. પછી ફરમાવ્યું: બેટી તે અંગુઠી તમે ફરીવાર મુસલ્લાની નીચે રાખી દયો.

પછી જ. ફાતેમા ઝહરા (સ.અ.) એ તે અંગુઠી મુસલ્લાની નીચે રાખી દીધી અને જ્યારે તેઓ રાતના સુતા તો ફરી વખત તે જ મહેલ જોયો અને અંદર ગયા અને તે તખ્ત પર નજર કરી તો જોયુ કે તેના ચારેય પાયા મૌજુદ છે.

જ. ઝહરા (સ.અ.) એ કોઈને પુછયું: આ તખ્ત હવે કઈ રીતે પોતાની અસલ હાલતમાં આવી ગયો, પહેલા તો ફકત તે ત્રણ પાયા પર ઉભો હતો. પરંતુ હવે ચોથો પાયો પણ મૌજુદ છે?

જવાબ મળ્યો: અંગુઠી જે તે પાયાથી બનાવવામાં આવી હતી તે પાછી આવી ગઈ છે. એટલા માટે આ તખ્ત પણ પોતાની અસલી હાલત પર નજર આવે છે.

(મનાકીબે ઈબ્ને શહેર આશોબ)

## ૨૩) આપ (સ.અ.)ના વકીલ અલ્લાહ છે:

કિતાબ મનાકીબમાં રિવાયત છે કે એક વખત હ. અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) કોઈ જંગમાં જવા લાગ્યા તો હ. ફાતેમા ઝહરા (સ.અ.) એ ઈચ્છા વ્યકત કરી: કાશ આપણો પણ કોઈ વકીલ (દેખરેખ કરવાવાળો) હોત (જે આપણા કામોની દેખભાલ કરત) તે સમયે આ આયત નાઝીલ થઈ.

رَبُّ الْمَشْرِقِ وَالْمَغْرِبِ لَا إِلَٰهَ إِلَّا هُوَ فَاتَّخِذْهُ وَكِيلًا

***"અલ્લાહ પૂર્વ અને પશ્ચિમનો રબ છે. કોઈ ખુદા નથી સિવાય તેની, પછી તેનેજ પોતાનો વકીલ બનાવો."***

(સૂરએ મુઝમ્મીલ : ૯)

## ૨૪) અલ્લાહને આપ (સ.અ.)નું ગમગીન થવું ગવારા નથી:

સહીહ દારે કુત્નીમાં રિવાયત છે કે એક વખત હ. રસુલે ખુદા (સ.અ.વ.) એ એક ચોરના હાથ કાપવાનો હુકમ આપ્યો તો તે ચોરે કહ્યું: અય અલ્લાહના રસુલ! ઈસ્લામ લાવવામાં તો તમે તેને આગળ (હાથને) વધારવાનું હુકમ કર્યો હતો અને હવે તમે પોતે જ તેને કાપવાનો હુકમ આપો છો?

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું:

لَوْ كَانَتِ ابْنَتِي فَاطِمَةُ

અગર મારી દીકરી ફાતેમા (સ.અ.) એ પણ આ જુર્મ કર્યો હોત તો હું તેમને પણ માફ ન કરત.

જ્યારે જ. ફાતેમા ઝહરા (સ.અ.) એ સાંભળ્યું તો ગમગીન થઈ ગયા અને અલ્લાહ તઆલાને જ. ફાતેમા (સ.અ.)નું રંજીદા થવું ગમ્યુ નહિ. તો હ. રસુલે ખુદા (સ.અ.વ.)ના માટે આ આયત નાઝીલ કરી

لَئِنْ أَشْرَكْتَ لَيَحْبَطَنَّ عَمَلُكَ

(અય રસુલ!) અગર તમે શીર્ક કર્યું હોત તો તમારા દરેક અમલને હબ્ત કરી લેવામાં આવત.

(સૂરએ ઝુમરઃ ૬૫)

અલ્લાહ તઆલાનો આ કૌલ સાંભળીને હ. રસુલે ખુદા (સ.અ.વ.)ને રંજ થયો તો આ આયત નાઝીલ થઈ (જેથી હ. રસુલે ખુદા (સ.અ.વ.)નો રંજ દૂર થઈ જાય)

لَوْ كَانَ فِيهِمَا آلِهَةٌ إِلَّا اللهُ لَفَسَدَتَا

(અય મારા હબીબ) અગર તેમાં (આસમાન અને ઝમીનમાં) અલ્લાહ સિવાય બીજો ખુદા હોત તો તે બંનેમાં ફસાદ થાત.

(સૂરએ અંબીયા : ૨૨)

આ સાંભળીને હ. રસુલે ખુદા (સ.અ.વ.)ને આશ્ચર્ય થયુ તો હ. જીબ્રઈલે અમીન નાઝીલ થયા અને કહ્યુંઃ તમારા તે વાકયથી જ. ફાતેમા (સ.અ.)ને રંજ થયો એટલા માટે પહેલી આયત તેમને ખુશ કરવા માટે નાઝીલ કરી હતી પરંતુ જ્યારે તમને રંજીદા જોયા તો બીજી આયત તમારી ખુશી માટે નાઝીલ કરી.

(સહીહ દારે કુત્ની, મનાકીબે શહેર આશોબ)

## ૨૫) આપ (સ.અ.)ની બદલામાં ચક્કીનું ચલાવવું:

### ૧) જનાબે રસુલે ખુદા (સ.અ.વ.)નું ચક્કી ચલાવવું:

કિતાબ ફઝાએલ અને કિતાબ રવઝામાં છે કે એક દિવસ જનાબે રસુલે ખુદા (સ.અ.વ.) હ. અલી (અ.સ.)ના ઘરે જાય છે તો જોયુ કે હ. અલી (અ.સ.) અને જનાબે ફાતેમા (સ.અ.) બન્ને ચક્કીમાં ઘઉં પીસી રહ્યા છે.

તો રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું: તમારા બન્નેમાંથી કોણ થાકી ગયું છે?

હ. અલી (અ.સ.) એ અર્ઝ કરી યા રસુલે ખુદા (સ.અ.વ.)! ફાતેમા (સ.અ.) થાકી ગયા છે.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું: બેટી ઉભા થઈ જાવ.

જ. ફાતેમા (સ.અ.) ઉભા થઈ ગયા તો હ. રસુલે ખુદા (સ.અ.વ.) ત્યાં બેસીને હ. અલી (અ.સ.)ની સાથે ચક્કીમાં ઘઉં પીસવા લાગ્યા.

(ફઝાએલ, રવઝામાં)

### ૨) વહીના ઝરીએ ચક્કીનું ચાલવું:

હસન બસરી અને ઈબ્ને ઈસ્હાકે અમ્માર અને મેઅમુના થી રિવાયત કરી કે એક વખત અમે હ. ફાતેમા ઝહરા (સ.અ.)ને સુતા હોય તેમ જોયા અને જોયુ કે જ. ફાતેમા (સ.અ.)ની ઘઉં પીસવાની ચક્કી આપોઆપ ચાલી રહી છે.

આથી આ બનાવ રસુલે ખુદા (સ.અ.વ.)ને સંભળાવ્યો.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું: અલ્લાહને ઈલ્મ હતું કે તેની કનીઝ થાકીને સુઈ ગઈ છે આથી તેણે ચક્કીને વહીના ઝરીએ હુકમ આપ્યો કે તે ચાલે અને તે ચાલવા લાગી.

**૩) ફરિશ્તાનુ ઝુલા ને ઝુલાવુઃ**

આ જ રિવાયતને અબુલ કાસીમ બસ્તીએ મનાકીબે હ. અમીરૂલ મોઅમેનીન (અ.સ.)માં અને અબુ સાલેહ મોઅઝીને પોતાની કિતાબ અરબઈન અને ઈબ્ને ફયાઝએ શરહુલ અખ્બારમાં લખ્યું છે કે આ પણ રિવાયત કરવામાં આવી છે કે ઘણી વખત હ. ફાતેમા (સ.અ.) નમાઝ અને ઈબાદતમાં મશગુલ હોતા અને તેના બચ્ચા (ઈમામ હસન અ.સ. અને ઈમામ હુસૈન અ.સ.) રોવા લાગતા તો જોવામાં આવતુ કે ઘોડીયું ઝુલવા લાગતું અને ફરિશ્તા તેને ઝુલાવી રહ્યા હોય છે.

**૪) ફરિશ્તાનું ચક્કીનું ચલાવવું (જ. સલમાનની રિવાયત મુજબ)ઃ**

હ. સલમાને ફારસીથી રિવાયત છે કે એક વખત હ. ફાતેમા ઝહરા (સ.અ.) બેઠા હતા. તેમની સામે ચક્કી હતી જેમાં જવ પીસી રહ્યા હતા અને તેના હાથા પર જ. ફાતેમા (સ.અ.)ના હાથ પરથી નીકળેલુ ખુન પણ લાગેલુ હતું. ઘરના એક ખુણામાં હ. ઈમામ હુસૈન (અ.સ.) ભુખથી તડપી રહ્યા હતા તો મેં જોયું તો કહ્યું અય બિન્તે રસુલ! તમારા હાથમાંથી ખુન નીકળી રહ્યું છે. તમારી પાસે ફીઝઝા તો મૌજુદ છે આ કામ તેના હવાલે કરી દો.

જ. ફાતેમા (સ.અ.) એ ફરમાવ્યુંઃ નહિ. મારા પિતાએ મને હિદાયત ફરમાવી છે કે એક દિવસ જ. ફીઝઝાથી કામ લો અને એક દિવસ ખુદ તમે કામ કરો. કાલે જ. ફીઝઝાએ કામ કરી લીધું તેથી આજે મારો વારો છે.

મે કીધું ઠીક છે હું પણ તમારા પિતાનો આઝાદ કરેલો ગુલામ છું. મને હુકમ આપો કે યા તો હું ચક્કી પીસું અથવા તમારા ફરઝંદ હુસૈન (અ.સ.)ને રમાડું. જ. ઝહરા (સ.અ.)એ ફરમાવ્યુંઃ તમે ચક્કી પીસો અને મારા દીકરાને હું જ સારી રીતે રમાડી શકું છું.

તેથી હું જવ પીસવા લાગ્યો અને હજી થોડાજ જવ પીસ્યા હતા કે મસ્જીદમાં નમાઝ માટે એકામત શરૂ થઈ ગઈ. મેં ચક્કી છોડી દીધી

અને જઈને રસુલે ખુદા (સ.અ.વ.)ની સાથે નમાઝ પડી. જ્યારે નમાઝ પૂરી થઈ ગઈ તો ત્યાં હ. અલી (અ.સ.) મળી ગયા. મેં તેમને બધો હાલ બયાન કર્યો અને તરતજ મસ્જીદથી ઘર પાછા તશરીફ લાવ્યા. પછી ત્યાંથી હસતા પાછા ફર્યા. રસુલે ખુદા (સ.અ.વ.) એ હસવાનું કારણ પુછયું. હ. અલી (અ.સ.) એ ફરમાવ્યું હું હમણાં જ. ફાતેમા ઝહરા (સ.અ.)ની પાસે ગયો હતો. જોયુ કે તેઓ સુતા છે અને તેમની છાતી પર ઈ. હુસૈન (અ.સ.) સુઈ રહ્યા છે અને તેમની સામે ચક્કી રાખેલી છે જે (પોતાની મેળે) ચાલી રહી છે અને ચલાવવાવાળું કોઈ દેખાતું નથી.

આ સાંભળીને રસુલે ખુદા (સ.અ.વ.) હસવા લાગ્યા અને ફરમાવ્યું અય અલી (અ.સ.) શું તમને ખબર નથી કે અલ્લાહના અમૂક ફરિશ્તાઓ એવા કે જેઓ જમીન પર ફરતા રહે છે તેનું એ કામ છે કે કયામત સુધી હ. મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (સ.અ.વ.)ની ખિદમત કરતા રહે.

(અલ ખરાએજ વલ જરાએહ)

### ૫) ફરિશ્તાઓનું ચક્કી ચલાવવું (જ. અબુઝરની રિવાયત):

હ. અબુઝરનું બયાન છે કે એક વખત પયગમ્બરે અકરમ (સ.અ.વ.) એ મને ફરમાવ્યું: જાવ અલી (અ.સ.)ને બોલાવી લાવો. હું હ. અલી (અ.સ.)ના ઘરે જઈને દરવાજાથી અવાજ દીધી પરંતુ અંદરથી કોઈ જવાબ ન મળ્યો. જ્યારે કે ચક્કી ચાલવાનો આવાજ બરાબર આવી રહ્યો હતો. મેં જોયુ કે ચક્કી પોતાની મેળે ચાલી રહી છે. મેં ફરી વખત અવાજ આપી તો હ. અલી (અ.સ.) બહાર આવ્યા અને અમે બન્ને રસુલે ખુદા (સ.અ.વ.)ની પાસે પહોંચ્યા. રસુલે ખુદા (સ.અ.વ.)એ હ. અલી (અ.સ.)ની સાથે ધીમે-ધીમે કઈક વાત કરી જેને હું સમજી ન શક્યો પછી મેં કહ્યું: અય અલ્લાહના રસુલ! મને

ખુબજ આશ્ચર્ય છે કે હ. અલી (અ.સ.)ના ઘરમાં ચક્કી આપોઆપ ચાલી રહી છે.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ અલ્લાહે મારી દીકરી ફાતેમા (સ.અ.)ના દીલને ઈમાન અને યકીનથી ભરી દીધું છે. અલ્લાહને ખબર છે જ. ફાતેમા (સ.અ.) કેટલી હદે કમઝોર છે એટલા માટે રોજીંદા કામોમાં પણ અલ્લાહ તઆલા તેમની મદદ કરે છે. શું તમને નથી ખબર કે અમુક ફરિશ્તા આલે મોહમ્મદ (અ.મુ.સ.) ની ખિદમત અને મદદ માટે નિયુકત થયેલ છે.

(અલ ખરાએજ વલ જરાએહ)

**૬) હ. બીલાલનું ચક્કી ચલાવવુંઃ**

કિતાબ તંબીહુલ ખવાતીરમાં રિવાયત છે કે ઘણી વખત એવું થતું હતું કે નબીએ અકરમ (સ.અ.વ.) અને બીજા લોકો નમાઝના સમયે મસ્જીદમાં બેઠા-બેઠા હ. બીલાલનો ઈન્તેઝાર કરતા રહેતા હતા કે હ. બીલાલ આવીને અઝાન કહે જેથી નમાઝ શરૂ કરવામાં આવે. જ. બીલાલ જ્યારે થોડા મોડા પહોંચતા હતા તો રસુલે ખુદા (સ.અ.વ.) મોડુ થવાનું કારણ પુછતા હતા તો જ. બીલાલ જવાબમાં કહેતા કે : અય અલ્લાહના રસુલ! હું શહેઝાદી ફાતેમા (સ.અ.)ના ઘર તરફથી પસાર થઈ રહ્યો હતો તો જોયુ કે જ. ઝહરા (સ.અ.) પોતાના દીકરા હસન (અ.સ.)ને પોતાના ખોળામાં લઈને ચક્કી પીસતા-પીસતા રોતા જતા હતા. મેં તેમને કહ્યું અગર તમારી મરઝી હોય તો હું તમારા દીકરાને રમાડું અથવા તમે પોતાના દીકરાને રમાડો અને હું ચક્કી પીસી દઉ.

હ. ફાતેમા ઝહરા (સ.અ.) એ ફરમાવ્યુંઃ નહિ. મારા દીકરાને તમે મારાથી બહેતર નહી રમાડી શકો.

મેં આ જવાબ સાંભળીને ચક્કીને સંભાળી અને પીસવા લાગ્યો એટલા માટે મારે આવવામાં મોડુ થયું.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ તમે જ. ફાતેમા (સ.અ.) પર દયા કરી, અલ્લાહ તમારી પર રહેમ ફરમાવે.

## ૨૬) આપ (સ.અ.) માટે જન્નતમાંથી ખોરાકનું આવવુંઃ

તફસીરે અય્યાશીમાં હ. અબુ જાફર ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.)થી રિવાયત છે કે હ. ફાતેમા (સ.અ.) અને હ. અલી (અ.સ.)ના ઘરના કામ આપસમાં વહેંચી લેતા હતા.

તેથી હ. ફાતેમા (સ.અ.)ને ઘરના અંદરના કામ જેમકે લોટ તૈયાર કરી તેને બાંધવો, રોટી બનાવવી અને ઘરને સાફ સુથરૂ રાખવું, પોતાના માથે લીધું હતું અને હ. અલી (અ.સ.)ને બહારનું કામ જેમકે અનાજ લાવવું, ઈંધણ ભેગુ કરવું, વિગેરે પોતાના જીમ્મે લીધું હતું.

એક વખત હ. અલી (અ.સ.) જ. ફાતેમા ઝહરા (સ.અ.)ને પુછયુંઃ આજે તમારી પાસે ખાવા માટે શું છે? જ. ફાતેમા (સ.અ.) એ ફરમાવ્યુંઃ એ જાતની કસમ જેણે તમારા હકને બલંદ કર્યા છે. મારા ઘરમાં ત્રણ દિવસથી કાંઈ નથી જે કાંઈ હતું તે તમારી સામે હાજર કરતી રહી છું.

હ. અલી (અ.સ.) એ ફરમાવ્યુંઃ તો પછી તમે મને કેમ ન કહ્યું. જ. ફાતેમા ઝહરા (સ.અ.) એ ફરમાવ્યુંઃ મારા પિતાએ મને મનાઈ ફરમાવી છે કે આપથી કોઈ વસ્તુનો સવાલ કરૂં અને એ પણ ફરમાવ્યું છે કે બેટા મારા કાકાનો દિકરો કાંઈક ઘરમાં લાવે તે તમે લઈ લેજો પરંતુ તેમનાથી કાંઈ માંગતા નહી.

આ જવાબ સાંભળીને હ. અલી (અ.સ.) ઘરથી બહાર તશરીફ લઈ ગયા અને કોઈ પાસેથી એક દીનાર કર્ઝ લીધો. હજી ઘરે પાછા પણ નહોતા ફર્યા કે રસ્તામાં જ.મીકદાદથી મુલાકાત થઈ ગઈ. હ. અલી (અ.સ.) એ તેમને પુછયુંઃ અય મીકદાદ! સારૂં છે ને! આ સમયે તમે ઘરથી કેમ બહાર નીકળ્યા?

જ. મીકદાદે જવાબ આપ્યોઃ અય અમીરૂલ મોઅમેનીન (અ.સ.) તે જાતની કસમ કે જેણે તમને અઝીમ મરતબાવાળા બનાવ્યા. હું અત્યારે શદીદ ભુખના લીધે ઘરથી બહાર નીકળ્યો છું.

રાવીનું બયાન છે કે મેં ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.)ને પુછયુંઃ શું તે સમયે રસુલે ખુદા (સ.અ.વ.) મૌજુદ હતા? ઈમામ બાકીર (અ.સ.) એ ફરમાવ્યુંઃ હા, તે સમયે રસુલે ખુદા (સ.અ.વ.) જીવંત હતા. બહરહાલ હ. અલી (અ.સ.) એ મીકદાદને ફરમાવ્યુંઃ હું પણ આ જ કારણથી ઘરથી આવ્યો છું કે જેથી કાંઈક ખોરાક ઘરે લઈ જાવ. મને એક દીનાર કર્ઝ મળી ગયો છે પરંતુ હવે તમે તેને લઈ જાવ અને પોતાની જરૂરીયાતને પૂરી કરો.

હ. અલી (અ.સ.)એ મીકદાદને દીનાર આપીને ઘરે તશરીફ લઈ ગયા. આપે જોયુ કે રસુલે ખુદા (સ.અ.વ.) તશરીફ લાવ્યા છે અને જ. ફાતેમા ઝહરા (સ.અ.) નમાઝમાં મશગુલ છે અને તેઓ બન્નેની વચ્ચે કાંઈ વસ્તુ ઢાંકીને રાખેલું છે. નમાઝ ખતમ કરીને જ. ફાતેમા ઝહરા (સ.અ.)એ કપડું હટાવીને જોયું તો એક થાળમાં ગોશ્ત અને રોટી રાખેલી હતી.

હ. અલી (અ.સ.) એ પુછયુંઃ અય બિન્તે રસુલ! આ ખોરાક તમારી પાસે કયાંથી આવ્યો?

જ. ફાતેમા ઝહરા (સ.અ.) એ ફરમાવ્યુંઃ

هُوَ مِنْ عِنْدِ اللهِ إِنَّ اللهَ يَرْزُقُ مَنْ يَشاءُ بِغَيْرِ حِسابٍ

આ અલ્લાહ તરફથી છે. બેશક અલ્લાહ જેને ચાહે છે તેને બેહિસાબ આપે છે.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ અય અલી (અ.સ.)! હું તમારી અને જ. ફાતેમા ઝહરા (સ.અ.)ની મિસાલ બયાન કરૂં?

હ. અલી (અ.સ.) એ ફરમાવ્યુંઃ જી હા. બયાન ફરમાવો.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ તમારી મિસાલ જ. ઝકરીયા જેવી છે જે સમયે તેઓ હ. મરીયમ (અ.સ.)ની પાસે મહેરાબમાં દાખલ થતા હતા અને તેમની પાસે ખાવાનું જોતા હતા તો કહેતા હતાઃ અય મરીયમ! આ ખાવાનું તમારી પાસે કયાંથી આવ્યું?

જ. મરીયમ ફરમાવતાઃ આ અલ્લાહ તરફથી આવ્યું છે અને અલ્લાહ જેને ચાહે તેને બેહિસાબ રીઝક અતા કરે છે.

પછી દરેકે આ થાળમાંથી એક મહીના સુધી ખાવાનું ખાધુ અને આ એ જ થાળ છે જેમાંથી હ. કાએમે આલે મોહમ્મદ (અ.ત.ફ.શ.) ખાવાનું ખાશે. તે થાળ અમારી પાસે હજી મૌજુદ છે.

(તફસીરે અય્યાશી)

- કિતાબ અલ ખરાએજ વલ જરાએહમાં રિવાયત છે કે એક દિવસ સુબ્હના સમયે હ. અલી (અ.સ.) એ હ. ફાતેમા ઝહરા (સ.અ.)ને પુછયું કે શું કાંઈ ખાવાનું મૌજુદ છે?

હ. ફાતેમા ઝહરા (સ.અ.) એ ફરમાવ્યુંઃ નહિ. આ સમયે તો ઘરમાં કાંઈ નથી. આ સાંભળીને હ. અલી (અ.સ.) ઘરમાંથી બહાર નીકળ્યા અને કોઈની પાસેથી એક દીનાર કર્ઝ લીધો જેથી તેનાથી ખાવાનો થોડો સામાન ખરીદે અચાનક મિકદાદ પર નઝર પડી તે પણ એજ ફીક્રમાં હતા. હ. અલી (અ.સ.) એ તે દીનાર મિકદાદના હવાલે કરી દીધો અને પોતે મસ્જીદે રસુલમાં પહોંચ્યા. ત્યાં ઝોહર અને અસ્રની નમાઝ જ. રસુલે ખુદા (સ.અ.વ.)ની સાથે અદા કરી પછી રસુલે ખુદા (સ.અ.વ.) એ એકદમ શફક્કતના અંદાઝથી હ. અલી (અ.સ.)નો હાથ પકડયો અને હ. ફાતેમા ઝહરા (સ.અ.)ના ઘરે તશ્રીફ લાવ્યા. જોયું કે તે મોઅઝઝમાં પોતાના મુસલ્લા પર છે અને તેમની પાછળ એક મોટો પ્યાલો રાખેલો છે જેમાંથી ખાવાની ખુશ્બુ આવી રહી છે.

હ. ફાતેમા ઝહરા (સ.અ.) એ રસુલે ખુદા (સ.અ.વ.)ની આવાઝ સાંભળીને રૂમમાંથી બહાર નીકળ્યા. પિતાને સલામ કરી, રસુલે ખુદા

(સ.અ.વ.) પોતાની દીકરીને સૌથી વધારે ઈઝઝત કરતા હતા અને રસુલે ખુદા (સ.અ.વ.) એ પોતાની દીકરીના માથા પર હાથ રાખ્યો અને ફરમાવ્યુંઃ બેટા! સાંજ થઈ છે. હવે અમારા માટે ખાવાનો ઈન્તેઝામ કરો.

હ. ફાતેમા ઝહરા (સ.અ.) એ પ્યાલો લાવીને રસુલે ખુદા (સ.અ.વ.)ની સામે રાખી દીધો.

રસુલે ખુદા (સ.અ.વ.) એ પુછયુંઃ બેટા! આ ખાવાનું કયાથી આવ્યું છે. આવું ખુશ્બુદાર અને સ્વાદીષ્ટ ખાવાનું તો મેં કયારેય જોયુ નથી.

તેના પછી રસુલે ખુદા (સ.અ.વ.) એ હ. અલી (અ.સ.)ના ખંભા પર હાથ રાખીને ફરમાવ્યુંઃ તમારો તે દીનાર જે તમે મીકદાદને દઈ દીધો આ તેનો બદલો છે. ખરેખર અલ્લાહ જેને ચાહે છે તેને બેહિસાબ રીઝક અતા કરે છે.

(અલ ખરાએજ વલ જરાએહ)

- અલ્લામા ઝમખ્શરી તફસીરે ‘કશ્શાફ’માં હ. ઝકરીયા અને જ. મરીયમ (સ.અ.)નો કિસ્સો લખતા લખ્યું છે કે રિવાયત છે કે એક વખત દુકાળનો ઝમાનો હતો ત્યારે રસુલે ખુદા (સ.અ.વ.) પણ ભુખ્યા હતા. હ. ફાતેમા ઝહરા (સ.અ.)એ રસુલે ખુદા (સ.અ.વ.) માટે બે રોટી અને થોડુક ગોશ્ત એક પ્યાલામાં રાખીને મોકલી દીધું. રસુલે ખુદા (સ.અ.વ.) એ તે પ્યાલો લઈને બેટીની પાસે ગયા અને ફરમાવ્યુંઃ બેટી! જરા અહીં આવો.

જ્યારે જ. ફાતેમા ઝહરા (સ.અ.) ત્યાં આવ્યા તો જ. ફાતેમા ઝહરા (સ.અ.) એ તે પ્યાલાનું ઢાંકણું ખોલ્યું અને જોયુ કે પૂરો પ્યાલો રોટી અને ગોશ્તથી ભરેલો છે. આ જોઈ હ. ફાતેમા ઝહરા (સ.અ.)ને ખુબજ આશ્ચર્ય થયું અને જ. ફાતેમા (સ.અ.) સમજી ગયા કે આ અલ્લાહની તરફથી નાઝીલ થયેલ છે.

રસુલે ખુદા (સ.અ.વ.) એ પુછયું: બેટી! આટલું બધુ ખાવાનું કયાથી આવી ગયું જે તમે મારી માટે પણ મોકલ્યું?

હ. ફાતેમા (સ.અ.) એ ફરમાવ્યું: અય પિતા! આ અલ્લાહની તરફથી આવેલ છે. બેશક અલ્લાહ તઆલા જેને ચાહે છે તેને બેહિસાબ રીઝક આપે છે.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું: એ ખુદાનો શુક્ર છે કે જેણે તમને બની ઈસ્રાઈલની સૈયદતુલ નીસા (હ. મરીયમ)ની શબીહ બનાવી દીધા. તેના પછી રસુલે ખુદા (સ.અ.વ.) એ હ. અલી (અ.સ.) અને ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.) અને તમામ એહલેબૈત (અ.મુ.સ.)ને બોલાવ્યા. બધા એ મળીને ખાવાનું ખાધું. આટલા બધાએ ખાધા પછી પણ જેટલું જમવાનું તે પ્યાલામાં મૌજુદ હતું તેટલું જમવાનું રહી ગયુ હતું. જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) એ ખાવાનું પછી પાડોશીઓમાં વહેંચી દીધું.

(તફસીરે કશ્શાફ, અલ્લામા ઝમખ્શરી)

- હ. જાબીર બીન અબ્દુલ્લાહ અન્સારીનું બયાન છે કે એક વખત રસુલે ખુદા (સ.અ.વ.) ઘણા દિવસથી કંઈ ખાધું ન હતું. ખુબજ ભૂખ મહેસુસ કરી રહ્યા હતા. રસુલે ખુદા (સ.અ.વ.)ની પત્નિઓને ત્યાં પણ કાંઈ ન હતું. રસુલે ખુદા (સ.અ.વ.) જ. ફાતેમા (સ.અ.)ના ઘરે તશરીફ લાવ્યા અને ફરમાવ્યું: બેટી! કાંઈ ખાવા માટે હોય તો લઈ આવો.

જ. ફાતેમા (સ.અ.) એ ફરમાવ્યું: અય પિતા! મારી પાસે પણ કાંઈ ખાવાનું નથી. રસુલે ખુદા (સ.અ.વ.) ત્યાંથી પોતાના ઘરે તશરીફ લઈ ગયા તે જ સમયે જ. ફાતેમા (સ.અ.)ની કનીઝ તેમની પાસે બે રોટી અને થોડુક ગોશ્ત લઈને હાજર થયા. જ. ઝહરા (સ.અ.) એ તેને લઈ એક ટોપલીમાં રાખીને ઢાંકી દીધું અને ફરમાવ્યું કે અલ્લાહની કસમ! હું આને પોતે ખાવ અથવા બીજાને ખવરાવાથી બહેતર એ સમજુ છું કે

મારા પિતાને ખવરાવું. જ્યારે કે તે સમયે જ. ઝહરા (સ.અ.) અને તેમના બાળકો વિગેરે પણ ભુખ્યા હતા. જ. ફાતેમા (સ.અ.) એ તરતજ ઈમામ હસન (અ.સ.) અને ઈ. હુસૈન (અ.સ.)ને રસુલે ખુદા (સ.અ.વ.)ને બોલાવવા માટે મોકલ્યા. રસુલે ખુદા (સ.અ.વ.) તશરીફ લાવ્યા. જ. ફાતેમા ઝહરા (સ.અ.) એ ફરમાવ્યુંઃ અય પિતા! અલ્લાહ તઆલાએ ખાવા માટે થોડોક ખોરાક મોકલ્યો છે જેને મેં તમારા માટે રાખ્યો છે.

રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ લાવો બેટી, જોઈએ કે અલ્લાહ તઆલાએ શું મોકલ્યું છે?

હ. ફાતેમા ઝહરા (સ.અ.) એ ટોકરી ખોલીને જોયુ તો આખી ટોકરી રોટીઓ અને ગોશતથી ભરેલી હતી. આ જોઈને આપને સંપૂર્ણ યકીન થઈ ગયુ કે ખરેખર અલ્લાહ તઆલા તરફથી જ છે અને આપે અલ્લાહનો શુક્ર અદા કર્યો અને પોતાના પિતા ઉપર સલવાત મોકલી અને તેને લઈને રસુલે ખુદા (સ.અ.વ.)ની પાસે આવ્યા. રસુલે ખુદા (સ.અ.વ.) એ પણ અલ્લાહનો શુક્ર અદા કર્યો અને પુછયુંઃ બેટી! તમે તો કહેતા હતા કે થોડુક ખાવાનું છે. આ તો ઘણા પ્રમાણમાં છે.

જ. ફાતેમા ઝહરા (સ.અ.) એ ફરમાવ્યુંઃ હા પિતા. કારણ કે આ અલ્લાહ તરફથી આવેલુ છે. બેશક અલ્લાહ જેને ચાહે છે તેને બેહિસાબ રીઝક અતા કરે છે.

પછી રસુલે ખુદા (સ.અ.વ.) એ હ. અલી (અ.સ.)ને બોલાવ્યા. ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.) ને પણ બોલાવ્યા. બધાએ ભેગા મળીને જમવાનું જમ્યું અને તમામ પત્નિઓને પણ ખવરાવ્યું.

હ. ફાતેમા (સ.અ.) ફરમાવે છે કે એટલા લોકોએ ખાવાનું ખાધું તે છતાં તે ટોકરીમાં કાંઈ કમી ન થઈ અને ખાવાનું એમજ ભરેલું હતું.

ત્યારે મેં મારા પાડોશીઓને પણ તે ખાવાનું ખવરાવ્યું. અલ્લાહ તઆલાએ તેમાં ખુબ બરકત અતા ફરમાવી.

(અલખરાએજ વલ જરાએહ)

## ૨૭) જન્નતના ખોરાકનું આવવું અને શૈતાનનો સવાલઃ

હ. અમીરૂલ મોઅમેનીન (અ.સ.)થી રિવાયત છે કે એક વખત હ. ફાતેમા ઝહરા (સ.અ.)ની તબીયત સારી ન હતી. રસુલે ખુદા (સ.અ.વ.) તેમની અયાદત માટે તશરીફ લાવ્યા. તેમની દીકરી પાસે બેસી ગયા અને પુછ્યુઃ બેટી! તમને કેમ છે? જ. ઝહરા (સ.અ.) એ ફરમાવ્યુંઃ અય પિતા! અત્યારે કોઈ સારી ચીઝ ખાવાનું મન થાય છે.

આ સાંભળીને રસુલે ખુદા (સ.અ.વ.) ઘરની અંદરથી એક થાળ ઉઠાવીને આવ્યા જેમાં મુનક્કા, પનીર, મીઠી રોટલી અને દ્રાક્ષના ઝુમખા હતા અને હ. ફાતેમા (સ.અ.)ની સામે રાખી દીધા. પછી રસુલે ખુદા (સ.અ.વ.) એ તેના પર બિસ્મિલ્લાહ પડીને ફુકી દીધું અને ફરમાવ્યુંઃ આવો આપણે બધા મળીને ખાઈએ.

પછી રસુલે ખુદા (સ.અ.વ.)ની સાથે જ. ફાતેમા (સ.અ.), હ. અલી (અ.સ.), ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.) એ ખાવાનું શરૂ કર્યું. એટલામાં કોઈએ દરવાજા પર આવીને સવાલ કર્યો અને બોલ્યોઃ 'અસ્સલામો અલયકુમ' અલ્લાહ તઆલાએ જે રિઝક તમને આપ્યું છે તેમાંથી મને પણ કાંઈક ખવરાવો.

જ. રસુલે ખુદા (સ.અ.વ.)એ ગુસ્સાથી કહ્યુંઃ દૂર થઈ જા શૈતાન.

જ. ફાતેમા (સ.અ.) એ ફરમાવ્યુંઃ બાબા! તમે તો કયારેય કોઈ ફકીરને આ રીતના ગુસ્સો કરી ભગાડતા નથી, આજે શું વાત છે?

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ બેટી! આ શૈતાને મરદુદ હતો. જ્યારે જીબ્રઈલે અમીન જન્નતથી આ ખાવાનું તમારા માટે લાવ્યા

તો શૈતાન મરદુદે ચાહ્યું કે આમાથી તેને પણ કાંઈક મળી જાય પરંતુ તે તેનો હકદાર નથી.

(મિસ્બાહુલ અન્વાર)

## ૨૮) આપ (સ.અ.)ની સખ્ત ભુખ રસુલે ખુદા (સ.અ.વ.)ને મંજુર ન હતીઃ

ઈમરાન બિન હસીનનું બયાન છે કે હું એક વખત જ. રસુલે ખુદા (સ.અ.વ.)ની ખિદમતમાં બેઠો હતો કે ત્યાં જ. ફાતેમા ઝહરા (સ.અ.) તશરીફ લાવ્યા. સખ્ત ભુખના લીધે તેમનો ચહેરો બદલાઈ રહ્યો હતો.

રસુલે ખુદા (સ.અ.વ.) એ જોયું અને ફરમાવ્યુંઃ બેટા! નઝદીક આવો. જ્યારે જ. ફાતેમા (સ.અ.) નઝદીક ગયા તો રસુલે ખુદા (સ.અ.વ.) એ દોઆ કરીઃ અય ભૂખ્યાને ખવરાવવાવાળા પરવરદિગાર! એ પસ્તીવાળાને બલંદી અતા કરવાવાળા! ફાતેમા (સ.અ.)ની ભૂખની શિદ્દતને ખત્મ કરી દે.

રાવીનું બયાન છે કે આ દોઆ પછી મેં જોયુ કે જ. ફાતેમા ઝહરા (સ.અ.) જેઓ હજી નાના હતા, તેમનો ચહેરો જે પીળો હતો તે લાલીમાં બદલાય ગયો અને ચહેરા પર લોહી દોડવા લાગ્યું અને તેઓ એકદમ તાજા નઝર આવવા લાગ્યા. ખુદ જ. ફાતેમા (સ.અ.)નું બયાન છે કે તેના પછી મને કયારેય ભુખની શિદ્દતે આ રીતે પરેશાન નથી કરી.

(અલ ખરાએજ અલ જરાએહ)

## ૨૯) રસુલ (સ.અ.વ.)ની ઔલાદ માટે હદીસઃ

મુસા બિન ઈસ્માઈલે પોતાના પિતાથી અને તેણે હ. મુસા ઈબ્ને જઅફર (અ.સ.)થી અને તેઓએ પોતાના પવિત્ર બાપ-દાદાથી રિવાયત કરી છે કે હ. અલી (અ.સ.)નું બયાન છે એક વખત જ. રસુલે ખુદા (સ.અ.વ.) પોતાની દીકરી જ. ફાતેમા (સ.અ.)ની પાસે હતા. ત્યાં

દરવાજા પર એક સાઈલે અવાઝ આપી. જ. ફાતેમા ઝહરા (સ.અ.) એ પોતાના ગળામાંથી હાર ઉતાર્યો અને સાઈલને આપી દીધો.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ અય ફાતેમા (સ.અ.)! આપણા બન્નેની આદતો અને ખસલતો એકબીજાને મળતી છે.

ત્યાર પછી ફરમાવ્યુંઃ જે અમારી ઔલાદને નુકશાન પહોંચાડશે અથવા અમારૂ લોહી વહાવશે તેના પર મારો અને અલ્લાહ તઆલાનો ગઝબ નાઝીલ થશે.

(અમાલીએ શૈખે સદુક અ.ર.)

કશ્ફુલ ગુમ્મામાં પણ ઈમામ મુસા ઈબ્ને જાફર (અ.સ.)થી આવી જ એક રિવાયત નકલ થયેલ છે. તફસીરે અલી બિન ઈબ્રાહીમમાં છે કે આયતે મુબારેકા

إِنَّ الَّذِينَ يُؤْذُونَ اللهَ وَ رَسُولَهُ لَعَنَهُمُ اللهُ فِي الدُّنْيَا وَ الْآخِرَةِ وَ أَعَدَّ لَهُمْ عَذَاباً مُهِيناً

"બેશક જે લોકો અલ્લાહને તેના રસુલને અઝીયત પહોંચાડે છે તેના પર દુનિયા અને આખેરતમાં અલ્લાહની લઅનત છે અને તેમના માટે ઝલીલ કરનારો અઝાબ તૈયાર કરી રાખ્યો છે."

(સુરએ અહઝાબ, ૫૭)

આ આયત તે લોકો માટે નાઝીલ થઈ છે જેઓએ અમીરૂલ મોઅમેનીન (અ.સ.)નો હક ગસ્બ કર્યો, જ. ફાતેમા ઝહરા (સ.અ.)નો હક છીનવી લીધો અને તેઓને નુકશાન પહોંચાડયું. એટલા માટે કે નબી (સ.અ.વ.)નો ઈરશાદ છેઃ જેણે જ. ફાતેમા ઝહરા (સ.અ.)ને મારી હયાતીમાં નુકશાન પહોંચાડયુ તો તે એવું છે જાણે તેણે તેમને મારી મૌત પછી નુકશાન પહોંચાડયું અને જેણે તેમને મારી મૌત પછી નુકશાન પહોંચાડયુ તો તે એવું છે કે જાણે તેણે રસુલે ખુદા (સ.અ.વ.) ને પોતાની હયાતીમાં નુકશાન પહોંચાડયું અને જેણે જ. ફાતેમા ઝહરા

(સ.અ.)ને નુકશાન પહોંચાડયું તેણે મને નુકશાન પહોંચાડયું અને જેણે મને નુકશાન પહોંચાડયું તેણે અલ્લાહને નુકશાન કર્યું. એટલા માટે કે અલ્લાહ તઆલા કુરઆને મજીદમાં ફરમાવે છેઃ

إِنَّ الَّذِينَ يُؤْذُونَ اللَّهَ وَرَسُولَهُ .........

(સૂરએ અહઝાબ, ૫૭)

(તફસીરે અલી બિન ઈબ્રાહીમ)

## ૩૦) હ. અલી (અ.સ.)ની ગીરફતારી અને આપ (સ.અ.)ની ફરિયાદઃ

અબુ જાફર તુસીએ પોતાની કિતાબ ઈખ્તેયારૂર રેજાલમાં ઈમામ જઅફરે સાદિક (અ.સ.) અને જ. સલમાને ફારસીથી આ રિવાયત નકલ કરી છે કે જયારે હ. અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ને આપના ઘરમાંથી બહાર કાઢીને લઈ જવામાં આવ્યા તો જ. ફાતેમા ઝહરા (સ.અ.) હ. અલી (અ.સ.)ની પાછળ પાછળ રસુલે ખુદા (સ.અ.વ.)ની કબ્ર સુધી આવ્યા અને ફરમાવ્યુંઃ અય લોકો! અલી (અ.સ.)ને છોડી દો. તે ઝાતની કસમ જેણે મોહમ્મદ (સ.અ.વ.)ને હકની સાથે મોકલ્યા છે અગર તમે અલી (અ.સ.)ને ન છોડયા તો હું મારા વાળને ખોલી દઈશ અને રસુલે ખુદા (સ.અ.વ.)ના કપડાને પોતાના માથા પર રાખીને અલ્લાહની બારગાહમાં ફરિયાદ કરીશ અને યાદ રાખો કે જ. સાલેહની ઉંટણી અલ્લાહની નઝદીક મારા બાળકોથી વધારે બહેતર નથી.

હ. સલમાનનું બયાન છે કે હજી જ. ઝહરા (સ.અ.)એ એટલુંજ ફરમાવ્યું હતું કે મેં જોયું મસ્જીદે નબવીની દિવાલો પાયાથી ઉખડી હવા પર લટકાઈ ગઈ અને એટલી ઉંચી થઈ કે એક ઈન્સાન તેની નીચેથી આસાનીથી પસાર થઈ શકતો હતો. આ જોઈને હું તેમની નઝદીક ગયો અને અર્ઝ કરી કે બિન્તે રસુલ! તમારા પિતાને અલ્લાહ તઆલાએ

આલમીન માટે રહેમત બનાવીને મોકલ્યા છે અને તમે તેઓના માટે અઝાબની દોઆ ન કરો. આ સાંભળીને શેહઝાદીએ બદદોઆથી દુર રહ્યા. ત્યારબાદ મસ્જીદની દિવાલો જમીન પર એ રીતના બેઠી કે તેના બેસવાથી ધુળ ઉડી જે અમારા નાક સુધી પહોંચી.

## ૩૧) કયામતના દિવસે મુલાકાતઃ

આમાલીમાં છે કે જાબીર બિન અબ્દુલ્લાહ અન્સારીએ હ. અલી (અ.સ.)થી રિવાયત કરી કે એક વખત હ. ફાતેમા ઝહરા (સ.અ.) એ રસુલે ખુદા (સ.અ.વ.)ને ફરમાવ્યુંઃ અય મારા પિતા! કયામતનો દિવસ તો ખુબજ ભયાનક હશે અને મોટો મજમો હશે. લોકો ચીખો પુકાર કરતા હશે. આ માહોલમાં તમે મને કઈ જગ્યાએ મળશો?

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ અય મારી લખ્તે જીગર દીકરી, નુરે નઝર ફાતેમા (સ.અ.)! હું એ દિવસે જન્નતના દરવાજા ઉપર મળીશ. મારા પાસે લેવાઉલ હમ્દ હશે. હું એ વખતે મારી ઉમ્મતની શફાઅત કરી રહ્યો હઈશ.

હ. ફાતેમા ઝહરા (સ.અ.) એ ફરમાવ્યુંઃ મારા પિતા! કદાચ તમે મને ત્યાં ન મળો તો પછી હું તમને કયા જોવ?

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ અગર હું ત્યાં ન મળી શકું તો હૌઝે કૌસર પર પહોંચી જજો. ત્યાં હું મારી ઉમ્મતને પાણી પીવરાવતો હઈશ.

જ. ફાતેમા (સ.અ.)એ ફરમાવ્યુંઃ અય મારા પિતા! અગર તમે ત્યાં પણ ન મળ્યા તો પછી તમે મને કયા મળશો?

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ તો પછી મને પુલે સેરાત પર જોઈ લેજો. હું ત્યાં ઉભો રહીને કહેતો હોઈશઃ અય પરવરદિગાર! મારી ઉમ્મત સલામત રહે.

હ. ફાતેમા ઝહરા (સ.અ.)એ ફરમાવ્યુંઃ અગર તમે મને ત્યાં પણ ન મળો તો?

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ તો પછી મિઝાનના મૌકા પર જો જો. હું ત્યાં મારી ઉમ્મતની સલામતીની દોઆ કરી રહ્યો હઈશ.

હ. ફાતેમા (સ.અ.)એ ફરમાવ્યુંઃ અગર તમે ત્યાં પણ ન મળ્યા તો?

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ તો જહન્નમના કિનારે જોઈ લે જો હું મારી ઉમ્મતને જહન્નમના ભડકા અને એના નુકસાનથી બચાવી રહ્યો હઈશ.

આ સાંભળી જ. ફાતેમા (સ.અ.) ખુશ થયા.

અલ્લાહ તેમના પર, તેમના મહાન પિતા પર, તેમના શૌહર પર, તેમની પવિત્ર ઔલાદ પર પોતાની રહેમત નાઝીલ ફરમાવે.

(અમાલીએ શૈખે સદુક અ.ર., કશ્ફુલ ગુમ્માહ)

## ૩૨) સ્ત્રીઓ માટે સૌથી અફઝલ વાતઃ

હ. અલી (અ.સ.)થી રિવાયત છે એક દિવસ હું રસુલે ખુદા (સ.અ.વ.)ની બેઠકમાં મૌજુદ હતો. તેમાં વાતચીતમાં રસુલે ખુદા (સ.અ.વ.) એ પુછયુંઃ બતાવો કે ઔરતો માટે શું બેહતર છે? અમે તેના જવાબ દેવામાં લાચાર થઈ ગયા.

પરંતુ જ્યારે હું મારા ઘરે ગયો તો જ. ફાતેમા (સ.અ.)ને આ સવાલ કર્યો.

ફાતેમા (સ.અ.) એ ફરમાવ્યુંઃ અય અબુલ હસન! આનો જવાબ એ છે કે ઔરતો માટે આનાથી વધારે અફઝલ કોઈ વાત નથી કે તે કોઈ નામહેરમને ન જોવે અને કોઈ નામહેરમ તેણીને ન જોવે.

હ. અલી (અ.સ.) ફરમાવે છે કે જ્યારે હું બીજી વાર રસુલે ખુદા (સ.અ.વ.)ની ખિદમતમાં પહોંચ્યો તો ફરમાવ્યુંઃ યા રસુલુલ્લાહ!

સ્ત્રીઓ માટે સૌથી બહેતર એ છે કે ન તે કોઈ નામહેરમને જોવે અને ન કોઈ નામહેરમ તેણીને જોવે.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું: આ જવાબ તમને કોણે બતાવ્યો?

હ. અલી (અ.સ.) એ ફરમાવ્યું: ફાતેમા ઝહરા (સ.અ.) એ.

રસુલે ખુદા (સ.અ.વ.)ને આ જવાબ ખુબજ પસંદ આવ્યો અને ફરમાવ્યું:

فَاطِمَةُ بِضْعَةٌ مِّنِّى

કેમ નહિ, ફાતેમા મારોજ એક ભાગ છે.

કશ્ફુલ ગુમ્માહમાં અબુ સઈદથી પણ આના જેવી રિવાયત છે.

(કિતાબ કશ્ફુલ ગુમ્માહ, ભાગ-૨, પા. ૨૬-૨૯)

આમાલીએ શૈખે સદુકમાં પણ અબુ સઈદની આ જ રિવાયત પોતાની સનદોની સાથે નકલ છે.

## ૩૩) મોઅમીનોને ત્રણ વાતનો લેહાઝ રાખવો જોઈએ:

ઝોરારાએ હ. ઈમામ જઅફરે સાદિક (અ.સ.)થી રિવાયત કરી છે કે એક વખત હ. ફાતેમા ઝહરા (સ.અ.) પોતાના પવિત્ર પિતાની પાસે આવ્યા અને તેને હાલતની તંગીની શિકાયત કરી.

રસુલે ખુદા (સ.અ.વ.) એ જ. ફાતેમા ઝહરા (સ.અ.)ને ખજુરના પાંદડા પર લખેલું એક લખાણ આપ્યું જેના પર નીચે મુજબ વાકયો લખેલા હતા.

૧) જે શખ્સ અલ્લાહ અને કયામતના દિવસ ઉપર ઈમાન રાખતો હોય તેના પર જરૂરી છે કે પોતાના પાડોશીને ન સતાવે.

૨) જે શખ્સ અલ્લાહ અને કયામતના દિવસ પર ઈમાન રાખતો હોય તેના પર જરૂરી છે કે પોતાના મહેમાનની ઈઝઝત કરે.

૩) જે શખ્સ અલ્લાહ અને કયામતના દિવસ પર ઈમાન રાખતો હોય તેના પર જરૂરી છે કે ભલાઈની વાત હોય તે જ બોલે નહિતર ચૂપ રહે. (કાફી)

## ૩૪) આયાતનું શાને નુઝુલઃ

૧) કિતાબ મનાકીબ ઈબ્ને શેહરે આશુબમાં રિવાયત છે કે ખરકોશી એ પોતાની કિતાબ 'લવામેઅ' અને શરફુલ મુસ્તફામાં પોતાની સનદોની સાથે સલમાનથી અબુ બક્ર શીરાઝીએ પોતાની કિતાબમાં અબુ સાલેહથી, અબુ ઈસ્હાક શોઅલબી અને અલી બિન એહમદ તાઈલ અને અબુ મોહમ્મદ હસન ઈબ્ને અલવીય કેતાન એ પોત પોતાની તફસીરોમાં સઈદ બિન ઝુબેર અને સુફયાન સોરીથી અને હાફીઝ અબુ નઈમે પોતાની કિતાબ 'ફી મા નઝલ મીનલ કુરઆને ફી અમીરીલ મોઅમેનીન'માં હમ્માદથી તેણે સાબિતથી તેણે અનસથી તેણે અબુ માલીકથી તેણે ઈબ્ને અબ્બાસથી અને કાઝીએ સુફયાન બિન અયનીયથી તેણે હ. ઈમામ જઅફરે સાદિક (અ.સ.)થી રિવાયત કરી છે કે ઈમામ (અ.સ.) એ આ આયત

مَرَجَ الْبَحْرَيْنِ يَلْتَقِيَانِ

તેણે બે દરિયા વહાવ્યા જેઓ આપસમાં મળે છે.

(સૂરએ રહમાન, આ. ૧૯)

ની તફસીરમાં ઈરશાદ ફરમાવે છે કે હ. અલી (અ.સ.) અને જ. ફાતેમા (સ.અ.) બે ઉંડા દરિયા છે જે એકબીજાથી બગાવત નથી કરતા (અને ન તો એક બીજા પર હાવી થવાની કોશિશ કરે છે.)

૨) એક બીજી રિવાયતમાં છેઃ

بَيْنَهُمَا بَرْزَخٌ

આની વચ્ચે એક દિવાલ છે.

(સૂરએ રહમાન, આ. ૨૦)

આનાથી મુરાદ રસુલે ખુદા (સ.અ.વ.)ની પવિત્ર ઝાત છે. (જેનાથી આ બન્ને તજાવુઝ નથી કરતા).

يَخْرُجُ مِنْهُمَا اللُّؤْلُؤُ وَ الْمَرْجَانُ

તે બન્નેમાંથી નાના અને મોટા મોતી નીકળે છે.

(સુરએ રહમાન, આ. ૨૨)

આ આયતથી મુરાદ ઈ. હસન (અ.સ.) અને ઈ. હુસૈન (અ.સ.) છે.

૩) કુરઆને મજીદની આયત

فَاسْتَجَابَ لَهُمْ رَبُّهُمْ أَنِّي لَا أُضِيعُ عَمَلَ عَامِلٍ مِنْكُمْ مِنْ ذَكَرٍ أَوْ أُنْثَى

બસ તેના પરવરદિગારે તેમની દોઆ કબુલ કરી (આ ફરમાવતા કહ્યું) બેશક હું તમારામાંથી કોઈ અમલ કરવાવાળાને અમલને બરબાદ નથી કરતો ચાહે તે મર્દ હોય કે ઔરત.

(સુરએ આલે ઈમરાન, આ. ૧૯૫)

ની તફસીરમાં અમ્માર બિન યાસીર કહે છે કે આ આયતમાં ذَكَرٍ (મર્દ)થી મુરાદ હ. અલી (અ.સ.) છે أُنْثَى (સ્ત્રી)થી મુરાદ જ. ફાતેમા (સ.અ.) છે. આ આયત એ વખત નાઝીલ થઈ જ્યારે હ. અલી (અ.સ.) અને જ. ફાતેમા (સ.અ.) મક્કાથી હિજરત કરીને રસુલે ખુદા (સ.અ.વ.)ની પાસે મદીનામાં આવ્યા.

૪) હ. ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) એ ઈરશાદ ફરમાવ્યું કે કુરઆને મજીદની આયત

وَ مَا خَلَقَ الذَّكَرَ وَ الْأُنْثَى

અને કસમ છે એની જેણે નર અને માદા (મર્દ અને ઔરત) પૈદા કર્યા.

(સૂરએ લય્લ, આ. ૩)

ذَّكَر (મર્દ)થી મુરાદ હ. અલી અમીરૂલ મોઅમેનીન (અ.સ.) أُنثٰی (સ્ત્રી)થી મુરાદ જ. ફાતેમા ઝહરા (સ.અ.) છે અને

صَدَّقَ بِالْحُسْنٰى (સૂરએ લય્લ, આ. ૬) અને નેક વાતોની તસ્દીક (અમલ કરીને) કરીથી મુરાદ એ છે કે અલી (અ.સ.) એ રોઝો રાખીને નઝર પૂરી કરી અને હાલતે રૂકુમાં અંગુઠીનો સદકો આપ્યો. જ. મીકદાદને દીનાર આપીને ઈસાર (કુરબાની)થી કામ લીધું અને આ પણ મુરાદ છે કે હ. અલી (અ.સ.) એ જન્નત અને ખુદાના સવાબને કબુલ કર્યો.

فَسَنُيَسِّرُهٗ لِلْيُسْرٰى

(સુરએ લય્લ, આ. ૭)

પછી અમે જલ્દીથી તેમના માટે રાહત અને આસાનીનું સબબ ફરાહમ કરશું એટલેકે અલ્લાહે તેમને(હ.અલી (અ.સ.)) ઈમામ બનાવી દીધા અને બીજા પવિત્ર અઈમ્મા (અ.મુ.સ.)ના પિતા બનાવી દીધા (સુબ્હાન અલ્લાહ કેટલો મોટો શરફ હાંસીલ થયો).

૫) હ. ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) આયત

وَلَقَدْ عَهِدْنَا إِلٰى آدَمَ مِنْ قَبْلُ

અને ખરેખર અમે તેના પહેલા હ. આદમ (અ.સ.)થી વાયદો લીધો.

(સૂરએ તાહા, આ. ૧૧૫)

ના બારામાં ઈરશાદ ફરમાવે છે તે વાયદો મોહમ્મદ (સ.અ.વ.), હ. અલી (અ.સ.) અને હ. ફાતેમા (સ.અ.) અને ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.) અને અઈમ્માએ તાહેરીનના બારામાં લેવામાં આવ્યો હતો જે તે હઝરાતની ઔલાદોમાંથી છે.

૬) કાઝી અબુ મોહમ્મદ કરખીએ પોતાની કિતાબમાં હઝરત ઈમામ જઅફરે સાદિક (અ.સ.)થી રિવાયત કરી કે ઈમામ જઅફરે સાદિક

(અ.સ.) એ ફરમાવ્યુંઃ હ. ફાતેમા ઝહરા (સ.અ.)નું બયાન છે કે આ આયતઃ

لَا تَجْعَلُوا دُعَاءَ الرَّسُولِ بَيْنَكُمْ كَدُعَاءِ بَعْضِكُمْ بَعْضاً

અને રસુલે ખુદા (સ.અ.વ.)ને બોલાવાને આપસમાં એકબીજાને બોલાવું ન સમજો.

(સૂરએ નૂર, આ. ૬૩)

કારણકે રસુલે ખુદા (સ.અ.વ.)નું બોલાવું અલ્લાહનું બોલાવું છે અને તમે રસુલે ખુદા (સ.અ.વ.)ને એમ ન બોલાવો જેમ તમે આપસમાં એકબીજાને બોલાવો છો.

તફસીરે બુરહાનમાં જ. ફાતેમા ઝહરા (સ.અ.) ફરમાવે છે કે જ્યારે મારા આકા અને મારા સૈયદ મારા શૌહર હ. અલી (અ.સ.) આ આયતની તિલાવત કરી (તો હું ડરી ગઈ) અને જ્યારે મેં તેમના પછી મારા પિતાની ખિદમતમાં ગઈ તો એ મારા પિતા બોલાવવાની બદલે બોલાવવા લાગી 'યા રસુલુલ્લાહ!' કહીને બોલાવા લાગી. રસુલે ખુદા (સ.અ.વ.) એ એક વખત તો કાંઈ ન ફરમાવ્યું. આના પછી ફરમાવ્યુંઃ અય ફાતેમા! આ આયત ન તો તમારી માટે નાઝીલ થઈ છે અને ન તમારી ઔલાદ અને ન તમારા ઘરવાળાઓ માટે (આ માટે કે તમે મારાથી અને હું તમારાથી છું). પરંતુ આ આયત તો ખરાબ સ્વભાવવાળા અરબો માટે નાઝીલ થઈ છે.

તેથી અય બેટી! તમે મને પિતા કહીને જ બોલાવો

فَإِنَّهَا أَحْيَا لِلْقَلْبِ وَأَرْضَى لِلرَّبِّ

આ માટે કે આ મારી માટે સૌથી વધારે દિલને ખુશ કરવાવાળી અને સૌથી વધારે અલ્લાહની રઝાનું કારણ છે.

૭) અને કાઝીનતનઝી એ પણ લખ્યું કે કુરઆને મજીદમાં અલ્લાહ તઆલા ૧૨ સ્ત્રીઓનો ઈશારામાં ઝીક્ર કર્યો છે.

૧) હઝરત હવ્વાનો ઝીક્ર

اُسْكُنْ أَنْتَ وَزَوْجُكَ الْجَنَّةَ

અય આદમ! તમે અને તમારી પત્નિ જન્નતમાં (ચેનથી) રહો.

(સૂરએ બકરહ, આ. ૩૫)

૨-૩) હ. નુહ (અ.સ.) અને હ. લુત (અ.સ.)ની પત્નિનો ઝીક્ર

ضَرَبَ اللّٰهُ مَثَلًا لِلَّذِينَ كَفَرُوا امْرَأَتَ نُوحٍ وَ امْرَأَتَ لُوطٍ

જે લોકોએ કુફ્રને અપનાવ્યું અલ્લાહ તેના માટે હ. નુહ (અ.સ.) અને હ. લુત (અ.સ.)ની પત્નિની મિસાલ બયાન કરે છે.

(સૂરએ તેહરીમ, આ. ૧૦)

૪) જ. આસીયા ફીરઔનના પત્નિનો ઝીક્ર

إِذْ قَالَتْ رَبِّ ابْنِ لِي عِنْدَكَ بَيْتاً فِي الْجَنَّةِ

જ્યારે તેણે કીધું અય મારા પરવરદિગાર! મારી માટે તારી પાસે જન્નતમાં એક મકાન બનાવી દે.

(સૂરએ તેહરીમ, આ. ૧૧)

૫) જ. ઈબ્રાહીમ (અ.સ.)ની પત્નિનો ઝીક્ર

وَ امْرَأَتُهُ قَائِمَةٌ

અને તેમના પત્નિ ઉભા હતા.

(સૂરએ હુદ, આ. ૭૧)

૬) જ. ઝકરીયા (અ.સ.)ની પત્નિનો ઝીક્ર:

وَ أَصْلَحْنَا لَهُ زَوْجَهُ

અમે તેમના પત્નિને તેમના માટે સાલેહ બનાવી દીધા.

(સૂરએ અંબીયા, આ. ૯૦)

૭) ઝુલેખાનો ઝીક્ર

الْآنَ حَصْحَصَ الْحَقُّ

હવે તો હક સ્પષ્ટ થઈ જ ગયું છે.

(સૂરએ યુસુફ, આ. ૫૧)

૮) જ. અય્યુબ (અ.સ.)ની પત્નિનો ઝીક્ર

وَآتَيْنَاهُ أَهْلَهُ

અમે તેમને તેમના બાલ બચ્ચાઓ આપ્યા.

(સૂરએ અંબીયા, આ. ૮૪)

૯) જ. બીલ્કીસનો ઝીક્ર

إِنِّي وَجَدتُّ امْرَأَةً تَمْلِكُهُمْ

બેશક મેં એક ઔરતને તે લોકો ઉપર હુકુમત કરતા પામ્યા.

(સૂરએ નમ્લ, આ. ૨૩)

૧૦) જ. મુસા (અ.સ.)ની પત્નિનો નો ઝીક્ર

إِنِّي أُرِيدُ أَنْ أُنكِحَكَ

બેશક હું ચાહું છું કે તમારી સાથે નીકાહ કરી આપુ.

(સૂરએ કસસ, આ. ૨૭)

૧૧) આએશા અને હફશાનો ઝીક્ર

وَإِذْ أَسَرَّ النَّبِيُّ إِلَىٰ بَعْضِ أَزْوَاجِهِ حَدِيثاً

જ્યારે નબીએ પોતાની કોઈ પત્નિને રાઝની વાત કહી.

(સૂરએ તેહરીમ, આ. ૩)

૧૨) હઝરત ખદીજા (સ.અ.)નો ઝીક્ર

وَوَجَدَكَ عَائِلًا

અમે તમને માલદાર બનાવી દીધા જ્યારે કે તમે માલદાર ન હતા.

(સૂરએ ઝોહા, આ. ૮)

૧૩) હ. ફાતેમા ઝહરા (સ.અ.)નો ઝીક્ર

مَرَجَ الْبَحْرَيْنِ

તેમણે બે દરીયા વહાવ્યા છે.

(સૂરએ રહમાન, આ. ૧૯)

૮) પછી તે સ્ત્રીઓની સિફતો, ખુબી બયાન કરીઃ

૧) હ. હવા (સ.અ.)ની તૌબા

قَالَا رَبَّنَا ظَلَمْنَا

તેઓ બંનેએ કહ્યું અય મારા પરવરદિગાર! અમે ઝુલ્મ કર્યો.

(સૂરએ અઅરાફ, આ. ૨૩)

૨) જ. આસીયા (ફીરઔનની પત્નિ)ની ખ્વાહીશ

رَبِّ ابْنِ لِي عِنْدَكَ بَيْتًا

જ્યારે તેણે કીધું અય મારા પરવરદિગાર! મારી માટે તારી પાસે જન્નતમાં એક મકાન બનાવી દે.

(સૂરએ તહેરીમ, આ. ૧૧)

૩) હ. સારાની ઝિયાફત

وَامْرَأَتُهُ قَائِمَةٌ

અને તેમના પત્નિ ઉભા હતા.

(સૂરએ હુદ, આ. ૭૧)

૪) જ. બીલ્કીસની અકલ

إِنَّ الْمُلُوكَ إِذَا دَخَلُوا قَرْيَةً

(જ. બીલ્કીસે કહ્યું) બેશક જ્યારે બાદશાહો કોઈ વસ્તીમાં દાખલ થાય છે......

(સૂરએ નમ્લ, આ. ૩૪)

૫) જ. મુસાની પત્નિની હયા (શરમ)

فَجَاءَتْهُ إِحْدَاهُمَا تَمْشِي

પછી તે બંને માંથી એક લાજ કાઢતી તેની પાસે આવી.

(સૂરએ કસસ, આ. ૨૫)

૬) જ. ખદીજા (સ.અ.)નો એહસાન

وَوَجَدَكَ عَائِلًا

અમે તમને માલદાર બનાવી દીધા જ્યારે કે તમે માલદાર ન હતા.

(સૂરએ ઝોહા, આ. ૮)

૭) આએશા અને હફશાની માટે ઠપકો

يَا نِسَاءَ النَّبِيِّ لَسْتُنَّ كَأَحَدٍ

અય નબીની પત્નીઓ! તમે બીજી સ્ત્રીઓ જેવી નથી.

(સૂરએ અહઝાબ, આ. ૩૨)

૮) જ. ફાતેમા ઝહરા (સ.અ.)ની ઈસ્મત

وَنِسَاءَنَا وَنِسَاءَكُمْ

અને અમે અમારી બેટીઓને બોલાવીએ અને તમે તમારી બેટીઓને બોલાવો

(સૂરએ આલે ઈમરાન, આ. ૬૧)

૯) પછી અલ્લાહ તઆલાએ ૧૦ ચીઝો ૧૦ સ્ત્રીઓને આપી.

૧) જ. હવ્વા જે હ. આદમ (અ.સ.)ની પત્નિની તૌબા આપી.

૨) જ. સારા જે જ. ઈબ્રાહીમ (અ.સ.)ના પત્નિને જમાલ (ખુબસુરતી) આપી.

૩) હ. રેહમત જે હ. અય્યુબ (અ.સ.)ના પત્નિ છે તેને ઈફ્ફત (પાક દામની) આપી.

૪) હ. આસીયા જે ફીરઔનની પત્નિ છે તેને હુરમત આપી.

૫) હ. ઝુલેખા હ. યુસુફ (અ.સ.)ના પત્નિને હિકમત આપી.

૬) હ. બીલ્કીસ જે જ. સુલૈમાન (અ.સ.)ના પત્નિ હતા તેને અક્કલ આપી.

૭) હ. બરખાના જે જ. મુસા (અ.સ.)ના માતા હતા તેને સબ્ર આપી.

૮) જ. મરીયમ (સ.અ.) જે જ. ઈસા (અ.સ.)ના માતા છેતેને સિફત આપી.

૯) જ. ખદીજા (સ.અ.) જે રસુલે ખુદા (સ.અ.વ.)ના પત્નિ હતા તેમને રઝા અને ખુશ્નુદી આપી.

૧૦) જ. ફાતેમા ઝહરા (સ.અ.) કે જે હ. અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ના પત્નિ છે તેમને ઈલ્મ આપ્યું.

૧૦) પછી અલ્લાહ તઆલાએ ૧૦ શખ્સોની દોઆ કબુલ કરી જેનો ઝીક્ર કુરઆને મજીદમાં કર્યો છે:

૧) હ. નુહ (અ.સ.)ની

وَلَقَدْ نَادَانَا نُوحٌ فَلَنِعْمَ الْمُجِيبُونَ

(સૂરએ સાફફાત, આ. ૭૫)

૨) હ. યુસુફ (અ.સ.)ની

فَاسْتَجَابَ لَهُ رَبُّهُ فَصَرَفَ عَنْهُ كَيْدَهُنَّ

(સૂરએ યુસુફ, આ. ૩૪)

૩) હ. મુસા (અ.સ.)ની

قَدْ أُجِيبَتْ دَعْوَتُكُمَا

(સૂરએ યુનુસ, આ. ૮૯)

૪) હ. યુનુસ (અ.સ.)ની

فَاسْتَجَبْنَا لَهُ

(સૂરએ અંબીયા, આ. ૮૮)

૫) હ. અય્યુબ (અ.સ.)ની

فَاسْتَجَبْنَا لَهُ فَكَشَفْنَا مَا بِهِ مِنْ ضُرٍّ

(સૂરએ અંબીયા, આ. ૮૪)

૬) હ. ઝકરીયા (અ.સ.)ની

فَاسْتَجَبْنَا لَهُ وَوَهَبْنَا لَهُ يَحْيَى

(સૂરએ અંબીયા, આ. ૯૦)

૭) મોમીન અને મુખલીસ માટે

ادْعُونِي أَسْتَجِبْ لَكُمْ

(સૂરએ મોઅમીન, આ. ૬૦)

૮) મુઝતરીન માટે

أَمَّنْ يُجِيبُ الْمُضْطَرَّ

(સૂરએ નમ્લ, આ. ૬૨)

૯) દોઆ કરવાવાળા માટે

وَإِذَا سَأَلَكَ عِبَادِي

(સૂરએ બકરહ, આ. ૧૮૬)

૧૦) હ. ફાતેમા ઝહરા (સ.અ.) અને હ. અલી (અ.સ.) માટે

فَاسْتَجَابَ لَهُمْ رَبُّهُمْ

(સૂરએ આલે ઈમરાન, આ. ૧૯૫)

## ૩૫) લયલતુલ કદ્રની તફસીરઃ

સહેલ બિન એહમદ એ પોતાની સનદોની સાથે હ. અબુ અબ્દીલ્લાહ ઈ. જઅફરે સાદિક (અ.સ.)થી રિવાયત કરી કે ઈમામ (અ.સ.) એ ઈરશાદ ફરમાવ્યું કે સૂરએ કદ્રની આયત إِنَّا أَنْزَلْنَاهُ فِي لَيْلَةِ الْقَدْرِ માં لَيْلَةِ થી મુરાદ જ. ફાતેમા ઝહરા (સ.અ.) છે અને الْقَدْرِ થી મુરાદ અલ્લાહ છે. પછી જેણે જ. ફાતેમા ઝહરા (સ.અ.)ને ઓળખવાનો હક છે તે ઓળખી લીધા તો હકીકતમાં તેણે ‘લયલતુલ કદ્ર’નો મફહુમ સમજી લીધો અને જ. ફાતેમા ઝહરા

(સ.અ.)ને એટલા માટે ફાતેમા કહેવામાં આવે છે કે લોકો જ. ફાતેમા (સ.અ.)ની હકીકી મઅરેફતથી દૂર છે.

(કિતાબ તફસીરે ફુરાત, ઈબ્ને ઈબ્રાહીમ)

**૩૬) لَإِحۡدَى ٱلۡكُبَرِ ની તફસીર:**

અબુ હમઝાએ ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.)થી રિવાયત કરી છે કે ઈમામ (અ.સ.)એ અલ્લાહ તઆલાનો આ પયગામ

إِنَّهَا لَإِحۡدَى ٱلۡكُبَرِ نَذِيرًا لِّلۡبَشَرِ

(સૂરએ મુદસ્સીર, આ. ૩૫-૩૬)

બેશક આ મોટી નિશાનીઓમાંથી એક છે અને ઈન્સાનને ડરાવવાવાળી છે ના બારામાં ફરમાવ્યું કે આનાથી મુરાદ જ. ફાતેમા ઝહરા (સ.અ.) છે.

(કિતાબ તફસીરે અલી ઈબ્ને ઈબ્રાહીમ)

## ૩૭) રસુલે ખુદા (સ.અ.વ.)ને ૧૦ વાતોનો અંદેશો હતો:

કાઝી અબુ મોહમ્મદ કરખીએ આ પણ લખ્યું છે કે જ. રસુલે ખુદા (સ.અ.વ.)ને ૧૦ વાતોનો અંદેશો હતો. અલ્લાહ તઆલાએ તેમનાથી જ. રસુલે ખુદા (સ.અ.વ.)ની હિફાઝતની બશારત આપી.

૧) રસુલે ખુદા (સ.અ.વ.)ને વતનની જુદાઈની તકલીફનો અંદેશો હતો. તેના માટે કુરઆનમાં ઈરશાદ ફરમાવ્યું:

إِنَّ ٱلَّذِى فَرَضَ عَلَيۡكَ ٱلۡقُرۡءَانَ لَرَآدُّكَ إِلَىٰ مَعَادٍ

(સૂરએ કસસ, આ. ૮૫)

બેશક તે કે જેણે તારા પર કુરઆન ફર્ઝ કર્યું તે તમને તમારી મંઝેલત તરફ જરૂર પલટાવશે.

૨) રસુલે ખુદા (સ.અ.વ.)ને પોતાની પછી કુરઆનને બદલી નાખવાનો (તેહરીફ થઈ જવાનો) અંદેશો હતો. જેવી રીતે પહેલાની

અંબીયાની કિતાબોની સાથે કરવામાં આવ્યું હતું તો અલ્લાહ તઆલાએ રસુલને આમ કહીને મુતમઈન કર્યા (યકીન કરાવ્યું)

إِنَّا نَحْنُ نَزَّلْنَا الذِّكْرَ وَإِنَّا لَهُ لَحَافِظُونَ

(સૂરએ હીજ, આ. ૯)

બેશક અમે કુરઆનને નાઝીલ કર્યું અને બેશક અમેજ તેની હિફાઝત કરવાવાળા છીએ.

૩) રસુલે ખુદા (સ.અ.વ.)ને પોતાની ઉમ્મત પર અઝાબનો અંદેશો હતો. અલ્લાહ તઆલાએ ફરમાવ્યું:

وَمَا كَانَ اللهُ لِيُعَذِّبَهُمْ وَأَنْتَ فِيهِمْ

અને અલ્લાહ તેમના પર અઝાબ નહી કરશે. જ્યાં સુધી તમે તેમાં મૌજુદ છો.

(સૂરએ અનફાલ, આ. ૩૩)

૪) રસુલે ખુદા (સ.અ.વ.)ને અંદેશો હતો કે કયાંક દીને ઈસ્લામ મગ્લુબ (એના પર કોઈ હાવી) ન થઈ જાય તો ઈરશાદ થયો

لِيُظْهِرَهُ عَلَى الدِّينِ كُلِّهِ

એટલા માટે કે દીને હકને દરેક દીન પર ગાલીબ કરશે.

(સૂરએ બરાઅત, આ. ૩૩)

૫) રસુલે ખુદા (સ.અ.વ.)ને અંદેશો હતો કે મારા પછી મોઅમીનો આ દીન પર સાબીત કદમ નહી રહે તો અલ્લાહ તઆલાએ ઈરશાદ ફરમાવ્યું:

يُثَبِّتُ اللهُ الَّذِينَ آمَنُوا بِالْقَوْلِ الثَّابِتِ فِي الْحَيَاةِ الدُّنْيَا وَ فِي

الْآخِرَةِ

જે લોકો ઈમાન લાવ્યા અલ્લાહ તેમને દુનિયા અને આખેરતની ઝીંદગીમાં સાબીતથી સાબીત કદમ બનાવે છે.

(સૂરએ ઈબ્રાહીમ, આ. ૨૭)

૬) રસુલે ખુદા (સ.અ.વ.)ને પોતાના દુશ્મનોનો અંદેશો હતો. અલ્લાહ તઆલાએ ઈરશાદ ફરમાવ્યું:

يَوْمَ لَا يُخْزِى اللّٰهُ النَّبِيَّ وَ الَّذِينَ آمَنُوا

તે દિવસે અલ્લાહ નબીને અને ઈમાનવાળાઓને માયુસ નહિ કરે.

(સૂરએ તેહરીમ, આ. ૮)

૭) રસુલે ખુદા (સ.અ.વ.)ને શફાઅતની ફીક્ર હતી. અલ્લાહ તઆલાએ ફરમાવ્યું:

وَلَسَوْفَ يُعْطِيكَ رَبُّكَ فَتَرْضٰى

અને નઝદીકમાં તારો પરવરદિગાર તને એટલા પ્રમાણમાં આપશે કે તું ખુશ થઈ જઈશ.

(સૂરએ ઝોહા, આ. ૫)

૮) રસુલે ખુદા (સ.અ.વ.)ને અંદેશો હતો કે મારા પછી મારા વસીની ખિલાફ ફિત્ના બરપા થશે. તો અલ્લાહે આ આયત નાઝીલ કરી

فَإِمَّا نَذْهَبَنَّ بِكَ فَإِنَّا مِنْهُمْ مُنْتَقِمُونَ

પછી અગર અમે તને લઈ જઈએ તો પણ યકીનન અમે તેમાંથી બદલો લેવાવાળામાંથી છીએ.

(સૂરએ ઝુખરૂફ, આ. ૪૧)

૯) રસુલે ખુદા (સ.અ.વ.)ની ખ્વાહીશ હતી કે મારી ખિલાફત મારી ઔલાદમાંજ કાયમ રહે. તો અલ્લાહ તઆલાએ ઈરશાદ ફરમાવ્યું:

لَيَسْتَخْلِفَنَّهُمْ فِى الْأَرْضِ

અને તે જરૂર તેની ઝમીનમાં ખલીફા બનાવશે.

(સૂરએ નૂર, આ. ૫૫)

૧૦) જ્યારે રસુલે ખુદા (સ.અ.વ.) એ હિજરત કરી તો રસુલે ખુદા (સ.અ.વ.)ને પોતાની દુખ્તરની ફીક્ર હતી.

الَّذِينَ يَذْكُرُونَ اللَّهَ قِيَاماً وَ قُعُوداً

તેઓ કે જેઓ અલ્લાહને ઉઠતા બેઠતા (દરેક હાલત)માં યાદ કરે છે.

(સૂરએ આલે ઈમરાન, આ. ૧૯૧)

## ૩૮) ચાર મશ્હુર તૌબા કરવાવાળાઃ

તે જ કિતાબમાં આપે લખ્યું છે કે તૌબા કરવાવાળાના સરદાર ચાર થઈ ગયા છે. (સરદાર- ખુબજ તૌબા કરવાવાળા)

૧) હ. આદમ (અ.સ.)ઃ જેના બારામાં કુરઆને મજીદમાં છે કે તેઓએ આમ કહીને તૌબા કરી

رَبَّنَا ظَلَمْنَا أَنْفُسَنَا

એ અમારા પરવરદિગાર! અમે પોતાના નફસ પર ઝુલ્મ કર્યો.

(સૂરએ અઅરાફ, આ. ૨૩)

૨) હ. યુનુસ (અ.સ.)ઃ જેના માટે છે કે તેઓએ કહ્યુંઃ

سُبْحَانَكَ إِنِّي كُنْتُ مِنَ الظَّالِمِينَ

તું પાક અને પાકીઝા છો. હું ઝાલીમોમાંથી છું.

(સૂરએ અંબીયા, આ. ૮૭)

૩) હ. દાઉદ (અ.સ.)ઃ જેના માટે કુરઆનમાં છે કે

وَ خَرَّ رَاكِعاً وَ أَنَابَ

અને (ગોઠણ પર હાથ રાખીને) રૂકુમાં તૌબા કરી.

(સૂરએ સાદ, આ. ૨૪)

૪) હ. ફાતેમા ઝહરા (સ.અ.) માટે કુરઆનમાં છેઃ

الَّذِينَ يَذْكُرُونَ اللهَ قِيَاماً وَ قُعُوداً

તેઓ કે જેઓ અલ્લાહને ઉઠતા બેઠતા દરેક હાલતમાં યાદ કરે છે.

(સૂરએ આલે ઈમરાન, આ. ૧૯૧)

## ૩૯) દુનિયામાં ચાર નેક ઔરતોને ડરાવવામાં આવીઃ

૧) હ. આસીયા (ફીરઔનની પત્નિ)ને અલગ અલગ પ્રકારની તકલીફો દેવામાં આવી ત્યારે તેઓએ કહ્યુંઃ

رَبِّ ابْنِ لِي عِنْدَكَ بَيْتاً فِي الْجَنَّةِ

અય મારા પરવરદિગાર મારા માટે જન્નતમાં એક મકાન બનાવી દે.

(સૂરએ તહેરીમ, આ. ૧૧)

કારણકે હ. આસીયાને તેનો પતિ ફીરઔન એ ખુબજ વધારે તકલીફો પહોંચાડી તેના લીધે તેઓ તંગ આવી ગયા અને આ દોઆ માંગી. જેનો ઝીક્ર ઉપર આયતમાં કરવામાં આવ્યો છે.

૨) જ. મરીયમ લોકોના ખૌફથી ભાગવા લાગ્યા તો અવાઝ આવી

فَنَادَاهَا مِنْ تَحْتِهَا أَلَّا تَحْزَنِي

અને કોઈએ તેમને તેમના નીચેથી આવાઝ આપી કે ગમગીન ન થાવ.

(સૂરએ મરીયમ, આ. ૨૪)

૩) હ. ખદીજા (સ.અ.) એ રસુલે ખુદા (સ.અ.વ.) સાથે નિકાહ કર્યા તો તમામ કરાબતદારો અને સગાવ્હાલાઓ ખાસ કરીને સ્ત્રીઓએ જ. ખદીજા (સ.અ.)થી મળવાનું છોડી દીધું.

૪) હ.ફાતેમા ઝહરા (સ.અ.) જેમને રસુલે ખુદા (સ.અ.વ.) પછી એટલા પ્રમાણમાં સતાવવામાં આવ્યા કે જ. ઝહરા (સ.અ.) એ ફરમાવ્યુંઃ શું મારા પિતા રસુલ ન હતા? શું તેમની ઔલાદની હિફાઝત મુસલમાનો પર વાજીબ ન હતી? તમે લોકો કેટલા જલ્દી અમારાથી ફરી ગયા. તેના બાદ પણ ઝુલ્મ ઓછા ન થયા તો જ. ઝહરા (સ.અ.) એ પોતાના પિતાને મુખાતબ થઈને ફરમાવ્યુંઃ બાબા! તમારા પછી મારા પર

એટલા મસાએબ તમારી ઉમ્મતે આપ્યા કે અગર તે મસાએબ દિવસ પર પડત તો રાતમાં બદલાઈ જાત.

## ૪૦) દોઆએ નૂરઃ

માહેજુદદઅવાતમાં સલમાને ફારસીથી મન્કુલ છે કે તે બયાન કરે છે કે જ. રસુલે ખુદા (સ.અ.વ.)ની વફાતના દસ દિવસ બાદ હું પોતાના ઘરેથી બહાર નીકળ્યો તો ઈત્તેફાકથી રસ્તામાં હ. અલી (અ.સ.)ની મુલાકાત થઈ. જ્યારે હ. અલી (અ.સ.)ની નઝર મારા પર પડી તો ફરમાવ્યુંઃ સલમાન! તમે પણ રસુલે ખુદા (સ.અ.વ.)ની વફાત બાદ મારા પર ઝુલ્મ કર્યો.

મેં અર્ઝ કરીઃ અય મૌલા! અબુલ હસન! આ શકય જ નથી કે હું તમારા પર ઝુલ્મ કરૂ, પણ વાત એમ છે કે મારા પર જ. રસુલે ખુદા (સ.અ.વ.)ની વફાતની અસર અને ગમ લાંબો રહ્યો એટલા માટે તમારી ઝિયારતથી મહેરૂમ રહ્યો અને તમારી ખિદમતમાં હાજર ન થઈ શકયો.

હ. અલી (અ.સ.) એ ફરમાવ્યુંઃ સલમાન! ઠીક છે હવે મારી સાથે ઘરે ચાલો. જ. રસુલ (સ.અ.વ.)ની દુખ્તર તમને ખુબજ યાદ કરે છે અને તમને જન્નતનો એક તોહફો દેવા ચાહે છે.

મેં કહ્યુંઃ શું રસુલે ખુદાની વફાત બાદ પણ બિન્તે રસુલ પાસે જન્નતનો તોહફો આવે છે?

હ. અલી (અ.સ.) એ ફરમાવ્યુંઃ હા, હા. હજી ગઈ રાત્રે જ તોહફો આવ્યો છે.

જ. સલમાનનું બયાન છે કે આ સાંભળીને હું ખુબજ ઝડપથી બિન્તે રસુલના દરે દૌલત (ઘરે) પહોંચ્યો અને ઈજાઝત લઈને અંદર દાખલ થયો તો જોયુ કે જ. ઝહરા (સ.અ.) મૌજુદ છે (તશરીફ ફરમાવેલા છે) અને એક એવી ચાદર ઓઢેલી છે કે તેનાથી અગર માથુ ઢાંકે તો પગ ખુલ્લી જાય અને પગ ઢાંકે તો માથા પરથી ખસી જવાનો ડર રહે.

પછી મને જોઈને બિન્તે રસુલ (સ.અ.) એ પોતાના સરને સરખી રીતે ઢાકયુ અને શફક્કત સાથે શિકાયત કરીઃ સલમાન! તમે પણ મારા પિતાની વફાત બાદ અમારા પર ઝુલ્મ કર્યો?

મેં અર્ઝ કરીઃ શહઝાદી! હું અને તમારા પર ઝુલ્મ કરૂ, એ કેવી રીતે શકય છે? જ. ઝહરા (સ.અ.)એ ફરમાવ્યુંઃ તો પછી અમારી પાસે આવવામાં મોડુ કેમ કર્યું? ઠીક છે બેસો અને જે વાકેઓ હું બયાન કરૂં છું તેને ધ્યાનથી સાંભળો.

ગઈ રાત્રે હું આ મકામ પર બેઠી હતી અને ઘરનો દરવાજો અકદમ બંધ હતો, અંદરથી કડી બંધ હતી અને હું વિચારતી હતી કે હવે અમારાથી વહ્યનો સિલસિલો પણ કપાઈ ગયો અને ફરિશ્તાઓનું આવવુ જવુ પણ એકદમ બંધ થઈ જશે. આ ખ્યાલ દિલમાં આવતા જ ઘરનો દરવાજો ખુલ્યો અને ત્રણ ખુબસુરત છોકરીઓ અંદર દાખલ થઈ અને તે એવી ખુબસુરત હતી કે આવુ હુસ્નો-જમાલ (ખુબસુરત) છોકરીઓ મેં કયારેય નથી જોઈઅ ને તેમના જીસ્મમાંથી ખુશ્બુની મહક આવી રહી હતી. તેમને જોઈને હું ઉભી થઈ ગઈ અને તેમને પુછયું કે ‘તમે બધા મક્કાના રહેવાસી છો કે મદીના ના?

તેઓએ જવાબ આપ્યો કેઃ ન તો અમે મક્કાના રહેવાસી છીએ અને ન તો મદીનાના પરંતુ અમે તો જન્નતની હુરો છીએ. અલ્લાહ તઆલાએ અમને દારૂસ્સલામથી તમારી પાસે મોકલ્યા છે. અય બિન્તે રસુલ! અમને તમારી ઝિયારતનો ખુબજ શૌખ હતો.

મેં તેમાંથી જે થોડી મોટી ઉમ્રની લાગતી હતી તેને પુછયુંઃ ‘તમારૂ નામ શું છે?’

તેણે જવાબ આપ્યોઃ મારૂ નામ ‘મકદુદહ’ છે. મેં પુછયુંઃ તમારૂ નામ મકદુદહ કેમ રાખવામાં આવ્યું છે?

તેણે જવાબ આપ્યો કેઃ એટલા માટે કે હું મીકદાદ ઈબ્ને અસ્વદ કંદી જે સહાબીએ રસુલ છે તેના માટે પૈદા કરવામાં આવી છું.

મેં બીજી હુરથી પુછયુંઃ તમારૂ નામ શું છે? તેણે કહ્યુંઃ મારૂ નામ ઝર્રહ છે.

મેં પુછયુંઃ તમારૂ નામ ઝર્રહ કેમ રાખવામાં આવ્યું છે? તમે તો મારી નઝરમાં ખુબજ કદર અને મન્ઝેલતવાળા લાગો છો.

તેણે કહ્યુંઃ એટલા માટે કે મને અલ્લાહ તઆલાએ હ. અબુઝર, સહાબીએ રસુલે ખુદા (સ.અ.વ.) ના માટે પૈદા કરી છે.

મેં ત્રીજી હુરને પુછયુંઃ અને તમારૂ શું નામ છે? તેણે કહ્યુંઃ મારૂ નામ સલમા છે.

મેં પુછયુંઃ તમારૂ નામ સલમા કેમ રાખવામાં આવ્યું છે?

તેણે જવાબ આપ્યોઃ મારૂ નામ સલમા એટલા માટે રાખવામાં આવ્યું છે કે હું તમારા પિતાનો ગુલામ જ. સલમાને ફારસી માટે પૈદા કરવામાં આવી છું.

તેના પછી તેઓએ મારી સામે થોડાક ખુરમા (ખજુર) તોહફાના તૌર પર રાખ્યા જે ખુબજ મોટા મોટા, બરફથી વધારે સફેદ અને મુશ્કથી વધારે ખુશ્બુદાર હતા.

પછી બિન્તે રસુલ (સ.અ.) તેમાંથી થોડાક ખુરમાં મને આપ્યા અને ફરમાવ્યુંઃ અય સલમાન! તમે સાંજે આ ખુરમાથી ઈફતાર કરજો અને કાલે જ્યારે આવો તો તેના ઠળીયા પણ લેતા આવજો.

સલમાનનું બયાન છે કે મેં તે ખુરમાને જ. ઝહરા (સ.અ.)થી લીધા અને ઘરે પરત ફરવા લાગ્યો, રસ્તામાં અસ્હાબે રસુલમાંથી જેની પણ મુલાકાત થતી તે એમજ પુછતાઃ અય સલમાન! શું તમારી પાસે મુશ્ક છે?

હું કહેતો કે, હા.

પછી મેં તે જ ખુરમાથી ઈફતારી કરી, પરંતુ તેમાં કોઈ ઠળીયા ન હતા. બીજા દિવસે જ્યારે હું બિન્તે રસુલ (સ.અ.)ની ખિદમતમાં

હાજર થયો તો અર્ઝ કરી કેઃ તમે જે તોહફો મને આપ્યો હતો મેં તેનાથી જ ઈફતારી કરી પરંતુ તેમાં કોઈ ઠળીયો ન હતો.

જ. ઝહરા (સ.અ.) એ ફરમાવ્યુંઃ અય સલમાન! આમાં ઠળીયા નથી હોતા આ તે વૃક્ષના ફળ છે જેને અલ્લાહે દારૂસ્સલામ (જન્નત)માં પોતાનો એક કલામની સાથે નસ્બ કર્યું છે અને તે કલામની તઅલીમ મારા મહાન પિતાએ મને પણ આપી છે.

સલમાનનું બયાન છે કે તેના બાદ જ. ઝહરા (સ.અ.) એ મને પણ તે દોઆ તઅલીમ ફરમાવી જે આ મુજબ છેઃ

بِسْمِ اللَّهِ الرَّحْمنِ الرَّحِيمِ بِسْمِ اللهِ النُّورِ بِسْمِ اللهِ نُورِ النُّورِ
بِسْمِ اللهِ نُورٌ عَلَى نُورٍ بِسْمِ اللهِ الَّذِى هُوَ مُدَبِّرُ الْأُمُورِ بِسْمِ اللهِ الَّذِى
خَلَقَ النُّورَ مِنَ النُّورِ الْحَمْدُ لِلّٰهِ الَّذِى خَلَقَ النُّورَ مِنَ النُّورِ وَ أَنْزَلَ
النُّورَ عَلَى الطُّورِ فِي كِتابٍ مَسْطُورٍ فِي رَقٍّ مَنْشُورٍ بِقَدَرٍ مَقْدُورٍ عَلَى
نَبِيٍّ مَحْبُورٍ الْحَمْدُ لِلّٰهِ الَّذِى هُوَ بِالْعِزِّ مَذْكُورٌ وَ بِالْفَخْرِ مَشْهُورٌ وَ عَلَى
السَّرَّاءِ وَ الضَّرَّاءِ مَشْكُورٌ وَ صَلَّى اللهُ عَلَى سَيِّدِنَا مُحَمَّدٍ وَ آلِهِ الطَّاهِرِينَ

જ. સલમાનનું બયાન છે કે ઉપરની દોઆ જ. ઝહરા (સ.અ.)એ મને તઅલીમ ફરમાવી અને આ દોઆ મેં મક્કા અને મદીનાવાળામાંથી લગભગ ૧૦૦૦ લોકોને તઅલીમ કરી જેને તાવ આવી રહ્યો હતો અને તે દરેક હુકમે ખુદાથી સેહતમંદ થઈ ગયા.

(કિતાબ માહેજુદદઅવાત)

## ૪૧) દુખ્તરની તાઅઝીમ (એહતેરામ):

સઅદ બિન અબી વક્કાસથી રિવાયત છે કે મેં જ. રસુલે ખુદા (સ.અ.વ.)ને ફરમાવતા સાંભળ્યા છે કે 'ફાતેમા (સ.અ.) મારો એક જુઝ (ભાગ) છે. તેમની ખુશી મારી ખુશી છે અને તેમની નારાઝગી

મારી નારાઝગી છે. ફાતેમા (સ.અ.) મને પુરી દુનિયામાં સૌથી વધારે અઝીઝ છે.

(મનાકીબ, મજાલીસે મુફીદ, આમાલીએ મુફીદ)

મુસ્તદરક હાકીમમાં મસુર બિન મુખરમહથી રિવાયત છે કે નબીએ અકરમ (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ ફાતેમા મારી એક શાખ છે જે ચીઝ તેને રંજીદા કરે છે તેજ ચીજ મને પણ રંજીદા કરે છે. જે ચીઝ તેને ખુશ કરે છે તેજ ચીઝ મને પણ ખુશ કરે છે.

(મુસ્તદરક હાકીમ)

એક વખત સહલ બિન અબ્દુલ્લાહ, ઉમર બિન અબ્દુલ અઝીઝની પાસે આવીને કહ્યુંઃ તમારી કૌમને શિકાયત છે કે તમે (તમારી કૌમ પર) ઔલાદે ફાતેમા (સ.અ.)ને અગ્રતા આપો છો.

ત્યારે ઉમર બિન અબ્દુલ અઝીઝે કહ્યુંઃ મેં ઘણા ભરોસાપાત્ર સહાબાએ કેરામથી સાંભળ્યું છે કે નબીએ કરીમ (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ

فَاطِمَةُ بَضْعَةٌ مِنِّي يُرْضِينِي مَا أَرْضَاهَا وَ يُسْخِطُنِي مَا أَسْخَطَهَا

ફાતેમા (સ.અ.) મારો એક ટુકડો છે તેની રઝા મારી રઝા (ખુશનુદી) છે અને તેની નારાઝગી મારી નારાઝગી છે.

પછી એ સહલ! મારા માટે એ મુનાસીબ છે કે હું હ. રસુલે ખુદા (સ.અ.વ.)ની રઝા હાંસીલ કરૂં. આ હદીસથી જાણવા મળ્યું કે રસુલે ખુદા (સ.અ.વ.)ની ખુશનુદી હકીકતમાં જ. ફાતેમા (સ.અ.)ની રઝા છે અને જ. ફાતેમા ઝહરા (સ.અ.)ની રઝા તેમના ઔલાદની રઝા છે. આ દરેક લોકો જાણે છે કે નબીએ અકરમ (સ.અ.વ.) જ. ફાતેમા (સ.અ.)ની ખુશીથી ખુશ થાય છે અને તેમના ગમથી ગમગીન થાય છે.

અલ્લામા મજલીસી (અ.ર.) ફરમાવે છે કે રસુલે ખુદા (સ.અ.વ.)ની આ પ્રકારની હદીસો હ. ફતોમા ઝહરા (સ.અ.)ની ઈસ્મતની દલીલ છે કારણકે અગર જ. ઝહરા (સ.અ.) તે લોકોમાંથી

હોત જેનાથી ગુનાહ થાય છે તો જ. ઝહરાને દરેક નુકશાન પહોચાડવાવાળી ચીઝ રસુલે ખુદા (સ.અ.વ.)ને હંમેશા અઝીય્યત આપનારી ન હોય શકે. પરંતુ ખરાબ કાર્યોની રસુલે ખુદા (સ.અ.વ.) મઝમ્મત કરત અને શરઈ હદને જારી થવા પર રસુલે ખુદા (સ.અ.વ.) ખુશ થાત.

અબુ સાઅલબી ખસનીની રિવાયત છે કે તેનું બયાન છે કે જ. રસુલે ખુદા (સ.અ.વ.) જ્યારે કોઈ સફરથી પાછા આવતા તો સૌથી પહેલા હ. ફાતેમા ઝહરા (સ.અ.)ના ઘરે જતા જ્યારે રસુલે ખુદા જ. ઝહરા (સ.અ.)ની પાસે પહોંચતા તો જ. ફાતેમા ઝહરા (સ.અ.) રસુલે ખુદા (સ.અ.વ.)ની તઅઝીમ માટે ઉભા થઈ જતા અને પોતાના પિતાને ગળે લગાવતા અને પેશાની પર બોસો દેતા હતા.

- 'ઈબ્ને મોઅઝીન' કિતાબ અરબઈનમાં પોતાની સનદોની સાથે આયેશા ઈબ્ને અબુબક્રથી રિવાયત કરી છે અને સમઆનીએ પોતાની કિતાબ 'ફઝાએલ'માં અકરમાંથી તેઓ બન્ને એ કહ્યું કે રસુલે ખુદા (સ.અ.વ.) જ્યારે જંગથી પરત આવતા તો પહેલા હ. ફાતેમા ઝહરા (સ.અ.)ના ઘરે તશરીફ લઈ જતા અને તેમની પેશાની પર બોસો લેતા.

લોકોએ આયેશાથી રિવાયત કરી છે કે હ. ફાતેમા ઝહરા (સ.અ.) જ્યારે પણ રસુલે ખુદા (સ.અ.વ.)ની ખિદમતમાં તશરીફ લાવતા તો રસુલે ખુદા (સ.અ.વ.) પોતાની જગ્યાએથી ઉભા થઈ જતા અને તેમની પેશાની પર બોસો દેતા અને જ. ઝહરા (સ.અ.)ને પોતાની જગ્યા પર બેસાડતા અને જ્યારે રસુલે ખુદા (સ.અ.વ.) તેમની પાસે જતા તો જ. ફાતેમા (સ.અ.) તેમના પિતાનો આવકાર કરતા અને બન્ને એકબીજાની પેશાનીનો બોસો દઈને એક સાથે બેસી જતા.

- અબુ સઆદાતે પોતાની કિતાબ 'ફઝાએલે અશરહ'માં, ઈબ્ને મોઝીનએ પોતાની કિતાબ અરબઈનમાં, બંને પોતાની સનદો સાથે

લખે છે કે ઈબ્ને ઉમરે રિવાયત કરી છે કે હ. રસુલે ખુદા (સ.અ.વ.) જ્યારે કોઈ સફરનો ઈરાદો કરતો તો સૌથી છેલ્લે જ. ફાતેમા ઝહરા (સ.અ.)ને મળીને જતા અને જ્યારે સફરથી પાછા આવતા તો સૌથી પહેલા હ. ફાતેમા ઝહરા (સ.અ.)ની પાસે તશરીફ લઈ જતા. અગર હ. ફાતેમા ઝહરા (સ.અ.)ને બારગાહે ખુદાવંદીમાં શરફ અને મહાન ફઝીલત હાસીલ ન હોત તો રસુલે ખુદા (સ.અ.વ.) એવું કયારેય ન કરત કારણકે જ. ફાતેમા (સ.અ.) રસુલ (સ.અ.વ.)ની ઔલાદ હતા અને અલ્લાહે ઔલાદને વાલીદની તઅઝીમનો હુકમ આપ્યો છે અને રસુલે ખુદા (સ.અ.વ.)નો આ અમલ અલ્લાહના હુકમથી અલગ છે. આનાથી જાણ થાય છે કે હ. રસુલે ખુદા (સ.અ.વ.) જ. ફાતેમા ઝહરા (સ.અ.)ની તઅઝીમ ઔલાદ હોવાના લીધે નથી કરતા પરંતુ તે મરતબાના લીધે કરે છે જે હ. ફાતેમા ઝહરા (સ.અ.)ને બારગાહે ખુદાવંદમાં હાંસીલ છે.

- અબુ સઈદ ખુદરીનું બયાન છે કે હ. ફાતેમા ઝહરા (સ.અ.) હ. રસુલે ખુદા (સ.અ.વ.)ને તમામ ઈન્સાનોમાં સૌથી વધારે અઝીઝ હતા. એક દિવસ રસુલે ખુદા (સ.અ.વ.) હ. ફાતેમા (સ.અ.)ની પાસે તશરીફ લઈ ગયા અને આપ (સ.અ.) તે સમયે નમાઝમાં મશ્ગુલ હતા. પરંતુ જેવી જ. ઝહરા (સ.અ.) એ રસુલે ખુદા (સ.અ.વ.)ની આવાઝ સાંભળી તો નમાઝ તમામ કરીને મુસલ્લાએ ઈબાદતથી ઉઠયા અને પોતાના પિતાની સામે આવીને સલામ કરી, રસુલે ખુદા (સ.અ.વ.) એ પોતાના મુબારક હાથ જ. ફાતેમા (સ.અ.)ના માથા પર રાખ્યા અને પુછયુંઃ બેટી, કેમ છે? અલ્લાહ તમારા પર રહમ કરે. મને ખાવાનું ખવરાવો, અલ્લાહ તમને બક્ષી દે અને અલ્લાહ તો તમને બક્ષ્યા જ છે.

- કિતાબ 'અખબારે ફાતેમા'માં અબુ અલી સુલીથી રિવાયત છે કે એક દિવસ રસુલે ખુદા (સ.અ.વ.) પોતાની દીકરી જ. ફાતેમા (સ.અ.) પાસે તશરીફ લઈ ગયા. દીકરીએ પિતાની સામે જવની સુકી રોટીનો એક ટુકડો લાવી રાખી દીધો. રસુલે ખુદા (સ.અ.વ.)એ તેને ખાધુ અને પછી ફરમાવ્યું: બેટી, આ પહેલી ગીઝા છે જે તમારા પિતાએ ત્રણ દિવસ પછી ખાધી. આ સાંભળીને જ. ઝહરા (સ.અ.) રડવા લાગ્યા અને રસુલે ખુદા (સ.અ.વ.) એ તેમના આંસુ લુછયા.

(આમાલીએ શૈખે મુફીદ)

- આયેશા બિન્તે તલ્હા એ આયેશાથી રિવાયત કરી છે. તેનું બયાન છે કે 'મેં હ. ફાતેમા (સ.અ.)થી વધારે કોઈ શખ્સની ગુફતારને રસુલે ખુદા (સ.અ.વ.)ની ગુફતાર સમાન નથી પામી. જ. ઝહરા (સ.અ.) જ્યારે પણ રસુલે ખુદા (સ.અ.વ.)ની ખિદમતમાં આવતા તો રસુલ (સ.અ.વ.) તેમને આવકારતા અને તેમના બંને હાથોનો બોસો લેતા અને પોતાની જગ્યાએ તેમને બેસાડતા હતા. એવીજ રીતે જ્યારે રસુલે ખુદા (સ.અ.વ.) જ. ફાતેમા (સ.અ.)ની પાસે તશરીફ લઈ જતા તો જ. ફાતેમા (સ.અ.) તેમના પિતાને જોઈને આવકારતા અને તેમના હાથોનો બોસો લેતા અને પોતાની જગ્યા છોડીને રસુલે ખુદા (સ.અ.વ.)ને બેસાડતા હતા.

જ્યારે રસુલે ખુદા (સ.અ.વ.) મૌતના મર્ઝમાં મુબ્તેલા થયા ત્યારે જ. ફાતેમા ઝહરા (સ.અ.) આવ્યા અને રસુલ (સ.અ.વ.) એ જ. ઝહરા (સ.અ.)ના કાનમાં કોઈ વાત કહી, જ. ફાતેમા ઝહરા (સ.અ.) રોવા લાગ્યા, રસુલે ખુદા (સ.અ.વ.) એ તેમની દીકરીને રડતા જોઈને ફરીવાર તેમના કાનમાં કોઈ વાત કહી તો જ. ઝહરા (સ.અ.) હસવા લાગ્યા.

મેં પુછયુંઃ અય ફાતેમા (સ.અ.)! રસુલે ખુદા (સ.અ.વ.) એ તમને પહેલા શું ફરમાવ્યું હતું કે જેથી આપ (સ.અ.) રોવા લાગ્યો અને પછી શું ફરમાવ્યું કે આપ હસવા લાગ્યા?

જ. ઝહરા (સ.અ.) એ ફરમાવ્યુંઃ આ એક રાઝની વાત છે જે હું ફાશ નહિ કરૂં.

રસુલે ખુદા (સ.અ.વ.)ની વફાત બાદ મેં ફાતેમા (સ.અ.)ને પુછયુંઃ તમારા પિતાએ તમને શું ફરમાવ્યું હતું?

જ. ઝહરા (સ.અ.) એ ફરમાવ્યુંઃ પહેલા તો મારા પિતાએ ફરમાવ્યું હતું કે બેટી! હવે હું દુનિયાથી જવાનો છું. આ સાંભળીને હું રોવા લાગી. પછી ફરમાવ્યુંઃ અય બેટી! પરંતુ મારી એહલેબૈત (અ.મુ.સ.)માંથી સૌથી પહેલા તમે મારી મુલાકાત કરશો. આ સાંભળીને હું હસવા લાગી.

(આમાલીએ શૈખે મુફીદ)

- અમુક કુતુબે મનાકીબે પોતાની સનદોની સાથે ઓસામાથી રિવાયત કરી છે કે એક વખત હું હ. અલી (અ.સ.) અને જ. અબ્બાસની પાસેથી પસાર થયો. તેઓ બંને મસ્જીદમાં બેઠા હતા. તેઓએ મને કહ્યુંઃ અય ઓસામા! તમે જરા રસુલે ખુદા (સ.અ.વ.)ની પાસે જઈને પુછી આવો કે અમને હાજર થવાની ઈજાઝત છે?

ઓસામાનું બયાન છે કે હું રસુલે ખુદા (સ.અ.વ.)ની ખિદમતમાં હાજર થયો અને અર્ઝ કરીઃ અય અલ્લાહના રસુલ! હ. અલી (અ.સ.) અને જ. અબ્બાસ તમારી ખિદમતમાં હાજર થવાની ઈજાઝત ચાહે છે.

હ. રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ તમને ખબર છે કે તેઓ બંને કેમ આવવા માંગે છે?

મેં કહ્યુંઃ નહિ, અલ્લાહની કસમ. મને નથી ખબર.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ પરંતુ મને ખબર છે કે તેઓ શા માટે આવવા માંગે છે. ઠીક છે તેમને બોલાવો.

તેઓ બંને આવ્યા. રસુલે ખુદા (સ.અ.વ.)ને સલામ કરીને બેસી ગયા અને અર્ઝ કરીઃ અય અલ્લાહના રસુલ! તમારા ખાનદાનવાળામાંથી સૌથી વધારે મહેબુબ તમારી પાસે કોણ છે?

હ. રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ ફાતેમા (સ.અ.)

- કિતાબ અબુ ઈસ્હાક સોઅલબીમાં છે કે જમીઅ ઈબ્ને ઉમૈરે પોતાના ફુઈથી રિવાયત કરી છે કે એક વખત મેં આયેશાને પુછયુંઃ બતાવો કે હ. રસુલે ખુદા (સ.અ.વ.)ની નઝદીક સૌથી વધારે મહેબુબ શખ્સ કોણ હતું?

  તેમણે કહ્યુંઃ ફાતેમા (સ.અ.)

  મેં કહ્યુંઃ મારો સવાલ તો મર્દોના બારામાં છે. તેમણે કહ્યુંઃ ફાતેમા (સ.અ.)ના પતિ. તેઓ જ્યારે પણ અને જે સમયે પણ આવતા તો રસુલે ખુદા (સ.અ.વ.) તેમને મુલાકાતની મનાઈ નહોતા કરતા. ખુદાની કસમ! જ્યાં સુધી હું જાણું છું મેં તેમનાથી મોટા રોઝેદાર, તેમનાથી મોટા ગાઝી અને તેમનાથી મોટા પાકદામનનથી જોયા. જે કાંઈ કહેતા તે ખુદાના બારામાં જ કહેતા. તેમની કોઈ વાત અલ્લાહની મરજીની ખિલાફ ન હોતી.

- હોઝૈફાથી રિવાયત છે કે રસુલે ખુદા (સ.અ.વ.) જ્યાં સુધી પોતાની દીકરી ફાતેમા ઝહરા (સ.અ.)ને પ્યાર ન કરી લેતા ત્યાં સુધી સુતા નહિ.
- હ. જઅફર ઈબ્ને મોહમ્મદ (અ.સ.)થી પણ આજ રિવાયત છે. રસુલે ખુદા (સ.અ.વ.) જ્યાં સુધી પોતાની દીકરી ફાતેમા (સ.અ.)ને પ્યાર ન કરી લે ત્યાં સુધી સુતા નહી.
- એક રિવાયતમાં છે કે એક વખત મોહમ્મદ બિન અબુ બક્રને કોઈએ પુછયુંઃ શું અંબીયા સિવાય પણ મલાએકાએ બીજા કોઈથી વાત કરી છે? તેમણે જવાબ આપ્યોઃ હા, જ. મરીયમ અને જ. સારા

(સ.અ.) નબી ન હતા. પરંતુ બન્નેએ મલાએકા સાથે વાત પણ કરી છે અને તેમને જોયા પણ છે. એવીજ રીતે જ. ફાતેમા (સ.અ.) એ પણ મોહદ્દેસા હતા અને આપ (સ.અ.) પણ મલાએકા સાથે વાત કરતા હતા પરંતુ નબી ન હતા.

- હ. ઉમ્મે સલમાથી પણ રિવાયત છે કે જ. ફાતેમા (સ.અ.) શકલો સુરતમાં એકદમ રસુલે ખુદા (સ.અ.વ.)થી મળતા આવતા હતા.

## ૪૨) આપ (સ.અ.) પર દુરૂદ (સલવાત)નો સવાબઃ

હ. અલી (અ.સ.)થી રિવાયત છે જ. ફાતેમા ઝહરા (સ.અ.) એ મને બયાન કર્યું કે રસુલે ખુદા (સ.અ.વ.) એ મને ફરમાવ્યુંઃ બેટી જેણે તમારા પર સલવાત મોકલી તેને અલ્લાહ બક્ષી દેશે અને જન્નતમાં જ્યાં પણ હું હઈશ અલ્લાહ તે જગ્યાએ તેને લાવીને મારી સાથે મેળવી દેશે.

## ૪૩) આપ (સ.અ.)નું ઝોહદઃ

હ. ઈમામ અલીરેઝા (અ.સ.) એ પોતાના પવિત્ર બાપ-દાદાથી અને તેઓએ ઈ. ઝયનુલ આબેદીન (અ.સ.)થી રિવાયત કરી છે કે અસમા બિન્તે ઉમૈસ એ મને બયાન કર્યું કે એક વખત હું તમારા દાદી જ. ઝહરા (સ.અ.)ની ખિદમતમાં હાજર હતી કે જ. રસુલે ખુદા (સ.અ.વ.) ત્યાં તશરીફ લાવ્યા. હ. ફાતેમા ઝહરા (સ.અ.)ના ગળામાં એક સોનાનો હાર હતો જેને હ. અલી (અ.સ.)એ પોતાના માલે ફય (માલે ગનીમત) ના હીસ્સાથી જ. ઝહરા (સ.અ.) ના માટે ખરીદયો હતો. રસુલે ખુદા (સ.અ.વ.) એ જોયું તો ફરમાવ્યુંઃ બેટી, આમા કોઈ વાંધો તો નથી પરંતુ કયાક લોકો એમ ન કહેવા લાગે કે હ. મોહમ્મદ (સ.અ.વ.)ની દીકરી પણ હવે શાહી લીબાસ પહેરવા લાગ્યા છે.

આ સાંભળીને જ. ફાતેમા (સ.અ.) એ તે હાર ઉતારીને વેંચી નાંખ્યો પછી તેની કિંમતથી એક કનીઝ ખરીદી અને તેને આઝાદ કરી દીધી. આનાથી રસુલે ખુદા (સ.અ.વ.) ખુબજ ખુશ થયા.

(કિતાબ સહીફતુર રેઝા)

## ૪૪) આપ (સ.અ.)થી વધીને કોઈ ઈબાદત ગુઝાર ન હતાઃ

હ. ઈ. હસન (અ.સ.) ફરમાવે છેઃ દુનિયામાં મારી માતા જ. ફાતેમા ઝહરા (સ.અ.)થી વધારે ઈબાદતગુઝાર કોઈ ઔરત નથી. મારી માતા ઈબાદતે ઈલાહીમાં એટલી વાર ઉભા રહેતા કે આપના મુબારક પગ પર વરમ આવી જતુ હતું.

## ૪૫) આપ (સ.અ.) મોહદ્દેસા હતાઃ

એલલુશ્શરાએમાં છે કે એક વખત મોહમ્મદ બિન અબી બક્રથી સવાલ કરવામાં આવ્યોઃ ફરિશ્તાઓએ અંબીયા સિવાય કોઈ બીજા સાથે પણ વાત કરે છે?

તેમણે કહ્યુંઃ સાંભળો! જ. મરયમ નબી તો ન હતા પરંતુ મોહેસાહ હતા (ફરિશ્તાઓથી વાતો કરતા હતા), જ. મુસા ઈબ્ને ઈમરાનના માતા નબી ન હતા, જ. સારા (સ.અ.) જ. ઈબ્રાહીમ (અ.સ.)ના પત્નિ નબી ન હતા પરંતુ તેમણે ફરિશ્તાઓને જોયા અને તે ફરિશ્તાઓએ જ. ઈસ્હાકના પૈદા થવાની અને તેમના પછી જ. યાકુબ (અ.સ.)ના પૈદા થવાની બશારત આપી. એજ રીતે જ. ફાતેમા (સ.અ.) પણ નબી ન હતા પરંતુ ફરિશ્તા તેમની સાથે વાતો કરતા હતા.

(એલલુશ્શરાએઅ)

શૈખે સદુક (અ.ર.) ફરમાવે છેઃ અમુક હસ્તીઓ એવા પસાર થયા છે જેમનાથી ફરિશ્તાઓ એ વાતો કરી તેઓ મોહદ્દેસા હતા, તેઓ નબી કે રસુલ ન હતા.

## ૪૬) જફર, જામેઅહ અને મુસ્હફે ફાતેમા (સ.અ.) કોને કહેવાય છેઃ

કિતાબ બસાએરૂદદરજાતમાં નકલ છેઃ અમારા અમુક સહાબીઓએ ઈ. જઅફર સાદિક (અ.સ.)ને જફરના બારામાં સવાલ કર્યો કે તે શું ચીઝ છે?

ઈમામ સાદિક (અ.સ.) એ ફરમાવ્યુંઃ તે બળદના ચામડા પર લખેલી એક કિતાબ છે જેમાં ઈલ્મ જ ઈલ્મ ભરેલુ છે.

કોઈએ પુછયુઃ અને જામેઅહ શું છે?

ઈમામ સાદિક (અ.સ.) એ ફરમાવ્યુંઃ તે એક સહીફા છે જેની લંબાઈ ૭૦ હાથની છે. તે પણ ચામડા પર જ લખાયેલુ છે અને ઉંટની રાનની જેમ લપેટેલુ છે તેમાં એ દરેક ચીઝનું વર્ણન છે જેનો ઈન્સાન મોહતાજ છે, કોઈ એવી ચીઝ નથી જે તેમાં ન હોય. ત્યાં સુધી કે એક ખરાશ (ચોટ) અથવા ખુંબહાનો પણ ઝીક્ર તેમાં મૌજુદ છે.

પછી ફરીવાર કોઈએ પુછયુંઃ અનેમુસ્હફે ફાતેમા (સ.અ.) શું છે?

આ સવાલ પર ઈમામ સાદિક (અ.સ.) ઘણીવાર સુધી ચુપ રહ્યા પછી ફરમાવ્યુંઃ તમે લોકો જરૂરત વગરના સવાલ કર્યા કરો છો, ઠીક છે સાંભળો જ. ફાતેમા ઝહરા (સ.અ.) રસુલે ખુદા (સ.અ.વ.)ની વફાત બાદ ૭૫ દિવસ જીવંત રહ્યા, આ સમય દરમ્યાન તેઓ ખુબજ ગમગીન રહ્યા કરતા હતા તો જીબ્રઈલે અમીન જ. ઝહરા (સ.અ.)ની ખિદમતમાં આવ્યા કરતા હતા અને જ. રસુલે ખુદા (સ.અ.વ.)નો મકામ અને મરતબો અને તેમના હાલાતને બયાન કરીને જ. ઝહરા (સ.અ.)ના દીલને તસલ્લી આપતા હતા અને તેમની ઝુર્રીયત (ઔલાદ) પર જે કાઈ કયામત સુધી થવાનું છે તેમની ખબર આપતા અને આ દરેક વાતો હ. અલી (અ.સ.) લખી લેતા, તે મજમુઆનું નામ મુસ્હફે ફાતેમા (સ.અ.) છે.

(બસાએરૂદદરજાત)

### ૪૭) મુસ્હફે ફાતેમા (સ.અ.) કોને કહેવાય છેઃ

હમ્માદ બિન ઉસ્માનનું બયાન છે કે મેં ઈમામ જઅફરે સાદિક (અ.સ.)ને ફરમાવતા સાંભળ્યા છેઃ હી.સ. ૧૨૮ માં ઝીનાદીક (નાસ્તિકો) ઝાહીર થશે, આ વાત મેં ‘ મુસ્હફેફાતેમા સ.અ.’માં લખેલી જોઈ છે.

રાવી કહે છે કે મેં પુછયુંઃ મુસ્હફે ફાતેમા (સ.અ.) શું છે?

ઈમામ (અ.સ.) એ ફરમાવ્યુંઃ જ્યારે રસુલે ખુદા (સ.અ.વ.)ની વફાત થઈ તો જ. ફાતેમા ઝહરા (સ.અ.)ને એટલો સદમો થયો કે જેનો અંદાજો અને ઈલ્મ ફકત અલ્લાહને જ છે. અલ્લાહ તઆલાએ એક ફરિશ્તાને જ. ફાતેમા (સ.અ.) પોસ મોકલ્યો જેથી આપ (સ.અ.)ને તસલ્લી આપતો રહે અને વાતો કરીને તેમનો જીવ બહેલાવે. હ. ફાતેમા ઝહરા (સ.અ.) એ આ વાત હ. અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ને કહી.

હ. અલી (અ.સ.) એ ફરમાવ્યુંઃ ઠીક છે જયારે ફરિશ્તાની આવવાની આહટ સાંભળો તો મને બતાવતા રહેજો.

તેથી જ્યારે ફરિશ્તો આવતો તો જ. ફાતેમા ઝહરા (સ.અ.) હ. અલી (અ.સ.)ને કહેતા હતા અને હ. અલી (અ.સ.) તેની દરેક વાતોને લખતા રહેતા. ત્યાં સુધી કે તેનાથી એક મુસ્હફ તૈયાર થઈ ગયું. જેમાં હરામ અને હલાલના મસઅલા તો નથી પરંતુ તે સિવાત તે દરેક વાકેઆ / હાદસા છે જે કયામત સુધી થવાના છે અને તેની તફસીલ (વિગત) છે.

(બસાએરૂદદરજાત)

કિતાબે કાફીમાં પણ એહમદ બિન મોહમ્મદથી આના જેવીજ રિવાયત છે.

અલ્લામા મજલીસી (અ.ર.) કહે છેઃ આ વાકેઆત સિવાય મેં હ. ફાતેમા (સ.અ.)ના ઘણા ફઝાએલ, આપ (સ.અ.)ની સિરત અને મનાકીબ 'ફિદકે ગસ્બ'ના પ્રકરણમાં અને 'કિસાવાળાના ફઝાએલ'ના પ્રકરણમાં લખ્યા છે.

તફસીરે સોઅલબીમાં પોતાની સનદોની સાથે મુજાહીદથી રિવાયત છે કે એક વખત હ. રસુલે ખુદા (સ.અ.વ.) એ પોતાની દુખ્તર જ. ફાતેમા (સ.અ.)નો હાથ પકડયો અને બહાર આવ્યા અને સહાબીઓને ફરમાવ્યુંઃ સાંભળો! જે કોઈ આમને (જ. ઝહરા સ.અ.)ને ઓળખે છે તે ઓળખે છે અને જે નથી ઓળખતા તેને ખબર હોવી જોઈએ કે આ મારી (હ. મોહમ્મદ સ.અ.વ.)ની દુખ્તર છે અને આ મારો ભાગ છે, આ મારૂ એ દીલ છે જે મારા બંને પહેલુઓની દરમ્યાન ધડકે છે. જેને જ. ઝહરા (સ.અ.)ને અઝીય્યત આપી તેને મને અઝીય્યત આપી અને જેણે મને અઝીય્યત આપી તેણે ખુદાને અઝીય્યત આપી.

(તફસીરે સોઅલબી, કિતાબ મુહતઝર)

## ૪૮) આપ (સ.અ.) કાઝી શુરૈકની નઝરમાંઃ

અકદુલ્ફરીદ ઈબ્ને અબ્દેરબમાં નકલ છે કે એક વખત ખલીફા મહદી અબ્બાસીએ સપનામાં જોયુ કે કાઝી શુરૈક તેનાથી મોઢુ ફેરવેલુ છે. મહેદીએ આ સપનુ પોતાના વઝીર રબીઅને બયાન કર્યું.

રબીએ કહ્યુંઃ આનો મતલબ તો એમ થાય છે કે તેઓ તમારા મુખાલીફ છે કારણકે તે ફાતેમી છે.

મહદી અબ્બાસીએ હુકમ આપ્યો કે કાઝી શુરૈકને બોલાવી લાવો.

જ્યારે કાઝી આવ્યો તો મહદી અબ્બાસીએ પુછયુંઃ મને ખબર મળ્યા છે કે તમે ફાતેમી છો?

શુરૈકએ જવાબ આપ્યોઃ ખુદા ન કરે કે તમે ગૈર ફાતેમી હોવ. પરંતુ અગર તમારી મુરાદ ફાતેમા બિન્તે કુસરાથી છે તો તે અલગ વાત છે.

મહદી અબ્બાસીએ કહ્યુંઃ નહી, મારો કહેવાનો મુરાદ જ. ફાતેમા બિન્તે મોહમ્મદ (સ.અ.વ.) છે.

શુરૈકે કહ્યુંઃ શું તમે તેમના (જ. ઝહરા સ.અ.)પર લઅનત કરી શકો છો?

મહેદી અબ્બાસી ખલીફાએ કહ્યુંઃ મઆઝલ્લાહ! હરગીઝ નહિ.

કાઝી શુરૈકે કહ્યુંઃ તો પછી તે શખ્સના બારામાં તમે શું કહો છો જે તેમના (જ. ઝહરા સ.અ.) પર લઅનત કરતો હોય.

ખલીફા મહદી અબ્બાસીએ કહ્યુંઃ એવા શખ્સ પર અલ્લાહની લઅનત થાય.

કાઝી શુરૈકે કહ્યુંઃ તો પછી તેના પર (એટલેકે રબીઅ પર) લઅનત કરો.

આ સાંભળીને રબીઅ બોલ્યોઃ નહિ, નહિ. અય અમીરૂલ મોઅમેનીન! અલ્લાહની કસમ! હું તેમના (જ. ઝહરા સ.અ.) પર લઅનત નથી કરતો.

શુરૈકે કહ્યુંઃ અય બેશરમ! તો પછી તું મર્દોના મજમાં સય્યદતુન્નીસાઈલ આલમીન, દુખ્તરે સય્યદુલ મુરસલીનનો તઝકેરો શા માટે કરો છો.

ખલીફા મહદીએ કહ્યુંઃ તો પછી મારા તે સપનાની તાબીર શું હોય શકે છે?

કાઝી શુરૈક જવાબ આપ્યોઃ તમારૂ સપનુ ન તો હ. યુસુફ (અ.સ.)નું સપનુ છે કે જે સાચુ હોય અને ન તો કોઈ સપનાના આધારે કોઈનુ ખુન હલાલ થઈ શકે છે.

એક વ્યકિતને ગીરફતાર કરીને ફઝલ બિન રબીઅ પાસે લાવવામાં આવ્યો જે જ.ફાતેમા ઝહરા (સ.અ.)ના વિષે અયોગ્ય વાત કહેતો હતો.

ફઝલએ ઈબ્ને ગાનમને કહ્યુંઃ બતાવો કે તમે આ બારામાં શું કહો છો?

ઈબ્ને ગાનમએ જવાબ આપ્યોઃ તેના પર શરઈ હદ વાજીબ છે.

ફઝલએ કહ્યુંઃ જ. ફાતેમા ઝહરા (સ.અ.) તમારી માં છે. તમેજ તેના પર હદ જારી કરો.

પછી તે શખ્સને ૧૦૦૦ તાઝીયાના લગાવવામાં આવ્યા અને રસ્તામાં તેને સુળી દઈ દીધી.

## ૪૯) મૈદાને હશ્રમાં આપ (સ.અ.)ની સવારીનો ઈન્તેઝામઃ

ઈબ્ને ખાલ્વીયહની કિતાબ 'અલ્આલ'માં છે કે હ. અલી ઈબ્ને મુસા રેઝા (અ.સ.) એ પોતાના પવિત્ર બાપદાદાની સનદો સાથે હ. અલી (અ.સ.)થી રિવાયત કરી છે કે જ. રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ જ્યારે કયામતનો દિવસ હશે તો એક મુનાદી અર્શમાંથી નીદા આપશેઃ

يَا مَعْشَرَ الْخَلَائِقِ غُضُّوا أَبْصَارَكُمْ حَتَّىٰ تَجُوزَ فَاطِمَةُ عَلَيْهَا السَّلَامُ بِنْتُ مُحَمَّدٍ

અય મહશરવાળાઓ! પોત પોતાની આંખોને બંધ કરી દયો જેથી જ. ફાતેમા (સ.અ.)ની સવારી અહીંયાથી પસાર થઈ જાય.

ઈબ્ને અરકાએ પોતાની રેજાલના હવાલાથી આ પણ લખ્યુ છે કે હ. અબુ અય્યુબ અંસારીથી રિવાયત છે કે જ. રસુલે ખુદા (સ.અ.વ.)એ ઈરશાદ ફરમાવ્યુંઃ કયામતના દિવસે એક મુનાદી અર્શમાંથી નીદા દેશેઃ અય મહશરવાળાઓ! પોતાના સરને ઝુકાવી દયો અને પોતાની આંખો બંધ કરી લ્યો જેથી ફાતેમા (સ.અ.)ની સવારી પુલે સેરાત પરથી પસાર થઈ જાય. તેના પછી જ. ફાતેમા (સ.અ.)ની સવારી પસાર થશે. તેની સવારીની સામે ૭૦,૦૦૦ હુરો કનીઝોની જેમ સાથે સાથે જશે.

* તેજ કિતાબમાં નાફે બીન અબીલ હુમરાથી રિવાયત છે કે મેં ૮ મહીના સુધી સતત આ જોયુ કે જ્યારે જ. રસુલે ખુદા (સ.અ.વ.) સુબ્હની નમાઝ માટે ઘરથી મસ્જીદ તશરીફ લઈ જતા તો પહેલા જ. ફાતેમા ઝહરા (સ.અ.)ના દરવાજા પર જતા અને ફરમાવતા

اَلسَّلَامُ عَلَيْكُمْ يَا أَهْلَ الْبَيْتِ وَرَحْمَةُ اللهِ وَبَرَكَاتُهُ الصَّلَاةَ إِنَّمَا يُرِيدُ اللهُ لِيُذْهِبَ عَنْكُمُ الرِّجْسَ أَهْلَ الْبَيْتِ وَيُطَهِّرَكُمْ تَطْهِيراً

## ૫૦) ગૈબથી સવારીનો ઈન્તેઝામઃ

માલીક બિન દીનારથી રિવાયત છે કે હજના કાફેલાને વિદાય કરવાની જગ્યાએ મેં એક ઝઈફ ઔરતને જોઈ કે જે એક કમઝોર ઉંટ પર સવાર હતા અને લોકો તેમને આવા કમઝોર ઉંટ પર સફર કરવાની મનાઈ કરી રહ્યા હતા. પરંતુ તે ઝઈફ ઔરતે કોઈનું કહેવાનું ન માન્યુ અને અમારી સાથે ચાલી નીકળ્યા. જ્યારે અમે રણ પ્રદેશના વચ્ચેના હિસ્સામાં પહોંચ્યા તો તે ઔરતનું ઉંટ થાકીને બેસી ગયુ તો તેઓ તે ઉંટ પરથી ઉતરી ગયા અને આસમાનની તરફ રૂખ કરીને બોલ્યા.

પરવરદિગાર! ન તો તે મને મારા ઘરે રહેવા દીધા અને ન તો તારા સુધી પહોંચાડયા. તારી ઈઝઝત અને જલાલની કસમ અગર મારી સાથે આવી હરકત કોઈ બીજુ કરત તો હું તેની શિકાયત તારાથી કરત પરંતુ તારી શિકાયત કોને કરૂ?

રાવીનું બયાન છે કે હજુ તેમની આ મુનાજાત પૂરી ન્હોતી થઈ તો મેં જોયુ કે એક શખ્સ તે રણ પ્રદેશમાં નમુદાર થયો. તેના હાથમાં ઉંટની મેહાર હતી અને તે સીધો તે ઔરતની પાસે પહોંચ્યો અને બોલ્યોઃ આ ઉંટ પર સવાર થઈ જાવ.

તે ઝઈફ ઔરત તે ઉંટ પર સવાર થઈ ગયા. તે ઉંટ વિજળીની જેમ ચાલવા લાગ્યો અને જોત જોતામાં નઝરોથી ગાયબ થઈ ગયું જ્યારે અમે

મક્કા પહોંચ્યા અને ખાનએ ખુદાના તવાફ માટે હાજર થયા તો જોયું કે તે ઔરત તવાફમાં મશ્ગુલ છે. મેં તેમને કસમ આપીને પુછયુંઃ બતાવો કે તમે કોણ છો?

તેમણે જવાબ આપ્યોઃ હું શહેરાહ બિન્તે મસ્કા બિન્તે ફીઝા કનીઝે ફાતેમા ઝહરા (સ.અ.) છું.

(મનાકીબે ઈબ્ને શહરે આશુબ)

## ૫૧) આપ (સ.અ.)ની ખાદેમા ઉમ્મે અયમન માટે આસમાનથી પાણીની ડોલ નાઝીલ થવીઃ

કિતાબ અલ ખરાએજ વલ જરાએહમાં હ. ઉમ્મે અયમનથી રિવાયત છે કે જ. ફાતેમા ઝહરા (સ.અ.)ના ઈન્તેકાલ પછી મેં કસમ ખાધી કે હવે હું મદીનામાં નહિ રહું એટલા માટે કે (જે જગ્યાઓ જ. ફાતેમા (સ.અ.)થી જોડાયેલી છે) તે મકામ જેનો જ. ફાતેમા (સ.અ.)થી તઅલ્લુક હતો તેને હું ખાલી નથી જોઈ શકતી. તેથી મેં મદીના છોડી દીધુ અને મક્કા તરફ રવાના થઈ. રસ્તામાં મને ખુબજ તરસ લાગી. મેં દોઆ કરવા માટે હાથ બલંદ કર્યા અને અર્ઝ કરીઃ અય પાળવવાળા! હું જ. ફાતેમા ઝહરા (સ.અ.)ની ખાદેમા છું. આ તરસ મારી જાન લઈ લેશે આ દોઆ પુરી થતા જ અલ્લાહ તઆલા એ આસમાનથી પાણીથી ભરેલી એક ડોલ નાઝીલ ફરમાવી, મેં તેને પીધુ અને સાત વર્ષ સુધી હું ખાવાની અને પીવાની મોહતાજ ન રહી (એટલે કે ભુખ તરસ ન લાગી).

લોકો તેમને (જ. ઉમ્મે અયમનને) સખ્તમાં સખ્ત ગરમીના દિવસોમાં પોતાના કામો માટે મોકલતા હતા અને તેમને તરસ નહોતી લાગતી.

(અલ્ખરાએજ વલ્જરાએહ)

## ૫૨) મોઅજીઝનુમા પ્યાલોઃ

હ. ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.)થી રિવાયત છેઃ એક દિવસ જ. રસુલે ખુદા (સ.અ.વ.) એ જ. ફાતેમા ઝહરા (સ.અ.)ને ઈરશાદ ફરમાવ્યુંઃ બેટી! ઉભા થાવ અને તે પ્યાલો કાઢીને લાવો.

જ. ફાતેમા (સ.અ.) ઉભા થયા અને તે પ્યાલો ઉઠાવીને લાવ્યા જેમા જન્નતી ખાણુ હતું અને તેમાંથી ખુશબુ આવી રહી હતી અને તે પ્યાલાથી જ રસુલે ખુદા (સ.અ.વ.), હ. અલી (અ.સ.), જ. ફાતેમા ઝહરા (સ.અ.), હ. ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.) એ સતત ૧૩ દિવસ સુધી જમ્યા. એક દિવસ ઉમ્મે અયમને હ. ઈમામ હુસૈન (અ.સ.)ના હાથમાં તે પ્યાલામાં ખાવાનું જોઈ લીધુ તો પુછયુંઃ શહેઝાદા! આ તમારા હાથમાં શું છે?

ઈમામ હુસૈન (અ.સ.) એ જવાબ આપ્યોઃ આ ખાવાનું અમે ઘણા દિવસથી ખાઈ રહ્યા છીએ.

આ સાંભળીને ઉમ્મે અયમન જ. ફાતેમા ઝહરા (સ.અ.)ની પાસે આવ્યા અને કહ્યુંઃ અય બિન્તે રસુલ! જ્યારે અમારી પાસે કોઈ ચીઝ હોય છે તો હું તમને અને તમારા બાળકોને ખવરાવાથી દુર નથી હટતી તો પછી આ ખાવાનું ખવરાવવામાં તમે મને કેમ અલગ રાખી?

જ. ફાતેમા ઝહરા (સ.અ.) એ ઉદાર થઈને તે ખાવામાંથી થોડું ઉમ્મે અયમનને પણ આપી દીધું જેના પછી તે પ્યાલાનું ખાવાનું ખત્મ થઈ ગયું.

હ. રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ બેટી! અગર તમે તેમાંથી ઉમ્મે અયમનને ન ખવરાવ્યું હોત તો તમે અને તમારી ઔલાદ કયામત સુધી તેમાંથી ખાતા રહેત અને તે ખત્મ ન થાત. પરંતુ તે પ્યાલો હજી પણ અમારી પાસે મૌજુદ છે અને કાએમે આલે મોહમ્મદ (અ.ત.ફ.શ.) તેને લઈને પોતાના ઝમાનામાં ઝહુર કરશે. (કાફી)

## ૫૩) હબશના રાજાએ મોકલેલી ચાદરઃ

કિતાબ 'મા નઝલ મીનલ કુરઆને હકીમે ફી નબીએ વ એહલેબૈતેહી' લેખક મોહમ્મદ બિન અબ્બાસ બિન અલી બિન મરવાનમાં અબુ સઈદ ખુદરીથી રિવાયત છે કે એક વખત હબશના રાજા એ નબી (સ.અ.વ.)ની ખિદમતમાં સોનાના તારોથી ગુંથેલી એક કિંમતી ચાદર તોહફો મોકલ્યો.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ આ ચાદર હું તે શખ્સને દઈશ જે અલ્લાહ અને તેના રસુલથી મોહબ્બત કરતા હશે અને અલ્લાહ અને તેના રસુલ તેનાથી મોહબ્બત કરતા હશે.

આ સાંભળીને રસુલે ખુદા (સ.અ.વ.)ના સહાબીઓ પોતાની ગરદનો ઉંચી કરી લીધી કે જોવે આ ફઝીલત કોના હિસ્સામાં છે. એટલામાં રસુલે ખુદા (સ.અ.વ.) એ અવાજ આપી 'અલી (અ.સ.) કયા છે? આ સાંભળીને અમ્મારે યાસીર દોડીને હ. અલી (અ.સ.)ની પાસે પહોંચ્યા અને તેમને પોતાની સાથે લઈને તરતજ પાછા આવ્યા. રસુલે ખુદા (સ.અ.વ.) એ તે ખુબજ કિંમતી ચાદર હ. અલી (અ.સ.)ને આપી અને ફરમાવ્યુંઃ અય અલી! તમેજ આ ચાદરના હક્કદાર છો.

હ. અલી (અ.સ.) તે ચાદરને લઈને મસ્જીદથી બહાર તશરીફ લઈ ગયા અને હ. અલી (અ.સ.) તે ચાદરને ફાડી ફાડીને એક એક ચાદરનો ટુકડો તમામ મોહાજેરીન અને અન્સારમાં વહેંચી દીધો અને ખાલી હાથ પોતાના ઘરે પાછા ફર્યા.

બીજા દિવસે રસુલે ખુદા (સ.અ.વ.)એ હ. અલી (અ.સ.)ને બોલાવ્યા અને ફરમાવ્યુંઃ અય અબુલ હસન! કાલે તમને ૩૦૦૦ મીસ્કાલ સોનુ મળ્યું છે તેથી હું કાલે તમામ મોહાજેરીન અને અન્સારની સાથે ખાવાનું તમારા ઘરે ખાઈશ.

હ.અલી (અ.સ.)એ ફરમાવ્યુંઃ અય અલ્લાહના રસુલ! કબુલ છે.

બીજા દિવસે રસુલે ખુદા (સ.અ.વ.) પોતાની સાથે મુહાજેરીન અને અન્સારોને લઈને હ. અલી (અ.સ.)ના દરવાજા પર પહોંચ્યા અને દક્કુલબાબ કર્યું.

હ. અલી (અ.સ.) ઘરથી બહાર તશરીફ લઈ આવ્યા તો મજમાને જોઈને બધાને અંદર બોલાવ્યા.

રસુલે ખુદા (સ.અ.વ.) બધા સહાબીઓ સાથે ઘરમાં દાખલ થયા.

હ. અલી (અ.સ.)ને નાદારીનો એહસાસ હતો એટલા માટે તેઓ જ. ફાતેમા (સ.અ.)ના હુજરામાં બધાને લઈને દાખલ થયા જેથી તેમને પણ પરિસ્થિતિથી આગાહ કરે પરંતુ હ. અલી (અ.સ.) એ જોયું કે ત્યાં બેહતરીન ગીઝાથી ભરેલું એક થાળ રાખેલો હતો જેમાંથી ગરમ ગરમ ખોરાકની બહેતરીન ખુશ્બુ આવી રહી હતી જે પુષકળ પ્રમાણમાં હતું. હ. અલી (અ.સ.) એ તે થાળ જેમ હતો તે રીતે રસુલે ખુદા (સ.અ.વ.)ની સામે રાખી દીધો.

રસુલે ખુદા (સ.અ.વ.) ત્યાંથી ઉભા થઈને જ. ફાતેમા (સ.અ.)ના હુજરામાં તશરીફ લઈ ગયા અને ઈરશાદ ફરમાવ્યુંઃ અય બેટી! આ આટલું ઉમદા અને ખુશ્બુદાર ખોરાક કયાંથી આવ્યું છે?

જ. ફાતેમા ઝહરા (સ.અ.) એ જવાબ આપ્યોઃ

هُوَ مِنْ عِنْدِ اللّٰهِ إِنَّ اللّٰهَ يَرْزُقُ مَنْ يَشَاءُ بِغَيْرِ حِسَابٍ

(બાબા! આ ખોરાક અલ્લાહ તરફથી આવેલુ છે. બેશક અલ્લાહ જેને ચાહે છે તેને બેહિસાબ રીઝક આપે છે.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ તે ખુદાનો શુક્ર છે કે જેણે મને આ દુનિયાથી નથી ઉઠાવ્યો કે જેથી હું પોતાની દીકરીનો તે શરફ પણ જોઈ લીધો જે હ. ઝકરીયા (અ.સ.) એ હ. મરીયમ બિન્તે ઈમરાનનો શરફ જોયો હતો. (ફીરદોસુલ અખ્બાર)

## ૫૪) આપ (સ.અ.)ની ચાદરના ઝરીયાથી યહુદી ઈસ્લામ લઈ આવ્યાઃ

કિતાબ 'અલ ખરાએજ વલ જરાએહમાં રિવાયત છે એક વખત હ. અલી (અ.સ.) એ એક યહુદીથી થોડા જવ કર્ઝ લીધા અને તેની પાસે હ. ફાતેમા ઝહરા (સ.અ.)ની ચાદર ગીરવી રાખી દીધી. તે યહુદીએ તે ચાદર ઉપાડીને એક કોઠડીમાં રાખી દીધી. બનવા જોગ તે યહુદીની પત્નિ કોઈ કામથી તે ઝુપડીમાં ગઈ. જોયુ કે તેની અંદર એક અજીબ પ્રકારનું નૂર પ્રકાશે છે.

આ જોઈને જ તે પાછી તરતજ આવી અને પોતાના શૌહરને આ બનાવ બતાવ્યા. યહુદીને પણ ખુબજ આશ્ચર્ય થયું. તે ભુલી ગયો હતો કે તેણે ત્યાં જ. ફાતેમા (સ.અ.)ની ચાદર લાવીને રાખી દીધી હતી. તે પણ દોડીને તે રૂમ તરફ ગયો. દરવાજો ખોલ્યો તો જોયું કે રૂમમાં નૂર જ નૂર ફેલાયેલું છે. ખુબજ આશ્ચર્ય થયું અને વિચાર કર્યો કે આ રૂમ મુનવ્વર થવાનું કારણ શું છે? અચાનક ખ્યાલ આવ્યો કે ચાદર જે હ. અલી (અ.સ.) તેમની પાસે ગીરવી રાખીને ગયા હતા તે આ જ રૂમમાં છે. હવે તેણે ધ્યાનપૂર્વક જોયું તો તે નૂર કે જેનાથી પૂરો રૂમ મુનવ્વર થઈ ગયો છે તે તે જ ચાદરથી રોશની ફેલાવે છે. આ જોઈને તે યહુદી પોતાના રિશ્તેદારોની પાસે દોડીને પહોંચ્યો અને તે યહુદીની પત્નિ પોતાના રિશ્તેદારોની પાસે ગઈ. બન્નેના રિશ્તેદારો ભેગા થઈ ગયા. જે લગભગ ૮૦ જણાં હતા. તેઓએ પણ મોઅજીઝો જોયો અને દરેકે ઈસ્લામને કબુલ કર્યો.

(ખરાએજ વલજરાએ)

### ૫૫) આપ (સ.અ.)નો બીજો એક મોઅજીઝોઃ

કિતાબ અલ ખરાએજ વલજરાએમાં રિવાયત છે કે એક વખત યહુદીઓને ત્યાં કોઈના ઘરે શાદી હતી તો તે લોકો રસુલે ખુદા (સ.અ.વ.)ની ખિદમતમાં આવ્યા અને કહ્યુંઃ

અય મોહમ્મદ (સ.અ.વ.)! અમે તમારા પાડોશી છીએ. અમારો પણ કાંઈ હક છે એટલા માટે અમારી વિનંતી છે કે તમે પોતાની દીકરી ફાતેમા (સ.અ.)ને શાદીમાં મોકલો જેથી તેના કદમોની બરકતથી શાદીની મહેફીલની રોનકમાં વધારો થાય.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ ફાતેમા ઝહરા (સ.અ.) મારી દીકરી છે. પરંતુ હ. અલી (અ.સ.)ના પત્નિ છે. તમે લોકો અલી (અ.સ.) પાસે જઈને દરખાસ્ત કરો (રજા લો). અગર તે ચાહશે તો શાદીમાં આવવાની ઈજાઝત આપશે.

યહુદીઓએ કહ્યું કે તમે પણ અમારા તરફથી તેમને ભલામણ કરો. પછી રસુલે ખુદા (સ.અ.વ.) એ ભલામણ કરી અને હ. અલી (અ.સ.) એ શાદીમાં જવાની ઈજાઝત આપી દીધી.

આ બાજુ યહુદીઓએ પોતાની ઔરતો ઝવેરાત અને ઉમદા લીબાસો સાથે તૈયાર થયા કારણકે તેઓ જાણતા હતા કે જ. ફાતેમા ઝહરા (સ.અ.)ની પાસે લીબાસ અને ઝવેરાત તો જરાય નથી. તેઓ તો પોતાના જુના થીગડા લાગેલા લીબાસમાં શાદીમાં શરીક થશે. તો દરેકની નઝરમાં હકીર અને હલકા પડશે.

બીજી બાજુ અલ્લાહ તઆલાએ પોતાની ખાસ કનીઝ માટે જ. જીબ્રઈલ મારફત જન્નતથી એવા લીબાસ અને ઝવેરાત મોકલ્યા કે જેની મિસાલ આ દુનિયામાં ન હતી.

હ. ફાતેમા (સ.અ.) એ તે લીબાસ અને ઝવેરાત પહેર્યા અને શાદીના ઘરમાં તશરીફ લઈ ગયા જ્યારે યહુદીના ઘરમાં દાખલ થયા

તેમની ઔરતો હ. ફાતેમા (સ.અ.)ની શાનો શૌકત અને રોબથી પ્રભાવિત થઈ ગયા, તઅઝીમી સજદામાં પડી ગયા. જ. ઝહરા (સ.અ.)ની શાનો શૌકત જોઈને ઘણી યહુદી ઔરતો મુસલમાન થઈ ઘઈ.

(અલ ખરાએજ વલ જરાએહ)

## ૫૬) એક બાબરકત હારઃ

જાબીર બિન અબ્દુલ્લાહ અન્સારીથી રિવાયત છેઃ એક દિવસ રસુલે ખુદા (સ.અ.વ.)ની સાથે અમે નમાઝે અસ્ર અદા કરી અને નમાઝના ફરીઝા પછી અમે બધા રસુલે ખુદા (સ.અ.વ.)ની આજુબાજુ વર્તુળમાં ભેગા થઈને બેસી ગયા અને રસુલે ખુદા (સ.અ.વ.) કિબ્લા રૂખ હતા. એટલામાં એક ઝઈફ અરબ મુહાજીર ફાટેલા તુટેલા કપડા પહેરીને રસુલ (સ.અ.વ.)ની સામે આવ્યો. તે એટલા કમઝોર અને ઝઈફ હતા કે તે પોતાના પગ પર ઉભો નહોતો રહી શકતો.

રસુલે ખુદા (સ.અ.વ.) એ તેને આવવાનું કારણ પુછયુંઃ તેણે કહ્યુંઃ અય અલ્લાહના નબી! હું ભુખ્યો છે, પેટ ખાલી છે, મને ખાવાનું ખવરાવી દયો. મારૂ શરીર બરેહના છે તેને લીબાસથી ઢાંકી આપો. હું ફકીર અને મોહતાજ છું. કાંઈક માલ આપો.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ ભાઈ, અત્યારે તો મારી પાસે તને દેવા માટે કાંઈપણ નથી. પરંતુ જે ભલાઈ તરફ રાહનુમાઈ કરે તે પણ ભલાઈ કરવાવાળાની જેવો છે. એટલા માટે હું એવા શખ્સનો પતો બતાવું છું જેને ખુદા અને રસુલ દોસ્ત રાખે છે અને જે ખુદા અને રસુલને દોસ્ત રાખે છે અને રાહે ખુદામાં ઈસાર કરે છે. તમે જ. ફાતેમા ઝહરા (સ.અ.)ના દરવાજા પર ચાલ્યા જાવ (અને જ. ફાતેમા સ.અ. નું ઘર જ. રસુલે ખુદા (સ.અ.વ.)ના તે હુજરાથી બિલ્કુલ મળેલુ હતુ જે પત્નિના હુજરા સિવાય ખુદ રસુલે પોતા માટે બનાવ્યો હતો) અને

જ. બીલાલને ઈરશાદ ફરમાવ્યું: અય બીલાલ! આને જ. ફાતેમા ઝહરા (સ.અ.)ના દરવાજા સુધી પહોંચાડી દયો.

પછી તે અઅરાબી જ. બીલાલની સાથે જ. ફાતેમા ઝહરા (સ.અ.)ના દર પર આવ્યો અને આવાઝ આપી:

اَلسَّلَامُ عَلَيْكُمْ يَا أَهْلَ بَيْتِ النُّبُوَّةِ وَ مُخْتَلَفَ الْمَلَائِكَةِ وَ مَهْبِطَ

جَبْرَئِيلَ الرُّوحِ الْأَمِينِ بِالتَّنْزِيلِ مِنْ عِنْدِ رَبِّ الْعَالَمِينَ

અય એહલેબૈતે નબુવ્વત જેની પાસે ફરિશ્તાઓની આવન-જાવન રહે છે, જેની પાસે જીબ્રઈલ રૂહુલ અમીન પરવરદિગારે આલમીન તરફથી વહ્ય લઈને નાઝીલ થાય છે, તમારા પર મારા સલામ થાય.

અંદરથી આવાઝ આવી: અલય્કસ્સલામ, તમે કોણ છો?

તેણે કહ્યું: હું એક ઝઈફ અને કમઝોર અરબ છું. તમારા પિતાની પાસે મારી ફકીરી અને ફાકાથી તંગ આવીને આવ્યો હતો. રસુલે ખુદા (સ.અ.વ.) એ મને તમારા પાસે મોકલી દીધો. અય રસુલની બેટી! હું ભુખ્યો છું, મને જમવાનું ખવરાવો, કપડા જુના થઈ ગયા છે તો કપડા આપો અલ્લાહ તઆલા તમો હઝરાતનું ભલુ કરે.

જ. રસુલે ખુદા (સ.અ.વ.)ને ઈલ્મ હતું કે હ. અલી (અ.સ.) અને જ. ફાતેમા (સ.અ.)નો આ ત્રીજો દિવસ છે કે તેઓ ફાકામાં છે અને ખુદ રસુલે ખુદા (સ.અ.વ.) પણ ભુખ્યા હતા (આ છતા રસુલે ખુદા (સ.અ.વ.) એ સાઈલને જ. સૈયદા (સ.અ.)ના દરવાજા પર મોકલી દીધા).

જ. ફાતેમા ઝહરા (સ.અ.) એ જોયુ કે સાઈલને દેવા માટે ઘરમાં કાંઈ નથી તો ઘેટાની એક ખાલ જેના પર હ. ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.) આરામ કરતા હતા તે લઈને સાઈલને દઈ દીધું અને ફરમાવ્યું: અય ભાઈ! આ લઈ જાવો અત્યારે મારાથી આજ

શકય છે. અલ્લાહ તઆલા આના ઝરીયાથી કોઈ ખુબજ બહેતર ચીઝ આપશે.

સાઈલે કહ્યું: અય રસુલે ખુદા (સ.અ.વ.)ની બેટી! મેં તમારાથી ભુખની શિકાયત કરી છે અને તમે મને ઘેટાની ખાલ આપો છો. હું આ લઈને શું કરીશ? જ. ફાતેમા ઝહરા (સ.અ.) પાસે એક હાર હતો જે તેમની કાકાની દીકરી ફાતેમા બિન્તે હમઝાએ તેમને તોહફામાં આપ્યો હતો. જ. ફાતેમા ઝહરા (સ.અ.) એ તે હાર ગળામાંથી ઉતારીને સાઈલને આપી દીધો અને ફરમાવ્યું: સારૂ તો આ હાર લઈ જાવો અને આને વેંચીને પોતાની જરૂરીયાતને પુરી કરો. અને શાયદ અલ્લાહ તઆલા આનાથી વધારે સારી બીજી કોઈ વસ્તુ આપશે.

તે અઅરાબી એ તે હાર લઈને મસ્જીદમાં રસુલે ખુદા (સ.અ.વ.)ની ખિદમતમાં હાજર થઈને કહેવા લાગ્યો.

અય રસુલુલ્લાહ! તમારી બેટી જ. ફાતેમા (સ.અ.) એ મને આ હાર આપ્યો અને ફરમાવ્યું કે આને વેંચીને પોતાની જરૂરીયાતને પૂરી કરી લો.

આ સાંભળીને રસુલે ખુદા (સ.અ.વ.)ની આંખમાં આંસુ આવી ગયા અને ફરમાવ્યું: આ ફાતેમા (સ.અ.) બિન્તે મોહમ્મદ સૈયદાનું અતા કરેલ છે. અલ્લાહ તારૂ કેમ કરીને ભલુ ન કરે?

આ સાંભળીને અમ્માર ઈબ્ને યાસીર ઉભા થયા અને કહ્યું: આ રસુલે ખુદા (સ.અ.વ.) અગર તમે ઈજાઝત આપો તો હાર હું ખરીદી લઉં?

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું: હા, અમ્માર. ખરીદી લો અને સાંભળો! આ હારની ખરીદારીમાં બન્ને જહાનના લોકો શરીક થઈ જાય તો અલ્લાહ તઆલા આમાથી કોઈને પણ જહન્નમમાં અઝાબ નહિં કરશે.

જ્યારે રજા મળી ગઈ તો અમ્મારે તે અઅરાબીથી આ હારની કિંમત પુછી.

તો તે અઅરાબી શખ્સે કહ્યુંઃ બેશક મને ખાવા માટે રોટી અને ગોશ્ત અને શરીર ઉપર ઢાંકવા અને નમાઝ માટે એક યમની ચાદર આપી દો અને એક દીનાર પણ જેથી હું મારા બાલ બચ્ચા પાસે પાછો જઈ શકું.

ઈત્તેફાકન અમ્માર તે સમયે પોતાનો ખૈબરનો હિસ્સો વેંચી ચુકયા હતા. હવે તેમાંથી તેમની પાસે કાંઈ ન હતું ત્યારે જ. અમ્મારે કહ્યું હું તને આની કિંમત ૨૦ દીનાર, ૨૦૦ દીરહમ અને એક ચાદરે યમની અને મારી સવારી પણ દેવા માટે તૈયાર છું. પછી તમને ખાવા માટે ઘઉંની રોટલી અને ગોશ્ત પણ હાજર કરીશ તો તેણે કહ્યું તમેતો ખુબજ સખી ઈન્સાન લાગો છો.

પછી જ. અમ્માર તે શખ્સને પોતાની સાથે લઈ ગયા અને જે જે ચીઝનું કીધુ હતું તે બધુ લઈને પોતાનું વચન પુરૂ કર્યું.

તે અઅરાબી બધી ચીઝો લઈને રસુલે ખુદા (સ.અ.વ.)ની ખિદમતમાં હાજર થયા.

રસુલે ખુદા (સ.અ.વ.) એ પુછયુંઃ શું તું હવે સેર થઈ ગયો.

અઅરાબીએ કહ્યુંઃ જી હા. પેટ ભરીને ખાવાનું પણ ખાઈ લીધું અને કપડા અને સવારી પણ મળી ગઈ. મારા માં-બાપ તમારા પર કુરબાન થાય. મને આટલું મળી ગયું કે હું હવે પૈસાદાર થઈ ગયો.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ ફાતેમા (સ.અ.)ના આ એહસાનના શુક્રીયામાં દોઆ કરો.

તેણે દોઆ માટે હાથ ઉંચા કર્યા અને કહ્યુંઃ અય મારા અલ્લાહ! બેશક તું તે અલ્લાહ છો જે મખ્લુક નથી અને તારા સિવાય કોઈ બીજો મઅબુદ નથી જેની ઈબાદત કરવામાં આવે. અય અલ્લાહ! તું ફાતેમા

(સ.અ.) ને તારા ગૈબી ખઝાનાથી તે દરેક ચીઝ આપ જે કોઈ આંખોએ જોયુ ન હોય અને ન કોઈ એ સાંભળ્યું હોય.

રસુલે ખુદા (સ.અ.વ.) એ તે અઅરાબીની દોઆ પર આમીન કહ્યું. પછી રસુલે ખુદા (સ.અ.વ.) અસ્હાબોની સામે જોઈને ઈરશાદ ફરમાવ્યું: અલ્લાહ તઆલાએ આ અઅરાબીની દોઆ કબુલ કરી અને ફાતેમા (સ.અ.)ને અલ્લાહ આ ચીઝો તો દુનિયામાં આપી. જોવો અલ્લાહ ફાતેમા (સ.અ.)ને મારા જેવા પિતા આપ્યા. મારી મિસાલ દુનિયા અને આખેરતમાં નથી અને અલી (અ.સ.) જેવા પતિ આપ્યા. અગર અલી (અ.સ.) ન હોત તો ફાતેમા (સ.અ.) ના કોઈ કુફુવ (સમાન) અને પતિ કયારેય ન મળતા. ફાતેમા (સ.અ.)ને હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.) જેવા બે ફરઝંદ આપ્યા જેની મિસાલ દુનિયામાં નથી. આ બન્ને બધા અંબીયા (અ.સ.)ની ઔલાદના સરદાર છે અને જન્નતના જવાનોના સરદાર છે.

તે વખતે રસુલે ખુદા (સ.અ.વ.)ની નઝદીક મીકદાદ, અમ્માર, જ. સલામાન બેઠેલા હતા. રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું: શું બીજુ બતાવું?

બધાએ કહ્યું: જી હા હજુ કાંઈ ફરમાવો.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું: જીબ્રઈલે અમીને મને ખબર આપી છે કે જ્યારે જ. ફાતેમા (સ.અ.) વફાત પામશે અને તેમને કબ્રમાં દફન કરી દેવામાં આવશે તો બે મલાએકા આવીને તેમની પાસે સવાલ કરશે.

مَنْ رَبُّكِ બતાવો તમારો રબ કોણ છે?

જ. ફાતેમા (સ.અ.) ફરમાવશે: رَبِّيَ اللهُ મારો રબ અલ્લાહ છે.

ફરિશ્તાઓ પાછા પુછશે: نَبِيُّكِ તમારો નબી કોણ છે?

જ. ફાતેમા (સ.અ.) ફરમાવશે: મારા નબી મારા મહાન પિતા છે.

તે ફરિશ્તાઓ પાછા પૂછશેઃ તમારો વલી કોણ છે?

જ. ફાતેમા (સ.અ.) ફરમાવશેઃ મારા વલી આ હ. અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) છે જે મારી કબ્રની બાજુમાં ઉભા છે.

પછી રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું શું ફાતેમા (સ.અ.)ના હજુ થોડા ફઝાએલ બતાવું?

અસહાબોએ કહ્યુંઃ જી હા. બતાવો.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ ફાતેમા ઝહરા (સ.અ.) માટે અલ્લાહ તઆલાએ ફરિશ્તાનો એક સમુહ નિયુકત કર્યો છે જે તેમની ડાબી અને જમણી બાજુ આગળ અને પાછળ તેમની હીફાઝત કરતા રહે છે. આ ફરિશ્તાઓ તેમની ઝીંદગીમાં તેમની સાથે રહે છે અને તેમની વફાત પછી તેમની કબ્ર પર રહેશે અને કયામત સુધી તેમના પર અને તેમના મહાન પિતા પર તેમના પતિ પર અને તેમની પવિત્ર ઔલાદો ઉપર દુરૂદ મોકલતા રહેશે.

જેણે મારી વફાત પછી મારી ઝિયારત કરી તે એવો છે જેણે મારી હયાતીમાં મારી ઝિયારત કરી. જેણે જ. ફાતેમા (સ.અ.)ની ઝિયારત કરી તે એવો છે જેણે મારી ઝિયારત કરી. જેણે હ. અલી (અ.સ.)ની ઝિયારત કરી તે એવો છે જેણ જ. ફાતેમા (સ.અ.)ની ઝિયારત કરી. જેણે ઈ. હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.)ની ઝિયારત કરી તે એવો છે જેણે હ. અલી (અ.સ.)ની ઝિયારત કરી. જેણે તેની ઔલાદની ઝિયારત કરી તે એવો છે ખુદ તે બન્નેની ઝિયારત કરી.

આના પછી જ. અમ્મારે હારને મુશ્કમાં રાખ્યો, એક યમની ચાદરમાં વિટાળીયો અને પોતાના ગુલામ સેહમને આપ્યો જેને (આ ગુલામને) તે રકમથી ખરીદયો હતો જે તેમને ખૈબરના હિસ્સામાં મળી હતી અને તે ગુલામને કહ્યુંઃ આ હાર લઈને રસુલે ખુદા (સ.અ.વ.)ની બારગાહમાં જાવ અને તેમની ખિદમતમાં પેશ કરો અને મેં તને પણ રસુલે ખુદા

(સ.અ.વ.)ને બક્ષી દીધો જેથી તું રસુલે ખુદા (સ.અ.વ.)ની ખિદમત કર.

તે ગુલામ હાર લઈને જનાબે રસુલે ખુદા (સ.અ.વ.)ની ખિદમતમાં હાજર થયો અને રસુલે ખુદા (સ.અ.વ.)ને જ. અમ્મારનો પૈગામ પહોંચાડયો.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ગુલામને ફરમાવ્યું: તમે આ હાર લઈ જઈ ફાતેમા (સ.અ.)ને દઈ દો. મેં તમને પણ જ. ફાતેમા (સ.અ.)ને બક્ષી દીધા. પછી તે ગુલામ હાર લઈને જ. ફાતેમા ઝહેરા (સ.અ.)ના દરવાજા પર આવ્યો અને રસુલે ખુદા (સ.અ.વ.)નો પયગામ પહોંચાડયો. બિન્તે રસુલ (સ.અ.વ.) એ તે હાર લઈને ફરમાવ્યું: મેં તમને રાહે ખુદામાં આઝાદ કર્યો.

આ સાંભળી તે ગુલામ જોરથી હસવા લાગ્યો. જ. ફાતેમા (સ.અ.) એ તેને હસવાનું કારણ પુછયું. તેણે કહ્યું: હું આ હારની બરકત ઉપર હસી રહ્યો છું. આ હારે એક ભુખ્યાને સૈરાબ કર્યો, લીબાસ વગરનાને લીબાસ પહેરાવ્યો, ફકીરને ગની કર્યો, એક ગુલામને આઝાદ કર્યો અને ફરીવાર પોતાના માલિક પાસે પહોંચી ગયો.

(બશારતુલ મુસ્તફા)

## ૫૭) ઈસારનો બદલો (કુરબાનીનો બદલો):

ઉબૈદ બિન કસીરે પોતાની સનદોની સાથે અબુ સઈદ ખુદરીથી રિવાયત કરી કે તેનું બયાન છે કે હ. અલી બિન અબી તાલિબ (અ.સ.) એક દિવસ સવારે ઉઠયા તો હ. અલી (અ.સ.)ને ભુખનો એહસાસ થયો. હ. અલી (અ.સ.) જ. ફાતેમા (સ.અ.)ને કહ્યું કે શું તમારી પાસે કાંઈ ખાવાનું છે?

જ. ફાતેમા ઝહરા (સ.અ.) એ જવાબ આપ્યો: નહિ. તે જાતની કસમ જેણે મારા મહાન પિતાને નબુવ્વત અને તમને વિસાયતથી મુશર્રફ

કર્યા બે દિવસથી મારા ઘરમાં ખાવાનું કાંઈ નથી. હું મારી પર અને મારા બચ્ચાઓ પર કુરબાન કરીને તમારી સામે ખાવાનું પેશ કરતી રહી અને આજે તો તે પણ મુમ્કીન નથી.

હ. અલી (અ.સ.) એ ફરમાવ્યુંઃ તમે પહેલા કેમ ન બતાવ્યું. જ. ફાતેમા (સ.અ.) એ ફરમાવ્યુંઃ અય અબુલ હસન! મને શરમ આવે છે કે હું તમને કોઈ એવી ચીઝની ઝહેમત આપું જે જાહેરી રીતે તમારા ઈખ્તેયારમાં ન હોય.

આ સાંભળી હ. અલી (અ.સ.)એ અલ્લાહ પર ભરોસો કર્યો. રોઝીની તલાશમાં ઘરથી ચાલ્યા, કોઈથી એક દીનાર કર્ઝ લઈને પછી બજારમાં ગયા જેથી પોતાના ઘરના લોકો માટે ખાવાનો થોડો સામાન ખરીદી શકે. એટલામાં તેમણે મીકદાદ બિન અસ્વદથી મુલાકાત થઈ ગઈ. આ ગરમીઓના દિવસ હતા. બપોરના તડકાના વખતના કારણે જ. મીકદાદનો ચહેરો લાલ થઈ ગયો હતો.

હ. અલી (અ.સ.) જ. મીકદાદને પુછયુંઃ તમે આટલી શિદ્દતની ગરમીમાં ઘરથી શા માટે નીકળ્યા? મીકદાદે ફરમાવ્યુંઃ અય અબુલ હસન! તમે મારો હાલ ન પુછો તે બહેતર છે.

હ. અલી (અ.સ.) એ ફરમાવ્યુંઃ આ શકય નથી જ્યાં સુધી હું તમારો આ હાલ ન પુછી લઉ તમને અહીંથી જવા નહી દઉં.

મીકદાદે કહ્યુંઃ ખુદાની માટે મને જવા દો મારા આ હાલ કહેવા લાયક નથી.

હ. અલી (અ.સ.) એ ફરમાવ્યુંઃ ભાઈ આ તમારી માટે યોગ્ય નથી કે તમે મારાથી પોતાનો હાલ છુપાવી રાખો. મીકદાદે ફરમાવ્યુંઃ સારૂ અગર તમારો ઈસરાર છે તો સાંભળો તે ઝાતની કસમ જેણે તમારા ભાઈને નબુવ્વત અને તમને વસાયતથી નવાઝયા છે. આ સમયે મારા ઘરવાળાઓ ફાકાથી છે. બસ આજ કારણે હું અત્યારે ઘરથી નીકળ્યો

છું. હ. અલી (અ.સ.)એ આ સાંભળીને આંખ ભીની થઈ ગઈ (રોવા લાગ્યા ત્યાં સુધી કે આપની દાઢી મુબારક આંસુઓથી તર થઈ ગઈ).

પછી હ. અલી (અ.સ.)એ ફરમાવ્યુંઃ હું પણ એ ઝાતની કસમ ખાવ છું જેની કસમ તમે ખાધી કે હું પણ એજ ફીક્રમાં ઘરથી આવ્યો છું અને તેના માટે એક શખ્સ પાસેથી એક દીનાર કર્ઝ લીધો છે. હવે તમે આને લઈ લો અને પોતાની જરૂરીયાતને પૂરી કરો. આમ કહીને હ. અલી (અ.સ.) એ તે દીનાર જ. મીકદાદને આપ્યો અને પોતે મસ્જીદ તશરીફ લઈ ગયા અને રસુલે ખુદા (સ.અ.વ.)ની સાથે નમાઝે ઝોહર-અસર, મગરીબ પડી.

નમાઝે મગરીબ પુરી કર્યા પછી રસુલે ખુદા (સ.અ.વ.) એ હ. અલી (અ.સ.) પાસે તશરીફ લાવ્યા કે જેઓ પહેલી સફમાં હતા અને ફરમાવ્યુંઃ અય અલી (અ.સ.) આજની રાતે હું તમારા ઘરે મહેમાન છું.

હ. અલી (અ.સ.) પરેશાન થઈ ગયા કે હવે રસુલે ખુદા (સ.અ.વ.)ને શું જવાબ આપે. બીજી બાજુ રસુલે ખુદા (સ.અ.વ.) વહ્યે ઈલાહીના ઝરીયે એ વાત પર નિયુકત થયેલા હતા કે રાતનું ખાવાનું હ. અલી (અ.સ.)ની સાથે ખાય.

રસુલે ખુદા (સ.અ.વ.)એ હ. અલી (અ.સ.)ને ચૂપ થયેલ જોઈને ફરમાવ્યુંઃ અય અલી! તમે ચુપ કેમ છો. હ. અલી (અ.સ.) એ ફરમાવ્યુંઃ અય અલ્લાહના રસુલ હું દીલોજાનથી હાજર છું, તશરીફ લાવો.

આ સાંભળીને રસુલે ખુદા (સ.અ.વ.) એ હ. અલી (અ.સ.)નો હાથ પકડયો, બન્ને આ હાલતમાં જ. સૈયદા (સ.અ.)ના ઘરે પહોંચ્યા. જોયુ કે ત્યાં જ. ઝહરા (સ.અ.) મુસલ્લા પર મુનાજાતમાં મશગુલ છે અને તેમના મુસલ્લાની પાછળ એક થાળ રાખેલ છે જેમાંથી ખાવાની ખુશ્બુ આવી રહી છે.

બિન્તે રસુલ (સ.અ.વ.)ને જેવી પોતાના મહાન પિતાના આવવાની આવાઝ સાંભળી ઉભા થઈને પોતાના પિતાને સલામ કરી. રસુલે ખુદા (સ.અ.વ.)ને સલામનો જવાબ આપીને મોહબ્બતથી માથા પર હાથ ફેરવ્યો અને પુછયુંઃ બેટી! કેમ છો?

જ. ફાતેમા (સ.અ.) એ ફરમાવ્યુંઃ પિતા! અલ્લાહના ફઝલથી સારી છું.

આના પછી તે થાળ લાવીને રસુલે ખુદા (સ.અ.વ.) અને હ. અલી (અ.સ.)ની સામે રાખ્યો. હ. અલી (અ.સ.) એ જ.ફાતેમા (સ.અ.)ની તરફ આશ્ચર્યની નઝરથી જોયું.

જ. ફાતેમા ઝહરા (સ.અ.) એ ફરમાવ્યુંઃ અય અબુલ હસન! શું વાત છે. તમે મને ખુબજ ગૌરથી જોવો છો. શું મારાથી કોઈ ભુલ થઈ ગઈ છે.

હ. અલી (અ.સ.)એ ફરમાવ્યુંઃ નહિ. પરંતુ તમે તો કસમ ખાઈને કહ્યું હતું કે ઘરમાં ખાવા માટે કાંઈ નથી.

જ. ફાતેમા ઝહરા (સ.અ.)એ ફરમાવ્યુંઃ અલ્લાહ તઆલા હજુ પણ મારા તે વાકય અને કસમની સચ્ચાઈનો ગવાહ છે.

હ. અલી (અ.સ.)એ ફરમાવ્યુંઃ તો પછી આ ખોરાક તમારી પાસે કેવી રીતે આવ્યો. આવી ખુશ્બુ આજ સુધી કોઈ ખોરાકમાં મને મહેસુસ નથી થઈ.

આ સાંભળી રસુલે ખુદા (સ.અવ.) એ પોતાનો હાથ મુબારક હ. અલી (અ.સ.)ના ખભા પર રાખી દીધા અને ફરમાવ્યુંઃ અય અલી (અ.સ.)! આ અલ્લાહ તઆલાની તરફથી તમારા તે દીનારનો બદલો છે (જે તમે જ. મીકદાદને દઈ ઈસારથી કામ લીધું હતું) અને અલ્લાહ જેને ચાહે છે તેને બેહિસાબ રોઝી આપે છે.

આના પછી હ. રસુલે ખુદા (સ.અ.વ.)ની આંખ ભીની થઈ ગઈ અને ફરમાવ્યુંઃ અય અલી! ખુદાનો શુક્ર છે જેણે તમને તે વખત સુધીન

ઉઠવાનો ઈરાદો કર્યો હતો કે જ્યાં સુધી તમને હ. ઝકરીયા (અ.સ.)નો મરતબો અને જ. ફાતેમા (સ.અ.)ને જ. મરીયમનો મરતબો આપે નહિ.

અલ્લાહ તઆલા કુરઆને મજીદમાં ફરમાવે છેઃ

كُلَّمَا دَخَلَ عَلَيْهَا زَكَرِيَّا الْمِحْرَابَ وَجَدَ عِنْدَهَا رِزْقاً

(સુરએ આલે ઈમરાનઃ૩૩)

જ્યારે પણ જ. ઝકરીયા જ. મરીયમની પાસે તેના મેહરાબમાં આવતા તો તેની પાસે રીઝક (ખોરાક વગેરે) જોતા.

(તફસીરે ફુરાત વ ઈબ્રાહીમ)

## ૫૮) હસ્નૈન(અ.સ.)ની માટે ઈદના કપડાઃ

અમુક કિતાબમાં આ રિવાયત છે કે એક વખત ઈદ નઝદીક હતી અને ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.)ના કપડા જુના થઈ ગયા હતા તેથી તે બન્ને શેહઝાદાઓએ પોતાની વાલેદા જ. ફાતેમા ઝહરા (સ.અ.)ને ફરમાવ્યુંઃ અય અમારી પ્યારી માતા ફલાણા વ્યકિતના બાળકો માટે તો ઉમદા લીબાસ તૈયાર થાય છે. શું તમે અમારા માટે નવા કપડા નહિ તૈયાર કરાવશો?

જ. ઝહરા (સ.અ.) એ ફરમાવ્યુંઃ બેટા! કેમ નહિ. ઈન્શાઅલ્લાહ તમારા માટે પણ કપડાનો ઈન્તેઝામ કરવામાં આવશે.

જ્યારે ઈદનો દિવસ આવ્યો તો જ. જીબ્રઈલે અમીન જન્નતના કપડાઓમાંથી બે કમીઝ લઈને રસુલે ખુદા (સ.અ.વ.)ની ખિદમતમાં હાજર થયા.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ ભાઈ જીબ્રઈલ આ કમીઝ કોની છે?

જીબ્રઈલે કહ્યુંઃ અય અલ્લાહના રસુલ! હસન અને હુસૈન (અ.સ.) એ પોતાની માતાથી નવા કપડાની ખ્વાહીશ કરી હતી અને તેમની માતાએ એમ ફરમાવ્યું હતું કે ઈન્શાઅલ્લાહ તમારા માટે પણ ઉમદા

કપડાનો ઈન્તેઝામ કરવામાં આવશે. અલ્લાહ તઆલાએ જ્યારે આ સાંભળ્યું તો અલ્લાહે ઈચ્છયું નહિ કે જ. ફાતેમા (સ.અ.)નો આ વાયદો ગલત થઈ જાય એટલા માટે જન્નતથી આ કમીઝ મોકલી છે.

## ૫૯) રસુલે ખુદા (સ.અ.વ.)ની રિસાલત પર ગરોળીની ગવાહીઃ

મનાકિબની અમૂક કિતાબોમાં ઈબ્ને અબ્બાસથી આ રિવાયત નકલ છે કે બની સુલૈમનો એક અઅરાબી રણમાં ફરી રહ્યો હતો કે એક ગરોળી તેની સામેથી પસાર થઈ. તે શખ્સ તેની પાછળ દોડયો અને તેને પકડી લીધી અને પોતાની આસ્તીનમાં રાખીને દોડતો રસુલે ખુદા (સ.અ.વ.) ની પાસે આવ્યો અને મોટા અવાજે બોલવા લાગ્યો અય મોહમ્મદ (સ.અ.વ.)! અય મોહમ્મદ (સ.અ.વ.)!

રસુલે ખુદા (સ.અ.વ.)નો એ રિવાજ હતો કે જ્યારે કોઈ તેમને 'અય મોહમ્મદ' કહીને બોલાવતું તો તેઓ પણ તેના જવાબમાં 'અય મોહમ્મદ' કહેતા અને જ્યારે કોઈ યા એહમદ કહીને બોલવતા તો રસુલે ખુદા (સ.અ.વ.) પણ તેને જવાબમાં યા એહમદ કહેતા અને જ્યારે કોઈ અબુલ કાસીમ કહીને બોલાવતું તો રસુલે ખુદા (સ.અ.વ.) પણ તેને જવાબમાં અબુલ કાસીમ કહી દેતા હતા. પરંતુ જ્યારે કોઈ રસુલે ખુદા (સ.અ.વ.)નેએ અલ્લાહના રસુલ કહીને આવાઝ દેતા તો તેના જવાબમાં 'લબ્બૈક' કહેતા.

જ્યારે તે અઅરાબીએ રસુલે ખુદા (સ.અ.વ.)ને અય મોહમ્મદ કહીને આવાઝ આપીતો રસુલે ખુદા (સ.અ.વ.) એ પણ તેના જવાબમાં તેજ શબ્દો દોહરાવ્યા.

ત્યાર પછી તે અઅરાબીએ એકદમ ગુસ્તાખીની સાથે આમ કહ્યું (મઆઝલ્લાહ) તમે એક ખોટા જાદુગર છો. તમારાથી વધારે જુઠું આ જમીન પર અને આ આસમાનની નીચે બીજુ કોઈ નથી કારણકે તમે એ જુઠો દાવો કર્યો છે કે આસમાનમાં ફકત એક ખુદા છે. જેણે તમને

ઈન્સાનના કાળા અને ગોરા પર પોતાનો રસુલ બનાવીને મોકલ્યો છે. લાત, ઉઝઝાની કસમ અગર મને એ ડર ન હોત કે મારી કૌમ મને જલ્દબાઝ કહેવા લાગશે તો હું હમણા જ પોતાની તલવારથી તમારા સરને ઉતારી દેત અને મારા આ અમલથી પહેલા અને છેલ્લા લોકો પર ફખ્ર કરત.

તે અઅરાબીની આવી ગુસ્તાખીભરી વાત સાંભળીને ઉમર તેને મારવા માટે ઉભો થયો. તો રસુલે ખુદા (સ.અ.વ.) એ તેને મનાઈ કરી અને ફરમાવ્યુંઃ અય હફસાના પિતા! પોતાની જગ્યા પર બેઠા રહો તમને ખભર નથી કે હીલ્મ (સહનશીલતા) એક એવી સિફત છે કે જેનાથી ઈન્સાન નબુવ્વતના મરતબાથી નઝદીક થઈ જાય છે.

પછી રસુલે ખુદા (સ.અ.વ.) એ તે અઅરાબીની તરફ વળ્યા અને ફરમાવ્યુંઃ ભાઈ! શું અરબોનો આજ દસ્તુર છે કે લોકોની મહેફીલોમાં બેધડક ઘુસી જાય અને આવી રીતે બેઅદબી કરે? સાંભળ! તે ઝાતની કસમ જેણે મને રિસાલત પર મબઉસ કર્યો છે, જે શખ્સ મને આ દુનિયામાં અઝીય્યત (તકલીફ) પહોંચાડશે તેનું ઠેકાણું જહન્નમ છે. અય અઅરાબી! સાંભળ, તે ઝાતની કસમ જેણે મને રિસાલત પર મબઉસ કર્યો છે, સાતમાં આસમાનના રહેવાવાળામાં મારૂ નામ 'એહમદ-સાદીક' મશ્હુર છે.

અય અઅરાબી! આ બદકલામી કર્યા પછી પણ હજુ તારૂ કાઈ બગડયુ નથી, હજુ અગર તું ઈસ્લામ લઈ આવ તો તારી જાન અને માલ ઈસ્લામની અમાનમાં આવી જશે.

રસુલે ખુદા (સ.અ.વ.)ના આ કલામ સાંભળીને તે અઅરાબીને વધારે ગુસ્સો આવ્યો અને પોતાની આસ્તીનમાંથી ગરોળી કાઢીને ઝમીન પર ફેંકી દીધી અને બોલ્યોઃ લાત અને ઉઝઝાની કસમ! હું તમારા પર તે સમય સુધી ઈમાન નહી લાવીશ જ્યાં સુધી આ ગરોળી તમારા પર ઈમાન નહી લાવે.

તે ગરોળી જમીન પર પડતા જ એકબાજુ ભાગવા લાગી. રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ અય ગરોળી! ઉભી રહે અને એ બતાવ કે હું કોણ છુ?

ગરોળી પાછી આવી અને રસુલે ખુદા (સ.અ.વ.)ની સામે પોતાનુ માથુ ઉપાડીને ખુદાના હુકમથી બોલતી થઈ કેઃ તમે મોહમ્મદ બિન અબ્દુલ્લાહ બિન અબ્દુલ મુત્તાલીબ બિન હાશીમ બિન અબ્દેમનાફ છો.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરી પુછયુંઃ તું કોની ઈબાદત કરો છો?

ગરોળીએ કહ્યુંઃ હું તે મહાન ખુદાની ઈબાદત કરૂ છું જેણે દાણાને શીગાફ્ત કર્યો, જેણે દરેક રૂહવાળાને પૈદા કર્યા, જેણે ઈબ્રાહીમ (અ.સ.)ને પોતાનો ખલીલ બનાવ્યો અને અય મોહમ્મદ (સ.અ.વ.)! તમને પોતાના હબીબ અને મુન્તખબ બનાવ્યા.

ત્યાર બાદ તે ગરોળીએ અમુક અશઆર પઢયા જે નીચે મુજબ છેઃ

أَلَا يَا رَسُولَ اللهِ إِنَّكَ صَادِقٌ     فَبُورِكْتَ مَهْدِيّاً وَبُورِكْتَ هَادِياً

شَرَعْتَ لَنَا دِينَ الْحَنِيفَةِ بَعْدَ مَا     عَبَدْنَا كَأَمْثَالِ الْحَمِيرِ الطَّوَاغِيَا

فَيَا خَيْرَ مَدْعُوٍّ وَيَا خَيْرَ مُرْسَلٍ     إِلَى الْجِنِّ بَعْدَ الْإِنْسِ لَبَّيْكَ دَاعِياً

وَنَحْنُ أُنَاسٌ مِنْ سُلَيْمٍ وَإِنَّنَا     أَتَيْنَاكَ نَرْجُو أَنْ نَنَالَ الْعَوَالِيَا

أَتَيْتَ بِبُرْهَانٍ مِنَ اللهِ وَاضِحٍ     فَأَصْبَحْتَ فِينَا صَادِقَ الْقَوْلِ زَاكِياً

فَبُورِكْتَ فِي الْأَحْوَالِ حَيّاً وَمَيِّتاً     وَبُورِكْتَ مَوْلُوداً وَبُورِكْتَ نَاشِياً

અય મોહમ્મદ (સ.અ.વ.)! તમે સાદીક અને હાદી અને મહદી છો, તમે દીને હનીફ (સીધા દીન) તરફ અમારી હિદાયત કરી, જ્યારે કે અમે લોકો ચોપગા (જાનવરો)ની જેમ ઝીંદગી બસર કરી રહ્યા હતા. તમે તે તમામ અંબીયા અને રસુલોના સરદાર છો જે જીન અને ઈન્સ તરફ મબઉસ કરવામાં આવ્યા છો. બની સુલૈમના લોકો તમારી પાસે બુઝુર્ગી હાસીલ કરવા માટે આવ્યા, તમે પોતાની રિસાલતની રોશન દલીલો પેશ કરી એટલા માટે તમે પાક અને કૌલમાં સાદીક તરીકે

મશ્હુર થઈ ગયા, તમારા પર ઝીંદગી અને મૌત દરેક હાલતમાં અલ્લાહ તઆલાની તરફથી બરકતો જ બરકતો નાઝીલ થાય.

આ અશ્આર પઢીને તે ગરોળી એ રીતે ચુપ થઈ ગઈ જાણે કે તેને બોલતા આવડતુ જ નથી.

અઅરાબી એ જ્યારે આ સ્પષ્ટ અને રૌશન મોઅજીઝો જોયો તો બોલ્યોઃ અય મોહમ્મદ (સ.અ.વ.)! તમારો હાથ આગળ લાવો, હું ગવાહી આપુ છું કે ખુદાએ વહદહુ લાશરીક સિવાય કોઈ ખુદા નથી, તમે તેના બંદા અને સાચા રસુલ છો.

રસુલે ખુદાએ પોતાના મુબારક હાથ આગળ લંબાવ્યો અને તે અઅરાબીએ બયઅત કરી ત્યાર બાદ રસુલે ખુદા (સ.અ.વ.) પોતાના સહાબીઓની તરફ મુતવજ્જેહ થયા અને ફરમાવ્યુંઃ આપણા આ અરબ ભાઈને કુરઆનની અમુક સુરા શીખવાડી દયો.

જ્યારે તેણે અમુક સુરાઓને શીખી લીધા તો રસુલે ખુદા (સ.અ.વ.) એ તેને ફરમાવ્યુંઃ તારી પાસે કોઈ માલ છે?

તે અઅરાબીએ કહ્યુંઃ તે ઝાતની કસમ જેણે તમને હકની સાથે નબી બનાવીને મોકલ્યા છે, અમે બની સુલૈમ ૪૦૦૦ ની સંખ્યામાં છીએ અને તેમાં મારાથી વધારે તંગદસ્ત અને ફકીર કોઈ નથી.

રસુલે ખુદા (સ.અ.વ.) પોતાના સહાબીઓને મુખાતબ થઈને ફરમાવ્યુંઃ જે શખ્સ આ અઅરાબીને સવારી માટે એક ઉંટણી આપશે હું ઝમાનત લઉ છું કે અલ્લાહ તેને જન્નતની ઉંટણીમાંથી એક ઉંટણી આપશે.

આ સાંભળીને સઅદ બિન અબાદહ તરતજ ઉભા થયા અને અર્ઝ કરીઃ અય અલ્લાહના રસુલ! મારા મા-બાપ તમારા પર કુરબાન થાય. મારી પાસે એક લાલ રંગની ઉંટણી છે જેના પેટમાં ૧૦ મહીનાનુ બચ્ચુ પણ છે, તે હું આ અઅરાબીને આપુ છું.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ અય સઅદ! તમે અમારી સામે પોતાની ઉંટણીના વખાણ ફખ્રથી કરો છો, હું બતાવું કે તેના બદલામાં જે ઉંટણી તમને અલ્લાહ અતા કરશે તે કેવી હશે?

સઅદ બિન અબાદહ એ કહ્યુંઃ મારા મા-બાપ તમારા પર કુરબાન! બયાન ફરમાવો.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ અય સઅદ! તે ઉંટણી લાલ સોનાની હશે. તેના પગ અંબરના, તેના વાળ જાફરાનના, તેની આંખો લાલ યાકુતની, તેની ગરદન લીલા ઝબરજુદની, તેનુ સર ચમકદાર મોતી, તેની મેહાર પાણીદાર મોતીની, તેની પીઠ પર એક મોતીની અમારી રાખેલી હશે જે એટલી સાફ સુથરી હશે કે અંદરની ચીજ બહારથી અને બહારની ચીજ અંદરથી નઝર આવશે અને તે તમને લઈને જન્નતમાં ઉડયા કરશે.

ત્યાર બાદ રસુલે ખુદા (સ.અ.વ.) ફરી વખત સહાબીની તરફ મુતવજ્જેહ થયા અને ફરમાવ્યુંઃ આ અઅરાબીના માથા પર અમામો કોણ પહેરાવશે? હું ઝમાનત લઉ છું કે તેના બદલામાં અલ્લાહ તઆલા તેને તકવાનો તાજ પહેરાવશે.

આ સાંભળીને હ. અલી (અ.સ.) ઉભા થયા અને ફરમાવ્યુંઃ મારા મા-બાપ આપ પર કુરબાન થાય! તે તકવાનો તાજ કેવો હશે?

રસુલે ખુદા (સ.અ.વ.) એ તેની સીફતો બયાન કરી અને હ. અલી (અ.સ.) એ પોતાના પવિત્ર સરથી અમામો ઉતારીને તે અઅરાબીને પહેરાવી દીધો.

પછી રસુલે ખુદા (સ.અ.વ.) પોતાના સહાબીઓથી મુખાતબ થયા અને ફરમાવ્યુંઃ જે આ અઅરાબીનું સફરનું ભાથુ તૈયાર કરશે હું ઝમાનત લઉ છું કે અલ્લાહ તેને ઝાદે તકવા અતા કરશે.

આ સાંભળીને જ. સલમાન ઉભા થયા અને કહ્યુંઃ મારા મા-બાપ તમારા પર કુરબાન થાય! ઝાદે તકવાના બારામાં બયાન કરો કે તે કેવું છે?

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ અય સલમાન! જ્યારે તમારો દુનિયામાં આખરી દિવસ હશે તો અલ્લાહ તઆલા તમને કલમએ શહાદતૈન લા ઈલાહ ઈલ્લલ્લાહ મોહમ્મદુર રસુલુલ્લાહની તલ્કીન કરશે. અગર તમે કલમએ શહાદતૈન પઢી લીધો તો તમે મને મળી શકશો અને હું તમારી મુલાકાત કરી શકીશ અને અગર તમે આ કલમો ન પઢયો તો કયારેય ન તો તમે મને મળી શકશો અને ન હું તમને મળી શકીશ.

રાવીનું બયાન છે કે આ સાંભળીને જ. સલમાન ઉભા થયા અને તેમણે નબી (સ.અ.વ.)ના પત્નીઓના હુજરાઓમાં (રૂમમાં) ચક્કર લગાવ્યો પરંતુ ત્યાંથી તેમને કાંઈ ન મળ્યું તો પરત આવ્યા અને જ. ફાતેમા (સ.અ.)ના ઘર તરફ નઝર કરી અને વિચાર્યું કે ભલાઈ તો જ. ફાતેમા (સ.અ.)ના ઘરે જ મુમ્કીન છે આમ વિચારીને દરવાઝા પર દસ્તક દીધી તો અંદરથી આવાઝ આવી કે કોણ છે?

જ. સલમાને જવાબ આપ્યોઃ હું સલમાન છું.

જ. ઝહરા (સ.અ.) એ પુછયુંઃ શું ચાહો છો?

જ. સલમાને તે અઅરાબી અને ગરોળીના આખો કિસ્સો બયાન કર્યો.

હ. ફાતેમા (સ.અ.) એ ફરમાવ્યુંઃ સલમાન તે ઝાતની કસમ જેણે મારા પિતાને હકની સાથે નબી બનાવીને મોકલ્યા. આજે ત્રીજો દિવસ છે અમે કાંઈ નથી ખાધું. ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.) ભુખના લીધે તડપીને સુઈ ગયા છે. હવે જ્યારે એક કારે ખૈર મારા દરવાજા પર આવ્યું છે હું તેને પાછો નહિ ફેરવું. સલમાન મારી આ ચાદર લઈ જાવ અને શમઉન યહુદીને કહો કે રસુલે ખુદા

(સ.અ.વ.)ની બેટી એ ફરમાવ્યું છે કે આને ગીરવી રાખી લો અને એક શેર ખજુર અને એક શેર જવ આપે. હું ઈન્શાઅલ્લાહ જલ્દીથી તેને પાછા આપી દઈશ.

જ. સલમાને જ. ઝહરાની ચાદર લીધી. શમઉન યહુદીની પાસે આવ્યા અને કહ્યુંઃ અય શમઉન! આ જ. ફાતેમા બિન્તે મોહમ્મદ (સ.અ.વ.)ની ચાદર છે. તેણે કહેવારવ્યું છે કે આને ગીરવી રાખી લો અને એક શેર ખજુર અને એક શેર જવ મને આપો. હું ઈન્શાઅલ્લાહ જલ્દી પરત કરી દઈશ.

શમઉને તે ચાદર લઈને તેને બોસો આપ્યો. તેની આંખો આંસુઓથી ભરાઈ ગઈ અને બોલ્યો અય સલમાન! હકીકતમાં આનું નામજ ઝોહદ છે અને હ. મુસા ઈબ્ને ઈમરાને તૌરેતમાં અમને આનીજ ખબર આપી હતી. ત્યારબાદ કહ્યુંઃ

અશ્હદો અન લા ઈલાહા ઈલ્લલ્લાહ વઅશ્હદો અન્ન મોહમ્મદ અબ્દહુ વ રસુલો.

આમ કહીને તે ઈસ્લામ લાવ્યો અને એકદમ પાકો મુસલમાન બની ગયો. ત્યારબાદ તેણે સલમાનને એક શેર ખજુર અને એક શેર જવ આપ્યા. જ. સલમાન તેને લઈને જ. ફાતેમા (સ.અ.)ની ખિદમતમાં આવ્યા અને તેમને આપ્યું.

પછી જ. ઝહરા (સ.અ.) એ જવને પોતાના હાથથી પીસયું તેની રોટીઓ બનાવી અને પછી જ. સલમાનના હવાલે કરી દીધી અને ફરમાવ્યુંઃ આને નબી (સ.અ.વ.)ની ખિદમતમાં લઈ જાવ.

જ. સલમાને કહ્યુંઃ શાહેઝાદી આમાંથી એક રોટી તમે પણ ઈ. હસન (અ.સ.)અને ઈ. હુસૈન (અ.સ.) માટે રાખી લો.

જ. ફાતેમા (સ.અ.) એ કહ્યુંઃ અય સલમાન! આ કામ મેં ખુશ્નુદીએ ખુદા માટે કર્યું છે. આ માટે હું આમાંથી કાંઈ નહિ લવ.

અલગરઝ જ. સલમાન તે રોટીઓને લઈને રસુલે ખુદા (સ.અ.વ.)ની ખિદમતમાં આવ્યા.

રસુલે ખુદા (સ.અ.વ.) એ જોયું તો પુછયુંઃ અય સલમાન! આ રોટીઓ તમને કયાંથી મળી ગઈ?

જ. સલમાને કહ્યુંઃ જ. ફાતેમા (સ.અ.)ના ઘરેથી લઈ આવ્યો છું.

રાવીનું બયાન છે કે રસુલે ખુદા (સ.અ.વ.) એ પણ ત્રણ દિવસથી કાંઈ ખાધુ ન હતું. રસુલે ખુદા (સ.અ.વ.) ત્યાંથી ઉભા થઈને જ. ફાતેમા (સ.અ.)ના ઘરે પહોંચીને દરવાજો ખખડાવ્યો. શેહઝાદીનો આ રિવાજ હતો કે જ્યારે રસુલે ખુદા (સ.અ.વ.) દરવાજા પર આવીને ખખડાવે તો કોઈ બીજાને બદલે ખુદ જ. ફાતેમા (સ.અ.) જ દરવાજો ખોલતા હતા. આથી જ. ફાતેમા (સ.અ.) ખુદ જ દરવાજો ખોલ્યા. રસુલે ખુદા (સ.અ.વ.) એ અંદર આવીને જ્યારે બેટીના ચહેરાને પીળો જોયો, આંખોમાં કુંડાળા પડી ગયા છે. આ જોઈને પુછયુંઃ બેટી! આ તમારો ચહેરો પીળો અને આંખોમાં કુંડાળા કેમ પડી ગયા છે?

જ. ફાતેમા (સ.અ.) એ ફરમાવ્યુંઃ પિતા! ત્રણ દિવસથી અમને કોઈ ખોરાક મળ્યો નથી.

ઈ. હસન (અ.સ.) અને ઈ. હુસૈન (અ.સ.) પણ ભુખ્યા સુતા છે.

રાવીનું બયાન છે કે પછી નબી (સ.અ.વ.)ને બંને બચ્ચાઓને જગાડયા. એકને ડાબી બાજુ બેસાડયા અને બીજાને જમણી બાજુ પર અને જ. ફાતેમા ઝહરા (સ.અ.)ને સામે બેસાડયા. એટલામાં હ. અલી (અ.સ.) પણ આવી ગયા. રસુલે ખુદા (સ.અ.વ.) એ હ. અલી (અ.સ.)ને પોતાની પાછળ બેસાડી દીધા પછી આસમાનની તરફ જોઈને ફરમાવ્યુંઃ

إِلَهِي وَ سَيِّدِي وَ مَوْلَايَ هَؤُلَاءِ أَهْلُ بَيْتِي اللَّهُمَّ أَذْهِبْ عَنْهُمُ الرِّجْسَ وَطَهِّرْهُمْ تَطْهِيراً

અય મારા અલ્લાહ, મારા માલિક, મારા મૌલા, આજ મારા એહલેબૈત છે. તુ આનાથી રિજસ (નજાસત)ને દૂર રાખજે અને તેમને પાકો પાકીઝા રાખજે જે પાકો પાકીઝા રાખવાનો હક છે.

રાવી કહે છે કે પછી જ. ફાતેમા (સ.અ.) ઉભા થયા અને પોતાના ઈબાદત કરવાના રૂમમાં ગયા. બે રકાત નમાઝ પઢી પછી પોતાના હાથો આસમાનની તરફ ઉંચા કર્યા.

અય મારા અલ્લાહ! અય મારા મૌલા! આ તારા નબી મુસ્તફા (સ.અ.વ.) છે. આ તારા નબીના કાકાના દીકરા અલી (અ.સ.) છે અને આ તારા નબીના નવાસા ઈ. હસન (અ.સ.) અને ઈ. હુસૈન (અ.સ.) છે. અમારી માટે આસમાનથી એવી રીતે ખોરાક નાઝીલ ફરમાવ જેવી રીતે તે બની ઈસ્રાઈલની માટે નાઝીલ કર્યું હતું. તે લોકોએ તે ખાઈને પણ કુફરાને નેઅમત કર્યું હતું અને અમે તો તારો શુક્ર કરવાવાળા બંદા છે.

ઈબ્ને અબ્બાસ કહે છે કે ખુદાની કસમ જ. ફાતેમા (સ.અ.)ની દોઆ હજુ પુરી નહોતી થઈ જ. ફાતેમા (સ.અ.)ની પાછળ ખોરાકનો થાળ ખુદબખુદ હાજર થઈ ગયો જેમાંથી મુશ્કની ખુશ્બુ આવી રહી હતી.

જ. ફાતેમા ઝહરા (સ.અ.) તે ખાવાનું લઈને પોતાના પિતાની ખિદમતમાં ગયા અને જ. રસુલે ખુદા (સ.અ.વ.), હ. અલી (અ.સ.) અને હ. હસન (અ.સ.) અને હ. હુસૈન (અ.સ.)ની સામે પેશ કર્યું.

હ. અલી (અ.સ.) એ પુછયુંઃ અય બિન્તે રસુલ! આ ખોરાક કયાંથી આવ્યો?

હ. રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ અય અલી (અ.સ.)! ખાવાનું શરૂ કરો. સવાલ ન કરો, શુક્ર છે તે ખુદાનો જેણે મારી બેટીને એ મરતબો આપ્યો છે જે જ. મરીયમ બિન્તે ઈમરાનને આપ્યો હતો.

પછી રસુલે ખુદા (સ.અ.વ.) એ આ આયતની તિલાવત કરી જે સુરએ આલે ઈમરાનની ૩૭ મી છે.

كُلَّمَا دَخَلَ عَلَيْهَا زَكَرِيَّا الْمِحْرَابَ وَجَدَ عِنْدَهَا رِزْقاً قَالَ يَا مَرْيَمُ

أَنَّى لَكِ هٰذَا قَالَتْ هُوَ مِنْ عِنْدِ اللّٰهِ إِنَّ اللّٰهَ يَرْزُقُ مَنْ يَشَاءُ بِغَيْرِ حِسَابٍ

જ. ઝકરીયા જ્યારે પણ જ. મરીયમની પાસે ઈબાદતના મહેરાબમાં જતા તો તેની પાસે રીઝક જોતા હતા તો પૂછતા હતાઃ અય મરીયમ! તમારી પાસે આ ખોરાક કયાંથી આવ્યો? તો જ. મરીયમ કહેતા હતા કે આ અલ્લાહની પાસેથી આવ્યો. બેશક અલ્લાહ જેને ચાહે છે તેને બેહિસાબ રોઝી આપે છે.

હ. રસુલે ખુદા (સ.અ.વ.( અને હ. અલી (અ.સ.), હ. ફાતેમા (સ.અ.), ઈ. હસન (અ.સ.) અને ઈ. હુસૈન (અ.સ.) એ તે ખોરાકને ખાધો.

અને ત્યાં તે અઅરાબી ખાવાનું ખાઈને ઉંટ પર બેસીને પોતાનો કબીલા બની સુલૈમમાં પાછો પહોંચ્યો અને તેના કબીલાવાળાઓને બોલાવીને કહ્યુંઃ

قُولُوا لَا إِلَٰهَ إِلَّا اللّٰهُ تُفْلِحُوا

તમે લોકો લાઈલાહા ઈલ્લલ્લાહ કહો જેથી કામ્યાબી પામી શકો.

આ સાંભળીને કબીલાના લોકાએ તલવાર મયાનમાંથી કાઢી લીધી અને બોલ્યા મોહમ્મદ (સ.અ.વ.) જે એક જાદુગર અને જુઠા છે. શું તેના મઝહબ તરફ તું પણ આકર્ષીત થઈ ગયો છો?

તે અઅરાબી શખ્સે કહ્યુંઃ મોહમ્મદ (સ.અ.વ.)ને ખરાબ ન કહો. એ બનુ સુલૈમ! મોહમ્મદ (સ.અ.વ.)નો અલ્લાહના બહેતરીન બંદા છે અને મોહમ્મદ (સ.અ.વ.) બહેતરીન નબી છે. હું તેની પાસે ભુખ્યો ગયો હતો તેમણે મને ખોરાક ખવરાવ્યા, મારી પાસે કપડા ન હતા મને કપડા પહેરાવ્યા. હું પગપાળા હતો તો મને સવારી આપી. રસ્તા માટે

ભાથુ આપ્યું. આના પછી પોતાનો પુરો વાકેઓ અને ગરોળીની ગવાહી અને અશ્આર પડવાનો પૂરો વાકેઓ બતાવ્યો.

પછી તેઓને કહ્યુંઃ ઈસ્લામ લઈ આવો જેથી જહન્નમથી સલામત રહો.

પરિણામે તે દિવસે બનુ સુલૈમના ૪૦૦૦ મર્દ ઈસ્લામ લાવ્યા અને આ તેજ લીલા પરચમવાળા અસ્હાબ છે જે રસુલે ખુદા (સ.અ.વ.)ની આજુબાજુ ભેગા રહેતા હતા.

(કિતાબ તફસીરે સોઅલબી, અરબઈન-ઈબ્ને મોઅઝીન, કિતાબ મનાકિબે અબીલ ફરહ)

# પ્રકરણ-૪

# જ. ફાતેમા (સ.અ.)ની સિરત, મકારેમુલ અખ્લાક અને જ. ફાતેમા (સ.અ.)ની અમુક કનીઝોના હાલાત

## ૧) હ. અલી (અ.સ.) અને આપ (સ.અ.)ની વચ્ચે કામની વહેંચણીઃ

કિતાબ કુરબુલ અસ્નાદમાં હ. ઈમામ જઅફરે સાદિક (અ.સ.)થી રિવાયત નકલ છે કે હ. અલી (અ.સ.) અને જ. ફાતેમા ઝહરા (સ.અ.) એ રસુલે ખુદા (સ.અ.વ.)ની ખિદમતમાં અર્ઝ કરી કે તમે અમારા બન્ને વચ્ચે કામની વહેંચણી કરી આપો.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ દરવાજાની અંદર જે કામ હોય તે ફાતેમા (સ.અ.)ની ઝીમ્મેદારી છે અને દરવાજાની બહાર જે કામ હોય તે આપ (અ.સ.)ની ઝીમ્મેદારી છે.

જ. ફાતેમા ઝહરા (સ.અ.) ફરમાવે છેઃ મારા પિતાના આ ફેંસલાથી જે ખુશી મારા દીલને થઈ છે તેનું ઈલ્મ અલ્લાહ સિવાય કોઈને નથી એટલા માટે કે રસુલે ખુદા (સ.અ.વ.) એ મને મર્દોની દરમ્યાન જવાથી બચાવી લીધા.

(કિતાબ કુરબુલ અસ્નાદ)

## ૨) કપડાની સાદગીઃ

ઓયુનો અખ્બારે રેઝામાં અસ્મા બિન્તે ઉમૈસથી રિવાયત નકલ છે કે હું એક વખત જ. ફાતેમા (સ.અ.)ની પાસે હતી કે રસુલે ખુદા (સ.અ.વ.) તશરીફ લાવ્યા. તે સમયે જ. ઝહરા (સ.અ.) એક સોનાનો હાર પહેરેલો હતો જે હ. અલી (અ.સ.)ને તેમના માટે પોતાના માલથી ખરીદયો હતો.

રસુલે ખુદા (સ.અ.વ.) એ તે હાર જોઈને ફરમાવ્યુંઃ બેટી ફાતેમા (સ.અ.)! એવુ ન થાય કે લોકો એમ કહે કે જ. ફાતેમા (સ.અ.) પણ જાબીરો જેવા કપડા પહેરે છે.

હ. ફાતેમા (સ.અ.) એ આ સાંભળીને તે હાર ઉતારીને વેચી દીધો અને તેની કિંમતથી એક ગુલામ ખરીદયો અને તેને આઝાદ કરી દીધો.

રસુલે ખુદા (સ.અ.વ.) એ જ્યારે આ સાંભળ્યું તો ખુબજ ખુશ થયા.

### ૩) મકારેમુલ અખ્લાકઃ

એલલુશ્શરાએઅમાં હ. ઈ. હસન (અ.સ.)ની આ રિવાયત નકલ છે કે ઈ. હસન (અ.સ.) એ ફરમાવ્યુંઃ મેં મારી માતા જ. ફાતેમા ઝહરા (સ.અ.)ને જોયા કે તેઓ દર શબે જુમ્આ પુરી રાત મહેરાબે ઈબાદતમાં ઉભા રહેતા હતા, કયારેક રૂકુઅમાં હોતા તો કયારેક સજદામાં. ત્યાં સુધી કે સુબ્હની સફેદી નમુદાર થઈ જાય. હું સાંભળતો રહેતો હતો કે મારી માતા મોઅમેનીન અને મોઅમેનાત માટે નામ લઈને દોઆઓ કરતા હતા પરંતુ પોતાના માટે કોઈ દોઆ ન કરતા.

ઈ. હસન (અ.સ.) એ ફરમાવ્યુંઃ માદરે ગીરામી તમે બીજા માટે તો દોઆઓ કરતા રહો છો પરંતુ પોતાના માટે કોઈ દોઆ નથી કરતા?

જ. ઝહરા (સ.અ.) એ ફરમાવ્યુંઃ બેટા, પહેલા પાડોશી ત્યારબાદ ઘરવાળાઓ.

(એલલુશ્શરાએઅ)

- ઓયુનો અખ્બારે રેઝામાં નકલ છે કે ઈ. મુસા ઈબ્ને જઅફર (અ.સ.) એ પોતાના પિતાથી અને તેમણે પોતાના પવિત્ર બાપદાદાથી રિવાયત કરી છે કે જ. ફાતેમા (સ.અ.) જ્યારે પણ દોઆ કરતા તો મોઅમીન અને મોઅમેનાત માટે જ કરતા હતા. પોતાના માટે કોઈ દોઆ નહોતા કરતા. એક વખત તેમને કોઈએ કહ્યુંઃ બિન્તે રસુલ! શું વાત છે કે તમે દરેક લોકો માટે દોઆ કરો છો અને પોતાના માટે કોઈ દોઆ નથી કરતા. જ. ઝહરા (સ.અ.) એ ફરમાવ્યુંઃ

  الجار ثم الدار પહેલા પાડોશી પછી ઘરવાળાઓ

(ઓયુને અખ્બારે રેઝા)

- કિતાબ હિલ્યતુલ અવ્લીયામાં હાફીઝ અબુ નઈમે પોતાની સનદોની સાથે અબુ લૈલાથી રિવાયત કરી છે કે આયેશા કહે છે કે મેં હ. ફાતેમા (સ.અ.) ને તેમના પિતા સિવાય કોઈને પણ વધારે સાચુ બોલનાર નથી પામ્યા.
- હસને બસરીનું બયાન છે આ ઉમ્મતમાં હ. ફાતેમા (સ.અ.) થી વધારે ઈબાદત ગુઝાર બીજુ કોઈ ન હતું. એટલીવાર સુધી અલ્લાહની ઈબાદતમાં કયામ કરતા હતા કે તેમના મુબારક પગ પર સોજા આવી જતા.

એક વખત નબી (સ.અ.વ.) એ જ. ફાતેમા (સ.અ.)ને પુછયુંઃ ઔરત માટે સૌથી બહેતર વાત શું છે?

જ. ઝહરા (સ.અ.) એ ફરમાવ્યુંઃ ઔરત માટે સૌથી બહેતર વાત એ છે કે ન તે કોઈ ગેરમર્દને જોવે અને ન કોઈ ગેરમર્દ તેને જોવે.

આ જવાબ સાંભળીને રસુલે ખુદા (સ.અ.વ.) એ તેની દીકરીની પેશાનીને બોસા આપ્યો અને ફરમાવ્યુંઃ

ذُرِّيَّةً بَعْضُهَا مِنْ بَعْضٍ

એ સાચુ છે કે ઝુર્રીયતમાં અમુકને અમુક પર સિફતો અને ખુસુસીયાત મળે છે.

**૪) તસ્બીહે જ. ફાતેમા (સ.અ.):**

અબુલ વરદ બિન શમામાથી રિવાયત છે કે હ. અલી (અ.સ.) એ એક વખત બની સઅદના કોઈ શખ્સને ફરમાવ્યુંઃ હું તને જ. ફાતેમા (સ.અ.)નું હાલ સંભળાવું છું કે ચક્કી પીસતા પીસતા તેમના હાથમાં ખાડા પડી જતા હતા. ઘરમાં કામકાજ કરતા કરતા કપડા મેલા થઈ જતા હતા, ચુલામાં આગ રૌશન કરતા કરતા તેમના કપડા ધુમાડાથી કાળા થઈ જતા હતા તો મેં તેમને કહ્યુંઃ તમારા પિતાને કહો કે કોઈ કનીઝ આપે જેથી તમારે આ મુશ્કેલીઓથી છુટકારો મળે. મારા કહેવા પર

તેઓ નબી (સ.અ.વ.)ની પાસે ગયા પરંતુ જોયું કે રસુલે ખુદા (સ.અ.વ.) લોકો સાથે વાત કરવામાં વ્યસ્ત હતા તો પાછા આવી ગયા.

બીજા દિવસે રસુલે ખુદા (સ.અ.વ.) જ. ઝહરા (સ.અ.)ની પાસે પોતેજ તશરીફ લઈ આવ્યા અને પુછયુંઃ બેટી! કાલે તમે મારી પાસે કેમ આવ્યા હતા?

જ. ફાતેમા (સ.અ.) તો કાંઈ ન બોલ્યા પરંતુ હ. અલી (અ.સ.) એ ફરમાવ્યુંઃ અય અલ્લાહના રસુલ! ચક્કી પીસતા પીસતા તેમના હાથોમાં ખાડા પડી ગયા છે. ઘરમાં કામકાજ કરતા કરતા કપડા મેલા થઈ જતા હતા અને ચુલામાં આગ રૌશન કરતા કરતા ધુમાડાથી કપડા કાળા થઈ જતા હતા. એટલા માટે મેં તેમને કહ્યું હતું કે જાઓ તમારા પિતાને કહો કે તેઓ કોઈ કનીઝનો ઈન્તેઝામ કરી દે તો તમને આ મશક્કતોથી છુટકારો મળી જાય એટલા માટે તમારી પાસે આવ્યા હતા.

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ઈરશાદ ફરમાવ્યું કેઃ હું તમને બન્નેને એવી ચીઝની તાલીમ કેમ ન આપું જે ખિદમતગારથી ઘણી બહેતર છે. તે એ છે કે જ્યારે તમે સુવા માટે જાવ તો ૩૩ વખત સુબહાન અલ્લાહ, ૩૪ વખત અલહમ્દો લિલ્લાહ, ૩૪ વખત અલ્લાહો અકબર પઢો.

જનાબે ફાતેમા (સ.અ.) એ ફરમાવ્યું કે પિતા! હું અલ્લાહ અને તેના રસુલના હુકમ પર રાઝી છું.

(કિતાબ ઓયુને અખ્બારે રેઝા)

સહીહ બુખારી અને સહીહ મુસ્લીમમાં રિવાયત છે કે એક વખત હ. અલી (અ.સ.) એ જ. ફાતેમા ઝહરા (સ.અ.)ને ફરમાવ્યુંઃ પાણીની ડોલ ભરતા ભરતા મારા હાથ દુઃખવા લાગે છે.

જનાબે ફાતેમા (સ.અ.)એ ફરમાવ્યુંઃ અને ચક્કી પીસતા પીસતા મારા હાથમાં પણ છાલા પડી જાય છે.

હઝરત અલી (અ.સ.)એ ફરમાવ્યુંઃ તમારા મહાન પિતાની પાસે થોડા કૈદીઓ આવ્યા છે. જઈને તેમને તમારા માટે કોઈ કનીઝ માંગી લો.

આ સાંભળી જનાબે ફાતેમા (સ.અ.) રસુલે ખુદા (સ.અ.વ.)ની ખિદમતમાં ગયા. સલામ કરી કાંઈપણ કીધા વગર પાછા આવી ગયા!

હ. અલી (અ.સ.) એ ફરમાવ્યુંઃ અય બિન્તે રસુલ! શું થયુ? તમે તમારા પિતાની પાસે પોતાનો મકસદ બતાવ્યો કે નહીં?

જ. ફાતેમા (સ.અ.) એ ફરમાવ્યુંઃ હા, હું ગઈ તો જરૂર હતી પરંતુ મારા પિતાની જલાલત અને બુઝુર્ગીના કારણે હું તેની સાથે કોઈ વાત ન કરી શકી.

હ. અલી (અ.સ.) એ ફરમાવ્યુંઃ ઠીક છે. ચાલો હું તમારી સાથે આવું છું.

આના પછી બન્ને રસુલે ખુદા (સ.અ.વ.)ની ખિદમતમાં હાજર થયા અને હ. અલી (અ.સ.) એ જ. ફાતેમા (સ.અ.)નો મકસદ બતાવ્યો.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ મેં તે કૈદીઓને વેચીને તેની કિંમત સફાવાળાઓને દેવા ચાહુ છું.

પછી તેના બદલામાં રસુલે ખુદા (સ.અ.વ.) એ પોતાની બેટીને તસ્બીહની તઅલીમ આપી જે તસ્બીહે ફાતેમાના નામથી મશ્હુર છે.

(સહીહ બુખારી અને સહીહ મુસ્લીમ, મનાકીબ)

- કિતાબ શિરાઝીમાં રિવાયત છે કે જે વખત જ. ફાતેમા (સ.અ.) એ પોતાના મહાન પિતાને એક કનીઝ માટે માંગણી કરી. તો રસુલે ખુદા (સ.અ.વ.)ની આંખો આંસુથી ભરાઈ ગઈ અને ફરમાવ્યુંઃ બેટી! તે જાતની કસમ જેણે મને હકની સાથે મોકલ્યો છે. સા સમયે મસ્જીદમાં ૪૦૦ વ્યકિતઓ એવા છે જેની પાસે ન ખાવા માટે કાંઈ છે ન પહેરવા માટે અને અગર મને એ વાતનો ડર ન હતો કે આવી

રીતે તમારા અજ્ર અને સવાબમાં કમી થઈ જાય તો હું તમને એક કનીઝ જરૂર આપત અને તમારે પણ એનો ખ્યાલ રાખવો જોઈએ કે અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) પતિની હૈસીય્યતથી કયામતના દિવસે તમારાથી પોતાના કોઈ હકનો મુતાલેબો ન કરે.

ત્યારબાદ રસુલે ખુદા (સ.અ.વ.) એ પોતાની દીકરીને તસ્બીહની તઅલીમ આપી જે તસ્બીહે ઝહરા કહેવામાં આવી. જ્યારે બન્ને પાછા ફર્યા તો હ. અલી (અ.સ.)એ ખુશ થઈને ફરમાવ્યુંઃ એ બિન્તે રસુલ તમે તમારા પિતાની પાસે દુનિયાના કામથી ગયા હતા અને રસુલે ખુદા (સ.અ.વ.) એ તમને આખેરતનો સવાબ આપ્યો.

અબુ હુરૈરાનું બયાન છે કે જ્યારે હ. અલી (અ.સ.) અને જ. ફાતેમા ઝહરા (સ.અ.) રસુલે ખુદા (સ.અ.વ.)ની પાસે ગયા તો જીબ્રઈલ અમીને આ આયત લઈને નાઝીલ થયા

وَإِمَّا تُعْرِضَنَّ عَنْهُمُ ابْتِغَاءَ رَحْمَةٍ مِّن رَّبِّكَ تَرْجُوهَا فَقُل لَّهُمْ قَوْلًا مَّيْسُورًا

***'અય રસુલ! અગર તમને પોતાના પરવરદિગારના ફઝલો કરમનો ઈન્તેઝાર છે. જેની તમને ઉમ્મીદ છે (મજબુરીથી) તેમની ગુઝારીશ મોઢુ ફેરવવું પડે તો નરમાશથી તેમને સમજાવી દો.'***

(સુરએ ઈસ્રા, આ. ૨૮)

આ આયતનું નાઝીલ થવા પછી રસુલે ખુદા (સ.અ.વ.) એ જ.ફાતેમા ઝહરા (સ.અ.)ને એક કનીઝ ખિદમત માટે આપી જેનું નામ રસુલે ખુદા (સ.અ.વ.) એ ફીઝઝા રાખ્યું.

- તફસીરે સોઅલબીમાં હ. ઈમામ જઅફર ઈબ્ને મોહમ્મદ બાકીર (અ.સ.)થી અને તફસીરે કસીરમાં જાબીર બિન અબ્દુલ્લાહ અન્સારીથી રિવાયત છે કે એક વખત જ. રસુલે ખુદા (સ.અ.વ.)

એ હ. ફાતેમા (સ.અ.)ને એ હાલતમાં જોયા કે ઉંટની ખાલને ચાદર તરીકે ઓઢેલી હતી. ચક્કી પણ ચલાવતા જતા હતા અને બાળકોને દુધ પણ પીવરાવતા જતા હતા.

આ જોઈને રસુલે ખુદા (સ.અ.વ.)ની આંખોમાં આંસુ આવી ગયા અને ફરમાવ્યુંઃ બેટી! તમે આખેરતની મીઠાશ માટે દુનિયાની કડવાશને અપનાવી છે.

શેહઝાદીએ ફરમાવ્યુંઃ અય અલ્લાહના રસુલ! હું અલ્લાહની નેઅમતો અને બક્ષીશો ઉપર તેનો શુક્ર અદા કરૂ છું અને તેની હમ્દ કરૂ છું.

તે સમયે આ આયત નાઝીલ થઈ.

وَلَسَوْفَ يُعْطِيكَ رَبُّكَ فَتَرْضَىٰ

***'અય મારા રસુલ! નઝદીકમાંજ તમારો રબ તમને એટલું આપી દેશે કે તમે ખુશ થઈ જશો.'***

(સુરએ ઝોહા, આ. ૫)
(તફસીરે સોઅલબી, તફસીરે કસીર)

### ૫) જ. ફીઝઝા અને કુરઆનથી વાત કરવીઃ

અબુલ કાસીમ કસીરીએ પોતાની કિતાબમાં એક શખ્સની ઝબાનથી આ વાકેઓ નકલ કર્યો છે કે 'હું એક વખત એક રણમાં પોતાના કાફલાથી વિખુટો (અલગ) પડી ગયો ત્યાં મેં એક મોટી ઉંમરની ઔરતને જોયા તો મેં તેમને પુછયુંઃ તમે કોણ છો?

તેમણે જવાબમાં આ આયત પઢી

قُلْ سَلَامٌ فَسَوْفَ تَعْلَمُونَ

***'સલામ કહો, પછી તેઓને મઅલુમ થઈ જશે.'***

(સુરએ ઝુખ્રૂફ, આ. ૮૯)

હું મારી આ બેઅદબી અને કોતાહી ઉપર શરમીંદો થયો અને તરતજ સલામ કરી અને પુછયું કે તમે અહીંયા કઈ રીતે આવી ગયા?

તેમણે જવાબમાં ફરી વખત કુરઆનની આયત પઢયા.

مَنۡ يَّهۡدِ اللّٰهُ فَلَا مُضِلَّ لَهُ

*'જેની હિદાયત અલ્લાહ કરે તેને ગુમરાહ કરવાવાળો કોઈ નથી.'*

(સુરએ ઝુમર, આ. ૩૭)

હું સમજી ગયો કે રસ્તો ભુલી ગયા છે. મેં કહ્યું: તમે જીન્નોમાંથી છો કે ઈન્સાનોમાંથી?

તેમણે જવાબમાં આ આયત પઢી.

يَابَنِيۡ اٰدَمَ خُذُوا زِيۡنَتَكُمۡ

*'અય બની આદમ! પોતાની જાતને સજાવીને રાખો.'*

(સુરએ અઅરાફ, ૩૧)

હું સમજી ગયો કે તેઓ ઈન્સાનમાંથી છે, જીન નથી. પછી મેં પુછયું: તમે કયાંથી તશરીફ લાવી રહ્યા છો?

તેમણે આ આયત પઢી.

يُنَادَوۡنَ مِنۡ مَّكَانٍۢ بَعِيۡدٍ

*'તેઓ દુરની જગ્યાએથી પુકરવામાં આવે છે.'*

(સુરએ હા મીમ સજદા, આ. ૪૪)

હું સમજી ગયો કે તેઓ દુરથી આવી રહ્યા છે.

મેં પુછયું: મોઅઝ્ઝમા! કયા જવાનો ઈરાદો છે?

તેમણે જવાબમાં આ આયત પઢી:

وَلِلّٰهِ عَلَى النَّاسِ حِجُّ الۡبَيۡتِ

*'લોકો પર અલ્લાહ તરફથી હજ્જે બય્તુલ્લાહ વાજીબ છે.'*

(સુરએ આલે ઈમરાન, આ. ૯૧)

હું સમજી ગયો કે તેઓ હજ માટે જઈ રહ્યા છે. મેં પુછયુંઃ તમે કેટલા દિવસથી સફરમાં છો?

તેઓએ આ આયત પઢીઃ

وَلَقَدْ خَلَقْنَا السَّماواتِ وَالْأَرْضَ فِي سِتَّةِ أَيَّامٍ

*'અને ખચીતજ અમે આસમાનો અને ઝમીનને અને જે કાંઈ તે બંને દરમ્યાન છે તેને છ(૬) દિવસોમાં પૈદા કર્યું.'*

(સુરએ કાફ, આ. ૩૮)

હું સમજી ગયો કે તેઓ છ (૬) દિવસથી સફરમાં છે. મેં ફરી પુછયુંઃ શું તમે કાઈ ખાશો / જમશો?

તેમણે તરતજ આ આયત પઢીઃ

وَما جَعَلْناهُمْ جَسَداً لا يَأْكُلُونَ الطَّعامَ

*'અને અમે તેમના જીસ્મો એવા નથી બનાવ્યા કે તેઓ ખાવાનુ ન ખાઈ શકે.'*

(સુરએ અંબીયા, આ. ૮)

મેં તેમને ખાવાનુ ખવરાવ્યું. પછી ઉંટ પર બેસીને ચાલવા લાગ્યો અને તેઓ પૈદલ હતા. મેં કહ્યુંઃ હવે તમે જરા તેજ કદમોથી ચાલો.

તેમણે જવાબમાં આયત પઢીઃ

لا يُكَلِّفُ اللَّهُ نَفْساً إِلَّا وُسْعَها

*'અલ્લાહ કોઈ નફસને તેની શકિત કરતા વધારે તકલીફ નથી દેતો.'*

(સુરએ બકરહ, આ. ૨૮૨)

હું સમજી ગયો કે તેઓ જલ્દી નથી ચાલી શકતા. મેં પુછયુંઃ શું તમે મારી સાથે ઉંટ પર બેસીને સફર કરશો?

તેમણે જવાબમાં આ આયત પઢીઃ

لَوْ كانَ فِيهِما آلِهَةٌ إِلَّا اللَّهُ لَفَسَدَتا

*'અગર તે બંનેમાં (ઝમીન અને આસમાનમાં) બે ખુદા હોતા તો તે બંને ફસાદ કરતે.'*

(સુરએ અંબીયા, આ. ૨૨)

હું સમજી ગયો કે તેમને મારી સાથે બેસવામાં તકલીફ છે. તેથી હું સવારી પરથી ઉતરી ગયો અને તેમને સવારી પર બેસાડી દીધા. જ્યારે તેઓ સવારી પર બેસી ગયા તો આ આયત પઢીઃ

سُبْحانَ الَّذِي سَخَّرَ لَنا هٰذا

*'પાક છે તે ઝાત જેણે આ સવારી અમારા માટે મુસખ્ખર કરી છે.'*

(સુરએ ઝુખ્રૂફ, આ. ૧૨)

મેં જોયુ કે હવે તેઓ મુત્મઈન છે. જ્યારે અમે કાફલાથી નઝદીક પહોંચ્યા તો મેં પુછયુંઃ શું આ કાફલામાં તમારો કોઈ ઓળખીતો છે?

જવાબમાં તેઆએ આ આયત પઢીઃ

يا داوُدُ إِنّا جَعَلْناكَ خَلِيفَةً فِي الْأَرْضِ

(સુરએ સાદ, આ. ૨૫)

وَما مُحَمَّدٌ إِلّا رَسُولٌ

(સુરએ આલે ઈમરાન, આ. ૧૩૮)

يا يَحْيىٰ خُذِ الْكِتابَ

(સુરએ મરયમ, આ. ૧૩)

يَا مُوسَىٰ إِنِّي أَنَا اللَّهُ

(સુરએ તાહા, આ. ૧૧-૧૨)

રાવીનું બયાન છે કે મેં કાફલા પર પહોંચીને આવાઝ આપીઃ અય દાઉદ! અય મોહમ્મદ, અય યહ્યા, અય મુસા! મારી આવાઝ સાંભળીને ચાર નૌજવાન સામે આવ્યા. મેં તે મોઅઝઝમાને પુછયુંઃ

આ ચારેય જવાન તમારા શું થાય છે?

તેઓએ આ આયત પઢીઃ

الْمَالُ وَالْبَنُونَ زِينَةُ الْحَيَاةِ الدُّنْيَا

*'માલ અને ઔલાદ દુન્યવી ઝીંદગીની ઝિનત છે.'*

(સુરએ કહફ, આ. ૪૬)

હું સમજી ગયો કે આ ચારેય જવાન તેમના દીકરાઓ છે.

ત્યારબાદ તે મોઅઝઝમા એ આ આયત પઢીઃ

يَا أَبَتِ اسْتَأْجِرْهُ إِنَّ خَيْرَ مَنِ اسْتَأْجَرْتَ الْقَوِيُّ الْأَمِينُ

*'અય પિતા! તેને ઉજરત પર રાખી લ્યો એટલા માટે કે તમે જેને ઉજરત પર રાખશો તેઓ તાકત અને અમાનતમાં બહેતર હશે.'*

(સુરએ કસસ, આ. ૨૬)

હું સમજી ગયો કે મારી સવારીનું ભાડુ અને ઉજરત દેવરાવવા ચાહે છે. આ સાંભળીને તે જવાનોએ મને કાંઈક માલ આપ્યો ત્યારબાદ તેઓએ આ આયત પઢીઃ

وَاللَّهُ يُضَاعِفُ لِمَنْ يَشَاءُ

*'અલ્લાહ જેના માટે ચાહે છે વધારો કરે છે.'*

(સુરએ બકરહ, આ. ૨૬૧)

આ સાંભળીને તેમના દીકરાઓ એ મને થોડા વધારે પૈસા આપ્યા, મેં તે જવાન છોકરાઓને પુછયું: આ મોઅઝઝમાં તમારા શું થાય?

તેણે જવાબ આપ્યો: આ અમારી માતા ફીઝઝા છે. જેઓ જ. ફાતેમા ઝહરા (સ.અ.)ના કનીઝ છે.

તેઓએ ૨૦ વર્ષથી કુરઆનની આયતો સિવાય એક શબ્દ પોતાના મોઢાથી નથી બોલ્યા. (મનાકીબ)

## ૬) આપ (સ.અ.)ની ઝાહીદ ઝીંદગી:

કિતાબ ઝોહદુન નબી (લેખક: અબુ જઅફર એહમદ કુમ્મી)માં રિવાયત છે જ્યારે નબી (સ.અ.વ.) પર આ આયત નાઝીલ થઈ

وَ إِنَّ جَهَنَّمَ لَمَوْعِدُهُمْ أَجْمَعِينَ لَها سَبْعَةُ أَبْوابٍ لِكُلِّ بابٍ مِنْهُمْ جُزْءٌ مَقْسُومٌ

*'અને બેશક તે દરેકની વાયદાની જગ્યા જહન્નમ છે. જેના સાત દરવાજા છે. દરેક દરવાજા માટે પોત પોતાના વહેચાયેલો હીસ્સો છે.'*

(સુરએ હુજર, આ. ૪૩-૪૪)

તો રસુલે ખુદા (સ.અ.વ.) જારોકતાર રોવા લાગ્યા અને રસુલે ખુદા (સ.અ.વ.)ને રોતા જોઈને સહાબાએ પણ રોવાનું શરૂ કરી દીધું. તે લોકોને આ નહોતી ખબર કે જીબ્રઈલ (અ.સ.) કઈ આયત સાથે નાઝીલ થયા છે અને કોઈનામાં આટલી હિંમત પણ નહોતી કે રસુલે ખુદા (સ.અ.વ.)ને પુછે કે તેઓ શા માટે રોવે છે?

નબી (સ.અ.વ.)નો આ દસ્તુર હતો કે ચાહે ગમે તે હાલતમાં હોય જ. ફાતેમા (સ.અ.)ને જોતા તો ખુશ થઈ જતા હતા. એટલા માટે રસુલે ખુદા (સ.અ.વ.)ના સહાબીઓમાંથી એક સહાબી દોડીને જ.

ફાતેમા (સ.અ.)ના દરવાજા પર પહોંચ્યો. જોયું કે જ. ઝહરા (સ.અ.) ચક્કીમાં જવ પીસી રહ્યા છે અને ફરમાવી રહ્યા છેઃ

وَ ما عِنْدَ اللّٰهِ خَيْرٌ وَ أَبْقى

*'અને અલ્લાહની પાસે જે ચીઝ છે તે બહેતર અને બાકી રહેવાવાળી છે.'*

(સુરએ કસસ, આ. ૬૦)

તે સહાબીએ જ. ઝહરા (સ.અ.)ને રસુલે ખુદા (સ.અ.વ.)ની હાલતથી માહીતગાર કર્યા. આ સાંભળીને જ. ફાતેમા ઝહરા (સ.અ.)એ પોતાની ફાટેલી અને જુની ચાદર ઓઢી જેમાં ઘણી જગ્યાઓ પર ખુરમાના પત્તાથી થીગડા લાગેલા હતા જ્યારે જ. ઝહરા (સ.અ.) મસ્જીદમાં તશરીફ લાવ્યા તો જ. સલમાન (અ.ર.) જ. ઝહરા (સ.અ.)ને આ હાલતમાં જોઈને મોટા અવાજથી રોવા લાગ્યા.

શેહઝાદીએ પુછયુંઃ સલમાન તમે કેમ રડો છો? જ. સલમાને કહ્યુંઃ કેમ ન રોવ. કેસર અને કિસરાની સ્ત્રીઓ તો રેશમના કપડા પહેરે છે અને બેજહાનના બાદશાહ હ. મોહમ્મદ (સ.અ.વ.)ની બેટીના સર પર એવી રીદા હોય જેમાં જગ્યા એ જગ્યાએ ખજુરના પાંદડાના થીગડા લાગેલા હોય.

અલગરજ જ્યારે જ. ફાતેમા (સ.અ.) પોતાના મહાન પિતાની સામે પહોંચી ગયા તો સલામ કર્યા પછી ફરમાવ્યુંઃ એ મારા પિતા જ. સલમાન મારી આ ચાદર જોઈને આશ્ચર્ય કરે છે જ્યારે કે એ ઝાતની કસમ જેણે તમને આ હકની સાથે રિસાલત પર મબઉસ કર્યા છે મારી અને હ. અલી (અ.સ.)ની પાસે પાંચ વર્ષથી એક ઉંટની ખાલ છે. જેના પર દિવસે અમારો ઉંટ ચારો ખાય છે અને રાત્રે તેજ ખાલ અમારૂ બીસ્તર બને છે. અમારો તકીયો પણ ચામડાનોજ છે જેમાં ખજુરના પાંદડા ભરેલા છે.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ એ સલમાન! તમને ખબર હોવી જોઈએ કે મારી બેટી સય્યદા છે તે ઝોહદ અને તકવાની સરદાર છે (તકવાવાળી ઔરતની સરદાર) આમ કહીને રસુલે ખુદા (સ.અ.વ.)ની આંખોમાંથી આંસુ જારી થઈ ગયા.

જ. ફાતેમા ઝહરા (સ.અ.) બેચૈન થઈને પુછયું અય મારા પિતા! આ સમય રોવાનો શું સબબ છે?

રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ બેટી! હમણા હમણા જ આ આયત નાઝીલ થઈઃ

وَ إِنَّ جَهَنَّمَ لَمَوْعِدُهُمْ أَجْمَعِينَ لَها سَبْعَةُ أَبْوابٍ لِكُلِّ بابٍ مِنْهُمْ جُزْءٌ مَقْسُومٌ

***'આ બધાના વાયદાઓની જેની સાથે...***

(સુરએ અલ હુજર, આ. ૪૩-૪૪)

આ સાંભળી હ. ફાતેમા (સ.અ.) ડરના લીધે બેતાબ અને બેચૈન થઈને રોવા લાગ્યા અને ફરમાવ્યુંઃ

الْوَيْلُ ثُمَّ الْوَيْلُ لِمَنْ دَخَلَ النَّارَ

***તબાહી (વાય) છે, ફરી પુરી તબાહી (વાય) છે એ વ્યકિત માટે જે જહન્નમમાં દાખલ થશે.***

અને હ. અલી (અ.સ.) પોતાનો હાથ પોતાની પેશાની ઉપર રાખીને રોવા લાગ્યા અને બોલ્યા.

***'હાય સફર કેટલો લાંબો છે અને ઝાદે સફર (ભાથુ) કેટલું ઓછું છે.'***

લોકો કયામતના સફર ઉપર ચાલી રહ્યા છે. ત્યારબાદ તેઓ જહન્નમમાં નાંખવામાં આવશે. તેઓ એવા બીમાર હશે કે જેની કોઈ

અયાદત કરવાવાળું નહિ હોય. તેઓ એવા ઝખ્મી હશે જેના ઝખ્મોનો કોઈ મરહમ પટી કરવાવાળું નહિ હોય. તેઓ એવા કૈદી હશે જેનો કોઈ છોડાવા વાળુ નહિ હોય, આગ જ તેનો ખોરાક હશે તેનું પીવાનું હશે, તેનો બિસ્તર હશે જેમાં તેઓ પડખા ફેરવ્યા કરશે અને આગ જ તેનો લીબાસ હશે. દુનિયામાં તો તેઓ પોતાની પત્નિઓને પડખામાં લઈને સુતા હતા પરંતુ જહન્નમમાં તેના પડખાઓમાં શૈતાનો હશે.

(કિતાબ જોહદુન નબી)

## ૭) આપ (સ.અ.)થી બની ઉમય્યાની અદાવતઃ

કિતાબ કાફીમાં પોતાનો સનદોની સાથે ફુરાત બિન અહનફથી આ રિવાયત છે કે મેં હ. ઈમામ જઅફર સાદિક (અ.સ.)ને ફરમાવતા સાંભળ્યા છે કે રૂએ જમીન ઉપર ફરફખ (ખુરફા)થી બહેતર અને ફાયદાકારક કોઈ વનસ્પતી (સબજી) નથી. તેનું નામ હકીકતમાં બકલે ફાતેમા છે. ત્યારબાદ ઈમામ (અ.સ.) એ ફરમાવ્યુંઃ પરંતુ અલ્લાહની લઅનત થાય બની ઉમય્યા ઉપર કે તેઓએ અમારી દાદી જ. ફાતેમા (સ.અ.) અને અમારી અદાવતમાં તેનું નામ 'બકલતુલ હોમકા' રાખી દીધું.

(અલ કાફી)

## ૮) આપ (સ.અ.)ની પસંદીદા સબજીઃ

અબુ યહ્યા વાસ્તીએ અમારા અમુક સહાબીઓથી રિવાયત કરી છે કે હ. ઈમામ જઅફરે સાદિક (અ.સ.) એ ઈરશાદ ફરમાવ્યું કે હ. રસુલે ખુદા (સ.અ.વ.) પસંદીદા શાક કાસની છે અને અલી (અ.સ.)ની પસંદીદા સબજી બાઝરવજ છે અને જ. ફાતેમા (સ.અ.)ની પસંદીદા સબજી ખુરફા છે.

(કિતાબે કાફી)

## ૯) આપ (સ.અ.) અને શોહદાની કબ્રોની ઝિયારતઃ

યુનુસે ઈ. જઅફર સાદિક (અ.સ.)થી રિવાયત કરી છે કે જ. ફાતેમા ઝહરા (સ.અ.) દર શનિવારે સવારે શોહદાની કબ્રો ઉપર ઝિયારત માટે જતા હતા. ખાસ કરીને જ. હમ્ઝાની કબ્ર ઉપર પહોંચીને તેમના માટે રહેમતની દોઆ અને મગ્ફેરતની દોઆ કરતા હતા.

(કિતાબ તેહઝીબ)

## ૧૦) بَضْعَةٌ مِنِّي (મારો ટુકડો):

નવાદીરે રાવન્દીમાં પોતાની સનદોની સાથે હ. ઈમામ મુસા કાઝીમ ઈબ્ને જઅફર (અ.સ.)થી અને તેઓએ પોતાના પિતાથી રિવાયત કરી કે હ. અલી (અ.સ.) એ ફરમાવ્યું: એક વખત રસુલે ખુદા (સ.અ.વ.)ની સાથે તેનો એક અંધ સહાબી પણ જ. ફાતેમા (સ.અ.)ના ઘરે આવ્યો. જ્યારે તે મોઅઝમાએ તે અંધ સહાબીને આવતા જોયા તો પર્દો કરી લીધો.

રસુલે ખુદા (સ.અ.વ.) એ પુછયું: બેટી! પર્દો શા માટે કરો છો? આ શખ્સ તો અંધ છે.

જ. ફાતેમા ઝહરા (સ.અ.) એ ફરમાવ્યું: અય મારા પિતા! તે અંધ છે પણ હું તો અંધ નથી. તે ઓછામાં ઓછી મારી ખુશ્બુનો એહસાસ તો કરી શકે છે.

આ જવાબ સાંભળીને રસુલે ખુદા (સ.અ.વ.) ખુબ ખુશ થઈને ફરમાવ્યું:

أَشْهَدُ أَنَّكِ بَضْعَةٌ مِنِّي

*‘હું ગવાહી આપું છું કે તમે મારાજ એક ટુકડા (ભાગ) છો.’*

ઉપર આવેલ સનદોની સાથે રિવાયત છે કે એક વખત જ. રસુલે ખુદા (સ.અ.વ.) એ પોતાના સહાબીઓને પુછયું કે ઔરતોના વિષે તમે શું જાણો છો?

સહાબીઓએ કહ્યું: બસ ઔરત ઔરત છે.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું: એ બતાવો કે ઔરતોનો અદના તકર્રૂબે ઈલાહી (અલ્લાહની નઝદીકી)નો મકામ શું છે?

સહાબામાંથી કોઈ જવાબ ન આપી શકયા પરંતુ જ. ફાતેમા (સ.અ.) એ જ્યારે આ સાંભળ્યું તો ફરમાવ્યું: ઔરતો માટે અદના મકામે તકર્રૂબે ઈલાહી એ છે કે પોતાના ઘરની અંદર રહે.

રસુલે ખુદા (સ.અ.વ.) એ જ્યારે જ. ફાતેમા (સ.અ.)નો જવાબ સાંભળ્યો તો ફરમાવ્યું:

إِنَّ فَاطِمَةَ بَضْعَةٌ مِنِّي

*'બેશક ફાતેમા (સ.અ.) મારો જ એક હીસ્સો છે.'*

# પ્રકરણ-૫
# જ. ફાતેમા (સ.અ.)ની શાદીના બારામાં

### ૧) હ. અલી (અ.સ.)ની રિશ્તાની માંગણીઃ

આમાલીએ શૈખે સદુકમાં પોતાની સનદોની સાથે હ. અલી (અ.સ.)થી આ રિવાયત કરી છે કે હ. અલી (અ.સ.) ફરમાવે છે કે મારા મનમાં એવી ઈચ્છા હતી કે જ. ફાતેમા (સ.અ.)થી શાદી થઈ જાય. પરંતુ આ ઈચ્છા જાહેર કરવાની હિમ્મત નહોતી થતી કે નબી (સ.અ.વ.)ની સામે તેનો ઝીક્ર કરૂં અને આ વાત મારા દિલમાં દિવસ અને રાત બેચૈની પૈદા કરતી હતી કે રસુલે ખુદા (સ.અ.વ.)થી આનો ઝીક્ર કોણ કરે. આ ગડમથલમાં હું રસુલે ખુદા (સ.અ.વ.)ની ખિદમતમાં હાજર થયો અને રસુલે ખુદા (સ.અ.વ.) એ ઈરશાદ ફરમાવ્યુંઃ અય અલી! મેં કહ્યુંઃ લબ્બૈક યા રસુલુલ્લાહ (સ.અ.વ.)!

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ તમારી શાદીના બારામાં તમારો શું ખ્યાલ છે?

મેં કહ્યુંઃ તેના બારામાં ખુદ અલ્લાહના રસુલને બેહતર ઈલ્મ છે. સાથે સાથે એ પણ વિચાર આવ્યો કે કયાંક એવું ન બને કે રસુલે ખુદા (સ.અ.વ.) મારી શાદી કુરૈશની કોઈ બીજી ઔરત સાથે કરાવાનો ઈરાદો રાખતા હોય અને હું જ. ઝહરા (સ.અ.)થી વંચિત થઈ જાવ. પછી હું ત્યાંથી ઉભો થઈને ચાલ્યો ગયો તો તરતજ રસુલે ખુદા (સ.અ.વ.)નો એક પયગામ પહોંચાડવાવાળો આવ્યો અને બોલ્યોઃ ચાલો જલ્દી ચાલો રસુલે ખુદા (સ.અ.વ.) એ તમને યાદ કર્યા છે. આજે રસુલે ખુદા (સ.અ.વ.) ખુબજ વધારે ખુશ નજર આવી રહ્યા છે. મેં કયારેય તેમને આ રીતના ખુશખુશાલ નથી જોયા.

આ સાંભળીને હું જલ્દીથી રસુલે ખુદા (સ.અ.વ.)ની ખિદમતમાં પહોંચ્યો તો જોયુ કે રસુલે ખુદા (સ.અ.વ.) જ. ઉમ્મે સલમાના રૂમમાં તશરીફ લાવેલા છે અને ખુશીના લીધે ચહેરા ઉપર નુર પ્રકાશી રહ્યું છે.

મને જોઈને રસુલે ખુદા (સ.અ.વ.) એ રીતે હસ્યા કે મેં તેમના મુબારક દાતોને વીજળીની જેમ ચમકતા જોયા.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું! અય અલી (અ.સ.)! મુબારક થાય અલ્લાહે મારી બધી ચીંતા દૂર કરી દીધી અને તમારી શાદીના વિશે ઘણી ફિકર હતી. મેં કહ્યું તે કંઈ રીતે અય અલ્લાહના રસુલ?

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ મારી પાસે જીબ્રઈલે અમીન જન્નતથી બે સુગંધી ફુલ (લીલી ફુલ અને ગીલી ફુલ) લઈને આવ્યા. મેં તેમને લઈને સુંઘયુ અને પુછયુંઃ આ લીલી ફુલ અને ગીલી ફુલ શું છે?

જ. જીબ્રઈલે કહ્યુંઃ અલ્લાહ તબારક વ તઆલાએ જન્નતમાં મુકરર ફરીશતાઓ અને ત્યાંના રહેવાવાળાઓને હુકમ આપ્યો કે જન્નતના છોડ, વૃક્ષો, ફળો અને ત્યાંના મહેલોને પુરી રીતે સજાવે. પછી ત્યાંની હવાઓને હુકમ દીધો કે તેઓ વિવિધ પ્રકારની ખુશ્બુઓ ત્યાંના વાતાવરણમાં ફેલાવી દે અને ત્યાંની હુરોને હુકમ આપ્યો કે તેઓ સુરએ તાહા, તવાસીન (તવાસીન એટલે જે સુરા તાસીનથી શરૂ થાય છે –સુરે શોઅરા, સુરે નમલ, સુરે કસસ), યાસીન, હા મીમ અયન સીન કાફની તિલાવત કરે.

ત્યારબાદ આસમાનની નીચેથી એક મુનાદીએ નીદા આપી કે આગાહ થઈ જાવ. આજે હ. અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ની શાદીનો વલીમો (દઅવત) છે. તમે દરેક ગવાહ રહેજો કે મેં જ. ફાતેમા (સ.અ.)ના નિકાહ હ. અલી (અ.સ.)ની સાથે કરી દીધા. આ બન્ને પણ એકબીજામાં આ શાદી ઉપર રાઝી અને ખુશ છે.

પછી અલ્લાહ તઆલાએ એક સફેદ વાદળ મોકલ્યું. તેણે આવીને જન્નતના રહેવાવાળાઓ ઉપર મોતીઓ, ઝબરજદ અને યાકુતની વર્ષા કરી અને મલાએકાએ ઉપાડીને જન્નતમા લીલી ફુલ અને ગીલી ફુલ

પાથર્યા અને આ એ જ લીલી ફુલ અને ગીલી ફુલ છે જે ફરીશ્તાઓએ પાથર્યા હતા.

ત્યાર પછી અલ્લાહ તઆલાએ જન્નતના ફરીશ્તાઓમાંથી એક ફરીશ્તાને જેનું નામ રાહીલ છે અને મલાએકામાં તેનાથી વધારે ફસાહત અને બલાગતવાળો કોઈ ફરીશ્તો નથી તેને હુકમ આપ્યો કે નિકાહનો ખુત્બો પડે. પછી તેણે એવો ખુત્બો પડયો જેવો આજ સુધી જમીન અને આસમાનવાળાઓએ કયારેય નહોતો સાંભળ્યો.

પછી ગૈબી આવાઝ આવી અને પુકારવાવાળાએ પુકારીને કહ્યું: અય મારા મલાએકા અને મારી જન્નતના રહેવાવાળાઓ! હ. મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.)ના પસંદીદા હ. અલી (અ.સ.) અને જ. ફાતેમા (સ.અ.) સુધી મારી બરકતો પહોંચાડી દો કારણકે મેં મારી તે કનીઝની શાદી એવા શખ્સથી કરી દીધી છે જે નબી (સ.અ.વ.)ના પછી મને સૌથી વધારે પસંદ છે (અને તમામ ઔરતોમાં જ. ફાતેમા ઝહરા (સ.અ.) પણ મારી નઝદીક સૌથી વધારે પ્યારા છે).

રાહીલે અર્ઝ કરી: બારે ઈલાહા તેઓ બન્ને હઝરાત માટે જે બરકતો તે જન્નતમાં તૈયાર કરી રાખી છે તેને અમે જોઈ રહ્યા છીએ. હવે તેનાથી વધારે તું તેઓને બીજું શું આપવા ચાહો છો?

રબ્બુલ ઈઝઝત નો ઈરશાદ થયો: અય રાહીલ! તેઓ બન્ને માટે મારી વધારે બરકત એ છે કે હું તેઓને મારી મોહબ્બત ઉપર ભેગા કરી દવ અને તેઓને મારી મખ્લુકમાં મારી હુજ્જત બનાવું. મને મારી ઈઝઝત અને જલાલની કસમ! હું તેઓ બન્નેથી એવી હસ્તીઓ પૈદા કરીશ જેનો મારી જમીનના ખજાનચી મારા ઈલ્મની ખાણ, મારા દીનના રહેબર અને અંબીયા અને મુરસલીન પછી તે હસ્તીઓને મારી મખ્લુક ઉપર હુજ્જત બનાવીશ.

આટલું ફરમાવીને રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું: અય અલી! મુબારક થાય અલ્લાહે તમને તે શરફ અને બુઝુર્ગી આપી છે જે અલ્લાહે

દુનિયામાં કોઈને નથી આપી અને હું મારી બેટીની શાદી આ કારણેથી કરી રહ્યો છું જેના પર અલ્લાહ તઆલા એ તમારા નિકાહ મારી બેટી સાથે પડાવ્યા છે.

એટલા માટે જે અલ્લાહની મરઝી છે તે મારી પણ મરઝી છે. અત્યારે આ તમારી પત્નિ છે અને આજથી તમે જ. ફાતેમા (સ.અ.) પર મારાથી વધારે હકદાર છો. મને જ. જીબ્રઈલે ખબર આપી છે કે જન્નત તમારા બન્નેની ખુબજ મુશ્તાક છે. અગર અલ્લાહ તઆલાને આ મંજુર ન હોત તો તમારા બન્નેની નસ્લમાંથી એક પાક ઝુર્રીયત પૈદા કરે જે અલ્લાહની મખ્લુક પર તેની હુજ્જત હોય તો તે જન્નત અને જન્નતના રહેવાવાળાની આ ખ્વાહીશ પુરી કરી દેત કે તમે અત્યારથીજ જન્નતના રહેવાવાળા બની જાવ. અય અલી (અ.સ.)! તમે મારા કેટલા સારા ભાઈ, કેટલા સારા જમાઈ અને કેટલા સારા સહાબી છો. તમારી માટે તેના બારામાં ફકત અલ્લાહની રઝા કાફી છે.

હ. અલી (અ.સ.) એ ફરમાવ્યુંઃ યા રસુલુલ્લાહ! શું હવે મારી કદરો-મન્ઝેલત આટલી બધો વધી ગયો. અને અલ્લાહની નઝરમાં આટલી હદ સુધી કદરો મન્ઝેલતવાળો થઈ ગયો કે મારો ઝીક્ર જન્નતમાં પણ થાય છે અને ફરીશ્તા અને બીજા જન્નતના રહેવાવાળા મારા મુશ્તાક છે અને આ ફરીશ્તાઓની મહેફીલમાં મારી શાદી કરવામાં આવી.

રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ સાંભળો! અલ્લાહ જ્યારે પોતાના કોઈ વલીને નવાઝવા ઈચ્છે છે અને તેનાથી મોહબ્બત કરે છે તો તેની એટલી ઈઝઝત વધારી દે છે, એવી ઈઝઝત કે ન કોઈ આંખોએ જોયુ હોય કે ન કોઈ કાનોએ સાંભળ્યું હોય. અય અલી (અ.સ.)! આ મરતબો અલ્લાહની તરફથી તમને મુબારક થાય.

હ. અલી (અ.સ.) એ ફરમાવ્યુંઃ

يَارَبِّ اَوْزِعْنِيٓ اَنْ اَشْكُرَ نِعْمَتِكَ الَّتِيٓ اَنْعَمْتَ عَلَيَّ

*'અય પરવરદિગાર! તું મને તવફીક આપ કે હું તારી આ નેઅમતનો શુક્ર અદા કરૂં.'*

રસુલે ખુદા (સ.અ.વ.) એ આ સાંભળીને આમીન કહ્યું:

- ઓયુને અખ્બારે રેઝામાં પણ હ. ઈમામ અલી રેઝા (અ.સ.) ના હવાલાથી આજ રિવાયત નકલ છે.
- ઓયુને અખ્બારે રેઝામાં પણ હ. ઈમામ જઅફરે સાદિક (અ.સ.)ના હવાલાથી પણ હ. અલી (અ.સ.)થી આજ રિવાયત છે.
- ઉપર દર્શાવેલ કિતાબમાં ઈબ્ને અબ્બાસથી આ રિવાયત પણ છે કે હ. રસુલે ખુદા (સ.અ.વ.)ની ખિદમતમાં જ. ફાતેમા (સ.અ.)ની શાદીના પયગામ દેવામાં આવતો પરંતુ રસુલે ખુદા (સ.અ.વ.) તેના પર ધ્યાન ન દેતા પરંતુ બેધ્યાન કરતા.

જ્યારે બધા લોકો માયુસ થઈ ગયા તો સાદ બિન મઆઝ હ. અલી (અ.સ.)ની પાસે ગયા અને બોલ્યા મારો ખ્યાલ છે કે હ. રસુલે ખુદા (સ.અ.વ.) જ. ફાતેમા (સ.અ.)નો રીશ્તો તમારી વજહથી રોકી રાખ્યો છે.

હ. અલી (અ.સ.) એ ફરમાવ્યું: તમને આ વિચાર કેમ આવ્યો? બખુદા હજુ તો હું જાહેરમાં કોઈ એવી શખ્સીય્યત પણ નથી, ન હું કોઈ પૈસાદાર ઈન્સાન છું જેની વજહથી તે મારી સાથે કરવા ઈચ્છા. રસુલે ખુદા (સ.અ.વ.)ને જરૂર ખબર છે કે ન મારી પાસે કોઈ દિરહમ છે ન કોઈ દિનાર.

સાદે કહ્યું ખુદાની માટે તમે આ પયગામ દઈને મારા આ વહેમને દુર કરી દો.

હ. અલી (અ.સ.) એ ફરમાવ્યું: પરંતુ હું રસુલે ખુદા (સ.અ.વ.)ની પાસે જઈને શું કહું?

સાદે કહ્યુંઃ તમે ત્યાં જઈને એમ કહો કે હું અલ્લાહ અને તેના રસુલ (સ.અ.વ.)ની પાસે જ. ફાતેમા (સ.અ.) બિન્તે મોહમ્મદ (સ.અ.વ.)નો પયગામ દેવા માટે આવ્યો છું.

રાવીનું બયાન છે કે આના પછી હ. અલી (અ.સ.) રસુલે ખુદા (સ.અ.વ.)ની ખિદમતમાં હાઝર થઈ ગયા અને ચુપચાપ આગળ બેસી ગયા.

રસુલે ખુદા (સ.અ.વ.)એ હ. અલી (અ.સ.)ને આ નવા અંદાઝમાં આવીને બેઠેલા જોયા તો ફરમાવ્યુંઃ અય અલી (અ.સ.)! શું તમે કોઈ જરૂરતથી આવ્યા છો?

હ. અલી (અ.સ.) એ ફરમાવ્યુંઃ જી હા. હું એ માટે આવ્યો છું કે અલ્લાહ અને તેના રસુલ (સ.અ.વ.)ની ખિદમતમાં ફાતેમા (સ.અ.) બિન્તે મોહમ્મદ (સ.અ.વ.)ની સાથે શાદીનો પયગામ દવ.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ મરહબા (બહોત ખુબ). હ. અલી (અ.સ.) ત્યાંથી ઉઠીને સાદની પાસે આવ્યા અને પૂરો વાકયો બતાવ્યો.

સાદે કહ્યુંઃ બેશક હવે તે તમારાથી જ શાદી કરશે. આ માટે કે તે ઝાતની કસમ જેણે રસુલે ખુદા (સ.અ.વ.)ને હકની સાથે મબઉસ કર્યા. આજ સુધી હ. રસુલે ખુદા (સ.અ.વ.)ને ન તો વાયદા ખિલાફી કરી છે અને ન જુઠ બોલ્યા છે. ખુદા માટે કાલે તમે પાછા જાઓ અને ફરમાવજો કે યા નબી અલ્લાહ! આ કામ કયારે જાહેરમાં આવશે?

હ. અલી (અ.સ.)એ ફરમાવ્યુંઃ પરંતુ આ કામ તો પહેલા કરતા પણ વધારે અઘરૂ છે. હું કંઈ રીતે કહું કે યા રસુલુલ્લાહ! મારી હાજતનું શું થયું?

સાદે કહ્યુંઃ નહી. જે મે બતાવ્યું છે તે જઈને કહો.

બીજા દિવસે હ. અલી (અ.સ.) રસુલે ખુદા (સ.અ.વ.)ની ખિદમતમાં પાછા જાય છે અને ફરમાવ્યુંઃ અય અલ્લાહના રસુલ. મારી આ વાત કયારે બનશે?

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ ઈન્શાઅલ્લાહ આજ રાતે.

આના પછી રસુલે ખુદા (સ.અ.વ.) એ જ. બીલાલને બોલાવ્યા અને ફરમાવ્યુંઃ અય બીલાલ! મેં મારી બેટીના નિકાહ મારા કાકાના દિકરા સાથે નક્કી કર્યા છે અને ચાહું છું કે મારી ઉમ્મતને નિકાહના સમયે જમવાનું જમાડવાની સુન્નત કાયમ થઈ જાય અને બકરીઓના ટોળામાં જઈને ચાર મુદની એક બકરી લઈ આવો અને એક મોટી દેગ તૈયાર કરો. હું સહાબીઓ, અન્સારને દઅવત દઈશ. જ્યારે શાક, વિગેરે તૈયાર થઈ જાય તો મને જણાવજો.

જ. બીલાલએ હ. રસુલે ખુદા (સ.અ.વ.)ના હુકમની તાઅમીલ કરી. જ્યારે બધુ તૈયાર થઈ ગયું તો એક મોટા પ્યાલામાં લાવીને રસુલે ખુદા (સ.અ.વ.)ની સામે રાખી દીધું.

રસુલે ખુદા (સ.અ.વ.) એ દેગના ઉપરના ભાગ પર પોતાની આંગળી લગાડી પછી ફરમાવ્યુંઃ હવે એક એક સમુહ આવે અને ખોરાકને ખાઈ.

પછી એમ જ થયું એક જુથ પછી બીજો જુથ આવતું ગયું, ખાવાનું ખાતા ગયા.

જ્યારે બધા લોકોએ ખાવાનું ખાઈ લીધું પછી રસુલે ખુદા (સ.અ.વ.) બાકીના વધેલા જમવા પર પાછું કાંઈ પઢીને દમ કર્યું. વધારે બરકત થઈ ગઈ અને જ. બીલાલને ફરમાવ્યુંઃ અય બીલાલ! આને ઉમ્મહાતુલ મોઅમેનીનની પાસે લઈ જાઓ અને કહી દો કે આમાંથી પોતે પણ ખાઈ અને બીજી ઔરતોને પણ ખવડાવે.

જ્યારે બહારના અને અંદરના બધાએ જમવાનું જમી લીધું તો રસુલે ખુદા (સ.અ.વ.) અંદર તશરીફ લાવ્યા. ઔરતોએ રસુલે ખુદા

(સ.અ.વ.)ને જોઈને એક તરફ ચાલ્યા ગયા પરંતુ અસમા બિન્તે ઉમૈસ ત્યાં રહી ગયા.

રસુલે ખુદા (સ.અ.વ.) એ પુછયુંઃ તમે કોણ છોં અને તમે અહીંયા કેમ છો?

અસમા એ જવાબ આપ્યો કે હું તમારી બેટીની દેખભાળ રાખવા માટે છું. શાદીની પહેલી રાત્રે કોઈ ઔરતનો દુલ્હનની પાસે રહેવું જોવે જેથી અગર દુલ્હનને કોઈ વાતની જરૂરત હોય તો તેને કહે.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુઃ સારૂ! મારી દોઆ છે કે અલ્લાહ તઆલા શયતાને રજીમથી તારી હિફાઝત કરે.

પછી રસુલે ખુદા (સ.અ.વ.) એ જ. ફાતેમા (સ.અ.)ને આવાઝ આપી. જ્યારે જ. ફાતેમા (સ.અ.) આવ્યા તો તેમણે જોયું કે હ. અલી (અ.સ.) રસુલે ખુદા (સ.અ.વ.)ની બાજુમાં બેઠા છે તો જ. ફાતેમા (સ.અ.)ના પગ હીજાબના લીધે અટકી ગયા અને આંખોમાંથી આંસુ જારી થઈ ગયા.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ બેટી કેમ રોવો છો? મેં તો મારા ખાનદાનમાંથી સૌથી બહેતર શખ્સને તમારી માટે ચુંટયા છે. તે ઝાતની કસમ જેના કબઝએ કુદરતમાં મારી જાન છે. મેં એવા શખ્સથી તમારા નિકાહ કર્યા છે જે દુનિયામાં બધા લોકોનો સરદાર છે અને આખેરતમાં તેનો શુમાર સાલેહીનના સમુહમાં હશે.

આના પછી રસુલે ખુદા (સ.અ.વ.) એ અસમાને ફરમાવ્યુંઃ એક થાળ અને પાણી લાવો.

જ્યારે થાળ અને પાણી લાવવામાં આવ્યું તો રસુલે ખુદા (સ.અ.વ.) એ એક ઘુંટ પાણી પોતાના મોઢામાં લઈને પછી થાળમાં નાખી દીધું. પછી તેમાં રસુલે ખુદા (સ.અ.વ.) બન્ને પગ ધોયા પછી મુબારક ચહેરો ધોયો પછી જનાબે ઝહરા (સ.અ.)ના માથા પર એક ઘુંટ પાણી છાટયું અને પછી પુરા શરીર પર પાણી છાંટયુ અને પછી દોઆ

કરીઃ પરવરદિગાર! આ મારાથી છે અને હું તેનાથી છું. મારા માલિક જેવી રીતે તે મને નજાસતથી દુર રાખ્યો છે અને દરેક રીતે પાકો પાકીઝા રાખ્યો છે. એવી જ રીતે તેને પણ દરેક નજાસતથી દુર રાખજે અને પાકો પાકીઝા રાખજે.

આના પછી રસુલે ખુદા (સ.અ.વ.) એ એક બીજો થાળ માંગાવ્યો અને હ. અલી (અ.સ.)ને પોતાની નઝદીક બોલાવ્યા અને તેમના પર પણ આ રીતે પાણી છાંટયું જેવી રીતે જ. ફાતેમા (સ.અ.) પર છાંટયું હતું અને હ. અલી (અ.સ.) માટે પણ તેજ દોઆ કરી જે જ. ફાતેમા (સ.અ.) માટે કરી હતી. પછી ફરમાવ્યુંઃ સારૂં હવે તમે બંને ઉભા થઈને પોતાના રૂમમાં જાવ. અલ્લાહ તમારા બન્નેમાં સુમેળ રાખે. તમારી નસ્લમાં બરકત આપે, તમારા હાલને બરાબર રાખે.

પછી રસુલે ખુદા (સ.અ.વ.) ઉભા થયા અને દરવાજો બંધ કરી દીધો.

ઈબ્ને અબ્બાસનું બયાન છે કે અસ્મા બિન્તે ઉમૈસ એ મને બતાવ્યું કે હું રસુલે ખુદા (સ.અ.વ.)ને જોતી રહી કે રસુલે ખુદા (સ.અ.વ.) તે બન્ને માટે સતત દોઆ કરતા રહ્યા. રસુલે ખુદા (સ.અ.વ.) એ આ દોઆમાં કોઈને શામેલ પણ ન કર્યા. ત્યાં સુધી કે રસુલે ખુદા (સ.અ.વ.) પોતાના રૂમમાં ચાલ્યા ગયા.

(કશફુલ ગુમ્માહ અને મનાકીબ)

રિવાયતમાં છે એક દિવસ રસુલે ખુદા (સ.અ.વ.) એ પોતાની પત્નિ ઉમ્મે સલમા બિન્તે અબી અમીર ઈબ્ને મુગૈરહના ઘરમાં તશરીફ લાવ્યા હતા. આટલામાં દરવાજો ખખડયો.

ઉમ્મે સલમાએ પુછયું કોણ છે?

રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ અય ઉમ્મે સલમા! ઉભા થઈને જાવ અને દરવાજો ખોલી નાખો અને તેમને અંદર બોલાવી લો. આ તે

શખ્સ છે જે અલ્લાહ અને તેના રસુલ (સ.અ.વ.)ને દોસ્ત રાખે છે અને અલ્લાહ અને તેના રસુલ તેમને દોસ્ત રાખે છે.

ઉમ્મે સલમા બોલ્યાઃ મારા મા-બાપ તમારા ઉપર કુરબાન થાય. આવું કોણ શખ્સ છે જેની તમે આટલી તઅરીફ કરો છો. હજી તો તમે તેને જોયા પણ નથી કે તે કોણ છે?

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ અય ઉમ્મે સલમા! આવી વાત ન કરો. મને ખબર છે આ તે શખ્સ છે જે ન તો ડરપોક છે ન ગુસ્સાવાળો છે. આ મારો ભાઈ અને મારા કાકાનો દીકરો છે અને તે મને બધી મખ્લુકમાં સૌથી વધારે પસંદ છે.

ઉમ્મે સલમાનું બયાન છે કે આ સાંભળીને હું દરવાજાની તરફ એવી રીતે ઝડપથી દોડી કે મારો પગ ચાદરમાં ફસાઈ ગયો અને હું પડતા પડતા બચી ગઈ. દરવાજો ખોલ્યો તો જોયું હ. અલી (અ.સ.) ઉભા છે અને તે ત્યાં સુધી અંદર ન આવ્યા જ્યાં સુધી તેમને મારા કમરામાં જવાનો યકીન ન થયું. પછી તેઓ રસુલે ખુદા (સ.અ.વ.)ની ખિદમતમાં આવીને સલામ કરી.

રસુલે ખુદા (સ.અ.વ.) એ સલામનો જવાબ આપ્યો અને હ. અલી (અ.સ.)ને ફરમાવ્યુંઃ યા અલી! બેઠી જાવ.

હ. અલી (અ.સ.) રસુલે ખુદા (સ.અ.વ.) સામે બેસી ગયા. પરંતુ હીજાબના લીધે હ. અલી (અ.સ.)ની આંખો ઝુકેલી હતી અને એવું લાગતું હતું કે હ. અલી (અ.સ.) કોઈ હાજત લઈને આવ્યા હતા જેને કહેવામાં શરમ અનુભવતા હતા પરંતુ જ. રસુલે ખુદા (સ.અ.વ.) હ. અલી (અ.સ.)ની દિલમાં છુપાએલી વાતનું ઈલ્મ હતું.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ યા અલી (અ.સ.)! હું જોઈ રહ્યો છું કે તમે કોઈ હાજત કહેવા માંગો છો. લેહાઝા જે કાંઈ તમારા દિલમાં હોય તે બતાવો અને એ પણ યકીન રાખો કે તમારી દરેક હાજત (ઈન્શાઅલ્લાહ) મારી નઝદીક પુરી થશે.

હ. અલી (અ.સ.)નું બયાન છે કે આ સાંભળી મારી હિમ્મત વધી અને ફરમાવ્યુંઃ યા રસુલુલ્લાહ! તમારા પર મારા મા-બાપ કુરબાન થાય. તમને તો ખુદ મારી હાલતનું ઈલ્મ છે. તમે તો મને તમારા ચાચા અબુ તાલિબ (અ.સ.) અને ચાચી ફાતેમા બિન્તે અસદથી લઈને તમારી છત્રછાયામાં મારી પરવરીશ તે સમયથી ફરમાવી જ્યારે હું એક બાળક હતો. તમે જે કાંઈ ખાતા હતા તેમાંથી મને પણ ખવરાવતા હતા. તમે તો મને ઝિંદગીના અખ્લાક શીખવાડયા. આ માટે મારી નઝદીક તમારો હક મોહબ્બત, એહસાન અને શફકત મારા પિતા અબુ તાલિબ (અ.સ.) અને મારી માતા ફાતેમા બિન્તે અસદથી પણ વધારે છે. અલ્લાહે તમારા કારણે હિદાયત કરી આથી દુનિયા અને આખેરતમાં તમે જ મારા સરમાયા અને સહારા છો અને હવે હું ચાહું છું કે જેવી રીતે અલ્લાહે તમારા લીધે મારા હાથ મજબુત કર્યા છે એવી જ રીતે માંરૂ ઘર પણ આબાદ થઈ જાય. મારી એક એવી પત્નિ હોય જેનાથી હું સુકુન મહેસુસ કરૂં. આથી હું તમારી ખિદમતમાં તમારી બેટી ફાતેમા ઝહરા (સ.અ.)નું માંગુ લઈને હાજર થયો છું. યા રસુલુલ્લાહ! શં તમે આના ઉપર રાઝી છો, શું તમારી બેટીની શાદી મારાથી કરશો?

- અબુ શબ્બર મોહમ્મદ બિન એહમદ બિન હમ્માદ અન્સારી અલ માઅરૂફ બે દોલાબી એ પોતાની કિતાબ અઝઝુર્રીયતો તાહેરામાં પોતાની સનદોની સાથે હ. અલી (અ.સ.)થી રિવાયત કરી છે. હ. અલી (અ.સ.) એ ફરમાવ્યુંઃ અબુબક્ર અને ઉમરે જ. રસુલે ખુદા (સ.અ.વ.)ની ખિદમતમાં જ. ફાતેમા (સ.અ.)ની માંગણી કરી તો રસુલે ખુદા (સ.અ.વ.)એ ઈન્કાર કરી દીધો. પછી ઉમરે મને કહ્યુંઃ અય અલી! ફાતેમા (સ.અ.) માટે તમે જ તેના હમસર છો.

હ. અલી (અ.સ.) એ ફરમાવ્યુંઃ પરંતુ મારી પાસે તો કાંઈપણ નથી સિવાય કે એક ઝિરાહ કે જેને હું ગીરવી રાખી શકું છું.

અલગરઝ જ્યારે જ. રસુલે ખુદા (સ.અ.વ.)ને જ. ફાતેમા (સ.અ.)ના નિકાહ કરી નાખ્યા તે ખબર જ. ફાતેમા (સ.અ.) ને પડી તો તે રડવા લાગ્યા.

જ્યારે રસુલે ખુદા (સ.અ.વ.) એ સાંભળ્યું કે જ. ફાતેમા (સ.અ.) રોવે છે તો રસુલે ખુદા (સ.અ.વ.) અંદર આવ્યા અને ફરમાવ્યુંઃ બેટી ફાતેમા (સ.અ.)! તમે શા માટે રોવો છો? ખુદાની કસમ! મેં તમારા નિકાહ એક એવા શખ્સથી કર્યા છે જે બધા લોકોથી હિલ્મમાં બહેતર છે અને ઈસ્લામમાં પહેલા છે.

જ્યારે હ. અલી (અ.સ.) એ રસુલે ખુદા (સ.અ.વ.)થી જ. ફાતેમા ઝહરા (સ.અ.)ની ખ્વાહીશ કરી તો ફરમાવ્યુંઃ યા રસુલુલ્લાહ! મેં તમને ફરમાવતા સાંભળ્યું છે કે કયામતના દિવસે સબબી અને નસબીનો સંબંધ કપાઈ જશે સિવાય તમારા સબબી અને નસબીનો સંબંધ.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ સબબી સંબંધનો સબબ તો અલ્લાહ જ પૈદા કરે છે અને નસબીનો રીશ્તો પણ અલ્લાહે આપ્યો છે. (પછી રસુલે ખુદા સ.અ.વ. એ પુછયું) શું તમારી પાસે કાંઈ છે? શાદીમાં શું ખર્ચો કરશો? આ ફરમાવીને રસુલે ખુદા (સ.અ.વ.) ના ચહેરા ઉપર ખુશીની લહેર પસાર થઈ ગઈ.

હ. અલી (અ.સ.) એ ફરમાવ્યુંઃ યા રસુલુલ્લાહ! મારો હાલ તો તમારાથી છુપાએલો નથી. મારી પાસે એક ઘોડો છે, એક ખચ્ચર છે, એક તલવાર છે અને એક ઝીરાહ છે.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ સારૂ તો તમારી ઝીરાહ વેચી દો.

બીજી રિવાયતમાં છે કે હ. અલી (અ.સ.)ની પાસે સલમાને ફારસી આવ્યા અને કહ્યુંઃ ચાલો તમને જ. રસુલે ખુદા (સ.અ.વ.)એ યાદ કર્યા છે.

જ્યારે હ. અલી (અ.સ.) રસુલે ખુદા (સ.અ.વ.)ની ખિદમતમાં હાજર થયા તો રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ અય અલી (અ.સ.)! મુબારક થાય. તે પહેલા કે હું તમારા નિકાહ જ. ફાતેમા (સ.અ.)ની સાથે જમીન ઉપર કરૂં અલ્લાહે આસમાન ઉપર તમારા નિકાહ ફાતેમા (સ.અ.) સાથે કરી નાખ્યા છે. હમાણા જ મારી પાસે એક ફરીશતાએ આવીને કહ્યુંઃ અય મોહમ્મદ (સ.અ.વ.)! તમને મુબારક થાય. તમારૂં ખાનદાન એકબીજાનેજ મળ્યું અને નસ્લમાં તહારત બાકી રહી.

મેં તે ફરીશતાને પુછયુંઃ તારૂં શું નામ છે?

તે ફરીશતાએ કહ્યુંઃ મારૂં નામ 'નસ્તાઈલ' છે. હું અર્શ કાયમ રાખવાવાળાનો રક્ષક છું. મેં અલ્લાહ તઆલાથી આ બશારત પહોંચાડવાની દરખાસ્ત કરી હતી. જીબ્રઈલ અમીન પણ મારી પાછળ આવી રહ્યા છે.

**મરહબન વ અહલનઃ** અબુ બુરૈદા એ પોતાના પિતાથી રિવાયત કરી છે કે જ્યારે હ. અલી (અ.સ.) એ હ. રસુલે ખુદા (સ.અ.વ.)થી જનાબે ફાતેમા (સ.અ.)ની ઈચ્છા રાખી તો રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ મરહબન વ અહલન (ખુશામદીદ, તમે હકીકતમાં તેના લાયક છો).

હ. અલી (અ.સ.)ને કોઈએ કહ્યુંઃ અગર રસુલે ખુદા (સ.અ.વ.) એ તમને તે બન્ને શબ્દોમાંથી એક અક્ષર પણ ફરમાવ્યું હોત એટલે ફકત મરહબન ફરમાવી દીધું હોત અથવા ફકત અહલન ફરમાવ્યું હોત તો તે એકજ તમારા માટે જરૂરી હતું. તેના બદલે હ. રસુલે ખુદા (સ.અ.વ.) એ તમને મરહબન વ અહલન બન્ને શબ્દો ફરમાવી દીધા.

ઈબ્ને બતા અને ઈબ્ને મવઝન અને સમઆની આ બધાએ પોત પોતાની કિતાબોમાં ઈબ્ને અબ્બાસથી અને અનસ બિન માલિકની આ

રિવાયત લખી છે કેઃ જ. રસુલે ખુદા (સ.અ.વ.) બેઠા હતા એટલામાં હ. અલી (અ.સ.) તેમની ખિદમતમાં આવ્યા.

રસુલે ખુદા (સ.અ.વ.) એ પુછયુંઃ અય અલી! કેમ આવ્યા છો?

હ. અલી (અ.સ.) એ અર્ઝ કરીઃ હું તમને સલામ કરવા માટે હાજર થયો છું.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ જોવો આ જીબ્રઈલ અમીન બેઠા છે. તેમણે મને ખબર આપી છે કે અલ્લાહ તઆલા એ તમારા નિકાહ જ. ફાતેમા (સ.અ.)થી કરી દીધા છે અને આના પર ૪૦,૦૦૦ ફરીશતાઓને ગવાહ બનાવ્યા છે અને તુબાના ઝાડને પણ હુકમ દીધો છે કે આ ફરીશતાઓ પર એવી રીતે આ શાદીની ખુશીમાં મોતી અને યાકુત લુંટાવી દો. જ્યારે તેના ઉપર મોતી અને યાકુત લુંટાવામાં આવ્યો તો હુર દોડી અને તેને થાળમાં ભરી ભરીને મોતી અને યાકુત લુંટયા અને તેના ઉપર તેઓ કયામત સુધી આપસમાં એકબીજા ઉપર ફખ્ર કરશે અને એમ કહેતી રહેશે કે જ. ફાતેમા (સ.અ.) જે ઔરતોમાં શ્રેષ્ઠ છે તેમની શાદીનો તોહફો છે.

ઈબ્ને બતાની રિવાયતમાં છે કે અગર આ ન્યોછાવરમાં કોઈને બીજા કરતા થોડું અથવા વધારે તેનાથી કાંઈક બહેતર મેળવ્યું છે તો તે કયામત સુધી આના ઉપર ગર્વ કરતો રહેશે.

ઈબ્ને મર્દવ્યા એ પોતાની સનદોની સાથે અલ્કમાથી રિવાયત કરી છે કે જ્યારે હ. અલી (અ.સ.)ના નિકાહ જ. ફાતેમા (સ.અ.) સાથે થયા તો જન્નતના ફળો ફરીશતાઓ ઉપર લુંટાવામાં આવ્યા.

## ૨) શૈખૈન (ઉમર, અબુબક્ર) અને શાદીનો પયગામઃ

- ઈબ્ને શાહીન મરોઝી એ પોતાની કિતાબ 'ફઝાએલે ફાતેમા (સ.અ.)'માં પોતાની સનદોની સાથે અબી બુરેદાથી અને તેણે પોતાના પિતાથી અને બીલાઝરીએ પોતાની તારીખમાં પોતાની

સનદોની સાથે લખ્યું છે કે અબુબક્ર એ જનાબ રસુલે ખુદા (સ.અ.વ.)ને પોતાની સાથે ફાતેમા (સ.અ.)ની શાદીનો પયગામ આપ્યો તો રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ હું આ કામમાં અલ્લાહના હુકમનો ઈન્તેઝારમાં છું.

આના પછી ઉમરે પયગામ દીધો તો રસુલે ખુદા (સ.અ.વ.) એ તેને પણ તેજ જવાબ આપ્યો.

- એહમદ બિન હમ્બલ એ પોતાની મુસ્નદમાં અને કિતાબ અલ ફઝાએલમાં, અબાન બિન બતા એ પોતાની કિતાબમાં, ખતીબે પોતાની તારીખમાં, ઈબ્ને શાહીનએ પોતાની કિતાબ 'ફઝાએલે ફાતેમા (સ.અ.)'માં ઈબ્ને અબ્બાસની આ રિવાયત લખી છે કે જ્યારે હ. રસુલે ખુદા (સ.અ.વ.) એ જનાબે ફાતેમા (સ.અ.)ના નિકાહ હ. અલી (અ.સ.)ની સાથે કરી દીધા તો રસુલે ખુદા (સ.અ.વ.) એ હ. અલી (અ.સ.)ને ફરમાવ્યુંઃ જ. ફાતેમા (સ.અ.)ને તમારી તરફથી કાંઈ દો.

  તો હ. અલી (અ.સ.) એ ફરમાવ્યુંઃ મારી પાસે તો કાંઈ નથી.

  તો રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ તમારી ઝીરાહ કયાં છે?
- અને એક રિવાયતમાં છે કે હ. અલી (અ.સ.) એ ફરમાવ્યુંઃ મારી પાસે તો ઝીરાહ છે.

  રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ તે આપી દો.
- સેહાહમાં પોતાની સનદોની સાથે જ. અમીરૂલ મોઅમેનીન, ઈબ્ને અબ્બાસથી અને ઈબ્ને મસ્ઉદ અને જનાબે જાબીર બિન અબ્દુલ્લાહ, અનસ બીન માલીક, બરા બીન આઝીબ અને જ. ઉમ્મે સલમાથી આ રિવાયત છે કે અબુબક્ર અને ઉમરે એક પછી એક હ. રસુલે ખુદા (સ.અ.વ.)ને જ. ફાતેમા (સ.અ.)ની માંગણી રાખી હતી.

  રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ ફાતેમા (સ.અ.) કમસીન છે.

- ઈબ્ને બતાએ પોતાની કિતાબ અલ અબાનામાં લખ્યું છે કે અબ્દુલ રહમાને પણ રસુલે ખુદા (સ.અ.વ.)ને જ. ફાતેમા (સ.અ.)ની માંગણી કરી હતી પણ રસુલે ખુદા (સ.અ.વ.) એ તેમને કોઈ જવાબ ન દીધો.
- એક રિવાયતમાં છે કે અબ્દુલ રહમાને આમ પણ કહ્યું હતું કે હું એટલું મહેર દેવા તૈયાર છું. આ સાંભળીને રસુલે ખુદા (સ.અ.વ.)ને ગુસ્સો આવ્યો અને હાથ આગળ વધારીને થોડા કાકરા ઉપાડયા અને તે કાંકરા રસુલે ખુદા (સ.અ.વ.)ના હાથમાં આવીને તસ્બીહ પઢવા લાગ્યા પછી રસુલે ખુદા (સ.અ.વ.) એ તે કાંકરા અબ્દુલ રહેમાનના દામનમાં નાંખ્યા તો તે મોતી બની ગયા. આ રીતે રસુલે ખુદા (સ.અ.વ.) એ તેની પેશકશનો જવાબ આપ્યો.
- હ. ઈમામ જઅફરે સાદિક (અ.સ.) એ પોતાના પિતાથી રિવાયત કરી છે કે જ. ફાતેમા (સ.અ.)ના રિશ્તા માટે અબુબક્ર રસુલે ખુદા (સ.અ.વ.)ની પાસે આવ્યા અને ફરમાવ્યુંઃ યા રસુલુલ્લાહ! ફાતેમા (સ.અ.)ની શાદી મારાથી કરી દો.

રસુલે ખુદા (સ.અ.વ.) એ જવાબ ન આપ્યો અને પોતાનું મોઢું ફેરવી લીધું. પછી ઉમર આવ્યા તેણે પણ આજ ગુઝારીશ કરી. રસુલે ખુદા (સ.અ.વ.) એ પણ તેનાથી મોઢું ફેરવી લીધું તો તેઓ બન્ને અબ્દુલ રહમાન ઓફની પાસે આવ્યા અને કહ્યું તમે કુરૈશમાં સૌથી વધારે માલદાર છો. કદાચ તમે રસુલે ખુદા (સ.અ.વ.)ની પાસે જઈને ફાતેમા (સ.અ.)ની સાથે શાદીની માંગણી કરો તો તેનાથી તમારા માલ, દોલત અને શરફ અને ફઝલમાં વધારો થઈ જાય.

આ સાંભળી અબ્દુલ રહમાન બિન ઔફ હ. રસુલે ખુદા (સ.અ.વ.)ની ખિદમતમાં હાજર થયા. તેણે તેના બારામાં રિશ્તાની

દરખ્વાસ્ત કરી. પરંતુ રસુલે ખુદા (સ.અ.વ.) એ અબ્દુલ રહમાન બિન ઔફથી પણ મોઢું ફેરવી લીધું. અબ્દુલ રહમાન આ જવાબ સાંભળી તે બન્નેની પાસે પાછા આવ્યા અને કહ્યુંઃ મારી સાથે પણ તેજ થયું જે તમારી બન્નેની સાથે પેશ આવ્યું હતું.

પછી આ બન્ને હ. જનાબે અલી (અ.સ.)ની પાસે આવ્યા. હ. અલી (અ.સ.) તે સમયે બાગમાં પાણી પીવરાવી રહ્યા હતા. તે બન્નેએ કહ્યુંઃ અમને ખબર છે કે તમેજ હ. રસુલે ખુદા (સ.અ.વ.)થી નઝદીક છો અને તમે ઈસ્લામમાં પણ સૌથી આગળ પડતા છો. અગર તમે રસુલે ખુદા (સ.અ.વ.)ની પાસે જઈને ફાતેમા (સ.અ.)નો રિશ્તો માંગી લીધો તો તમારા ફઝલ અને શરફમાં અલ્લાહ તઆલા આનાથી વધારો કરી આપશે.

હ. અલી (અ.સ.) એ ફરમાવ્યુંઃ તમે બન્ને એ મને આ અમલની તરફ ધ્યાન દોરવ્યું છે તો હું હમણાંજ રસુલે ખુદા (સ.અ.વ.)ની ખિદમતમાં જવ છું.

હ. અલી (અ.સ.) ત્યાંથી ચાલ્યા આવ્યા અને વઝુ કર્યું, ગુસ્લ કર્યું, એક ચાદર ખભા ઉપર નાખીને બે રકાત નમાઝ પઢીને રસુલે ખુદા (સ.અ.વ.)ની ખિદમતમાં હાજર થઈને અર્ઝ કરીઃ યા રસુલુલ્લાહ (સ.અ.વ.)! હું જ. ફાતેમા (સ.અ.)ની સાથે રિશ્તાની માંગણી માટે આવ્યો છું.

રસુલે ખુદા (સ.અ.વ.) એ પુછયુંઃ અગર, હું ફાતેમા (સ.અ.)ની શાદી તમારાથી કરી દઉ તો મહેરમાં શું દેશો?

હ. અલી (અ.સ.) એ ફરમાવ્યુંઃ હું મહેરમાં મારી તલવાર, મારો ઘોડો, મારી ઝીરાહ અને સિંચાઈ માટેનું ઉંટ બધુંજ આપી દઈશ.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ તમારૂં સિંચાઈ માટે નું ઉંટ, ઘોડો અને તલવાર આ બધું તમારા માટે જરૂરી છે. તમે તેનાથી મુશ્રીકો

સાથે જેહાદ કરો છો. અલબત્તા ઝીરાહને મહેરમાં આપી શકો છો (આની તમને વધારે જરૂરત નથી હોતી).

## ૩) શૈખૈનની નારાઝગીઃ

કિતાબ મનાકીબમાં જ. ઉમ્મે સલમા અને સલમાને ફારસી અને હ. અલી (અ.સ.)થી રિવાયત છે કે જ્યારે દુખ્તરે રસુલે ખુદા (સ.અ.વ.) હ. ફાતેમા ઝહરા (સ.અ.) બાલીગ થયા તો કુરૈશના મોટા મોટા ફઝલ અને શરફવાળાઓ અને દૌલતમંદ રસુલે ખુદા (સ.અ.વ.)ની ખિદમતમાં જનાબે ફાતેમા (સ.અ.)ના રિશ્તાની માંગણી માટે આવતા. પરંતુ રસુલે ખુદા (સ.અ.વ.)એ તે બધાની તરફથી એ રીતે મોઢું ફેરવી લેતા કે ઘણી વખત લોકોને એ ગુમાન રહેતું કે રસુલે ખુદા (સ.અ.વ.) તેનાથી નારાઝ થઈ ગયા અથવા તો કદાચ રસુલે ખુદા (સ.અ.વ.) ઉપર તેના બારામાં આસમાન પરથી કોઈ વહ્ય નાઝીલ થઈ છે. આ પયગામ દેવાવાળાઓમાં અબુબક્ર પણ હતા. રસુલે ખુદા (સ.અ.વ.) એ તેમને ફરમાવ્યું કે જ. ફાતેમા (સ.અ.)ની શાદીનો ફેંસલો જ. ફાતેમા (સ.અ.)ના પરવરદિગારને છે. ત્યાર પછી ઉમર એ પયગામ આપ્યો રસુલે ખુદા (સ.અ.વ.) એ તેને પણ તેજ જવાબ આપ્યો જે અબુબક્રને આપી ચુકયા હતા.

## ૪) રિશ્તાની મંજુરીઃ

આમાલી શૈખે મુફીદ (અ.ર.)માં ઝહાક બિન મઝાહીમ એ રિવાયત કરી છે કે મેં હ. અલી (અ.સ.)ને ફરમાવતા સાંભળ્યા છે કે મારી પાસે અબુબક્ર અને ઉમર આવ્યા અને તેઓએ કહ્યું કે કેવું સારૂં હોત કે તમે પણ રસુલે ખુદા (સ.અ.વ.)ની પાસે જઈને જ. ફાતેમા (સ.અ.) માટે પયગામ દઈને જોઈ લેત. હ. અલી (અ.સ.)નું બયાન છે કે તેના પર હું

રસુલે ખુદા (સ.અ.વ.)ની ખિદમતમાં હાજર થયો તો રસુલે ખુદા (સ.અ.વ.) એ મને જોઈને ખુશ થયા અને ફરમાવ્યુંઃ

અય અલી (અ.સ.)! શું વાત છે. કેમ આવ્યા છો?

હ. અલી (અ.સ.) એ રસુલે ખુદા (સ.અ.વ.)ને મારો સંબંધ, મારૂ ઈસ્લામમાં આગળ હોવું, મારી મદદ અને મારા જેહાદનો ઝીક્ર કર્યો.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ અય અલી (અ.સ.)! તમે બરાબર કહો છો. પંરતુ જે કાંઈ તમે બતાવ્યું છે તમે તેનાથી પણ વધારે મહાન છો. પછી મેં જ. ફાતેમા (સ.અ.)ની સાથે રીશ્તાનો પયગામ આપ્યો. રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ અય અલી (અ.સ.)! તમારા પહેલા પણ અમુક લોકોએ જ. ફાતેમા (સ.અ.) માટે રિશ્તાનો પયગામ આપ્યો હતો પરંતુ જ્યારે મેં જ. ફાતેમા (સ.અ.)ની સામે તેઓનો ઝીક્ર કર્યો તો તેમના ચહેરા ઉપર નફરતના આસાર દેખાણા. આમ કહીને રસુલે ખુદા (સ.અ.વ.) અંદર જવા લાગ્યા અને હ. અલી (અ.સ.)ને ફરમાવ્યું કે તમે ઉભા રહો હું હમણાં આવું છું.

પછી રસુલે ખુદા (સ.અ.વ.) જ. ફાતેમા (સ.અ.)ની પાસે તશરીફ લઈ ગયા તો જ. ઝહરા (સ.અ.) તેમના પિતાને જોઈને તાઅઝીમ માટે ઉભા થઈ ગયા અને રસુલે ખુદા (સ.અ.વ.)ના ખભા ઉપર ચાદર લાવીને રાખી દીધી. મુબારક પગમાંથી ચંપલ ઉતાર્યા, વઝુ માટે પાણી લઈને આવ્યા અને રસુલે ખુદા (સ.અ.વ.)ના પગ ધોવરાવ્યા અને રસુલે ખુદા (સ.અ.વ.)ના પગ ધોવરાવ્યા. પછી એકદમ અખ્લાકની સાથે બેસી ગયા. રસુલે ખુદા (સ.અ.વ.)એ અવાઝ આપીઃ અય ફાતેમા (સ.અ.)!

જ. ઝહરા (સ.અ.)એ ફરમાવ્યુંઃ જીહા. અય બાબા! શુ હુક્મ છે?

રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ હ. અલી (અ.સ.)થી તમે સારી રીતે જાણો છો, મારો તેમનાથી શું રિશ્તો છે અને તેમની ફઝીલત અને શરફ અને તેમનો ઈસ્લામ, વિગેરે તમારાથી છુપુ નથી અને મેં

અલ્લાહથી દોઆ કરી હતી કે તે તમારી શાદી એવા શખ્સથી કરાવી દે જે તેની નઝરમાં સૌથી બહેતર અને તેની નઝદીક સૌથી વધારે મહેબુબ હોય. હવે તેણે આવીને મારાથી તમારી વાત રિશ્તા માટે નાખી છે. બેટી! બતાવો તમારો શું અભિપ્રાય છે.

જ. ફાતેમા (સ.અ.) આ સાંભળીને ચુપ રહ્યા, ન તો પોતાનું મોઢું ફેરવ્યું અને ન તો ચહેરા ઉપર નફરતના આસાર નઝર આવ્યા તો રસુલે ખુદા (સ.અ.વ.) આ ફરમાવતા ઉભા થયા કે અલ્લાહો અકબર આ ચુપકીદીજ તેને કબુલ કરવું છે. પછી જ. જીબ્રઈલ આવ્યા અને ફરમાવ્યું: અય મોહમ્મદ (સ.અ.વ.) તમે જ. ફાતેમા (સ.અ.)ની શાદી હ. અલી (અ.સ.)ની સાથે કરી દો એટલા માટે કે અલ્લાહ તઆલાએ જ. ફાતેમા (સ.અ.)ને અલી (અ.સ.) માટે અને અલી (અ.સ.)ને જ. ફાતેમા (સ.અ.) માટે પસંદ કર્યો છે.

હ. અલી (અ.સ.)નું બયાન છે કે આના પછી રસુલે ખુદા (સ.અ.વ.)એ હ. ફાતેમા (સ.અ.)ના નિકાહ મારાથી કરી દીધા. પછી મારો હાથ પકડયો અને ફરમાવ્યું:

بِسۡمِ اللّٰه

ઉભા થાવ અને કહો:

علی برکۃ اللّٰہ وَمَا شَاءَ اللّٰہُ لَا قُوَّۃَ اِلَّا بِاللّٰہِ تَوَکَّلۡتُ

આના પછી મારો હાથ પકડયો અને મને જ. ફાતેમા (સ.અ.)ની પાસે લાવીને બેસાડી દીધા અને અલ્લાહને ફરમાવ્યું: અય પરવરદિગાર! આ બન્ને તારી મખ્લુકમાંથી મને સૌથી વધારે પસંદ છે. તું પણ આનાથી મોહબ્બત કર, આમની નસ્લ અને ઔલાદમાં બરકત આપ. આ બન્નેની હિફાઝત કર, હું આ બન્નેને અને આ બન્નેની ઔલાદની માટે શયતાનથી પનાહ માંગુ છું.

(આમાલીએ શૈખે મુફીદ અ.ર.)

## ૫) અગર હ. અલી (અ.સ.) ન હોત તોઃ

ઓયુને અખ્બારે રેઝામાં હ. ઈમામ અલી બિન મુસા રેઝા (અ.સ.)એ પોતાના બાપ-દાદાથી રિવાયત કરી છે કે હ. અલી (અ.સ.)નું બયાન છે કે હ. રસુલે ખુદા (સ.અ.વ)એ મને ફરમાવ્યુંઃ

અય અલી (અ.સ.)! કુરૈશના અગણીત લોકોએ જ. ફાતેમા ઝહરા (સ.અ.)ના રિશ્તાના સિલસિલામાં મારાથી નારાઝ થઈ ગયા તે કહે છે કે અમે પણ જ. ફાતેમા (સ.અ.) માટે સંબંધનો પયગામ મોકલ્યો હતો અને હ. અલી (અ.સ.) એ પણ સંબંધનો પયગામ દીધો હતો પરંતુ રસુલે ખુદા (સ.અ.વ.)એ અમને તો ના પાડી દીધી અને હ. અલી (અ.સ.)ની સાથે કોઈ આનાકાની વગર નિકાહ કરી દીધા.

મેં તેને જવાબ આપ્યો કે ખુદાના માટે ન તો મેં તમારા લોકોની માટે ના પાડી અને અલી (અ.સ.)થી જ. ફાતેમા (સ.અ.)ના નિકાહ કર્યા છે. પરંતુ યકીન અલ્લાહે તમને લોકોને ના પાડી હતી અને હ. અલી (અ.સ.)થી નિકાહ કર્યા હતા. આના પછી જીબ્રઈલ અમીન આવ્યા, તેમણે કહ્યુંઃ અય મોહમ્મદ (સ.અ.વ.) અલ્લાહ ફરમાવે છે કે અગર હું અલી (અ.સ.)ને પૈદા ન કરત તો યકીનન તમારી બેટી ફાતેમા (સ.અ.)નો કુફુવ અને શૌહર ઝમીન ઉપર ન મળત. ભલે પછી તે આદમ (અ.સ.)ને અથવા તેની ઔલાદમાંથી કોઈ બીજાને?

હમદાનીએ પણ અલી બિન મઆબદથી આની જેવીજ રિવાયત બયાન કરી છે.

(ઓયુને અખ્બારે રેઝા)

યુનુસ બિન ઝબીયાનથી રિવાયત છે કે મેં હ. ઈમામ જઅફર સાદિક (અ.સ.)ને ફરમાવતા સાંભળ્યું છે કે અગર અલ્લાહ તઆલા હ. અલી (અ.સ.)ને પૈદા ન કર્યા હોત તો જ. ફાતેમા (સ.અ.)ના કોઈ કુફોવ અને શોહર આ ઝમીન પર ન હોત.

(આમાલીએ શૈખે મુફીદ અ.ર.)

## ૬) શાદી માટે ખુદાનો હુકમઃ

તમીમીએ પોતાની સનદોની સાથે હ. ઈમામ અલી રેઝા(અ.સ.)થી રિવાયત કરી છે કે હ. રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ અલ્લાહ તઆલાએ મને જ. ફાતેમા (સ.અ.)ની શાદી હ. અલી (અ.સ.)ની સાથે કરવાનો હુકમ દીધો તો મેં હ. અલી (અ.સ.)ની સાથે મારી બેટી ફાતેમા (સ.અ.)ની શાદી કરી દીધી. (ઓયુને અખ્બારે રેઝા)

ત્રણ સનદોની સાથે હ. અલી રેઝા (અ.સ.)થી અને તેમણે પોતાના બાપ દાદાઓથી રિવાયત કરી ચે કે રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ મારી પાસે એક ફરીશ્તાએ આવીને કહ્યુંઃ અય મોહમ્મદ (સ.અ.વ.)! અલ્લાહ તઆલા એ તમને સલામ કહ્યા છે અને આ ફરમાવ્યું છે કે મેં ફાતેમા (સ.અ.)ની શાદી હ. અલી (અ.સ.)ની સાથે કરી દીધી છે. આથી તમે પણ હ. અલી (અ.સ.)ની સાથે જ. ફાતેમા (સ.અ.)ની શાદી કરી દો અને તુબાના ઝાડને હુકમ આપ્યો છે કે તેઓ ઉપર ન્યોછાવર કરવા માટે ફળો પૈદા કરવાની બદલે યાકુત અને મોતી, મરજાન પૈદા કરે, આસમાનવાળાઓ આ શાદીથી ખુબજ ખુશ છે.

ફાતેમા ઝહરા (સ.અ.)ના શિકમથી બે એવા ફરઝંદ પૈદા થશે જે જન્નતના રહેવાવાળા જવાનોના સરદાર હશે અને તેમના લીધે જન્નતમાં રૌનક આવી જશે.

અય મોહમ્મદ (સ.અ.વ.)! તમને મુબારક થાય તમે પહેલા અને આખીરમાં સૌથી બહેતર અને અફઝલ છો.

## ૭) હ. અલી (અ.સ.)ના ફઝાએલ હ. મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.)ની ઝબાન ઉપરઃ

તફસીરે અલી બિન ઈબ્રાહીમ કુમ્મીમાં છે કે હ. ફાતેમા (સ.અ.)ની સાથે શાદીનો પયગામ જે કોઈની તરફથી આવતો તો રસુલે ખુદા (સ.અ.વ.) તેનાથી તે વાતમાં કોઈ રસ ન લેતા હતા ત્યાં સુધી કે બધા લોકો માયુસ થઈને બેઠા રહેતા.

પરંતુ જ્યારે રસુલે ખુદા (સ.અ.વ.) એ ખુદે ઈરાદો કર્યો કે ફાતેમા (સ.અ.)ની શાદી હ. અલી (અ.સ.)થી કરી દે તો રસુલે ખુદા (સ.અ.વ.) એ એકલતામાં ચુપકીદીની સાથે આ સિલસિલામાં જ. ફાતેમા (સ.અ.)ની સાથે વાત કરી.

જ. ફાતેમા (સ.અ.) એ ફરમાવ્યુંઃ યા રસુલુલ્લાહ! તમારો વિચાર સૌથી ઉંચો છે. પરંતુ કુરૈશની ઔરતો તો આના બારામાં કંઈ કેટલી વાતો કરે છે અને કહે છે કે તેમનું પેટ બહાર નીકળેલું છે, હાથ લાંબા છે અને તેના સાંધાના હાડકા બહુ પહોળા છે અને માથાના આગળના ભાગના વાળ પણ નથી. આંખો મોટી મોટી છે, સિંહ અને જંગલી પ્રાણીઓ જેવા હાથ પગ છે. દરેક સમયે હસતા રહે છે. વળી તેમની પાસે ન માલ છે અને ન દૌલત છે, બિલ્કુલ મુફલીસ અને ફકીર છે.

રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ બેટી! શું તમને નથી ખબર કે અલ્લાહ તઆલાએ જ્યારે દુનિયા ઉપર પહેલી ઈન્તેખાબ નઝર નાખી તો બધાજ આલમીનમાંના મર્દોમાંથી મને ચુંટયો અને પછી જ્યારે બીજી નઝર કરી તો આલમીનના મર્દોમાંથી અલી (અ.સ.)ને ચુંટયા અને જ્યારે ત્રીજી નઝર નાંખી તો આલમીનની ઔરતોમાંથી તમને (જ. ફાતેમા સ.અ.)ને ચુંટયા.

અય ફાતેમા (સ.અ.)! સાંભળો જ્યારે શબે મેઅરાજ મને આસમાનની તરફ લઈ જવામાં આવ્યો તો મેં બયતુલમુકદ્દસના પત્થર ઉપર આ લખેલું જોયું.

لَااِلٰهَ اِلَّا اللّٰه مُحَمَّدٌ رَسُوْلُ اللّٰه ايدته بوزيره و نصرته بوزيره

***‘અલ્લાહ સિવાય બીજો કોઈ ખુદા નથી. મોહમ્મદ (સ.અ.વ.) અલ્લાહના રસુલ છે જેની મદદ મેં તેમના વઝીરના થકી કરી જેની નુસરત મેં તેમના વઝીરના થકી કરી’***

મેં જીબ્રઈલને પુછયુંઃ મારો વઝીર કોણ છે?

જ. જીબ્રઈલે જવાબ આપ્યોઃ અલી (અ.સ.)

પછી જ્યારે સીદરતુલ મુન્તહા પર પહોંચ્યો તો તેના ઉપર આ લખેલું જોયું.

اِنِّیْ اَنَااللّٰہ لَااِلٰہ اِلَّا انا وحدی محمّد صفوتی من خلقی ایدتہ بوزیرہ

ونصرتہ بوزیرہ

*'બેશક હું જ અલ્લાહ છું. મારા એકલા સિવાય કોઈ ખુદા નથી, હ. મોહમ્મદ (સ.અ.વ.) મારી મખ્લુકમાં મારા ખાસ ચુંટાયેલા બંદા છે. તેમની મદદ મેં તેમના વઝીરના વડે કરી અને તેમની નુસરત મેં તેમના વઝીરના વડે કરી.'*

રસુલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છેઃ મેં જીબ્રઈલને પુછયુંઃ મારો વઝીર કોણ છે?

જ. જીબ્રઈલે જવાબ આપ્યોઃ અલી (અ.સ.)

પછી જ્યારે સીદરતુલ મુન્તહાથી અર્શ પર પહોંચ્યો તો તેના ઉપર આ લખેલું જોયું.

اِنِّیْ اَنَااللّٰہ لَااِلٰہ اِلَّا انا محمّد حبیبی ایدتہ بوزیرہ ونصرتہ بوزیرہ

*'બેશક હું જ અલ્લાહ છું. મારી સિવાય બીજો કોઈ ખુદા નથી. મોહમ્મદ (સ.અ.વ.) મારા હબીબ છે જેની મદદ મેં તેમના વઝીરના થકી કરી અને જેની નુસરત મેં તેમના વઝીરના વડે કરી.'*

આના પછી હું જન્નતમાં દાખલ થયો તો જોયું કે તુબાના ઝાડના મુળ હ. અલી (અ.સ.)ના ઘરમાં છે અને જન્નતમાં કોઈ મહેલ અને કોઈ મકાન એવું નહિ હોય જ્યાં 'તુબાના ઝાડ'ની ડાળીઓ પહોંચી નહિ હોય. અને આની દરેક ડાળીઓથી સુનદુસ અને ઈસ્તબરકના

કપડા પડી રહ્યા છે અને આ ડાળીઓ મોઅમીન બંદાની માટે હજાર વખત ખરતી રહેશે અને દરેક વખત લાખ લાખ કપડા પડશે જે વિવિધ રંગોના હશે. એક રંગ બીજા રંગથી સાવ અલગ હશે. આજ તે જન્નતવાળાનો લીબાસ હશે અને તેમાં ફેલાયેલો સાયો હશે.

જન્નતની પહોળાઈ જમીન અને આસમાનની પહોળાઈના બરાબર અને આ તે જન્નત છે જેને અલ્લાહ તઆલાએ તે બંદા માટે બનાવી છે જે અલ્લાહ ઉપર, તેના રસુલ (સ.અ.વ.) પર ઈમાન રાખે. આ જન્નતની વચ્ચમાં એક બહુજ મોટો સાયો છે જે એટલો લાંબો ફેલાયેલો છે કે અગર આ સાયામાં એક ઝડપી ઘોડેસવાર સો વર્ષ સુધી સતત પોતાનો ઝડપી દોડવાવાળો ઘોડો દોડાવતા રહે તો પણ આને પાર નથી કરી શકતા. આનો ઝીક્ર કુરઆનમાં સુરએ વાકેઆ ૩૦મી આયતમાં છે:

وَظِلٍّ مَّمْدُودٍ

જન્નતના નીચેના હિસ્સામાં જન્નતના રહેવાવાળાઓ માટે ફળો હશે જે તેના ખાવાના માટે પોતાના ઘરમાં લટકેલા રહેશે. એક એક ડાળીમાં ૧૦૦-૧૦૦ જાતના ફળો હશે. ઘણા એનામાંથી એવા હશે દુનિયામાં તેના જેવા જોયા નહિ હોય અને જ્યારે કોઈ તેમાંથી એક ફળ તોડશે તો તરતજ તેની જગ્યાએ બીજું ફળ લાગી જશે અને તેનો સિલસિલો કયારેય ખતમ નહિ થાય અને ન તો કોઈને તોડવાની મનાઈ કરવામાં આવશે. તે વૃક્ષના મુળમાંથી ૪ નહેરો નીકળશે ૧) એક નહેર ઠંડુ અને સાફ પાણીની ૨) બીજી નહેર દુધની જેનો સ્વાદ કયારેય નહિ બદલે ૩) ત્રીજી નહેર શરાબની જેનાથી પીવાવાળા લઝઝત મહેસુસ કરશે ૪) ચોથી નહેર શુધ્ધ મધની હશે.

અય ફાતેમા (સ.અ.) અલી (અ.સ.)ની સાથે મને અલ્લાહે ૭ ખાસીયતો આપી છે.

૧) અલી (અ.સ.) તે પહેલા ઈન્સાન છે જે રોઝે કયામત મારી સાથે પોતાની કબ્રમાંથી બહાર આવશે.

૨) અલી (અ.સ.) તે પહેલા ઈન્સાન છે જે મારી સાથે પુલે સેરાત ઉપર ઉભા હશે જે જહન્નમની આગને કહેશે કે આને લઈલે અને આને છોડી દે.

૩) અલી (અ.સ.) તે પહેલા ઈન્સાન છે જેને મારી સાથે કયામતના દિવસે જન્નતના કપડા પહેરાવવામાં આવશે.

૪) અલી (અ.સ.) તે પહેલા ઈન્સાન છે જે મારી સાથે અર્શની બાજુમાં ઉભા હશે.

૫) અલી (અ.સ.) તે પહેલા ઈન્સાન છે જે મારી સાથે સૌથી પહેલા જન્નતના દરવાજાને ખખડાવશે.

૬) અલી (અ.સ.) તે શખ્સ છે જે સૌથી પહેલા મારી સાથે ઈલ્લીયીનમાં ઉભા રહેશે.

૭) અલી (અ.સ.) તે શખ્સ છે જે સૌથી પહેલા મારી સાથે જન્નતમાં એવો જામ જેના પર મહોર મારેલી હશે તેને પીશે જેના વિશે અલ્લાહ તઆલાએ કુરઆને મજીદમાં ફરમાવ્યું છે:

خِتَامُهُ مِسْكٌ ۚ وَفِي ذَٰلِكَ فَلْيَتَنَافَسِ الْمُتَنَافِسُونَ

***‘અને જેની મહોર મુશ્કની હશે અને રગબત રાખવાવાળા માટે જોઈએ કે વધારે રગબત કરે.’***

(સુરે મુતફફેફીન આ-૨૬)

અય ફાતેમા (સ.અ.)! આ તે નેઅમતો છે જે અલ્લાહ તઆલાએ આખેરતમાં અલી (અ.સ.)ને આપી છે અને જન્નતમાં તેમના માટે તૈયાર કરી છે. અગર ભલે દુનિયામાં તેમની પાસે કોઈ માલ-દૌલત નથી અને તમે જે તેમના બારામાં ફરમાવ્યું કે તેમનું પેટ બહાર નીકળેલું છે તો તે હકીકતમાં એવા ઈલ્મથી ભરેલું છે જેને અલ્લાહ તઆલાએ

મારા ઈલ્મને ફકત તેમનેજ આપ્યું છે અને તમારૂં આ કહેવું કે તેમના માથા ઉપર આગળની બાજુ વાળ નથી અને તેમની આંખો મોટી મોટી છે તો તેનું કારણ એ છે કે અલ્લાહ તઆલાએ તેમને એકદમ હ. આદમ (અ.સ.)ની શકલમાં પૈદા કર્યા છે.

હવે એ કે તેમના હાથ લાંબા છે. તો અલ્લાહ તઆલાએ તેમના લાંબા હાથ એટલા માટે આપ્યા છે કે તેમનાથી તે અલ્લાહ અને તેના રસુલ (સ.અ.વ.)ના દુશ્મનોને કત્લ કરશે અને તેમનાજ વડે અલ્લાહ પોતાના દીનને ગાલીબ કરશે. ભલે પછી મુશ્રીકો તેમને કેટલાય નાપસંદ કરે. તે હાથો ઉપર અલ્લાહ તઆલા જીત આપશે. તેજ હાથોથી તેઓ મુશ્રીકો સાથે કુરઆનની તનઝીલ પર જંગ કરશે અને તાવીલે કુરઆન ઉપર મુનાફીકો, મારેકીન, નાકેસીન અને ફાસેકીનથી જેહાદ કરશે. અલ્લાહ તઆલા તેમના સુલ્બથી જન્નતના જવાનોના સરદારને પૈદા કરશે અને તે બન્નેથી પોતાના અર્શ ને ઝિનત આપશે.

અય ફાતેમા (સ.અ.)! અલ્લાહ તઆલાએ દરેક નબીની ઔલાદ તેના સુલ્બમાં રાખી છે અને મારી ઔલાદ હ. અલી (અ.સ.)ના સુલ્બમાં રાખી છે. અગર અલી (અ.સ.) ન હોત તો મારી કોઈ ઔલાદ ન હોત.

આ બધી હ. અલી (અ.સ.)ની મનકબત સાંભળીને જ. ફાતેમા (સ.અ.) એ ફરમાવ્યુંઃ અય અલ્લાહના રસુલ! જમીન ઉપર હું કોઈને પણ અલી (અ.સ.) ઉપર અગ્રતા નથી આપતી.

ત્યારબાદ રસુલે ખુદા (સ.અ.વ.) એ જ. ફાતેમા ઝહરા (સ.અ.)ના નિકાહ અલી (અ.સ.)થી કરી દીધા.

આજ હદીસના લીધે ઈબ્ને અબ્બાસ કહ્યા કરતા હતા કે અગર અલી (અ.સ.) ન હોત તો જ. ફાતેમા ઝહરા (સ.અ.)ના કોઈ હમસર, કુફુવ ન હોત. (કિતાબ તફસીરે અલી ઈબ્ને ઈબ્રાહીમ કુમ્મી)

## ૮) હદીસ મેહમુદઃ

અલી બિન જઅફરનું બયાન છે કે મેં એક વખત હ. ઈમામ મુસા કાઝીમ (અ.સ.)ને આ ફરમાવતા સાંભળ્યા કેઃ જનાબે રસુલે ખુદા (સ.અ.વ.) બેઠા હતા એટલામાં તેમની પાસે એક ફરીશ્તો આવ્યો જેના ૨૪ માથા હતા.

રસુલે ખુદા (સ.અ.વ.) એ તેમને ફરમાવ્યુંઃ અય મારા દોસ્ત જીબ્રઈલ! મેં તો કયારેય તમને આ શકલમાં જોયા નથી.

તે ફરીશ્તો બોલ્યોઃ યા રસુલુલ્લાહ! હું જીબ્રઈલ નથી. મારૂં નામ મહેમુદ છે. મને અલ્લાહે એ માટે મોકલ્યો છે કે હું નુરના નિકાહ નુરની સાથે પઢી આપું.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ કોના નિકાહ અને કોની સાથે?

તે ફરીશ્તાએ કહ્યુંઃ ફાતેમા (સ.અ.)ના નિકાહ હ. અલી (અ.સ.)ની સાથે.

અલગરઝ જ્યારે તે ફરીશ્તો પાછો જવા લાગ્યો તો મેં જોયું કે તેની પીઠ પર બન્ને ખભાની વચ્ચે એક વાકય લખેલું હતું.

محمد رسول الله و علی وصیه

*'મોહમ્મદ (સ.અ.વ.) અલ્લાહના રસુલ છે અને અલી (અ.સ.) તેમના વસી છે.'*

રસુલે ખુદા (સ.અ.વ.) એ તે ફરીશ્તાને પુછયુંઃ તારી પીઠ પર આ વાકયો કયારથી લખેલા છે?

તે ફરીશ્તાએ જવાબમાં કહ્યુંઃ હ. આદમ (અ.સ.)ની પૈદા થવાના ૨૨૦૦૦ વર્ષ પહેલાથી લખેલું છે.

(ખેસાલ, આમાલીએ સૈખ સદુક અ.ર. મઆની)

- મનાકીબ ઈબ્ને શેહરે આશુબમાં પણ અલી બિન જઅફરથી રિવાયત નકલ છે. આના પછી આ પણ લખેલું છે કે એક રિવાયતમાં ૨૨૦૦૦ ના બદલે ૨૪૦૦૦ છે.
- જાબીર બિન અબ્દુલ્લાહ અન્સારી એ પણ મહેમુદ નામના ફરીશ્તાની રિવાયત કરી છે કે એમા એ છે કે તેના ૨૦ માથા હતા અને દરેક માથામાં ૧૦૦૦ ઝબાન હતી અને તેનું મુળ નામ 'સરસાઈલ' હતું.

અબુબક્ર મરદુયાની ફઝાએલુલ અમીરૂલ મોઅમેનીનમાં અનસ બિન માલિકથી અને કિતાબ અબુલ કાસીમ સુલૈમાન તબરીમાં ઈબ્ને મસ્ઉદથી રિવાયત છે કે રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ અલ્લાહે મને હુકમ આપ્યો છે કે હું ફાતેમા (સ.અ.)ના નિકાહ હ. અલી (અ.સ.)ની સાથે કરી દઉં.

કશફુલ ગુમ્માહમાં હ. ઈમામ હુસૈન (અ.સ.)થી રિવાયત છે કે એક વખત જ. રસુલે ખુદા (સ.અ.વ.) હ. ઉમ્મે સલમાના રૂમમાં બેઠા હતા. ત્યાં એક ફરીશ્તો નાઝીલ થયો જેના ૨૦ સર હતા અને દરેક સરમાં ૧૦૦૦ ઝબાન હતી અને તે બધી ઝબાનથી અલ્લાહની તસ્બીહ અને તકદીસ અલગ અલગ ભાષામાં કરી રહ્યા હતા. તેના હાથની હથેળીઓ સાત આસમાનો અને જમીનોથી પણ પહોળી હતી.

રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ અય જીબ્રઈલ! આ શકલમાં તો તમે કયારેય મારી પાસે નથી આવ્યા. આજે શું વાત છે?

તેણે ફરમાવ્યુંઃ અય હઝરત! હું જીબ્રઈલ નથી મારૂં નામ સરસાઈલ છે. મને અલ્લાહે આ માટે મોકલ્યો છે કે તમે નુરના નિકાહ નુરથી કરી દો.

રસુલે ખુદા (સ.અ.વ.) એ પુછયુંઃ કોના નિકાહ? અને કોની સાથે?

તે ફરીશ્તાએ કહ્યુંઃ તમારી બેટી ફાતેમા (સ.અ.)ના નિકાહ હ. અલી (અ.સ.)ની સાથે.

રસુલે ખુદા (સ.અ.વ.) એ હ. ફાતેમા (સ.અ.)ના નિકાહ હ. અલી (અ.સ.)ની સાથે કરી દીધા અને જ. જીબ્રઈલ, મીકાઈલ અને સરસાઈલને તેના ગવાહ બનાવ્યા.

આના પછી રસુલે ખુદા (સ.અ.વ.) એ સરસાઈલના બન્ને ખભા તરફ નઝર કરી તો જોયું કે તેના ઉપર લખેલું છે.

لا اله الا الله محمّد رسول الله علی این ابی طالب مقیم الحجة

રસુલે ખુદા (સ.અ.વ.) એ પુછયું: અય સરસાઈલ! તમારા હાથો ઉપર આ કયારથી લખેલું છે?

સરસાઈલે જવાબ આપ્યો: આ દુનિયાને બનાવ્યા પહેલા ૧૨૦૦૦ વર્ષથી આ તહેરીર મારા હાથો પર લખી લેવામાં આવી હતી.

(કાફી)

## ૯) ભાઈ પણ અને જમાઈ પણ:

અબ્દુલ્લાહ અલવીએ પોતાના પિતાથી અને તેણે પોતાના પિતાથી અને તેને પોતાના દાદાથી અને તેણે હ. અલી (અ.સ.)થી રિવાયત કરી કે એક વખત જનાબે રસુલે ખુદા (સ.અ.વ.) મને તલાશ કરતા કરતા અહીં આવ્યા અને ઉમ્મે અયમનને પુછયું: અય ઉમ્મે અયમન મારા ભાઈ કયા છે?

ઉમ્મે અયમને ફરમાવ્યું: તમારા ભાઈ કોણ?

રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું: અલી (અ.સ.)

ઉમ્મે અયમને કહ્યું: યા રસુલુલ્લાહ (સ.અ.વ.)! તમે તો તેની સાથે તમારી બેટીની શાદી કરી નાખી છે. આના પછી પણ તે તમારા ભાઈ જ રહેશે.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ હા. અય ઉમ્મે અયમન, ખુદાની કસમ મેં તેમને દુનિયામાં અને આખેરતમાં માનનીય અને શરીફ પામ્યા અને તેમને જ જ. ફાતેમા (સ.અ.)ના કુફુવ પામ્યા છે એટલા માટે તેમની શાદી કરી દીધી.

(આમાલીએ શૈખે મુફીદ અ.ર.)

## ૧૦) નસબન વ સેહરનની તફસીરઃ

وَهُوَ الَّذِى خَلَقَ مِنَ الْمَاءِ بَشَرًا فَجَعَلَهُ نَسَبًا وَصِهْرًا ۗ وَكَانَ رَبُّكَ قَدِيرًا

*"અમે તે ઝાત છે જેણે ઈન્સાનને પાણીથી પૈદા કર્યો અને પછી તેને ખાનદાન અને સાસરીયાવાળો બનાવ્યો."*

(સુરએ ફુરકાન, આયત ૫૪)

ની તફસીરમાં ઈબ્ને અબ્બાસથી રિવાયત છે કે અલ્લાહ તઆલાએ એક નુરાની નુત્ફો પૈદા કર્યો જે ગૈબી ખઝાનામાં છુપાયેલો હતો. પછી તેણે જ. આદમ (અ.સ.)ની સુલ્બમાં દાખલ કર્યો અને તે જ. આદમ (અ.સ.) ની સુલ્બમાંથી જ. શીશ (અ.સ.)ની સુલ્બમાં મુન્તકીલ થયો પછી અનશાની સુલ્બમાં આવ્યો પછી કીનાનની સુલ્બમાં અને તેજ રીતે પાક નસ્લ અને શિકમથી પસાર થતો રહ્યો ત્યાં સુધી કે અલ્લાહ તઆલાએ તેને જ. અબ્દુલ મુત્તાલીબની સુલ્બમાં દાખલ કર્યો. પછી તેના બે ભાગ કર્યા, એક ભાગ જ. અબ્દુલ્લાહની સુલ્બમાં અને બીજો ભાગ જ. અબુ તાલિબ (અ.સ.) ની સુલ્બમાં મુન્તકીલ થયો. જ. અબ્દુલ્લાહ (અ.સ.)થી હ. મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.)ની વિલાદત થઈ અને જ. અબુ તાલિબ (અ.સ.)થી હ. અલી (અ.સ.)ની વિલાદત થઈ. આ આયતનો એજ મતલબ છે કે અલ્લાહ તે છે જેણે ઈન્સાનને પાણીથી પૈદા કર્યો અને તેનાથી નસ્બ અને સબબ એટલે કે જમાઈને

બનાવ્યા પછી હ. ફાતેમા (સ.અ.)ની શાદી હ. અલી (અ.સ.)થી થઈ જેથી હ. અલી (અ.સ.) હ. મોહમ્મદ (સ.અ.વ.)થી છે અને હ. મોહમ્મદ (સ.અ.વ.) હ. અલી (અ.સ.) થી છે અને ઈ. હસન (અ.સ.) અને ઈ. હુસૈન (અ.સ.) અને જ. ફાતેમા (સ.અ.)નસ્બથી અને અલી (અ.સ.) જમાઈ છે. (કિતાબ તફસીરે ફુરાત, પા. ૧૦૭)

## ૧૧) નિકાહની તારીખઃ

૧) કિતાબ મિસ્બાહમાં છે કે પહેલી ઝિલ્હજના રસુલે ખુદા (સ.અ.વ.) એ હ. ફાતેમા (સ.અ.)ના નિકાહ હ. અલી (અ.સ.)થી કરી દીધા અને બીજી રિવાયતમાં એ પણ છે કે ૬ ઝિલ્હજ હતી.

૨) હ. ઈમામ જઅફર સાદિક (અ.સ.)થી રિવાયત છે કે જ. ફાતેમા (સ.અ.)ના નિકાહ રમઝાન મહીનામાં હી.સ. ૨ માં થયા હતા અને રૂખસતી તેજ વર્ષ માહે ઝિલ્હજમાં થઈ હતી.

૩) કિતાબ ઈકબાલુલ આમાલમાં શૈખે મુફીદ (અ.ર.)ની કિતાબ 'હદાએકુલ રીયાઝ'ના હવાલાથી લખ્યું છે કે જ. ફાતેમા (સ.અ.) ૨૧ મોહર્રમ હી.સ. ૩ ના ગુરૂવારે પોતાના પિતાના ઘરેથી રૂખસત થઈને હ. અલી (અ.સ.)ના ઘરે તશરીફ લાવ્યા તેથી આ તારીખે ખુદાના શુક્રનો રોઝો મુસ્તહબ છે. એટલા માટે કે આ તારીખને અલ્લાહ તઆલાએ પોતાની હુજ્જત અને પોતાની સફવતને એક જગ્યાએ ભેગી કરી દીધી.

હ. અમીરૂલ મોઅમેનીન (અ.સ.)થી રિવાયત છે કે જંગે બદ્રથી પાછા ફર્યા પછી માહે શવ્વાલના થોડા દિવસો પસાર થયા હતા ત્યારે જ. ફાતેમા (સ.અ.)ની રૂખસતી થઈ.

૪) બીજી રિવાયતમાં છે કે ૬ ઝિલ્હજના મંગળવારે જ. ફાતેમા (સ.અ.)ની રૂખસતી થઈ.

(કિતાબ આમાલી)

## ૧૨) આપ (સ.અ.)ના નિકાહ આસમાનોમાં:

આમાલીએ શૈખે સદુક (અ.ર.)માં ઈબ્ને અબ્બાસથી રિવાયત છે કે જ. રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું: અલ્લાહ તઆલાએ મને અને હ. અલી (અ.સ.)ની વચ્ચે ભાઈચારો રાખ્યો છે. તેમનાથી મારી બેટી ફાતેમા (સ.અ.)ના નિકાહ સાત આસમાનની ઉપર પઢયા અને પોતાના મલાએકાએ મુકર્રબીનને તે નિકાહના ગવાહ બનાવ્યા પછી તેમને મારા વસી અને જાનશીન બનાવ્યા. હ. અલી (અ.સ.) મારાથી છે અને હું હ. અલી (અ.સ.)થી છું. હ. અલી (અ.સ.)નો દોસ્ત મારો દોસ્ત છે અને હ. અલી (અ.સ.)નો દુશ્મન મારો દુશ્મન છે અને મલાએકા પણ હ. અલી (અ.સ.)ની મોહબ્બતના વસીલાથી અલ્લાહની બારગાહમાં નઝદીકી મેળવે છે.

## ૧૩) રૂખસતીની શાન:

તારીખે બગદાદીમાં ઈબ્ને અબ્બાસથી રિવાયત છે કે જ્યારે જ. ફાતેમા (સ.અ.) પોતાના મહાન પિતાના ઘરેથી રૂખસત થઈને હ. અલી (અ.સ.)ના ઘરે ગયા તો જ. ફાતેમા (સ.અ.)ની સવારીની આગળ આગળ ખુદ રસુલે ખુદા (સ.અ.વ.) હતા. ડાબી બાજુ જીબ્રઈલે અમીન અને જમણી બાાજુ મીકાઈલ અને પાછળ ૭૦૦૦૦ ફરીશ્તાઓ હતા જે અલ્લાહ તઆલાની તસ્બીહ પડતા પડતા ચાલ્યા ત્યાં સુધી કે સુબ્હ થઈ ગઈ.

## ૧૪) આસમાની કપડા અને ઝવેરાતનો વરસાદ:

આમાલીએ શૈખે સદુક (અ.ર.)માં ઈમામ જઅફરે સાદિક (અ.સ.)થી અને તેઓએ પોતાના પવિત્ર બાપ-દાદાથી રિવાયત કરી છે કે હ. અલી (અ.સ.) એ ફરમાવ્યું: એક વખત ઉમ્મે અયમન રસુલે

ખુદા (સ.અ.વ.)ની ખિદમતમાં હાજર થયા. તેમનાદ્ધ દુપટ્ટાના છેડામાં કોઈ ચીઝ બાંધેલી હતી. રસુલે ખુદા (સ.અ.વ.) એ પુછયુંઃ આ શું છે?

ઉમ્મે અયમને જવાબ આપ્યોઃ આ ફલાણી છોકરીની શાદીમાં હું ગઈ હતી ત્યાં જે કાંઈ તે શાદીમાં ન્યોછાવર કરવામાં આવ્યું તેમાંથી મેં થોડુક મારા દુપટ્ટાના છેડામાં બાંધી લીધું.

આમ કહીને ઉમ્મે અયમન રોવા લાગ્યા અને કહ્યુંઃ અય અલ્લાહના રસુલ પરંતુ તમે જ. ફાતેમા (સ.અ.)ની શાદીમાં કાંઈ ન વેચયું?

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ અય ઉમ્મે અયમન ખોટું કેમ કહી રહ્યા છો. સાંભળો જ્યારે અલ્લાહ તઆલાએ જ. ફાતેમા (સ.અ.)ની શાદી હ. અલી (અ.સ.)ની સાથે કરી તો જન્નતના વૃક્ષોને હુકમ આપ્યો કે તેઓ ઝવેરાત, કપડા, યાકુત, મોતી અને ઝમરૂત વગેરે જન્નતના રહેવાવાળા ઉપર ન્યોછાવર કરે તેથી જન્નતવાળાઓએ તે તસદ્દુકને અગણીત ભેગુ કરી લીધું. અલ્લાહ તઆલાએ તુબાના ઝાડને પણ જ. ફાતેમા (સ.અ.)ના મહેર તરીકે આપ્યું છે અને તે ઝાડને અલી (અ.સ.)ના ઘરમાં રાખ્યું છે.

## ૧૫) સીદરતુલ મુન્તહામાં નિકાહ અને રૂખસતીની શાનઃ

જાબીર ઈબ્ને અબ્દુલ્લાહથી રિવાયત છે કે જ્યારે રસુલે ખુદા (સ.અ.વ.) એ જ. ફાતેમા ઝહરા (સ.અ.)ની શાદી હ. અલી (અ.સ.)ની સાથે કરી દીધી તો કુરૈશ ખાનદાનના અમુક લોકો રસુલે ખુદા (સ.અ.વ.)ની પાસે આવીને બોલ્યા કે તમે તમારી દીકરીની શાદી ખુબજ મામુલી અને થોડી મહેર પર કરી દીધી. રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ મેં જ. ઝહરા (સ.અ.)ની શાદી હ. અલી (અ.સ.)થી નથી કરી પરંતુ હું જ્યારે શબે મેઅરાજ સીદરતુલ મુન્તહા પહોચ્યો તો ત્યા અલ્લાહ તઆલાએ જ. ફાતેમા (સ.અ.)ના નિકાહ હ. અલી (અ.સ.)થી કરી દીધા પછી સિદરના ઝાડને વહ્યથી હુકમ આપ્યો કે જે

કાંઈ તારી ડાળીઓ ઉપર છે તે બધું આ શાદીની ખુશીમાં ન્યોછાવર કરી દે. તેથી તેણે મોતી, ઝવેરાત અને મરજાન દરેક વસ્તુ ન્યોછાવર કરી દીધી જેને લુંટવા માટે હુર અને ગીલમાન દોડયા અને તેઓએ બધુંજ લુંટી લીધું અને તેઓ આ સદકો પામી ફખ્રથી કહેતા કે આ ફાતેમા બિન્તે મોહમ્મદ (સ.અ.વ.)ની શાદીનો સદકો છે જે અમને પણ મળી ગયો.

## ૧૬) રૂખસતીની તૈયારીઓ:

હ. અલી (અ.સ.)નું બયાન છે કે નિકાહના એક મહીના સુધી જ. ફાતેમા (સ.અ.)ની રૂખસતીના વિષય ઉપર મેં રસુલે ખુદા (સ.અ.વ.)ને કોઈ વાત ન કરી. મસ્જીદમાં રસુલે ખુદા (સ.અ.વ.)ની પાછળ નમાઝ પઢીને મારા ઘરે પાછો આવી જતો હતો. પરંતુ નબી (સ.અ.વ.)ની પત્નિઓએ મને કહ્યું તમે રસુલે ખુદા (સ.અ.વ.)ને જ. ફાતેમા (સ.અ.)ની રૂખસતી માટે પુછતા કેમ નથી?

મેં ફરમાવ્યું: બહેતર તો એ છે કે તમે લોકોજ રસુલે ખુદા (સ.અ.વ.)ને આ વાત કહો.

તેઓ હ. અલી (અ.સ.)ને લઈને રસુલે ખુદા (સ.અ.વ.)ની ખિદમતમાં પહોચ્યા અને ઉમ્મે અયમને કહ્યું: અય અલ્લાહના રસુલ! અગર આજે જ. ખદીજા (સ.અ.) હયાત હોત તો જ. ફાતેમા (સ.અ.)ની શાદીથી કેટલા ખુશ થાત. હવે હ. અલી (અ.સ.) રૂખસતીની તમન્ના કરે છે. તેથી તમે તમારી દીકરીને હ. અલી (અ.સ.)ના ઘરે રૂખસત કરી દો જેથી આપણને પણ ખુશી મનાવવાનો મૌકો મળે.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું: તો પછી ખુદ અલી (અ.સ.) મને કેમ નથી કહેતા.

હ. અલી (અ.સ.) એ ફરમાવ્યું: અય અલ્લાહના રસુલ હું શરમ અનુભવતો હતો.

રસુલે ખુદા (સ.અ.વ.)એ પોતાની પત્નિ તરફ જોઈને ફરમાવ્યુંઃ અહીંયા આ સમયે કોણ કોણ મૌજુદ છે.

હ. ઉમ્મે સલમા એ કહ્યુંઃ અમે બધાજ મૌજુદ છે.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ ઠીક છે. મારી દીકરી અને મારા કાકાના દીકરા માટે એક રૂમ તૈયાર કરો.

જ. ઉમ્મે સલમાએ કહ્યું કે કયો રૂમ તૈયાર કરીએ?

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ તમે તમારો જ રૂમ સજાવી દો. પછી બીજી બધી પત્નિઓને હુકમ આપ્યો શાદીના કમરાને તૈયાર કરવા માટે ઉમ્મે સલમાની મદદ કરે.

ઉમ્મે સલમા ફરમાવે છેઃ મેં જ. ફાતેમા (સ.અ.)ને પુછયુંઃ શું તમારી પાસે કોઈ ખુશ્બુ છે.

જ. ઝહરા (સ.અ.)એ જવાબ આપ્યોઃ હા. અને મને એક બોટલ લાવીને આપી જેમાં અત્તાર હતું. જ્યારે મેં તેમાંથી થોડું એવું મારી હથેળીમાં નાખીને સુંઘ્યું તો મારો દીમાગ તેની ખુશ્બુથી મોઅત્તાર થઈ ગયો. તેના જેવી ખુશ્બુને મારી જીંદગીમાં કયારેય સુંઘી ન હતી. મેં પુછયુંઃ આ કઈ ખુશ્બુ છે?

જ. ફાતેમા (સ.અ.) એ ફરમાવ્યુંઃ જ્યારે જીબ્રઈલ (અ.સ.) (વહીય્યએ કલ્બી) મારા પિતાની પાસે આવ્યા કરતા હતા તો મારા પિતા ફરમાવતા રહેતા કેઃ બેટી! તમારા કાકા માટે મસ્નદ (પાથરણુ) પાથરી દો. હું તેમની માટે મસ્નદ પાથરી દેતી હતી. જ્યારે તે બેસવા લાગતા તો તેમના કપડામાંથી કોઈ વસ્તું મસ્નદ પર પડતી તો રસુલે ખુદા (સ.અ.વ.) ફરમાવતા કેઃ બેટી! આને ઉઠાવીને રાખી લો. હ. અલી (અ.સ.) પુછયા કરતા હતા કેઃ અય અલ્લાહના રસુલ! આ કઈ ચીઝ છે?

રસુલે ખુદા (સ.અ.વ.) ફરમાવતાઃ આ જન્નતનો અંબર છે. જે જીબ્રઈલની પાંખોમાંથી ટપકે છે.

## ૧૭) રૂખસતીઃ

પછી જ્યારે રૂખસતી અને ઝફાફની રાત આવી તો રસુલે ખુદા (સ.અ.વ.)એ પોતાની શેહબા નામનો ખચ્ચર મંગાવી તેની પીઠ પર ચાદર નાખીને જ. ફાતેમા (સ.અ.)ને ફરમાવ્યુંઃ બેટી! આના પર સવાર થઈ જાઓ. પછી જ. સલમાનને હુકમ આપ્યો કે આની લગામ તમે પકડીને લઈને ચાલો. રસુલે ખુદા (સ.અ.વ.)ને ખચ્ચરની પાછળ પાછળ હતા અને હજી રસ્તામાંજ હતા કે થોડા કદમોના નીશાન મહેસુસ થયા. અચાનક જોયું કે જીબ્રઈલે અમીનની સાથે ૭૦,૦૦૦ ફરીશ્તા અને એટલાજ ફરીશ્તાઓ મીકાઈલ લઈને પહોંચી ગયા છે.

રસુલે ખુદા (સ.અ.વ.) એ પુછયુંઃ તમે આ સમયે જમીન ઉપર શા માટે નાઝીલ થયા?

જીબ્રઈલે ફરમાવ્યુંઃ હું જ. ફાતેમા (સ.અ.)ની વિદાયમાં શામીલ થવા માટે આવ્યો છું અને જ. ફાતેમા (સ.અ.)ને હ. અલી (અ.સ.)ના ઘર સુધી પહોંચાડીશ.

પછી એક બાજુ જીબ્રઈલ (અ.સ.)એ તકબીર કહી, બીજી બાજુ મીકાઈલએ તકબીર કહી અને તેઓની સાથે બધા મલાએકાએ પણ નારએ તકબીરનો અવાઝ બલંદ કર્યો અને તેની સાથે નબી (સ.અ.વ.) એ પણ અલ્લાહો અકબર કહ્યું. આથી આ રાતથીજ બધી શાદીઓમાં તકબીર કહેવું સુન્નત શરૂ થઈ.

એક બીજી રિવાયત છે કે જ. ફાતેમા ઝહરા (સ.અ.), હ. અલી (અ.સ.)ના ઘરે વિદાય થવા લાગ્યા તો ૭૦,૦૦૦ ફરીશ્તાઓને લઈને જ. જીબ્રઈલ અને જ. મીકાઈલ હ. ઈસ્રાફીલ સાથે નાઝીલ થયા. રસુલે ખુદા (સ.અ.વ.)નો દુલદુલ નામી ખચ્ચર લાવવામાં આવ્યો. આના પર જ. ફાતેમા ઝહરા (સ.અ.)ને બેઠાડવામાં આવ્યા. જીબ્રઈલે અમીને લગામને પકડી જ. ઈસ્રાફીલ રકાબ પકડી અને મીકાઈલ પાછળ

પાછળ ચાલ્યા અને હ. રસુલે ખુદા (સ.અ.વ.) તેમની ચાદરને બરાબર કરતા જતા હતા. જ. જીબ્રઈલે તકબીર કહી, પછી જ. ઈસ્રાફીલ અને મીકાઈલે પણ તકબીર કહી. પછી બધા મલાએકાઓએ મળીને તકબીર કહી અને આના પછી શાદીની રૂખ્સતીમાં તકબીર કહેવાનું કયામત સુધી સુન્નત બન્યું.

(કશફુલ ગુમ્માહ)

## ૧૮) રૂખ્સતી અને દઅવતે વલીમાની તૈયારીઃ

અબુબક્ર બીન મરદવયનું એક હદીસમાં બયાન છે કે નિકાહની પછી હ. અલી (અ.સ.) ઓગણત્રીસ રાત સુધી જ. ફાતેમા (સ.અ.)ની વિદાયની રાહ જોતા રહ્યા. પછી એક વખત જ. અકીલ અને જ. જઅફરે તૈયાર એ હ. અલી (અ.સ.)ને કહ્યું કે જ. રસુલે ખુદા (સ.અ.વ.)ને કહો કે જ. ફાતેમા (સ.અ.)ની વિદાય કરી દે.

જ્યારે આ વાત જ. ઉમ્મે અયમને સાંભળી તો તેમણે કહ્યું કે આ કામ તો ઔરતોનું હોય છે. તેથી જ. ઉમ્મે સલમાએ હ. અલી (અ.સ.)નો આ પયગામ રસુલે ખુદા (સ.અ.વ. સુધી પહોંચાડયો.

આ સાંભળી રસુલે ખુદા (સ.અ.વ.) ખુશ થયા. હ. અલી (અ.સ.)ને બોલાવ્યા અને ફરમાવ્યુંઃ હું તૈયાર છું. જ્યારે અસ્હાબોએ સાંભળ્યું તો તેઓ હદીયો અને તોહફા લઈને આવ્યા.

રસુલે ખુદા (સ.અ.વ.)એ હુકમ આપ્યો કે ઘંઉને પીસીને રોટીઓને તૈયાર કરવામાં આવે અને હ. અલી (અ.સ.) ને ફરમાવ્યુંઃ તમે ગાય અને બકરીને ઝબ્હ કરો. પછી રસુલે ખુદા (સ.અ.વ.) ગોશ્ત બનાવવામાં તેમની મદદ કરતા રહ્યા. છેલ્લે જ્યારે ખાવાનું તૈયાર થઈ ગયું તો રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ એલાન કરી દો કે રસુલે ખુદા (સ.અ.વ.)ના ઘરે દઅવતે વલીમા છે. તમે બધા લોકો આને કબુલ કરો અને આ એલાન એકદમ એવું હતું કે જેવી રીતે અલ્લાહે

પોતાના ઘરે લોકોને આવવાની દઅવત આપી હોય અને આમ ફરમાવ્યું કે

وَأَذِّن فِي النَّاسِ بِالْحَجِّ

(સુરએ હજ્જઃ ૨૭)

રસુલે ખુદા (સ.અ.વ.)ના આ એલાનને સાંભળીને બધા લોકો પોતાના બાગો અને ખેતરોથી પણ આવવાના શરૂ થઈ ગયા. મસ્જીદમાં ફર્શ પાથરી દેવામાં આવ્યું. મદીનાના મર્દો અને ઔરતો બધા મળીને કુલ ૪,૦૦૦ થી વધારે લોકો ભેગા થઈ ગયા. દસ્તરખાન પર જેણે જે ખાવાનું માંગ્યું તે દેવામાં આવ્યું તો પણ ખાવામાં કોઈપણ જાતનું ઘટયું નહિ. પછી બધા બીજા દિવસે પણ આવ્યા અને તેજ ખાવાનું ખાધું. ત્રીજા દિવસે પણ બધાએ પેટ ભરીને ખાવાનું ખાધું એટલે ત્રણ દિવસ અને રાત સુધી દઅવતે વલીમાનો સિલસિલો ચાલુ રહ્યો (તો પણ ખાવાનું પુરૂ ન થયું) ત્યારે રસુલે ખુદા (સ.અ.વ.) એ વાસણ ભરી ભરીને પોતાની પત્નિઓ દરમ્યાનમાં પણ વહેંચ્યું. એક વાસણ ભરીને એક તરફ રાખી દીધું અને ફરમાવ્યુંઃ આ ફાતેમા (સ.અ.) અને તેના પતિ માટે છે.

પછી જ. ફાતેમા (સ.અ.)ને બોલાવ્યા અને તેમનો હાથ પકડીને હ. અલી (અ.સ.)ના હાથમાં દઈને ફરમાવ્યુંઃ અય અલી (અ.સ.)! આ રસુલે ખુદા (સ.અ.વ.)ની બેટી તમને મુબારક થાય. જુઓ આ ફાતેમા (સ.અ.) તમારી કેટલી સરસ પત્નિ છે અને અય ફાતેમા (સ.અ.)! આ અલી (અ.સ.) તમારા કેટલા સારા પતિ છે.

અને બીજી બાજું રસુલે ખુદા (સ.અ.વ.) એ પોતાની પત્નિઓને હુકમ આપ્યો કે ફાતેમા ઝહરા (સ.અ.) માટે ઉમ્મે સલમા (સ.અ.) નો રૂમ તૈયાર કરે અને સુગંધી કરે.

તેથી રસુલે ખુદા (સ.અ.વ.)ની પત્નિઓએ જ. ફાતેમા (સ.અ.) પાસે ખુશ્બુ માગી તો જ. ફાતેમા (સ.અ.)એ એક બોટલ લાવીને આપી જેમાં ખુબજ સરસ ખુશ્બુ હતી.

રસુલે ખુદા (સ.અ.વ.)ની પત્નિઓમાંથી કોઈએ પુછયુંઃ બેટી ફાતેમા (સ.અ.)! આ ખુશ્બુ કયાથી આવી છે?

જ. ફાતેમા (સ.અ.) એ ફરમાવ્યુંઃ જ્યારે પણ વહીય્યએ કલ્બી (જીબ્રઈલ અ.સ.) મારા પિતાની પાસે આવતા તો મારા પિતા મને કહેતા રહેતા કે બેટી! ચાચા માટે બેસવા માટે મસ્નદ, તકીયો લાવીને પાથરી દો અને જ્યારે જ્યારે થોડીવાર બેસીને પછી તે પાછા જતા તો તેના કપડામાંથી અને તેના પાંખોમાંથી એક વસ્તુ આ પથાણા ઉપર પડી જતી હતી. પિતા મને ફરમાવ્યા કરતા કે આને એક બોટલમાં ભેગું કરી લો તો હું તે ભેગુ કરી લેતી હતી. એક વખત મેં પિતાને પુછયું કે આ શું છે?

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ બેટી! આ જન્નતનું અંબર છે જે જ. જીબ્રઈલના પાંખો અને કપડાથી પડે છે.

આ બોટલની સિવાય પણ જ. ફાતેમા (સ.અ.) બીજી બોટલા લાવ્યા જેમાં ગુલાબજળથી પણ ઉત્તામ અર્ક મૌજુદ હતું.

પત્નિઓએ પુછયું આ શું છે?

હ. ફાતેમા (સ.અ.) એ ફરમાવ્યુંઃ આ મારા પિતાનો પસીનો છે જે સમયે રસુલે ખુદા (સ.અ.વ.) મારા રૂમમાં બપોરે કયલુલ (બપોરની ઉંઘ) ફરમાવતા તો હું રસુલે ખુદા (સ.અ.વ.)નો પસીનો ભેગો કરી લેતી હતી.

રિવાયતમાં છે કે જીબ્રઈલે અમીન હ. ફાતેમા ઝહરા (સ.અ.) માટે જન્નતી કપડા લાવ્યા હતા. જ્યારે જ. ફાતેમા (સ.અ.)એ તેમને પહેર્યો તો કુરૈશની ઔરતો આને જોઈને આશ્ચર્ય થઈ ગઈ. પુછવા લાગી.

અય ફાતેમા (સ.અ.) આ કપડા તમારી પાસે કયાંથી આવ્યા?

જ. ફાતેમા (સ.અ.) એ ફરમાવ્યું: આ જન્નતી કપડા અલ્લાહની તરફથી જીબ્રઈલ (અ.સ.) લાવ્યા છે.

(મનાકીબ ઈબ્ને શેહરે આશુબ)

- તારીખે ખતીબ અને કિતાબ ઈબ્ને મરદવીય અને ઈબ્ને મવઝન, શેરવીય, દેયલમીમાં પોત પોતાની સનદોની સાથે ઈબ્ને અબ્બાસથી અને જ. જાબીરથી રિવાયત છે કે જે રાત્રીના હ. ફાતેમા (સ.અ.) વિદાય થઈને હ. અલી (અ.સ.)ના ઘરે જવા લાગ્યા તો સવારીની આગળ જ. રસુલે ખુદા (સ.અ.વ.) હતા અને ડાબી બાજુ જીબ્રઈલ (અ.સ.) અને જમણી બાજુ મીકાઈલ હતા. ૭૦,૦૦૦ ફરીશ્તા પાછળ પાછળ તસ્બીહ અને તકદીસે પરવરદિગાર કરતા કરતા ચાલી રહ્યા હતા. ત્યાં સુધી કે સવાર થઈ ગયા.
- કિતાબ મૌલુદે ફાતેમા (સ.અ.) ઈબ્ને બાબવયહે કુમ્મીમાં છે કે રસુલે ખુદા (સ.અ.વ.) અબ્દુલ મુત્તાલીબની દીકરી અને મોહાજીર અને અન્સારની ઔરતોને હુકમ દીધો કે ફાતેમા (સ.અ.)ની સાથે સાથે ચાલે અને ખુશી મનાવી તકબીર કહે અને અલ્લાહની હમ્દ અને સનામાં અશ્આર પઢે. પરંતુ કોઈ એવા અશ્આર ન પઢે જે રબની મરઝીની ખીલાફ હોય.

જ. જાબીરનું બયાન છે કે રસુલે ખુદા (સ.અ.વ.) એ ફાતેમા (સ.અ.)ને એક ઉંટણી પર સવાર કર્યા અને એક રિવાયતમાં છે કે રસુલે ખુદા (સ.અ.વ.) એ પોતાના શેહબા નામના ખચ્ચર પર સવાર કર્યા. જ. સલમાને લગામ સંભાળી અને ચારેય બાજુ સીત્તેર હજાર હુર સાથે ચાલી રહ્યા હતા. નબી (સ.અ.વ.), હ. હમઝા, જ. અકીલ, જ. જઅફરે તૈયાર અને એહલેબૈત આની પાછળ પાછળ ખુલ્લી તલવાર લઈને ચાલતા હતા.

અને આગળ આગળ રસુલે ખુદા (સ.અ.વ.)ની પત્નિઓ હતી જે અશ્આર પઢતા પઢતા ચાલી રહી હતી.

• જ. ઉમ્મે સલમાએ આ અશ્આર પઢયા:

سرن بعون الله جاراتی　　واشکرنه فی کلّ حالاتِ

અય પાડોશીઓ! ચાલો અલ્લાહની મદદ તમારી સાથે છે અને હર હાલમાં તેનો શુક્ર કરો.

واذکرن ما أنعم ربّ العلی　　من کشف مکروهٍ وآفاتِ

અને જે પરેશાનીઓ અને મુસીબતોને દૂર કરીને અલ્લાહ તઆલાએ એહસાન કર્યો છે તેને યાદ કરો.

فقد هدانا بعد کفرٍ وقد　　أنعشنا ربّ السّماواتِ

આસમાનોના પરવરદિગાર એ આપણને કુફ્રની અંધકારથી નીકાળી અને દરેક પ્રકારનો એશો આરામ દીધા.

وسرن مع خیر نساء الوری　　تفدی بعمّاتٍ وخالاتِ

અય પાડોશીઓ સાંભળો ચાલો દુનિયાની ઔરતોની સરદાર સાથે જેમના ઉપર તેમની ફુફીઓ અને માસીઓ કુરબાન થાય.

یا بنت من فضّله ذو العُلی　　بالوحی منه والرسالات

એ તે ઉચ્ચ મરતબા પયગમ્બર (સ.અ.વ.)ની બેટી જેને અલ્લાહે વહ્ય અને રિસાલતના વડે બધા લોકો ઉપર ફઝીલત આપી.

• તેના પછી આયેશાએ આ અશ્આર પઢયા.

یَانِسْوَةُ اسْتُرْنَ بِالْمَعَاجِرِ　　وَاذْکُرْنَ مَا یَحْسُنُ فِی الْمَحَاضِرِ

અય ઔરતો! ચાદરો પહેરી લો અને યાદ રાખો કે આ ચીઝ મજમામાં સારૂ સમજવામાં આવે છે.

وَاذْکُرْنَ رَبَّ النَّاسِ إِذْ یَخُصُّنَا　　بِدِینِهِ مَعَ کُلِّ عَبْدٍ شَاکِرٍ

યાદ રાખો. તે પરવરદિગારને જેણે પોતાના બીજા શુક્રગુઝાર બંદાઓની સાથે આપણને પણ પોતાના દીને હક માટે બનાવ્યા છે.

وَ الْحَمْدُ لِلّٰهِ عَلَى إِفْضَالِهِ وَ الشُّكْرُ لِلّٰهِ الْعَزِيزِ الْقَادِرِ

અલ્લાહ તઆલાનો શુક્ર તેના ફઝલ અને કરમ પર અને શુક્ર છે. તે ઈજ્જત અને કુદરતવાળો છે.

سِرْنَ بِهَا فَاللّٰهُ أَعْطَى ذِكْرَهَا وَ خَصَّهَا مِنْهُ بِطُهْرٍ طَاهِرٍ

ફાતેમા (સ.અ.)ને લઈને ચાલો અલ્લાહે તેમના ઝીક્રને બલંદ કર્યો છે અને તેમના માટે એક એવા પાકો પાકીઝા મર્દને પસંદ કર્યા છે જે તેમનાજ ખાનદાનમાંથી છે.

- પછી હફસાએ આ અશ્આર પઢયા.

فَاطِمَةُ خَيْرُ نِسَاءِ الْبَشَرِ وَ مَنْ لَهَا وَجْهٌ كَوَجْهِ الْقَمَرِ

અય ફાતેમા (સ.અ.) તમે દુનિયામાં ઈન્સાનીય્યતની બધીજ ઔરતોથી બહેતર છો. તમારો ચહેરો ચાંદની જેવો છે.

فَضَّلَكِ اللّٰهُ عَلَى كُلِّ الْوَرَى بِفَضْلِ مَنْ خَصَّ بِآيِ الزُّمَرِ

તમને અલ્લાહે બધીજ દુનિયા ઉપર ફઝીલત આપી છે. તે શખ્સની ફઝીલતની સાથે જેનો ફઝલ અને શરફ સુરએ ઝુમરની આયતોમાં કર્યો છે.

زَوَّجَكِ اللّٰهُ فَتًى فَاضِلًا أَعْنِي عَلِيًّا خَيْرَ مَنْ فِي الْحَضَرِ

અલ્લાહે તમારા નિકાહ એક ફઝીલતવાળા નૌજવાનથી કર્યા એટલેકે હ. અલી (અ.સ.)થી જે બધા લોકોમાં બહેતર છે.

فَسِرْنَ جَارَاتِي بِهَا إِنَّهَا كَرِيمَةُ بِنْتُ عَظِيمِ الْخَطَرِ

અય મારી પાડોશીઓ જ. ફાતેમા (સ.અ.)ને લઈને ચાલો કારણકે તે એક ખુબજ મોટી શાનવાળા બાપની ઈઝઝતવાળી બેટી છે.

- આના પછી સાદ બિન મઆઝની મા એ આ નઝમ પઢી

أَقُولُ قَوْلًا فِيهِ مَا فِيهِ وَ أَذْكُرُ الْخَيْرَ وَ أُبْدِيهِ

હું એક વાત કહું છું જે આમાં મૌજુદ છે. હું એમનો સારો ઝીક્ર કરૂં છું (સાંભળો).

مُحَمَّدٌ خَيْرُ بَنِي آدَمَ    مَا فِيهِ مِنْ كِبْرٍ وَلَا تِيهِ

હ. મોહમ્મદ (સ.અ.વ.) બધા બની આદમમાં સૌથી બહેતર છે. તેમનામાં કોઈ ઘમંડ કે તકબ્બુર નથી.

بِفَضْلِهِ عَرَّفَنَا رُشْدَنَا    فَاللهُ بِالْخَيْرِ يُجَازِيهِ

આ લોકોનીજ મહેરબાનીથી આપણે લોકોને રાહે હિદાયત ઓળખી છે. અલ્લાહ તઆલા આ લોકોને સારો બદલો આપે.

وَنَحْنُ مَعَ بِنْتِ نَبِيِّ الْهُدَى    ذِي شَرَفٍ قَدْ مُكِّنَتْ فِيهِ

આપણે લોકો આજે એજ નબી (સ.અ.વ.) જે હાદી છે તેમની બેટી સાથે ચાલી રહ્યા છીએ જે ખુબજ મોટા શરફવાળા છે.

فِي ذِرْوَةٍ شَامِخَةٍ أَصْلُهَا    فَمَا أَرَى شَيْئاً يُدَانِيه

આમના સંબંધ એવા ઉચ્ચ ખાનદાનથી છે જેની બરોબરી કોઈ કરી નથી શકતું.

ઔરતો દરેક નઝમની પહેલી લાઈન વારંવાર પઢતી અને તકબીર કહેતી કહેતી ઘરમાં દાખલ થઈ ગયા. પછી જ. રસુલે ખુદા (સ.અ.વ.) એ હ. અલી (અ.સ.)ની પાસે એક માણસ મોકલી મસ્જીદમાં બોલાવ્યા. પછી જ. ફાતેમા (સ.અ.)ને બોલાવ્યા અને જ. ફાતેમા (સ.અ.)નો હાથ પકડીને હ. અલી (અ.સ.)ના હાથમાં આપ્યો અને ફરમાવ્યુંઃ અય અલી (અ.સ.)! તમને રસુલ (સ.અ.વ.)ની બેટી મુબારક.

- કિતાબ ઈબ્ને મરદવયમાં છે કે રસુલે ખુદા (સ.અ.વ.)એ થોડું પાણી મંગાવ્યું. તેમાંથી એક ઘુટ મોઢામાં લીધું હલાવ્યું પછી એક પ્યાલામાં નાખ્યું અને આમાંથી થોડું જ. ફાતેમા (સ.અ.)ના માથહ્યા

ઉપર છાંટયું અને થોડું છાતી ઉપર છાંટયું. પછી થોડું પીઠ ઉપર છાંટયુ અને આ બન્ને માટે આ દોઆ કરીઃ અય પરવરદિગાર! તું આ શાદી આ બન્નેને મુબારક કર. આમના પર તારી તરફથી બરકતો નાઝીલ કર અને આમની ઔલાદમાં બરકત આપ.

- એક રિવાયતમાં આ છે કે રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ પરવરદિગાર! તારી બધી મખ્લુકમાંથી આ બંને મને સૌથી વધારે પસંદ છે. તું પણ આમનાથી મોહબ્બત કર. આ બન્નેની ઔલાદમાં બરકત આપ અને તારી તરફથી આ બન્નેની હિફાઝત કરવાવાળાને મુકરર કર. પરવરદિગાર! હું આ બન્ને અને તેમની ઔલાદ માટે શયતાનથી તારી પનાહ માંગુ છું.
- એક રિવાયતમાં છે કે રસુલે ખુદા (સ.અ.વ.) એ જ. ફાતેમા (સ.અ.)ને આ દોઆ આપીઃ બેટી! અલ્લાહ તમને દરેક નજાસતથી દુર રાખે અને એવા પાક રાખે જેવા પાક રાખવાનો હક છે.
- એક રિવાયતમાં આ છે કે રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ કેટલુ સારૂ થયુ બે દરીયા એકબીજાને મળી ગયા. બે સીતારા એક નક્ષત્રમાં આવી ગયા. ત્યારબાદ હ. રસુલે ખુદા (સ.અ.વ.) આમ ફરમાવતા દરવાજાની તરફ ચાલ્યા કેઃ અલ્લાહ તમને બન્નેને પાક રાખે અને તમારી બન્નેની નસ્લને પાક રાખે. મારી સુલ્હ તેનાથી છે જે તમારી બન્નેની સાથે સુલ્હ રાખે. મારી લડાઈ તેનાથી છે જે તમારા બન્નેથી લડાઈ કરે. હું તમને બન્નેને અલ્લાહના સુપુર્દ કરૂં છું અને તમને બન્નેને અલ્લાહના હવાલે કરૂં છું. જ. ખદીજા (સ.અ.)ની વસીયતના મુતાબીક અસમા બિન્તે ઉમૈસ જ. ફાતેમા (સ.અ.) પાસે એક અઠવાડીયા સુધી રાત પસાર કરતા રહ્યા તો રસુલે ખુદા (સ.અ.વ.) એ તેમને દુનિયા અને આખેરતની ભલાઈ માટે દોઆ કરી.

બીજા દિવસે સવારે રસુલે ખુદા (સ.અ.વ.) પાછા આવ્યા અને દરવાઝા પર આવીને અવાઝ આપી અસ્સલામો અલયકુમ. શું હું અંદર આવી શકું છું?

અસ્માએ જઈને દરવાજો ખોલ્યો. રસુલે ખુદા (સ.અ.વ.) અંદર તશ્રીફ લઈ ગયા અને હ. અલી (અ.સ.)ને પુછયુંઃ કેમ? અલી (અ.સ.)! તમે તમારી પત્નિને કેવા પામ્યા?

હ. અલી (અ.સ.)એ ફરમાવ્યુંઃ તે ઈતાઅતે ઈલાહીમાં મારી બહેતરીન મદદગાર છે.

પછી જ. ફાતેમા ઝહરા (સ.અ.)ને પુછયુંઃ બેટી! તમે અલી (અ.સ.)ને કેવા પામ્યા?

હ. ફાતેમા ઝહરા (સ.અ.)એ ફરમાવ્યુંઃ અય પિતા! સૌથી બહેતર પતિ છે.

રસુલે ખુદા (સ.અ.વ.) એ દોઆ માટે હાથ ઉંચા કર્યા અને ફરમાવ્યુંઃ અય પરવરદિગાર! તું આ બન્નેની જોડીને સલામત રાખ. આ બન્નેના દીલોને જોડી દે. તું આ બન્નેને અને તેની ઔલાદને જન્નતે નઈમના વારીસ બનાવી દે. આ બન્નેને તૈયબ અને તાહીર અને મુબારક ઔલાદ આપ. આની નસ્લમાં બરકત આપ અને તે નસ્લમાંથી તેમને ઈમામ બનાવ જે તારા હુકમથી તારી ઈતાઅતની તરફ બધા લોકોની હિદાયત કરે અને તારી મરઝી મુજબ હુકમ આપે.

પછી રસુલે ખુદા (સ.અ.વ.)એ અસ્માને ફરમાવ્યુંઃ હવે તમે જઈ શકો છો. અલ્લાહ તમને જઝાએ ખૈર (સારો બદલો) આપે.

જ. અસ્મા રસુલે ખુદા (સ.અ.વ.)ના ફરમાવ્યા પ્રમાણે ત્યાંથી ચાલ્યા ગયા.

શરજીલ એ પોતાની સનદોની સાથે રિવાયત કરી છે કે શાદીની રાત પછીની સવારે જ. રસુલે ખુદા (સ.અ.વ.) એક પ્યાલામાં દૂધ લાવ્યા

અને હ. ફાતેમા ઝહરા (સ.અ.)ને ફરમાવ્યુંઃ તમારા પિતા તમારા ઉપર કુરબાન થાય. આ દુધી પી લો. પછી હ. અલી (અ.સ.)ને ફરમાવ્યુંઃ તમારા કાકાના દીકરા તમારા ઉપર કુરબાન થાય. આ દુધ પી લો.

(મનાકીબે ઈબ્ને શેહરે આશુબ)

## ૧૯) રૂખ્સતીની માટે વાતચીતઃ

હ. અલી (અ.સ.)નું બયાન છે કે જ્યારે મારા નિકાહના એક મહીના જેટલો સમય થઈ ગયો તો મારી પાસે મારા ભાઈ જ. અકીલ આવ્યા અને કહ્યુંઃ અય ભાઈ! મને આજ સુધી એટલી ખુશી નથી થઈ જેટલી આ વાત ઉપર થઈ કે હ. રસુલે ખુદા (સ.અ.વ.)એ પોતાની બેટીના નિકાહ તમારાથી કરી દીધા. પરંતુ શું વાત છે તમે રસુલે ખુદા (સ.અ.વ.)ને જ. ફાતેમા (સ.અ.)ની રૂખ્સતીની વિનંતી નથી કરતા. હવે તો તમારે કહેવું જોઈએ જેથી ફાતેમા (સ.અ.) તમારા ઘરે આવી જાય અને તમારૂં ઘર વસાવે અને અમારા દીલોને ઠંડક મળે.

હ. અલી (અ.સ.) એ ફરમાવ્યુંઃ ભાઈજાન! ખુદાની કસમ! મારી પણ આજ તમન્ના છે. પરંતુ શરમ અને હયા અટકાવે છે.

હ. અકીલે કહ્યુંઃ ખુદાની કસમ! અગર તમને શરમ અને હયા અટકાવે છે તો મારી સાથે ચાલો.

આથી અમે બન્ને રસુલે ખુદા (સ.અ.વ.)ની ખિદમતમાં જઈ રહ્યા હતા કે રસ્તામાં જ. ઉમ્મે અયમનથી મુલાકાત થઈ ગઈ જે રસુલે ખુદા (સ.અ.વ.)ની કનીઝે ખાસ હતા. અમે લોકોએ તેમને અમારો મકસદ બતાવ્યો. ઉમ્મે અયમને ફરમાવ્યુંઃ તમે બને ભાઈઓ કાંઈ ન કહો. અમે ઔરતો મળીને રસુલે ખુદા (સ.અ.વ.)થી વાતચીત કરીશું. કારણકે આ મામલામાં ઔરતો જ સારી વાતચીત કરી શકે છે.

આમ કહીને ઉમ્મે અયમને હ. ઉમ્મે સલમાની પાસે ગયા અને તેમને અને બીજી રસુલે ખુદા (સ.અ.વ.)ની પત્નિઓને પણ આ

મસઅલો બતાવ્યો. આ સાંભળીને બધીજ પત્નિઓ રસુલે ખુદા (સ.અ.વ.)ની ખિદમતમાં પહોંચી ગઈ. રસુલે ખુદા (સ.અ.વ.) તે વખતે આયેશાના ઘરમાં હતા. ત્યાં પહોંચીને રસુલે ખુદા (સ.અ.વ.)ને તેઓના ત્યાં આવવાનો મકસદ બતાવ્યો અને એ પણ કહ્યું યા રસુલુલ્લાહ! અગર આજે જ. ખદીજા જીવંત હોત તો અને આ વાત સાંભળતે તો એમની આંખો અને દીલ ઠંડક મહેસુસ કરત.

હ. ઉમ્મે સલમાનું બયાન છે કે જ્યારે રસુલે ખુદા (સ.અ.વ.) એ જ. ખદીજાનું નામ સાંભળ્યું તો રસુલે ખુદા (સ.અ.વ.)ની આંખોમાંથી આંસુ જારી થઈ ગયા.

હ. રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ ભલા જ. ખદીજા (સ.અ.) જેવું કોણ હોય શકે. તેમણે તે સમયે મારી નબુવ્વતને અપનાવી જ્યારે બધા લોકો જુઠલાવતા હતા. તેમણે ખુદાના દીનની ખાતીર પોતાના માલથી મારી મદદ કરી.

અલ્લાહે મને હુકમ આપ્યો હતો કે જનાબે ખદીજા (સ.અ.)ને ખુશખબરી આપી દઉ. તેમના માટે જન્નતમાં એક ઘર છે જે ઝમરૂદથી બનાવવામાં આવ્યું છે. ન તો તેમાં તેને કોઈ તકલીફ હશે ન ઝહેમત હશે.

હ. ઉમ્મે સલમા બયાન કરે છે કે અમે રસુલે ખુદા (સ.અ.વ.)ની પત્નિઓએ કહ્યુંઃ યા રસુલુલ્લાહ (સ.અ.વ.)! તમે સાચું જ ફરમાવ્યું. ખરેખર જ. ખદીજા (સ.અ.) તેવા જ હતા. પરંતુ આ સમયે તો તે ખુદાની પાસે ચાલી ગયા છે અને અલ્લાહે તેમને તે મહેલ પણ આપી દીધું છે. ખુદા અમને પણ પોતાની જન્નત અને રહેમત અને રીઝવાનમાં જગ્યા આપે જેથી અમે બધા પણ તેમની સાથે એક જગ્યાએ ભેગા થઈ જઈએ.

આના પછી રસુલે ખુદા (સ.અ.વ.)ની પત્નિઓએ કહ્યુંઃ યા રસુલુલ્લાહ (સ.અ.વ.)! અલી (અ.સ.) તમારા ભાઈ અને તમારા

કાકાના દીકરા છે. તેમની ઈચ્છા છે કે તમે તેમની પત્નિ ફાતેમા (સ.અ.)ની વિદાય કરી દો જેથી તેમનું ઘર તમારી બેટીની રોનકથી ભરપૂર થઈ જાય.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ અય ઉમ્મે સલમા! હ. અલી (અ.સ.) ખુદ કેમ કાંઈ નથી કહેતા.

ઉમ્મે સલમાએ કહ્યુંઃ હ. અલી (અ.સ.)ને તમને આ વાત કહેતા શરમ આવે છે.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ઉમ્મે અયમનને ફરમાવ્યુંઃ જાઓ અને હ. અલી (અ.સ.)ને બોલાવીને લાવો.

ઉમ્મે અયમનનું બયાન છે કે જ્યારે હું હ. અલી (અ.સ.)ની પાસે પહોંચી તો તે ઈન્તેઝારમાંજ બેઠા હતા.

હ. અલી (અ.સ.)એ મને પુછયુંઃ અય ઉમ્મે અયમન! શું થયું? ઉમ્મે અયમને જવાબ આપ્યોઃ ચાલો, તમને રસુલે ખુદા (સ.અ.વ.)એ યાદ કર્યા છે.

હ. અલી (અ.સ.)નું બયાન છે કે જ્યારે હું રસુલે ખુદા (સ.અ.વ.)ની ખિદમતમાં પહોંચ્યો તો રસુલે ખુદા (સ.અ.વ.)ની બધીજ પત્નિઓ ત્યાંથી ઉભી થઈને પોત પોતાના રૂમમાં ચાલી ગઈ અને હું શરમ અને હયાના કારણે ગરદન જુકાવી રસુલે ખુદા (સ.અ.વ.)ની સામે બેસી ગયો.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ અય અલી (અ.સ.)! શું તમે તમારી પત્નિને તમારા ઘરે લઈ જવા ચાહો છો?

હ. અલી (અ.સ.) એ તેજ રીતે ગરદન જુકાવીને જવાબ આપ્યોઃ જી હા. મારા મા-બાપ તમારા ઉપર કુરબાન થાય, ઈચ્છા તો છે.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ તો બરાબર આજે અથવા કાલની રાતે હું ફાતેમા (સ.અ.)ને વિદાય કરી દઈશ.

આ સાંભળી હું ત્યાંથી ખુશી ખુશી પાછો આવ્યો.

## ૨૦) રૂખ્સતી અને દાવતનો ઈન્તેઝામઃ

ત્યારબાદ રસુલે ખુદા (સ.અ.વ.) એ પોતાની પત્નિઓને હુકમ આપ્યો કે ફાતેમા (સ.અ.)ને તૈયાર કરે. તેમને ખુશ્બુ લગાવવામાં આવે અને જ. ફાતેમા (સ.અ.) માટે એક રૂમમાં ફર્શ, વિગેરે પાથરવામાં આવે જેથી ત્યાં તે પોતાના પતિને મળી શકે.

રસુલે ખુદા (સ.અ.વ.)ની પત્નિઓએ આ બધું કરી આપ્યું. પછી રસુલે ખુદા (સ.અ.વ.)એ ઉમ્મે સલમાની પાસે રાખેલા દીરહમમાંથી ૧૦ દીરહમ લઈ મને દીધા અને ફરમાવ્યુંઃ જાઓ. આનાથી થોડુંક ઘી, ખુરમો અને પનીર લઈને આવો જેથી દઅવતનો ઈન્તેઝામ કરી શકાય.

જ્યારે હું આ વસ્તુ ખરીદીને લાવી તો રસુલે ખુદા (સ.અ.વ.) એ પોતાની આસ્તીનને ચઢાવી અને એક ચામડાના દસ્તરખાન ઉપર આ ત્રણેયને બારીક કરી દીધું અને એટલું મેળવ્યું કે હલવાની જેમ થઈ ગયું અને મને ફરમાવ્યુંઃ અય અલી (અ.સ.)! હવે જે લોકોને ઈચ્છો તેને દઅવત દો.

આ સાંભળીને હું મસ્જીદમાં આવ્યો. ત્યાં રસુલે ખુદા (સ.અ.વ.)ના ઘણા બધા અસ્હાબ હતા. મેં જોરથી આવાજ આપી કે તમને લોકોને રસુલે ખુદા (સ.અ.વ.) એ યાદ કર્યા છે.

આ સાંભળીને બધા લોકો ઉભા થઈ ગયા. અહી આવીને મેં રસુલે ખુદા (સ.અ.વ.)ને ખબર આપી કે લોકો ઘણી સંખ્યામાં છે અને આવવાજ જોઈએ.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ખોરાક રૂમાલથી ઢાંકી દીધો. સારૂ હવે ૧૦-૧૦ આદમીને ખાવા માટે દસ્તરખાન પર મોકલતા રહો.

મેં હુકમ મુજબ કર્યું. ૧૦-૧૦ માણસો આવતા ગયા અને પેટ ભરીને પાછા જતા રહ્યા. ત્યાં સુધી કે લગભગ ૭૦૦ મર્દો અને ઔરતોએ ખાવાનું પેટ ભરીને ખાધું.

હ. ઉમ્મે સલમાનું બયાન છે કે આના પછી રસુલે ખુદા (સ.અ.વ.)એ પોતાની બેટી ફાતેમા (સ.અ.) અને હ. અલી (અ.સ.)ને પણ બોલાવ્યા. હ. અલી (અ.સ.)ને જમણી બાજુ અને જ. ફાતેમા (સ.અ.)ને ડાબી બાજુ સીનાથી લગાવ્યા. બન્નેની પેશાની ઉપર બોસો આપ્યો અને જ. ફાતેમા (સ.અ.)ને હ. અલી (અ.સ.)ને હવાલે કરી ફરમાવ્યુંઃ અય અલી (અ.સ.)! આ તમારી કેટલી સારી પત્નિ છે. પછી જ. ફાતેમા (સ.અ.)ને ફરમાવ્યુંઃ અય ફાતેમા (સ.અ.)! આ તમારા કેટલા સારા પતિ છે. પછી રસુલે ખુદા (સ.અ.વ.) બન્નેની વચ્ચે ચાલતા ચાલતા રૂમ સુધી આવ્યા અને બન્નેને અંદર મોકલીને દરવાજાની બન્ને સાઈડને પોતાના બન્ને હાથ વડે પકડીને ફરમાવ્યુંઃ અલ્લાહે તમને બન્નેને અને તમારી નસ્લને પાક કરી છે. મારી સુલેહ તેનાથી છે જે તમો બન્નેથી સુલેહ રાખે અને મારી લડાઈ તેનાથી છે જે તમારા બન્નેથી લડાઈ કરે. હું તમને બન્નેને અલ્લાહની સુપુર્દ કરૂં છું. અલ્લાહના ભરોસા ઉપર છોડું છું.

હ. અલી (અ.સ.)નું બયાન છે કે આના પછી અમો લોકો ત્રણ દિવસ સુધી આજ રૂમમાં રહ્યા અને આ ત્રણ દિવસ રસુલે ખુદા (સ.અ.વ.) અમારી પાસે આવ્યા નહિ. ચોથા દિવસે સવારે આવ્યા તો જોયું કે રૂમમાં અસ્મા બિન્તે ઉમૈસ પણ છે.

રસુલે ખુદા (સ.અ.વ.) એ સવાલ કર્યોઃ અય અસમા! તમે અહીયા શા માટે છો? જ્યારે કે અહીયા એક મર્દ પણ મૌજુદ છે.

અસ્માએ કહ્યુંઃ યા રસુલુલ્લાહ! મારા મા-બાપ તમારા ઉપર કુરબાન જ્યારે કોઈ છોકરીની શાદી થાય છે તો અને તે પોતાના પતિની પાસે જાય તો તેને એક કનીઝની જરૂર હોય છે. આથી હું અહીયા રોકાઈ ગઈ જેથી તમારી બેટી ફાતેમા (સ.અ.)ની ખીદમત કરૂં.

આ સાંભળી રસુલે ખુદા (સ.અ.વ.) એ અસ્માને દોઆ આપી અને ફરમાવ્યુંઃ અય અસ્મા! અલ્લાહ દુનિયા અને આખેરતમાં તમારી હાજતો પૂરી કરે.

હ. અલી (અ.સ.)નું બયાન છે કે રસુલે ખુદા (સ.અ.વ.) થોડીવાર અમારી પાસે બેઠા પછી ફરમાવ્યુંઃ અય અલી (અ.સ.)! પ્યાલામાં થોડુક પાણી લાવો.

હ. રસુલે ખુદા (સ.અ.વ.)ની ખિદમતમાં પાણી પેશ કર્યું તો રસુલે ખુદા (સ.અ.વ.) એ કુરઆને મજીદની થોડી આયતો પઢી પછી તેના ઉપર કુંકયુ અને મને ફરમાવ્યુંઃ અય અલી (અ.સ.)! આ પાણીને થોડું પી લો.

મેં તે પાણીમાંથી થોડું પાણી લીધું પછી રસુલે ખુદા (સ.અ.વ.) એ બાકીનું પાણી મારા માથા ઉપર, છાતી ઉપર છાંટયુ અને ફરમાવ્યુંઃ અય અલી (અ.સ.)! ખુદા તમને દરેક નાપાક વસ્તુથી દુર રાખે અને એવી રીતે પાક અને પાકીઝા રાખે જેવો પાકીઝા રાખવાનો હક છે.

આના પછી રસુલે ખુદા (સ.અ.વ.)એ થોડું બીજું પાણી માગ્યુ. મેં તેમની પાસે પહોંચાડયું. રસુલે ખુદા (સ.અ.વ.) એ તેના ઉપર પણ થોડી કુરઆનની આયતો પઢીને દમ કરી પોતાની બેટીને આપ્યું અને ફરમાવ્યુંઃ તમે પણ આમાંથી થોડું પાણી પી લો. ફાતેમા (સ.અ.) એ એમજ કર્યું અને પછી રસુલે ખુદા (સ.અ.વ.) એ બાકીનું પાણી જ. ફાતેમા (સ.અ.)ના માથા અને છાતી ઉપર છાંટયું અને ફરમાવ્યુંઃ અલ્લાહ આનાથી તમને દરેક નજાસતથી દૂર રાખે અને એવી રીતે પાક રાખે જેવા પાક રાખવાનો હક છે. આના પછી રસુલે ખુદા (સ.અ.વ.) એ મને રૂમમાંથી બહાર મોકલી દીધા જ્યારે જ. ફાતેમા (સ.અ.) એકલા થઈ ગયા તો રસુલે ખુદા (સ.અ.વ.) એ જનાબે ફાતેમા (સ.અ.)ને પુછયું બેટી! કેમ છો? તમે તમારા પતિને કેવા પામ્યા.

જ. ફાતેમા (સ.અ.) એ ફરમાવ્યુંઃ અય પિતા! હ. અલી (અ.સ.) ખુબજ સારા પતિ છે. પરંતુ કુરૈશના ખાનદાનની થોડી ઔરતો મારી પાસે આવી હતી. તે લોકોએ કહ્યું કે તમારા પિતાએ તમારી શાદી એક ફકીર ઈન્સાન સાથે કરી દીધી જેની પાસે દુનિયાના માલમાંથી કાંઈ નથી.

હ. રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ બેટી સાંભળો! ન તો તમારા પિતા ફકીર છે અને ન તો તમારા પતિ. મારી સામે જમીનના ખજાનાને સોનાની શકલમાં પેશ કર્યા હતા. પરંતુ મેં મારી માટે તે ચીઝને પસંદ કરી જે અલ્લાહે મારી માટે પોતાની પાસે મહેફુઝ રાખી છે. અય બેટી! અગર તમને તે કાઈ ખબર થઈ જાય જે તમારા પિતાને ખબર છે તો તમારી નઝરમાં પણ દુનિયાની કોઈ કદ્રો કિંમત ન રહે.

અય બેટી! મેં તમારાથી ખુલુસ અને મોહબ્બતમાં કોઈ કમી નથી કરી. તમારી શાદી એક એવા ઈન્સાનથી કરી દીધી જે ઈસ્લામમાં સૌથી પહેલા છે, ઈલ્મમાં બધાથી અફઝલ છે, હીલ્મમાં સૌથી બહેતર છે.

બેટી! અલ્લાહ તઆલાએ તમામ જમીન ઉપર ઈન્તેખાબની નઝર નાખી. તેમાંથી ફકત બે ને પસંદ કર્યા. તેમાંથી એકને તમારા પિતા બનાવ્યા અને બીજાને તમારા પતિ. બેટી! તમારા પતિ ખુબજ ઉમદા છે. ક્યારેય તેમના હુકમની મુખાલેફત ન કરતા.

હ. અલી (અ.સ.)નું બયાન છે કે આના પછી રસુલે ખુદા (સ.અ.વ.) એ મને રૂમમાં બોલાવ્યા. પછી રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ તમે તમારી પત્નિને તમારા ઘરે લઈ જાઓ. તેની સાથે હંમેશા નરમીથી પેશ આવજો કારણકે ફાતેમા (સ.અ.) મારો જ એક ટુકડો છે. જે વાત જ. ફાતેમા (સ.અ.)ને તકલીફ દેશે તે મને પણ તકલીફ પહોંચાડશે. જે ચીઝ ફાતેમા (સ.અ.)ને ખુશ કરશે તે ચીઝ મારી

ખુશીનું કારણ બનશે. સારૂં, ખુદા હાફીઝ. મેં તમને બન્નેને ખુદાના હવાલે કરી દીધા.

## ૨૧) રસ્મે રૂ–નુમાઈ (મુંહ દિખાઈ):

જ્યારે બધાએ ખાવાનું ખાઈ લીધું તો રસુલે ખુદા (સ.અ.વ.) એ થોડા થાળ મંગાવ્યા અને તેમાં ખોરાક ભરી ભરીને પોતાની પત્નિઓ માટે મોકલ્યું. પછી રસુલે ખુદા (સ.અ.વ.) એ એક થાળ ભરીને ફરમાવ્યું: આ ફાતેમા (સ.અ.) અને તેમના પતિના માટે છે.

ત્યાં સુધી કે અડધી રાત પસાર થઈ ગઈ તો રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું:

અય ઉમ્મે સલમા! મારી બેટીને મારી પાસે લાવો. જ. ઉમ્મે સલમા કહે છે કે હું ફાતેમા (સ.અ.)નો હાથ પકડીને રસુલે ખુદા (સ.અ.વ.)ની પાસે લાવી અને જ. ફાતેમા (સ.અ.)નો એ હાલ હતો કે શર્મ અને હયાને લીધે પસીના પસીના થઈ રહ્યા હતા. જ. ફાતેમા (સ.અ.)ના કપડાનો દામન જમીન પર ઢસડાતો હતો જ્યારે તે પોતાના પિતાની એકદમ સામે પહોંચ્યા તો દામનમાં તેમનો પગ ભરાણો તો જ. ફાતેમા (સ.અ.) ડગમગાવા લાગ્યા.

રસુલે ખુદા (સ.અ.વ.) એ તરત જ ફરમાવ્યું: બેટી! તમને અલ્લાહ દુનિયા અને આખેરતની તમામ મુશ્કેલીથી બચાવે.

આના પછી રસુલે ખુદા (સ.અ.વ.) એ પોતાના મુબારક હાથે પોતાની બેટીના ચહેરા ઉપરથી રીદા ઉઠાવીને એક તરફ કરી દીધી. હ. અલી (અ.સ.) એ જ. ફાતેમા (સ.અ.)નો ચહેરો જોયો પછી રસુલે ખુદા (સ.અ.વ.) એ પોતાની બેટીનો હાથ હ. અલી (અ.સ.)ના હાથમાં આપીને ફરમાવ્યું: અય અલી (અ.સ.)! તમને રસુલે ખુદા (સ.અ.વ.)ની બેટી મુબારક થાય. આ ફાતેમા (સ.અ.) તમારા માટે

ખુબજ સારી પત્નિ છે અને અય ફાતેમા (સ.અ.)! આ અલી (અ.સ.) તમારા માટે બહેતરીન પતિ છે. સારૂ હવે તમે બન્ને પોતાના રૂમમાં જાવ અને હું પણ હમણાં જ ત્યાં આવું છું.

હ. અલી (અ.સ.) ફરમાવે છે કે તેના પછી મેં જ. ફાતેમા (સ.અ.)નો હાથ પકડીને તે રૂમમાં આવ્યો જેને સજાવવામાં આવ્યો હતો. આ રૂમમાં એક પથારી બીછાવેલી હતી જેના એક છેડા પર હું બેઠો અને બીજા છેડા ઉપર જ. ફાતેમા (સ.અ.) બેઠા. પરંતુ શર્મ અને હયાના કારણે બન્નેની નઝર જમીન પર હતી. એટલામાં રસુલે ખુદા (સ.અ.વ.) ત્યાં આવ્યા અને અંદર આવવા માટે રસુલે ખુદા (સ.અ.વ.) એ પરવાનગી માંગી.

અમે બન્નેએ ફરમાવ્યું: બિસ્મિલ્લાહ. અંદર આવી જાવ. પછી રસુલે ખુદા (સ.અ.વ.) અંદર આવ્યા અને પછી ફરમાવ્યું: બેટી! થોડું પાણી લાવો.

આ સાંભળીને જ. ફાતેમા (સ.અ.) ઉભા થયા અને એક લાકડાના પ્યાલામાં પાણી લઈ આવ્યા. રસુલે ખુદા (સ.અ.વ.) એ આમાંથી થોડું પાણી પોતાના મોઢામાં લઈ લીધું અને કોગળા કરીને પછી તે પાણી તે પ્યાલામાં નાખી દીધું અને તે પાણીને હાથમાં લઈને જ. ફાતેમા (સ.અ.)ના માથા ઉપર અને છાતી ઉપર છાંટયું. તેમની પીઠ ઉપર બન્ને હાથોની વચ્ચે છાંટયું. આના પછી ફરમાવ્યું:

પરવરદિગાર! આ મારી બેટી છે જે બધી જ મખ્લુકમાં સૌથી વધારે મને પસંદ છે. ખુદાયા! આ મારો ભાઈ છે જે બધી જ મખ્લુકમાં મને સૌથી વધારે પસંદ છે. અય મારા મઅબુદ! આમને તારા વલી અને તારા ઈતાઅત ગુઝાર બનાવી દે. આમની નસ્લમાં બરકત અતા કર.

હ. અલી (અ.સ.)નું બયાન છે કે આના પછી રસુલે ખુદા (સ.અ.વ.) એ મને ફરમાવ્યું: યા અલી (અ.સ.)! હવે હું જાવ છું. અલ્લાહ તમને અને તમારી નસ્લમાં બરકત આપે અને તમારા લોકો

ઉપર હંમેશા પોતાની રહમત નાઝીલ કરે. બેશક તેઓ બુઝુર્ગીવાળા ઈઝઝત અને જલાલવાળા છે અને વખાણ લાયક છે.

(કિતાબ આમાલીએ શૈખે મુફીદ અ.ર.)

## ૨૨) દઅવતે વલીમાઃ

હ. અલી (અ.સ.)નું બયાન છે કે આના પછી રસુલે ખુદા (સ.અ.વ.) એ મને ફરમાવ્યુંઃ અય અલી (અ.સ.)! તમારી શાદીના સિલસિલામાં વલીમાની તૈયારી કરો. મારી તરફથી ગોશ્ત અને રોટલી હશે અને તમે ઘી અને ખજુરનો ઈન્તેઝામ કરો.

મેં રસુલે ખુદા (સ.અ.વ.)ના ફરમાન પ્રમાણે ઘી અને ખજુર ખરીદયા અને રસુલે ખુદા (સ.અ.વ.)ની સામે લાવીને રાખી દીધા. રસુલે ખુદા (સ.અ.વ.) એ પોતાની આસ્તીન ચઢાવી અને આ ખજુરના નાના ટુકડા કરીને ઘીમાં ભેળવવાનું શરૂ કરી દીધું ત્યાં સુધી કે એક પ્રકારનો હલવો તૈયાર થઈ ગયો. પછી રસુલે ખુદા (સ.અ.વ.)એ એક ખુબ જ મોટું ઘેટું મંગાવીને મને આપી દીધું. જેને ઝબ્હ કરીને ગોશ્ત બનાવ્યું. શાક અને રોટીઓ પણ તૈયાર કરી. પછી રસુલે ખુદા (સ.અ.વ.)એ મને ફરમાવ્યુંઃ હવે તમે જેને ચાહો તેને દઅવત આપો.

આ સાંભળીને હું મસ્જીદમાં આવ્યો અને જોયું કે પુરી મસ્જીદ અસ્હાબથી ભરેલી છે. મેં શર્મ અનુભવી કે થોડાકને દઅવત આપું અને થોડાકને મહેરૂમ રાખું. આ માટે એક ઉંચી જગ્યા ઉપર ઉભા રહીને મેં એલાન કર્યુંઃ અય લોકો! જ. ફાતેમા (સ.અ.)ની શાદીનો વલીમો (દઅવત) છે. આમાં શામેલ થાવ. મારી આ આવાઝ સાંભળી બધી જગ્યાથી લોકો દઅવત ઉપર ટુટી પડયા. ખોરાકની કમી અને લોકોની વધારે સંખ્યા જોઈને મને ફિકર થવા લાગી.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ ફીક્ર ન કરો. હું અલ્લાહ પાસે બરકતની દોઆ કરૂં છું.

આના પછી બધા લોકોએ ખાવાનું શરૂ કરી દીધું. હ. અલી (અ.સ.) ફરમાવે છેઃ મેં જોયું કે બધા લોકો પેટ ભરીને ખાતા રહ્યા. બધાએ મને બરકતની દોઆ આપી અને વિદાય થઈ ગયા. દઅવતમાં આવવાવાળાની સંખ્યા ૪૦૦૦ થી વધારે હતી પરંતુ તે ખાવાનું પોતાની હાલત ઉપર બાકી રહ્યું. આમાં કોઈ કમી નઝર ન આવી.

૨) અલખરાએઝ વલ જરાએઅમાં રિવાયત છે કે જ્યારે જ. ફાતેમા (સ.અ.)ની વિદાયનો સમય આવ્યો તો હ. રસુલે ખુદા (સ.અ.વ.) ખોરાકને તૈયાર કરાવ્યું અને હ. અલી (અ.સ.)ને ફરમાવ્યુંઃ લોકોને દઅવત આપો.

હ. અલી (અ.સ.)નું બયાન છે કે મેં લોકોને વલીમામાં જોડાવવાની દઅવત આપી. જ્યારે લોકો જમા થઈ ગયા તો રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ ૧૦-૧૦ લોકોને દસ્તરખાન પર મોકલો.

આથી ૧૦-૧૦ આદમીઓને દસ્તરખાન ઉપર બોલાવવામાં આવતા અને તે લોકોની સામે ગોશ્ત અને રોટી રાખવામાં આવતું. જ્યારે તેઓ ખાવાનું ખાઈ લેતા તો પછી તેમને હજી બીજી (વાનગી જેમકે હલવો મીઠી વાનગી) ખવરાવવામાં આવતી. પરંતુ ખાવાનું ઓછું ન થતું. બલ્કે તેમાં બરકત થતી જતી હતી. જ્યારે બધા મર્દોએ ખાવાનું ખાઈ લીધું તો રસુલે ખુદા (સ.અ.વ.) ખોરાકની પાસે ગયા તેના ઉપર કાંઈક પઢીને દમ કરી દીધું. આમાં ખુબજ બરકત થઈ ગઈ તો આમાંથી રસુલે ખુદા (સ.અ.વ.)એ પોતાની

પત્નિઓને મોકલ્યું અને કહેડાવ્યું કે આમાંથી તમે પણ ખાવો અને જે તમને મળતી રહે છે તેને પણ ખવરાવો.

પછી રસુલે ખુદા (સ.અ.વ.) એ મોટી પ્લેટમાં થોડુંક ખાવાનું નાંખીને મને આપ્યું અને ફરમાવ્યુંઃ આ ખોરાક તમારા માટે અને તમારી પત્નિ માટે છે.

આના પછી જ. જીબ્રઈલ (અ.સ.) મલાએકાના એક સમુહની સાથે કાંઈક હદીયો લઈને નાઝીલ થયા.

બીજી બાજું હ. રસુલે ખુદા (સ.અ.વ.) એ ઉમ્મે સલમાને ફરમાવ્યુંઃ એક પ્યાલામાં પાણી ભરીને લાવો.

જ્યારે તે પાણી ભરીને લાવ્યા તો રસુલે ખુદા (સ.અ.વ.) એ મને ફરમાવ્યુંઃ અય અલી (અ.સ.)! આમાંથી અડધુ પાણી તમે પી લો અને જ. ફાતેમા (સ.અ.)ને પણ પાણી પીવા માટે ફરમાવ્યું. અમે બન્નેએ પાણી પી લીધા પછી જે કાંઈ બાકી રહી ગયું તે જ. ફાતેમા (સ.અ.)ના ચહેરા, માથા અને ગરદન, વગેરે ઉપર છાંટયું. પછી એક ટોપલી ખોલી તો તેમાંથી સુકા મેવા અને ફળો જેમકે કેળા, કીસમીસ, બેહી, વિગેરે જોયું.

રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ આ જ. જીબ્રઈલનો હદીયો છે. રસુલે ખુદા (સ.અ.વ.)એ તેમાંથી એક બેહી લીધી અને તેના બે ભાગ કર્યા. એક ભાગ હ. અલી (અ.સ.)ને આપ્યો અને બીજો ભાગ જ. ફાતેમા (સ.અ.)ને આપ્યો.

### ૨૩) શાદીની હાલતઃ

કશ્ફુલ ગુમ્માહ અને મનાકીબમાં અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઉદથી રિવાયત છે કે રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ અય ફાતેમા (સ.અ.)! મેં તમારી શાદી એવા વ્યકિતથી કરી છે જે દુનિયામાં

દરેકના સરદાર છે અને આખેરતમાં તેમનો શુમાર સાલેહીનમાં છે. જ્યારે અલ્લાહ તઆલાએ ઈરાદો કર્યો કે તે તમને અલી (અ.સ.)ના નિકાહમાં દે તો તેણે જીબ્રઈલને હુકમ આપ્યો કે તમે ચોથા આસમાન ઉપર ઉભા રહીને મલાએકાની લાઈનોની સામે નિકાહનો ખુત્બો પઢો. જીબ્રઈલે અલ્લાહના હુકમની ઈતાઅતમાં એમજ કર્યું અને અલ્લાહે તમારા નિકાહ હ. અલી (અ.સ.)થી કરી દીધા. પછી અલ્લાહ તઆલાએ જન્નતના વૃક્ષોને હુકમ આપ્યો અને તેના ઉપર (ફળોની જગ્યાએ) લીબાસ અને ઝવેરાત પૈદા થઈ ગયા તો અલ્લાહે તેમને ફરી વૃક્ષોને હુકમ આપ્યો કે તે લીબાસ અને ઝવેરાત વેગેર મલાએકામાં ન્યોછાવર કરી દે. આ સદકાને એક મલક કે બીજાથી વધારે પામી લીધો તો તે કયામત સુધી તમામ મલાએકા ઉપર ફખ્ર કરતો રહેશે.

## ૨૪) હ. અલી (અ.સ.)નું ઘર અને શાદીની તૈયારીઃ

જ. જાબીર બીન અબ્દુલ્લાહ અન્સારીએ હ. અબુ જઅફર ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.)થી રિવાયત કરી છે કે મેં ઈમામ બાકીર (અ.સ.)ને આમ ફરમાવતા સાંભળ્યા કે જ્યારે હ. અલી (અ.સ.)ની શાદી જ. ફાતેમા (સ.અ.)થી થઈ તો હ. અલી (અ.સ.) એ ઘરની અંદર જીણી અને નરમ રેત પથરાવી, ઘેટાની ચામડીની પથારી અને ખજુરના પાનથી ભરેલો તકીયો રાખ્યો અને મશ્ક વિગેરેને લટકાવા માટે એક લાકડી નાખી દીધી અને તેને ચાદરથી ઢાંકી દીધી.

હુસૈન બિન નઈમે હ. અબુ અબ્દીલ્લાહથી રિવાયત કરી છે કે મેં ઈમામ સાદિક (અ.સ.)ને ફરમાવતા સાંભળ્યું કે જ્યારે રસુલે ખુદા (સ.અ.વ.) એ જ. ફાતેમા (સ.અ.)ને હ. અલી (અ.સ.)ના ઘરે

પોતાના ઘરથી વિદાય કર્યા તો ત્યાં એક ચાદરનો પડદો પડયો હતો. ચામડાનું ફર્શ હતું, ચામડાનો તકીયો હતો જેમાં ખજુરના પાન ભરેલા હતા.

(કિતાબ મકારેમુલ અખ્લાક)

**૨૫) આપ (સ.અ.)ના નિકાહનો ખુત્બો અને રાહીલનું ખુત્બાને પઢવું:**

નીચે આપેલ ખુત્બો બયતુલ મઅમુરમાં પઢવામાં આવ્યો:

اَلْحَمْدُ لِلّٰهِ الْأَوَّلِ قَبْلَ أَوَّلِيَّةِ الْأَوَّلِينَ الْبَاقِي بَعْدَ فَنَاءِ الْعَالَمِينَ نَحْمَدُهُ إِذْ جَعَلَنَا مَلَائِكَةً رُوحَانِيِّينَ وَ بِرُبُوبِيَّتِهِ مُذْعِنِينَ وَ لَهُ عَلَى مَا أَنْعَمَ عَلَيْنَا شَاكِرِينَ حَجَبَنَا مِنَ الذُّنُوبِ وَ سَتَرَنَا مِنَ الْعُيُوبِ أَسْكَنَنَا فِي السَّمَاوَاتِ وَ قَرَّبَنَا إِلَى السُّرَادِقَاتِ وَ حَجَبَ عَنَّا النَّهَمَ لِلشَّهَوَاتِ وَ جَعَلَ نَهْمَتَنَا وَ شَهْوَتَنَا فِي تَقْدِيسِهِ وَ تَسْبِيحِهِ الْبَاسِطِ رَحْمَتَهُ الْوَاهِبِ نِعْمَتَهُ جَلَّ عَنْ إِلْحَادِ أَهْلِ الْأَرْضِ مِنَ الْمُشْرِكِينَ وَ تَعَالَى بِعَظَمَتِهِ عَنْ إِفْكِ الْمُلْحِدِينَ ثُمَّ قَالَ بَعْدَ كَلَامٍ اخْتَارَ الْمَلِكُ الْجَبَّارُ صَفْوَةَ كَرَمِهِ وَ عَبْدَ عَظَمَتِهِ لِأَمَتِهِ سَيِّدَةِ النِّسَاءِ بِنْتِ خَيْرِ النَّبِيِّينَ وَ سَيِّدِ الْمُرْسَلِينَ وَ إِمَامِ الْمُتَّقِينَ فَوَصَلَ حَبْلَهُ بِحَبْلِ رَجُلٍ مِنْ أَهْلِهِ وَ صَاحِبِهِ الْمُصَدِّقِ دَعْوَتَهُ الْمُبَادِرِ إِلَى كَلِمَتِهِ عَلِيٍّ الْوَصُولِ بِفَاطِمَةَ الْبَتُولِ ابْنَةِ الرَّسُولِ

‘અલ્લાહના નામથી શરૂ કરૂં છું જે રહમાન અને રહીમ છે. એ ખુદાના વખાણ કરૂં છું જે પહેલાઓ માંહેનો પહેલો છે. બધીજ દુનિયાના ફના થવા પછી પણ બાકી રહેશે. અમે તે ખુદાના વખાણ

કરીએ છીએ કે જેણે અમને રૂહાની મખ્લુક, મલાએકા બનાવ્યા અને પોતાની રૂબુબીય્યતના અકીદો રાખવાવાળા બનાવ્યા અને જે નેઅમતો તેણે અમને આપી અને તેના ઉપર શુક્ર કરવાની તૌફીક આપી. અમને ગુનાહોથી પાક રાખ્યા અને ઐબોથી બચાવ્યા. આસમાનમાં રહેવાવાળા બનાવ્યા અને પોતાની જબરૂતના પર્દાની નઝદીક રાખ્યા. અમને ભૌતિક ઈચ્છાથી દૂર રાખીને અમારી બધી ઈચ્છાઓ એ કરાર આપી કે અમે તેની તસ્બીહ અને તકદીસમાં લાગ્યા રહીએ. તે પોતાની રહેમત ફેલાવાવાળો છે અને પોતાની નેઅમત અતા કરવાવાળો છે. તે ઝમીન પરના મુશરેકીનના શીર્કથી અફઝલ છે અને મુલહેદીનના આરોપ અને આક્ષેપથી ઘણો ઉચ્ચ છે. (ત્યારબાદ આ કલામના સિલસિલાને આગળ વધારતા રાહીલે કહ્યું કે) ખુદાવંદે જબ્બારે પોતાની રહેમત અને અઝમતનો ખુલાસો એટલે કે પોતાની કનીઝ સૈયદતુલ નિસા, સૈયદુલ મુરસલીન અને અફઝલુલ અંબીયાની બેટી માટે ઈમામુલ મુત્તકીનને મુન્તખબ કર્યા છે અને તેમના રિશ્તાને એક એવા માણસ સાથે કર્યો જે તે લોકોના ખાનદાનમાંથી છે અને તેમના સાથી છે અને રસુલે ખુદા (સ.અ.વ.)ની ઈસ્લામની દઅવતને તસ્દીક કરવાવાળા છે અને તેમના સૌથી પહેલા કલમા પઢવાવાળા છે. જેનું નામ હઝરત અલી (અ.સ.) છે. જે ખુબજ સિલે રહેમ કરવાવાળા છે. તેમની શાદી અલ્લાહે રસુલે ખુદા (સ.અ.વ.)ની બેટી જનાબે ફાતેમા (સ.અ.)થી કરી દીધી.

- અને રિવાયતમાં છે કે જીબ્રઈલ (અ.સ.) એ બયાન કર્યું કે ત્યાર પછી ખુદ અલ્લાહે ઈરશાદ ફરમાવ્યુંઃ અય મારા મલાએકા મારી હમ્દ નિરંતર છે. મારી શાન અને અઝમત મહાન છે. બધી મખ્લુક મારા બંદા અને મારી કનીઝોને (હું તે દરેકનો માલીક અને મુખ્તાર છું). મેં મારી કનીઝ જનાબે ફાતેમા (સ.અ.)ના નિકાહ મારા ખાસ બંદા હઝરત અલી (અ.સ.)થી કરી દીધા. અય મારા મલાએકા તમે દરેક તેના ગવાહ રહેજો.

આસમાન પર હઝરત અલી (અ.સ.) અને જનાબે ફાતેમા (સ.અ.)ના નિકાહ અને ઝમીન ઉપર તેમના નિકાહની વચ્ચે ૪૦ દિવસનો ફર્ક હતો. રસુલે ખુદા (સ.અ.વ.) એ ૧ ઝિલહજના જનાબે ફાતેમા (સ.અ.)ની શાદી હઝરત અલી (અ.સ.)ની સાથે કરી હતી. એક રિવાયતમાં છે કે તે ઝિલહજની છઠ્ઠી તારીખ હતી.

(કિતાબ મનાકીબ ઈબ્ને શેહરે આસુબ)

## ૨૬) હઝરત અલી (અ.સ.) અને નિકાહનો ખુત્બોઃ

اَلْحَمْدُ لِلّٰهِ شكر لا نعمة و ايادة وَ لا إله إلّاالله شهادة تبلغه

وترضيه، وصلّى الله على محمّد صلاةً تربحه وتحظيه، والنكاح ممّا أمر

الله به وأذن فيه، ومجلسنا هذا ممّا قضاه ورضيه وهذا محمّد بن عبد

الله زوّجني ابنته فاطمة على صداق أربعمائة درهم ودينار قد

رضيت بذلك فاسألوه وأشهدو

અલ્લાહના નામથી શરૂ કરૂં છું જે રહમાન અને રહીમ છે. હું અલ્લાહ તઆલાના વખાણ કરૂં છું તેની નેઅમતોનો શુક્ર અદા કરતા કરતા. કોઈ ખુદા નથી સિવાય એક અલ્લાહ. આ તે ગવાહી છે જે તેની બારગાહમાં પહોંચીને તેને ખુશ કરે છે અને સલવાત અને સલામ થાય રસુલે ખુદા (સ.અ.વ.) ઉપર એવી સલવાત થાય જેનાથી રસુલે ખુદા (સ.અ.વ.)નો મરતબો બલંદ નઝર આવે અને રસુલે ખુદા (સ.અ.વ.)ને ખુશી મળે. નિકાહ એક એવો હુકમ છે જેનો અલ્લાહ તઆલાએ હુકમ કર્યો છે અને આમાં અલ્લાહની રઝા છે. પરંતુ ખુસુસીયાતની સાથે આજની આ તકરીર અલ્લાહના ખાસ હુકમથી રાખેલ છે અને અલ્લાહે તેની ઈજાઝત આપી છે અને જનાબે રસુલે ખુદા (સ.અ.વ.) એ પોતાની બેટી ફાતેમા (સ.અ.)ના નિકાહ મારાથી

કરી દીધા છે અને મારી આ ઝીરાહ ને તેમની મહેર કરાર દીધી છે. હું આના ઉપર રાઝી છું અને તમે લોકો પણ રસુલે ખુદા (સ.અ.વ.) પુછો અને આના ઉપર ગવાહ બની જાઓ.

આ સાંભળીને અસ્હાબએ રસુલે ખુદા (સ.અ.વ.)ને પુછયુંઃ યા રસુલુલ્લાહ (સ.અ.વ.)! શું તમે આ શાદી કરી છે? રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ હા, મેં આ શાદી કરી છે.

અસ્હાબે કહ્યુંઃ ખુદા તમને અને આ બન્નેને આ શાદી મુબારક કરે અને તેઓની પરેશાનીઓને દૂર કરે.

આના પછી રસુલે ખુદા (સ.અ.વ.) મસ્જીદથી પોતાના ઘરે પાછા આવ્યા અને પત્નિઓને ફરમાવ્યુંઃ તમે પણ ફાતેમા (સ.અ.)ની શાદીની ખુશી મનાવો.

૨) ઈબ્ને મરદવયની રિવાયત છે કે રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ

અય અલી (અ.સ.)! તમારી તરફથી નિકાહનો ખુત્બો તમેજ પઢો.

હઝરત અલી (અ.સ.) એ આ ખુત્બો પડયોઃ

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِى قَرُبَ مِنْ حَامِدِيهِ وَ دَنَا مِنْ سَائِلِيهِ وَ وَعَدَ الْجَنَّةَ
مَنْ يَتَّقِيهِ وَ أَنْذَرَ بِالنَّارِ مَنْ يَعْصِيهِ نَحْمَدُهُ عَلَى قَدِيمِ إِحْسَانِهِ وَ
أَيَادِيهِ حَمْدَ مَنْ يَعْلَمُ أَنَّهُ خَالِقُهُ وَ بَارِيهِ وَ مُمِيتُهُ وَ مُحْيِيهِ وَ مُسَائِلُهُ عَنْ
مَسَاوِيهِ وَ نَسْتَعِينُهُ وَ نَسْتَهْدِيهِ وَ نُؤْمِنُ بِهِ وَ نَسْتَكْفِيهِ وَ نَشْهَدُ أَنْ لَا
إِلَهَ إِلَّا اللّٰهُ وَحْدَهُ لَا شَرِيكَ لَهُ شَهَادَةً تَبْلُغُهُ وَ تُرْضِيهِ وَ أَنَّ مُحَمَّداً عَبْدُهُ
وَ رَسُولُهُ ص صَلَاةً تُزْلِفُهُ وَ تُحْظِيهِ وَ تَرْفَعُهُ وَ تَصْطَفِيهِ وَ النِّكَاحُ مِمَّا
أَمَرَ اللّٰهُ بِهِ وَ يَرْضِيهُ وَ اجْتِمَاعُنَا مِمَّا قَدَّرَهُ اللّٰهُ وَ أَذِنَ فِيهِ وَ هَذَا رَسُول

اللهِ ص زَوَّجَنِی ابْنَتَهُ فَاطِمَةَ عَلَی خَمْسِمِائَةِ دِرْهَمٍ وَ قَدْ رَضِیتُ فَاسْأَلُوهُ وَاشْهَدُوا

અલ્લાહના નામથી શરૂ કરૂં છું જે રહમાન અને રહીમ છે. વખાણ છે તે ખુદા માટે જે તેના વખાણ કરવાવાળાથી નઝદીક અને સવાલ કરવાવાળાઓથી પણ નઝદીક ચે. તેણે જન્નતનો વાયદો કર્યો તે વ્યકિતથી જે તેનાથી ડરે અને જહન્નમથી ડરાવ્યા તે શખ્સને જે તેની મઅસીયત કરે, હું તેના કદીમ એહસાનો અને નેઅમતો ઉપર તેના વખાણ કરૂ છું. તે શખ્સની જેમ જે તેને (અલ્લાહને) તેનો પૈદા કરનાર (ખાલીક), મૌત આપનાર અને તેને જીવંત કરનાર અને સવાલ જવાબ (હિસાબ-કિતાબ) કરવાવાળો સમજીને વખાણ કરે છે. અમે તેનાથી મદદ માંગીએ છીએ અને તેનાથી જ હિદાયત માંગીએ છીએ અને તેના ઉપર ઈમાન રાખીએ છીએ અને તેનેજ (પોતા માટે) કાફી સમજીએ છીએ અને અમે ગવાહી આપીએ છીએ કે કોઈ ખુદા નથી સિવાય તે એક ખુદા કે જેનો કોઈ શરીક નથી, એવી ગવાહી જે તેના સુધી પહોંચે અને તે તેના પર રાજી થાય. અલ્લાહના બંદા અને તેના રસુલ હઝરત મોહમ્મદ (સ.અ.વ.) ઉપર સલવાત મોકલીએ છીએ. એવી સલવાત જેનાથી તેનો મરતબો બંદ નઝર આવે અને તેમની ખુશનુદી હાસિલ થાય. તેમની મહાનતા જાહેર થાય અને ખબર પડે કે તે હકીકતમાં મુસ્તફા (ચુંટેલા / પસંદ કરાયેલા) છે. નિકાહ એક એવી ચીજ છે જેનો અલ્લાહે હુકમ આપ્યો છે અને તેમાં તેની ખુશી છે, ખાસ કરીને આજે આપણું ભેગા થવું તે એ ચીજ છે જે અલ્લાહ તરફથી મુકર્રર છે અને તેણે આની ઈજાઝત આપી છે અને આ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ જેણે પોતાની દીકરી જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)થી શાદી મારી સાથે ૫૦૦ દીરહમ પર કરી દીધી છે અને હું તેના ઉપર રાઝી છું. તમે લોકો તેમને પુછી લો અને ગવાહ બની જાવ.

એક રિવાયતમાં છે કે ત્યારબાદ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું:

وَ قَدْ زَوَّجْتُكَ ابْنَتِي فَاطِمَةَ عَلَى مَا زَوَّجَكَ الرَّحْمٰنُ وَ قَدْ رَضِيتُ

بِمَا رَضِيَ اللّٰهُ لَهَا فَدُونَكَ أَهْلَكَ فَإِنَّكَ أَحَقُّ بِهَا مِنِّي

અને મેં મારી દીકરી જનાબે ફાતેમા (સ.અ.)ની શાદી તમારી સાથે તે સિફતોના કારણે કરી જે સિફતોના કારણે અલ્લાહે તેમની શાદી તમારાથી કરી છે અને અલ્લાહે તેમના માટે જેમને પસંદ કર્યા છે, મેં પણ પસંદ કર્યા. અય અલી (અ.સ.)! હવે આ તમારા પત્નિ તમને મુબારક થાય. તમે મારાથી વધારે તેમના ઉપર હક્ક ધરાવો છો.

એક રિવાયતમાં છે કે રસુલે ખુદા (સ.અ.વ.)એ તેમની સાથે આ પણ ફરમાવ્યું:

فَنِعْمَ الْأَخُ أَنْتَ وَ نِعْمَ الْخَتَنُ أَنْتَ وَ نِعْمَ الصَّاحِبُ أَنْتَ وَ

كَفَاكَ بِرِضَى اللّٰهِ رِضًى

(અય અલી અ.સ.!) તમે મારી માટે બેહતરીન ભાઈ પણ છો અને બેહતર જમાઈ પણ છો અને બેહતર સહાબી પણ છો. તમારા માટે અલ્લાહની રઝા કાફી છે.

રસુલે ખુદા (સ.અ.વ.)ના આ કલામ સાંભળીને હઝરત અલી (અ.સ.) તરત જ શુક્રના સજદામાં પડી ગયા અને ફરમાવ્યું:

رَبِّ أَوْزِعْنِي أَنْ أَشْكُرَ نِعْمَتَكَ الَّتِي أَنْعَمْتَ عَلَيَّ

*“પરવરદિગારા! તું મને તવફીક અતા કર કે હું તારી આ નેઅમતનો શુક્ર અદા કરૂં જે તે મને આપી છે.”*

(સુરએ નમ્લ, આ. ૧૯)

આ સાંભળીને રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું: આમીન.

જ્યારે હઝરત અલી (અ.સ.) એ શુક્રના સજદામાંથી માથુ ઉચકયું તો રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ અલ્લાહ તઆલા આ શાદીને તમારા બંને માટે મુબારક અને કામ્યાબ બનાવે. તમે બન્નેમાં સુમેળ અને એકતા રાખે.

તમને બન્નેને પાકો પાકીઝા અને વધારે નસ્લ પૈદા કરે. પછી રસુલે ખુદા (સ.અ.વ.)એ ખજુરનો એક થાળ મંગાવ્યો અને હાજર લોકોને ફરમાવ્યુંઃ આને લઈ લો.

## ૨૭) રસુલે ખુદા (સ.અ.વ.)નો નિકાહનો ખુત્બોઃ

અનસ બિન માલીકથી રિવાયત છે કે હું એક વખત હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની બાજુમાં બેઠો હતો કે રસુલે ખુદા (સ.અ.વ.) ઉપર વહીના ચીન્હો નઝર આવ્યા. જ્યારે વહીથી ફારીગ થઈ ગયા તો રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ

અય અનસ! જાણો છો આ સમયે જીબ્રઈલે અમીન અર્શના પરવરદિગારથી કયો હુકમ લઈને આવ્યા હતા?

મેં જવાબ આપ્યો કે અલ્લાહ અને તેના રસુલ (સ.અ.વ.) જ બહેતર જાણે છે.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ અલ્લાહે મને હુકમ કર્યો છે કે મેં જનાબે ફાતેમા (સ.અ.)ના નિકાહ હઝરત અલી (અ.સ.)ની સાથે કરી દીધા છે. આથી જાઓ અને અબુબક્ર, ઉમર, ઉસ્માન, અલી (અ.સ.), તલ્હા, ઝુબૈર અને થોડા અન્સારોને બોલાવીને લાવો.

હુ જઈને બધાને બોલાવી લાવ્યો. જ્યારે બધા પોત પોતાની જગ્યાએ બેસી ગયા તો રસુલે ખુદા (સ.અ.વ.) એ ખુત્બો પડયો.

اَلْحَمْدُ لِلّٰهِ الْمَحْمُودِ بِنِعْمَتِهِ الْمَعْبُودِ بِقُدْرَتِهِ الْمُطَاعِ فِي سُلْطَانِهِ

الْمَرْهُوبِ مِنْ عَذَابِهِ الْمَرْغُوبِ إِلَيْهِ فِيمَا عِنْدَهُ النَّافِذِ أَمْرُهُ فِي أَرْضِهِ وَ

سَمَائِهِ الَّذِی خَلَقَ الْخَلْقَ بِقُدْرَتِهِ وَ مَيَّزَهُمْ بِأَحْكَامِهِ وَ أَعَزَّهُمْ بِدِينِهِ وَ

أَكْرَمَهُمْ بِنَبِيِّهِ مُحَمَّدٍ إِنَّ اللهَ جَعَلَ الْمُصَاهَرَةَ نَسَباً لَاحِقاً وَ أَمْراً

مُفْتَرَضاً وَ شَجَّ بِهَا الْأَرْحَامَ وَ أَلْزَمَهَا الْأَنَامَ فَقَالَ تَبَارَكَ اسْمُهُ وَ تَعَالَى

جَدُّهُ وَ هُوَ الَّذِی خَلَقَ مِنَ الْمَاءِ بَشَراً فَجَعَلَهُ نَسَباً وَ صِهْراً وَ كَانَ رَبُّكَ

قَدِيراً فَأَمْرُ اللَّهِ يَجْرِی إِلَى قَضَائِهِ وَ قَضَاؤُهُ يَجْرِی إِلَى قَدَرِهِ فَلِكُلِّ

قَضَاءٍ قَدَرٌ وَ لِكُلِّ قَدَرٍ أَجَلٌ وَ لِكُلِّ أَجَلٍ كِتَابٌ يَمْحُوا اللَّهُ مَا يَشَاءُ وَ

يُثْبِتُ وَ عِنْدَهُ أُمُّ الْكِتَابِ ثُمَّ إِنِّي أُشْهِدُكُمْ أَنِّي قَدْ زَوَّجْتُ فَاطِمَةَ مِنْ

عَلِيٍّ عَلَى أَرْبَعِمِائَةِ مِثْقَالِ فِضَّةٍ إِنْ رَضِيَ بِذَلِكَ عَلِيٌّ

અલ્લાહના નામથી શરૂ કરૂં છું જે રહમાન અને રહીમ છે.

વખાણ છે તે અલ્લાહ માટે જે પોતાની નેઅમતોના કારણે વખાણના લાયક છે. પોતાની કુદરતના લીધે મઅબુદ છે, પોતાની હુકુમતના કારણે તેની ઈતાઅત કરવી વાજીબ છે. તેના અઝાબના કારણે તેનાથી જ ડરવામાં આવે છે. તેના સવાબના કારણે તેના તરફ રગબત રાખવામાં આવે છે. તેનો હુકમ જમીન અને આસમાનમાં નાફીઝ છે. તેણે પોતાની કુદરત વડે મખ્લુકને પૈદા કર્યા પછી તેને પોતાના એહકામ શીખવવાની તમીઝ આપી અને તેણે પોતાના દીન સાથે ઈઝઝત બક્ષી અને પોતાના નબી મોહમ્મદ (સ.અ.વ.)ના કારણે તેને ઈઝઝતદાર બનાવ્યા. આના પછી અલ્લાહે જમાઈના સંબંધને બનાવ્યા. તેને બધા લોકો ઉપર વાજીબ અને લાઝીમ બનાવ્યા જેમકે અલ્લાહ તઆલાએ પોતે ઈરશાદ ફરમાવ્યું છેઃ ખુદા તે છે જેણે પાણીથી ઈન્સાનને પૈદા કર્યા અને તેને નસબ અને જમાઈનો રિશ્તો બનાવ્યો અને તારો રબ દરેક વાત ઉપર કુદરત રાખવાવાળો છે.

અલ્લાહનો હુકમ તેની કઝા ઉપર જારી થાય છે અને તેની કઝા તેની કદર ઉપર જારી થાય છે. દરેક કઝા માટે એક કદર છે અને દરેક કદર માટે એક સમય છે અને દરેક સમયના બારામાં લખાયેલું છે. (અલ્લાહ તઆલાનો ઈરશાદ છે): અલ્લાહ જેને ચાહે છે તેને મીટાવી દે છે અને જેને ચાહે છે તેને બાકી રાખે છે અને તેની પાસેજ ઉમ્મુલ કિતાબ છે.

(અય લોકો!) હું તમને ગવાહ બનાવું છું કે ૪૦૦ મિસ્કાલ ચાંદી ઉપર જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની શાદી હઝરત અલી (અ.સ.)થી કરી દીધી છે. એ શર્તે કે હઝરત અલી (અ.સ.) તેનાથી રાઝી થઈ જાય અને બનવા જોગ તે સમયે રસુલે ખુદા (સ.અ.વ.) એ હઝરત અલી (અ.સ.)ને કોઈ કામ માટે મોકલ્યા હતા).

અનસનું બયાન છે કે પછી રસુલે ખુદા (સ.અ.વ.) એ હુકમ આપ્યો કે એક થાળ ભરીને લાવવામાં આવે તેથી એમજ કરવામાં આવ્યું. જ્યારે થાળ અમારી સામે લાવીને રાખવામાં આવ્યો ત્યારે રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું: તમે બધા આને વહેંચી લો.

હજુ અમે લોકો તેને વહેંચી રહ્યા હતા તો હઝરત અલી (અ.સ.) આવી ગયા. તેમને જોઈને રસુલે ખુદા (સ.અ.વ.) હસ્યા અને ફરમાવ્યું:

અય અલી (અ.સ.)! અલ્લાહે મને હુકમ આપ્યો છે કે હું ફાતેમા (સ.અ.)ની શાદી તમારાથી કરી દઉ. તેથી મેં તેમની શાદી તમારાથી ૪૦૦ મિસ્કાલ ચાંદી ઉપર કરી દીધી છે. શું તમે રાઝી છો?

હઝરત અલી (અ.સ.) એ ફરમાવ્યું: હા, હું રાઝી છું અય અલ્લાહના રસુલ (સ.અ.વ.).

પછી હઝરત અલી (અ.સ.) ઉભા થયા અને સજદએ શુક્ર કર્યો.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું: અલ્લાહ તમારા બન્નેમાં ખુબજ ભલાઈ અને પાકીઝગી દાખલ કરે.

અનસનું બયાન છે કે આમજ થયું. અલ્લાહે આ બન્નેની નસ્લથી ખયરે કસીર અને પાકીઝગી પૈદા કરી (અઈમ્મા અ.મુ.સ.).

(કશફુલ ગુમ્માહ)

- કિતાબ મનાકીબમાં છે કે યહ્યા બીન મોઈને પોતાની અમાલીમાં અને ઈબ્ને બતાએ પોતાની કિતાબ અલ અબાનામાં પોતાની સનદોની સાથે અનસ બિન માલીકથી રિવાયત કરી કે જનાબે રસુલે ખુદા (સ.અ.વ.) એ જનાબે ફાતેમા (સ.અ.)ની શાદીનો ખુત્બો મીમ્બર ઉપર પઢયો અને આજ ખુત્બો જે ઉપર ઝીક્ર કરવામાં આવ્યો છે તે લખ્યો છે.

(મનાકીબ)

## ૨૮) મહેરની રકમની સાચી સંખ્યા અને વિવિધ રિવાયતોઃ

હઝરત ઈમામ હુસૈન બિન અલી (અ.સ.)થી એક રિવાયત છે કે નબી રસુલે ખુદા (સ.અ.વ.)એ જનાબે ફાતેમા (સ.અ.)ના નિકાહ હઝરત અલી (અ.સ.) સાથે ૪૮૦ દિરહમ મહેર ઉપર કરી દીધા.

બીજી રિવાયતમાં આ પણ છે કે જનાબે ફાતેમા (સ.અ.)નું મહેર ૪૦૦ મીશ્કાલ ચાંદી હતું.

ત્રીજી રિવાયતમાં આ પણ છે કે હઝરત અલી (અ.સ.)નું મહેર ૫૦૦ દિરહમ હતું. આ બધી રિવાયતોમાં સૌથી વધારી સહીહ છે.

મહેરની રકમમાં ઈખ્તેલાફનું કારણ છે કે અમ્ર બિન અબી મકદામ અને જાબીરે જોઅફીએ હઝરત ઈમામ અબુ જઅફર મોહમ્મદ બાકીર (અ.સ.)થી આ રિવાયત કરી છે કે જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) મહેરની રકમ એક યમની ચાદર અને બકરાની ખાલ હતી.

હઝરત ઈમામ જઅફરે સાદિક (અ.સ.)થી રિવાયત છે કે આપ (અ.સ.) એ ફરમાવ્યુંઃ જનાબે ફાતેમા (સ.અ.)ની મહેરની રકમ એક

ઝિરાહ અને ઘેટા અથવા ગાયની ખાલ હતી. આ રિવાયત અબુ લયલાએ પોતાની મુસનદમાં મુજાહીદથી કરી છે.

અલ્લામા શૈખે કુલૈની (અ.ર.) એ કાફીમાં લખ્યું છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ જનાબે ફાતેમા (સ.અ.)ના નિકાહ હઝરત અલી (અ.સ.)થી એક ઉનની ચાદરની મહેર પર કર્યા હતા.

કોઈ શખ્સે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ને કહ્યુંઃ યા રસુલુલ્લાહ! અમને આ તો ખબર છે કે ઝમીન ઉપર જનાબે ફાતેમા (સ.અ.)ની મહેરની રકમ શું હતી પરંતુ એ ફરમાવો કે આસમાનોમાં તેમની મહેર શું નક્કી કરવામાં આવી હતી?

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ સાંભળો. જે ચીઝની સંબંધ તમારાથી હોય તેનાજ સવાલ કરો? જેનાથી તમારો સબંધ ન હોય તેના બારામાં ન પુછો.

તે શખ્સે કહ્યુંઃ યા રસુલુલ્લાહ! મહેરનો સબંધ તો અમારાથી પણ છે.

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ સારૂં. તો સાંભળો. જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની મહેરની રકમ આસમાનો ઉપર જમીનનો પાંચમો ભાગ (ખુમ્સ) છે. આથી તે શખ્સને તે ઝમીન પર ચાલવું કયામત સુધી હરામ છે જે જનાબે ફાતેમા (સ.અ.) અને તેમની ઔલાદનો દુશ્મન હોય.

## ૨૯) આપ (સ.અ.)નું મહેર નિકાહ પહેલા અને નિકાહ પછીઃ

ખબાબ બિન અરતની રિવાયતમાં છે કે જનાબે રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ અય અલી (અ.સ.)! મેં તમારાથી મારી બેટી ફાતેમા (સ.અ.)ના નિકાહ ખુદાના હુકમથી દુનિયાનો પાંચમો હીસ્સો અને ૪૮૦ દિરહમ પર કર્યા છે. જેમાં ૪૮૦ દિરહમ નિકાહ પહેલાની

છે. દુનિયાનો પાંચમો હિસ્સો મહેર નિકાહ પછીની છે જે કયામત સુધીની છે.

કિતાબ 'જલા વ શફા'માં એક મોટી રિવાયત હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.)થી નકલ છે જેમાં ઈમામ (અ.સ.) ફરમાવે છેઃ અલ્લાહ તઆલાએ હઝરત અલી (અ.સ.)ની તરફથી જનાબે ફાતેમા (સ.અ.)ને મહેરમાં દુનિયાનો પાંચમો ભાગ અને જન્નતનો ત્રીજો હિસ્સો અને ઝમીનના ચાર દરીયા ફુરાત, મીસ્રની નદી, નહેરવાન અને નહેરે બલ્ખ આપ્યા. પછી રસુલે ખુદા (સ.અ.વ.)ને હુકમ આપ્યોઃ અય મોહમ્મદ (સ.અ.વ.)! હવે તમે પોતાની બેટી ફાતેમા (સ.અ.)ના નિકાહ ૪૮૦ દિરહમ ઉપર કરી દો જેથી આ તમારી ઉમ્મત માટે સુન્નત થઈ જાય.

ઝમીનના પાંચમો ભાગવાળી રિવાયતમાં યાકુબ બિન શોએબ અને ઈસ્હાક બિન અમ્માર અને અબુ બસીરની રિવાયતના મુતાબીક હઝરત ઈમામ જઅફરે સાદિક (અ.સ.) એ ફરમાવ્યુંઃ અલ્લાહ તઆલાએ ફાતેમા (સ.અ.)નું મહેર દુનિયાનો ૧/૪ હિસ્સો નક્કી કર્યો હતો તો આ ચોથો હિસ્સો તેમની મિલ્કત છે. પછી તેમની મહેરમાં જન્નત અને જહન્નમને પણ નક્કી કર્યા હતા આથી તેઓ પોતાના દોસ્તોને જન્નતમાં અને પોતાના દુશ્મનોને જહન્નમમાં દાખલ કરશે.

આમાલીએ અબુ જઅફર તુસીમાં નકલ છે કે હઝરત ઈમામ જઅફરે સાદિક (અ.સ.) એ ફરમાવ્યુંઃ જ્યારે હઝરત અલી (અ.સ.) એ આ દિરહમ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ના હવાલે કરી દીધા તો હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ તેમાંથી એક મુઠી દિરહમ ઉમ્મે અયમનને આપ્યા જે ૬૬ દિરહમ હતા. જેથી તેઓ આનાથી ઘરનો સામાન ખરીદી દે. પછી એક મુઠી દિરહમ અસ્મા બિન્તે ઉમૈસને આપ્યા જેથી તેઓ આનાથી ખુશ્બુ ખરીદે અને ત્રીજી મુઠી ઉમ્મે સલમાને આપ્યા

જેથી તેઓ તેનાથી ખાવાની વ્યવસ્થા કરી શકે અને બાકીની રકમ અમ્માર, અબુબક્ર અને જનાબે બીલાલને આપી જેથી તેઓ આનાથી દહેજનો સામાન ખરીદે.

અલ્લામા મજલીસી (અ.ર.) કહે છે કે આની પહેલા આમાલીએ શૈખથી દહેજના સામાનવાળી રિવાયત નકલ કરી ચુકયા છીએ. જેમાં માટીના લીલા રંગનો એક ઘડો અને બે માટીના પ્યાલા, વિગેરેનો ઝીક્ર છે અને એક રિવાયતમાં આ પણ છે કે તે દહેજના સામાનમાં એક ચામડાનું પાથરણું અને સુતરની ચાદર અને પાણીની એક મશ્ક પણ હતી.

ઈબ્ને અબી યાઅફુરથી રિવાયત છે કે હઝરત ઈમામ જઅફરે સાદિક (અ.સ.)ને ફરમાવતા સાંબળ્યાઃ હઝરત અલી (અ.સ.)ના નિકાહ જનાબે ફાતેમા (સ.અ.)થી એક જુની ચાદર, એક ઝીરા અને ઘેટાની ખાલના બદલામાં થઈ.

(કાફી)

ઈબ્ને બુકૈરનું બયાન છે કે મેં હઝરત ઈમામ જઅફરે સાદિક (અ.સ.)ને ફરમાવતા સાંભળ્યા કે રસુલે ખુદા (સ.અ.વ.) એ જનાબે ફાતેમા (સ.અ.)ના નિકાહ હઝરત અલી (અ.સ.)થી એક ઝીરા પર કર્યા જેની કિંમત ૩૦ દિરહમ હતી.

(કાફી)

અબુ બસીરે હઝરત ઈમામ જઅફરે સાદિક (અ.સ.)થી રિવાયત કરી કે ઈમામ (અ.સ.) એ ફરમાવ્યુંઃ અલ્લાહે જનાબે ફાતેમા (સ.અ.)ની મહેરમાં પુરી દુનિયાનો ૧/૪ હિસ્સો દીધો અને પછી આખેરતમાં પુરી જન્નત અને પુરી જહન્નમ જનાબે ફાતેમા (સ.અ.)ને મહેરમાં આપી. તેઓ પોતાના દુશ્મનોને જહન્નમમાં દાખલ કરશે અને પોતાના દોસ્તોને જન્નતમાં દાખલ કરશે. જનાબે ઝહરા (સ.અ.)

સીદીકએ કુબરા છે અને આપ (સ.અ.) ની માઅરેફત પર અગાઉના સમયના લોકો પણ માઅમુર હતા

(આમાલીએ શૈખે મુફીદ અ.ર.)

**સ્પષ્ટતાઃ** અલ્લામા મજલીસી (અ.ર.) કહે છે કે આગળ ઈમામ મોહમ્મદ તકી (અ.સ.)ની કિતાબમાં આવશે કે ઈમામે ઉમ્મુલ ફઝલ બિન્તે મામુનથી નિકાહ કર્યા તો તેજ મહેર આપી જે તેમના દાદી જનાબે ફાતેમા (સ.અ.)ની હતી અને તે ૫૦૦ દિરહમ હતી.

મોઆવીયા બિન વહબથી રિવાયત છે કે હઝરત ઈમામ જઅફરે સાદિક (અ.સ.)એ ફરમાવ્યુંઃ રસુલે ખુદા (સ.અ.વ.) એ હઝરત અલી (અ.સ.)થી જનાબે ફાતેમા (સ.અ.)ના નિકાહ એક ઝીરાહ ના બદલામાં કર્યા અને તેમની પથારી ઘેટાની ખાલ હતી. જ્યારે બન્ને તેના ઉપર બેસતા તો ઉનવાળો ભાગ પોતાના કમરની નીચે રાખી દેતા હતા.

(કાફી)

અબુ મરયમ અન્સારીએ હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.)થી રિવાયત કરી કે આપ (અ.સ.) એ ફરમાવ્યુંઃ જનાબે ફાતેમા (સ.અ.)નું મહેર એક જુની ચાદર, એક ઝીરા હતી. તેનું ફર્શ એક ઘેટાની ખાલ હતી જેને આપ બન્ને પાથરતા હતા અને તેના ઉપર જ સુતા હતા.

(કાફી)

યાઅકુબ બિન શૌએબથી રિવાયત છે કે જ્યારે રસુલે ખુદા (સ.અ.વ.) એ જનાબે ફાતેમા (સ.અ.)ના નિકાહ હઝરત અલી (અ.સ.)થી કર્યા અને ઘરની અંદર બેટીની પાસે આવ્યા તો જોયુ કે તે રડી રહ્યા હતા.

રસુલે ખુદા (સ.અ.વ.) એ પુછયુંઃ બેટી! શા માટે રડો છો? ખુદાની કસમ! અગર મારા ખાનદાનમાંથી કોઈ આનાથી વધારે બેહતર

શખ્સ હોત તો તમારા નિકાહ તેનાથી કરી દેત અને હકીકતમાં મેં તમારા નિકાહ હઝરત અલી (અ.સ.)થી નથી કર્યા પરંતુ અલ્લાહે કર્યા છે અને તમારી મહેરમાં ખુમ્સ રાખ્યું છે જ્યાં સુધી આ ઝમીન અને આસમાન કાએમ છે.

(કાફી)

હઝરત ઈમામ જઅફરે સાદિક (અ.સ.)થી રિવાયત છે કે ઈમામ (અ.સ.) એ ફરમાવ્યુંઃ જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)એ રસુલે ખુદા (સ.અ.વ.)ને ફરમાવ્યુંઃ પિતા તમે ખુબજ ઓછી રકમ મહેર ઉપર મારા નિકાહ કર્યા છે.

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ બેટી! મેંતમારા નિકાહ નથી કર્યા પરંતુ અલ્લાહે આસમાન પર અલી (અ.સ.)થી તમારા નિકાહ કર્યા છે અને તમારી મહેરમાં પુરી દુનિયાનો પાંચમો હિસ્સો (ખુમ્સ) રાખ્યો છે. જ્યાં સુધી આ ઝમીન અને આસમાન કાએમ છે.

(કાફી)

## ૩૦) હઝરત અલી (અ.સ.)નું આપ (સ.અ.)ની સાથે શાદી ઉપર ફખ્ર મહેસુસ કરવુંઃ

અસ્બગ બિન નબાતાથી રિવાયત છે કે મેં હઝરત અલી (અ.સ.)ને ફરમાવતા સાંભળ્યા કે આપ (અ.સ.) ફરમાવી રહ્યા હતા કે સાંભળોઃ હું મારા વિષે તે વાત કરૂં છું કે મારી સિવાય કોઈ બીજો શખ્સ પોતાના વિષે નથી કહી શકતો અને અગર કહેશે તો તે જુઠો હશે. હું નબીએ રહેમતનો વારીસ છું. આપ (સ.અ.વ.) એ પોતાની દીકરી જનાબે ફાતેમા (સ.અ.) જે દુનિયાની ઔરતોમાં સર્વશ્રેષ્ઠ છે તેમની શાદી મારાથી કરી છે અને હું બધા અવસીયામાં સૌથી બહેતર છું.

(કશફુલ ગુમ્માહ)

### ૩૧) આપ (સ.અ.) ફઝાએલનું કેન્દ્રઃ

કિતાબ ખેસાલમાં અબુ અય્યુબ અન્સારીથી રિવાયત છે કે એક વખત હઝરત રસુળે ખુદા (સ.અ.વ.) બીમારીમાં સેહતમંદ થઈ ગયા પરંતુ કમઝોરી અને નબળાઈ હજુ હતી. જનાબે ફાતેમા (સ.અ.) અયાદત માટે આવ્યા. પોતાના મહાન પિતાની આ નબળાઈને જોઈ તો રડવા લાગ્યા અને આંસુ વહીને ગાલ સુધી આવ્યા.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ અય ફાતેમા (સ.અ.)! સાંભળો અલ્લાહ તઆલાએ પુરી રૂએ ઝમીન ઉપર નજર નાખી અને તેમાંથી તમારા પતિ હઝરત અલી (અ.સ.)ને પસંદ કર્યા. પછી મને વહ્ય વડે હુકમ આપ્યો કે હું તમારા નિકાહ હઝરત અલી (અ.સ.)થી કરી દવ. અય ફાતેમા (સ.અ.)! શું તમને નથી ખબર કે અલ્લાહનો તમારા ઉપર કેટલો કરમ છે કે તમારા નિકાહ એક એવા શખ્સથી કરવાનો હુકમ આપ્યો જે ઈસ્લામમાં સૌથી વધારે આગળ છે. હિલ્મમાં સૌથી આગળ અને ઈલ્મમાં સૌથી વધારે છે.

આ સાંભળી જનાબે ફાતેમા (સ.અ.) ખુશ થઈ ગયા.

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ઈચ્છયું કે જે ફઝલ અને શરફ અલ્લાહ તઆલાએ હઝરત મોહમ્મદ મુસ્તફા (સ.અ.)ને અને તેમની ઔલાદને આપ્યો છે તેને બતાવીને જનાબે ફાતેમા (સ.અ.)ને વધારે ખુશ કરે. આ માટે રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ અય ફાતેમા (સ.અ.) સાંભળો કે હઝરત અલી (અ.સ.)ને અલ્લાહે આઠ ખસલતો આપી છે.

૧) અલ્લાહ અને તેના રસુલ પર ઈમાન ૨) ઈલ્મ ૩) હિકમત ૪) તમારા જેવી પત્નિ ૫) હઝરત હસન (અ.સ.) અને હઝરત હુસૈન (અ.સ.) જેવા ફરઝંદો ૬) અમ્ર બીલ મઅરૂફની તૌફીક ૭) નહ્ય

અનીલ મુનકરની જુરઅત (તાકત) ૮) અલ્લાહની કિતાબની રોશનીમાં ફેંસલા કરવાની તાકત.

અય ફાતેમા (સ.અ.) આપણે એહલેબૈત (અ.મુ.સ.)ને અલ્લાહે એવી સાત ખુસુસીયત આપી છે તે ખુસુસીયાત અવ્વલીનમાંથી કોઈને નથી મળી અને આપણા પછી આખેરીનમાંથી કોઈને મળશે નહિ અને તે આ છે.

આપણા નબી ખયરૂલ અંબીયા (અંબીયામાંથી શ્રેષ્ઠ) છે અને તે તમારા પિતા છે. આપણા વસી ખયરૂલ અવસીયા છે (વસીઓમાં શ્રેષ્ઠ) અને તે તમારા પતિ છે. આપણામાંથી શહીદ (સય્યદુશ્શોહદા, શહીદોના સરદાર) છે અને તે જનાબે હમઝા છે, જે તમારા પિતાના કાકા છે. આપણામાં જ જનાબે જઅફરે તૈયાર છે જેને અલ્લાહે જન્નતમાં બે પાંખો આપી છે જેનાથી તે બધી જગ્યાએ પરવાઝ કરે છે, જે તમારા કાકા છે. આપણામાંથી જ તે આ ઉમ્મતના સિફતૈન છે (બન્ને નવાસા) અને તે તમારા બંને ફરઝંદ છે.

(ખેસાલે શૈખે સદુક અ.ર.)

## ૩૨) હઝરત અલી (અ.સ.) અને આપ (સ.અ.)ના શીઆઓ માટે જહન્નમથી આઝાદીનો પરવાનો અને તુબાનું ઝાડઃ

કિતાબ મનાકીબે ખ્વારઝમીમાં જનાબે બિલાલ બિન હમામથી રિવાયત છે કે એક દિવસ રસુલે ખુદા (સ.અ.વ.) પોતાના ઘરેથી બહાર આવ્યા તો રસુલે ખુદા (સ.અ.વ.)નો મુબારક ચહેરો એ રીતે ચમકી રહ્યો હતો જાણે કે ૧૪ મી રાતનો ચાંદ.

અબ્દુલ રહમાન બિન ઔફે કહ્યુંઃ યા રસુલુલ્લાહ (સ.અ.વ.)! આજે તો તમારો મુબારક ચહેરો ખુબજ વધારે નુરાની છે. શું કારણ છે?

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ હા, આજે અલ્લાહ તઆલા તરફથી મને અને મારા ભાઈ, કાકાના દીકરા અને મારી દીકરીના બારામાં બશારત મળી છે અને તે એ છે કે અલ્લાહ તઆલાએ અલી (અ.સ.)ના નિકાહ જનાબે ફાતેમા (સ.અ.)થી કરી દીધા છે અને જન્નતના ખજાનચી રિઝવાનને હુકમ આપ્યો છે કે તે તુબાના વૃક્ષને હલાવે. તેથી તેણે તે વૃક્ષને હલાવ્યું જેથી એહલેબૈત (અ.મુ.સ.)ના દોસ્તોની સંખ્યા પ્રમાણે પાંદડા પડયા. તે પાંદડાને નુરી ફરીશ્તાઓએ ઉઠાવ્યા. હવે જ્યારે કયામતનો દિવસ હસે તો આ ફરીશ્તાઓ અવાજ આપશે અને એહલેબૈત (અ.મુ.સ.)ના શીઆઓના એક એકના નામ પુકારીને આ પાંદડા તેના હવાલે કરશે અને આ પાંદડા જહન્નમની આગથી દુરીની સનદ હશે અને જે મર્દ અથવા ઔરતને આ સનદ મળશે તે મારા ભાઈ અને મારી દીકરીની બરકતથી જહન્નમથી સુરક્ષિત થઈ જશે.

- તારીખે બગદાદમાં એટલો વધારો છે કે આ પાંદડાઓ ઉપર આ લખાણ લખેલુ હશે.

بَرَاءَةٌ مِنَ الْعَلِيِّ الْجَبَّارِ لِشِيعَةِ عَلِيٍّ وَفَاطِمَةَ مِنَ النَّارِ

આ બરાઅતનામુ છે. અલીએ જબ્બાર તરફથી જહન્નમની આગથી નજાત માટે અલી (અ.સ.) અને જનાબે ફાતેમા (સ.અ.)ના શીઆઓ માટે.

કિતાબ અલ ખરાએજ વલ જરાએહમાં પણ રસુલે ખુદા (સ.અ.વ.)થી આજ રિવાયત છેઃ

કિતાબ મનાકિબમાં નકલ છે કે તારીખે બગદાદમાં પોતાની સનદોની સાથે જનાબે બિલાલ બિન હમામાથી આજ રિવાયત લખેલી છે.

એક રિવાયતમાં છે કે આ બરાતનામાં હશે જેના ઉપર આ લખેલુ હશેઃ

بَرَاءَةٌ مِنَ الْعَلِيِّ الْجَبَّارِ لِشِيعَةِ عَلِيٍّ وَفَاطِمَةَ مِنَ النَّارِ

(તારીખે બગદાદ અને મનાકીબ)

## ૩૩) જમીનનું હઝરત અલી (અ.સ.)થી વાત કરવીઃ

હાફીઝ મોહમ્મદ ઈબ્ને મેહમુદ નજારે પોતાની સનદોની સાથે અસ્મા બિન્તે ઉમૈસથી રિવાયત કરી છે કે જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)એ મને બતાવ્યું કે શાદીની પહેલી રાત્રે હઝરત અલી (અ.સ.)એ મને ડરાવી દીધી.

અસ્મા બિન્તે ઉમૈસે પુછયુંઃ અય દુનિયાની ઔરતોની સરદાર શું તમે ડરી ગયા?

જનાબે ઝહરા (સ.અ.) એ ફરમાવ્યુંઃ હા, મેં સાંભળ્યું જમીન અલી (અ.સ.)થી વાત કરી રહી છે અને તેઓ પણ જમીનથી વાતો કરવામાં વ્યસ્ત છે (આ જોઈને હું ડરી ગઈ). સવારે મેં આ વાકયો મારા મહાન પિતાને વર્ણવ્યો તો રસુલે ખુદા (સ.અ.વ.) તરતજ શુક્રનો સજદો બજાવી લાવ્યા અને સજદામાંથી ઉઠીને મને ફરમાવ્યુંઃ અય ફાતેમા (સ.અ.)! મુબારક થાય તમારી નસ્લ પાક હશે. અલ્લાહે તમારા પતિને બધીજ મખ્લુકાતથી અફઝલ કર્યા છે અને જમીનને હુકમ આપ્યો છે કે જમીન ઉપર પૂર્વ અને પશ્ચિમમાં જે કાંઈ બને છે તેની અલી (અ.સ.)ને ખબર આપે.

(કશફુલ ગુમ્માહ)

## ૩૪) હઝરત અલી (અ.સ.)ની શુક્ર માટેની દોઆઃ

એહમદ બિન અબ્દુલ્લાહ શીબાનીએ હઝરત મોહમ્મદ ઈબ્ને ઈમામે જઅફરે સાદિક (અ.સ.) ઈબ્ને મોહમ્મદ બાકીર ઈબ્ને ઈમામ અલી (અ.સ.) ઈબ્ને ઈમામ હુસૈન (અ.સ.)થી તેઓએ પોતાના બાપદાદાથી અને તેઓએ હઝરત અલી (અ.સ.)થી આના જેવી રિવાયત કરી છે

અને તેના અંતમાં આમ કહીને રસુલે ખુદા (સ.અ.વ.)એ હઝરત અલી (અ.સ.)ને ફરમાવ્યુંઃ અય અલી (અ.સ.)! અલ્લાહ તઆલાએ તમારા માટે એવી ઉમદા નેમઅતો તૈયાર કરી રાખી છે કે જે ન કોઈ આંખે જોય છે અને ન કોઈ કાને સાંભળી છે.

આ સાંભળીને હઝરત અલી (અ.સ.) એ આ રીતે ખુદાનો શુક્ર અદા કર્યો

رَبِّ اَوْزِعْنِیْٓ اَنْ اَشْكُرَ نِعْمَتَكَ الَّتِیْٓ اَنْعَمْتَ عَلَیَّ وَعَلٰی وَالِدَیَّ وَاَنْ
اَعْمَلَ صَالِحًا تَرْضٰىهُ وَاَدْخِلْنِیْ بِرَحْمَتِكَ فِیْ عِبَادِكَ الصّٰلِحِیْنَ

(સુરએ નમ્લ, આ. ૧૯)

પરવરદિગાર! તુ મને તવફીક આપ કે હું તારી તે નેઅમતોનો શુક્ર અદા કરૂં જે તે મને અને મારા વાલેદૈનને આપી છે અને તે કાર્યની પણ તવફીક આપ કે હું તેવા આમાલો બજાવી લાવું જેનાથી તું રાઝી અને ખુશ થઈ જા અને મારી ઔલાદને પણ મારા માટે સાલેહ બનાવ.

તેના ઉપર રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ આમીન. રબ્બલ આલમીન યા ખૈયર નાસેરીન.

## ૩૫) નસબવ્વ સેહરનની તફસીરઃ

ઈબ્ને અબ્બાસ, ઈબ્ને મસઉદ, જ. જાબીર, બરાઅ, અનસ, ઉમ્મે સલમા, સરીઅ, ઈબ્ને સીરીન, હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.)એ અલ્લાહ તઆલાનો આ કલામ

وَهُوَ الَّذِیْ خَلَقَ مِنَ الْمَآءِ بَشَرًا فَجَعَلَهٗ نَسَبًا وَّصِهْرًا ؕ وَكَانَ رَبُّكَ
قَدِیْرًا

(સુરએ ફુરકાન, આ. ૫૪)

ના બારામાં ફરમાવ્યું છે કે આનાથી મુરાદ હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત અલી (અ.સ.) અને ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.) છે અને પછી ફરમાવ્યું:

وَكَانَ رَبُّكَ قَدِيرًا

થી મુરાદ કાએમે આલે મોહમ્મદ (અ.ત.ફ.શ.) છે.

કારણકે આખરી ઝમાનામાં તેમના સિવાય નસબી અને સબબી બન્ને રિશ્તાઓ સહાબાઓમાંથી કોઈનાથી પણ કાયમ નથી થયા અને આજ સંબંધ નસબ અને સબબના કારણે તેઓ મિરાસના હક્કદાર છે (વારસાના હક્કદાર છે).

- એક બીજી રિવાયતમાં છે કે આ આયતમાં બશરનથી મુરાદ જનાબ રસુલે ખુદા (સ.અ.વ.) છે અને નસબનથી મુરાદ જનાબે ફાતેમા (સ.અ.) છે. સેહરનથી મુરાદ હઝરત અલી (અ.સ.) છે.
- તફસીરે સોઅલબીમાં ઈબ્ને સીરીનનો કૌલ છે કે આ આયત રસુલે ખુદા (સ.અ.વ.) અને જનાબે ફાતેમા (સ.અ.)ના શોહર હઝરત અલી (અ.સ.) માટે નાઝીલ થઈ એટલા મટે કે હઝરત અલી (અ.સ.) રસુલે ખુદા (સ.અ.વ.)ના કાકાના દીકરા ભાઈ પણ છે અને રસુલે ખુદા (સ.અ.વ.)ના બેટીના પતિ પણ છે. એટલા માતે નસ્બ અને જમાઈ બન્ને હઝરત અલી (અ.સ.)માં ભેગું થઈ ગયું છે.

હઝરત ઈમામ જઅફરે સાદિક (અ.સ.)એ ફરમાવ્યું: અલ્લાહ તઆલાએ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની તરફ વહ્ય ફરમાવી કે ફાતેમા (સ.અ.)ને કહી દો કે હઝરત અલી (અ.સ.)ની નાફરમાની કયારેય ન કરે કારણકે હઝરત અલી (અ.સ.)ની નારાઝગી મારી નારાઝગી છે.

જનાબે ફાતેમા (સ.અ.)ની શાદી હઝરત અલી (અ.સ.)થી કરવાથી ઘણા લોકો રસુલે ખુદા (સ.અ.વ.) ઉપર ખફા થઈ ગયા.

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ સાંભળો! અગર અલી (અ.સ.) પૈદા જ ન થયા હોત તો જનાબે ફાતેમા (સ.અ.)ના કોઈ કુફુ અને હમસર ન હોત.

- એક રિવાયતમાં છે કે રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ અય અલી (અ.સ.)! અગર તમે ન હોત તો આ ઝમીન ઉપર ફાતેમા (સ.અ.)ના કોઈ કુફુ અને હમસર ન હોત.
- મુફઝઝલ હઝરત ઈમામ જઅફરે સાદિક (અ.સ.)થી રિવાયત કરી છે કે ઈમામ (અ.સ.) એ ફરમાવ્યુંઃ અલ્લાહ તઆલાએ અગર અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અ.સ.)ને પૈદા ન કર્યા હોત તો આ રૂહે ઝમીન ઉપર જનાબે ફાતેમા (સ.અ.)ના કોઈ કુફુ ન મળત, ચાહે તે હઝરત આદમ (અ.સ.) હોય અથવા બીજા કોઈ.
- અલ્લામા મજલીસી (અ.ર.)નું બયાન છે કે લોકો કહે છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ શૈખેનની બેટીઓને પોતાના નિકાહમાં લીધી અને પોતાની બે દીકરીઓને ઉસ્માનના નિકાહમાં દઈ દીધી.

આના જવાબમાં હું એમ કહું છું કે કોઈની દીકરીથી રસુલે ખુદા (સ.અ.વ.) નિકાહ કરે તે તેના માટે ફઝીલતની દલીલ નથી. હા, પરંતુ આ દલીલ છે ફકત તે વાતની કે તે લોકો મુસલમાન હતા અને કલમએ શહાદતૈન પઢતા હતા તેના સિવાય બીજું કંઈ નહિ.

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ફકત શૈખેનની બેટીઓથી નિકાહ નથી કર્યા પરંતુ રસુલે ખુદા (સ.અ.વ.)એ બીજા લોકોની દીકરીઓથી પણ નિકાહ કર્યા. આમાં ફઝીલત (ફકત આનેજ કેમ મળે). બીજાને પણ આવી જ ફઝીલત હોવી જોઈએ જેવી ફઝીલત શૈખેનને દેવામાં આવે છે.

હવે રહી ગઈ ઉસ્માનની વાત તો તેમાં મોટો ઈખ્તેલાફ છે કે જે બેટીઓના નિકાહ ઉસ્માનથી થયા હતા તે હકીકતમાં રસુલે ખુદા (સ.અ.વ.)ની દીકરી હતા કે નહિ? અને એ પણ કે તે દીકરીઓની શાદી રસુલે ખુદા (સ.અ.વ.) એ ઉસ્માનની પહેલ કાફીરોથી કરી દીધી હતી તેથી તેઓ (ઉસ્માન) માટે આ કોઈ ફઝીલત છે તો તે ફઝીલતમાં કાફીર પણ તેનો શરીક છે. પરંતુ જનાબે ફાતેમા (સ.અ.)ના બારામાં એવું નથી એટલા માટે કે જનાબે ઝહરા (સ.અ.) ઓહદે ઈસ્લામમમાં પૈદા થયા છે અને તેમનો શુમાર આલે અબામાં છે (હદીસે કીસાઅ). તેઓ એહલે મુબાહેલામાંથી પણ છે અને સખત પરિસ્થિતિમાં ઈસ્લામ માટે હિજરત કરવાવાળામાંથી છે. તેમની શાનમાં આયતે તત્હીર નાઝીલ થઈ. જીબ્રઈલે અમીને એહલે કિસાઅમાં શરીક થવા પર ફખ્ર કર્યો છે. જ્યારે કે જનાબે ઝહરા (સ.અ.) એહલે કીસાઅમાં કેન્દ્ર (મુખ્ય)ની વ્યકિત હતા. અલ્લાહ તઆલાએ એહલેબૈત (અ.મુ.સ.) (જેમાં ઈમામ હસન (અ.સ.), ઈમામ હુસૈન (અ.સ.), હઝરત અલી (અ.સ.) અને જનાબે ફાતેમા (સ.અ.) છે)ની સચ્ચાઈ પર ગવાહી આપી છે અને જનાબે ઝહરા (સ.અ.) ૧૧ મઅસુમ અઈમ્માહ (અ.મુ.સ.) અને તાહેરીનના માં છે. જેમાં ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.) જેવા જન્નતના જવાનોના સરદાર પણ છે અનેતેમનાથી જ તે રસુલે ખુદા (સ.અ.વ.)ની પાકો પાકીઝા નસ્લ ચાલી. તેઓ જ દુનિયાઓની ઔરતોના સરદાર છે. જનાબે ઝહરા (સ.અ.)ની શાદી તેમના ખાનદાનમાં એવા વ્યકિતથી થઈ જે તેમના માટે અજાણ ન હતા. (જે મરતબામાં અલ્લાહની નઝરમાં મુસ્તુફા (સ.અ.વ.)ના પછી મુરતુઝા (અ.સ.) છે). શૈખેને રસુલે ખુદા (સ.અ.વ.)થી પોતાનો રિશ્તો જોડયો અને અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)થી ખુદ રસુલે ખુદા (સ.અ.વ.)એ પોતાનો રિશ્તો કાએમ કર્યો. રસુલે ખુદા (સ.અ.વ.)એ શૈખેનનો શાદીનો પ્રસ્તાવ રદ કરી દીધો.

પછી હઝરત અલી (અ.સ.) અને જનાબે ફાતેમા (સ.અ.)ની શાદી પણ અજીબ શાનથી થઈ. નિકાહ પઢવાવાળા ખુદ અલ્લાહ અને કબુલ કરવાવાળા જીબ્રઈલે અમીન નિકાહનો ખુત્બો પઢવાવાળા રાહીલ અને શાદીના ગવાહ અર્શને ઉપાડનારા અને ન્યોછાવર કરવાવાળા રિઝવાન જન્નતના ખજાનચી હતા. ન્યોછાવર કરવા માટે વાસણ તુબાનું ઝાડ હતું અને સદકાની વસ્તુઓ મોતી, યાકુત અને મરજાન હતી અને સદકો લેવાવાળા જન્નતવાળા હતા. હઝરત અલી (અ.સ.) અને જનાબે ઝહરા (સ.અ.)ને તૈયાર કરવાનો હુકમ દેવાવાળા રસુલે ખુદા (સ.અ.વ.) હતા અને તૈયાર કરવાવાળા નબી (સ.અ.વ.)ની પત્નિઓ હતા અને શાદીનો રૂમ સજાવવાવાળા અસ્મા હતા અને નિકાહના નતીજામાં અઈમ્મએ તાહેરીન પૈદા થયા.

(મનાકિબે ઈબ્ને શેહરે આશોબ)

## ૩૬) દહેજના સામાનની ખરીદીઃ

હઝરત અલી (અ.સ.)નું બયાન છે કે રસુલે ખુદા (સ.અ.વ.) મારી તરફ થઈને ફરમાવ્યુંઃ અય અલી (અ.સ.) અત્યારેજ જાઓ અને તમારી ઝીરાહને વેંચીને તેની કિંમત મારી પાસે લાવો જેથી તેમાંથી મારી દીકરી ફાતેમા (સ.અ.)ના દહેજ અને તમારા ઘરનો સામાન ખરીદવામાં આવે.

હઝરત અલી (અ.સ.) એ ફરમાવે છે કે આ હુકમ મળતા હું બજારમાં ગયો અને મારી ઝીરા ૪૦૦ દિરહમમાં વહેંચીને બધી રકમ રસુલે ખુદા (સ.અ.વ.)ની ખિદમતમાં લાવીને આપી દીધી.

રસુલે ખુદા (સ.અ.વ.)ને આ દિરહમોમાંથી એક મુઠી ઉઠાવીને મિકદાદ બિન અસ્વદને આપી અને ફરમાવ્યુંઃ આ લ્યો. આનાથી જનાબે ફાતેમા (સ.અ.)નો દહેજ ખરીદો અને ખુશ્બુ વધારે ખરીદજો.

જનાબે મીકદાદ બજારમાં ગયા અને આ વસ્તુઓ ખરીદી.

૧ ચક્કી, ૧ મશ્ક, ચામડાનો ૧ તકીયો, ૧ ચટાઈ અને આ દરેક વસ્તુઓ લાવીને રસુલે ખુદા (સ.અ.વ.)ની સામે રાખી દીધી. તે સમયે અસ્મા બિન્તે ઉમૈસ પણ ત્યાં મૌજુદ હતા.

એક રિવાયત આ પણ છે કેઃ

રસુલે ખુદા (સ.અ.વ.) એ અબુબક્રને બોલાવ્યા અને ફરમાવ્યુંઃ લો આ દીરહમોથી મારી દીકરી જનાબે ફાતેમા (સ.અ.) માટે દહેજનો સામાન ખરીદી લાવો.

પછી રસુલે ખુદા (સ.અ.વ.) એ જનાબે સલમાનને અને જનાબે બીલાલને પણ તેની સાથે મોકલ્યા જેથી સામાનની ખરીદી અને તેને ઉંચકવા માટે તેની મદદ કરે.

અબુબક્ર કહે છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ મને સામાનની ખરીદી માટે ૬૩ દીરહમ આપ્યા હતા જેમાંથી મેં નીચે મુજબ વસ્તુઓ ખરીદી.

૧) મિસ્રી કંતાનમાંથી બનેલો એક તકીયો જેમા ઉન ભરેલું હતું. ૨) ચામડાનું એક પાથરણું. ૩) ચામડાના તકીયા જેમાં ખજુરના પાન ભરેલા હતા. ૪) એક ખૈબરની અબા ૫) એક મશ્ક ૬) થોડાક માટીના વાસણ ૭) થોડીક સંખ્યામાં ઘડા ૮) એક માટીનો લોટો ૯) એક ઉનનો હળવો પડદો.

આ વસ્તુઓ અમે લોકો ઉપાડીને હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની ખિદમતમાં લાવીને તેમની સામે રાખી દીધી.

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ જ્યારે આ થોડોક સામાન જોયો તો આંખોમાં આંસુ ભરાય ગયા અને આસમાનની તરફ જોઈને ફરમાવ્યુંઃ પરવરદિગાર તું બરકત આપ તે લોકોને જેના દરેક વાસણ માટીના છે.

હઝરત અલી (અ.સ.)નું બયાન છે કે ત્યાર પછી રસુલે ખુદા (સ.અ.વ.)એ ઝીરાની વધેલી રકમ જનાબે ઉમ્મે સલમાની પાસે જમા કરાવી દીધી અને ફરમાવ્યુંઃ આ દિરહમ તમારી પાસે રાખો.

## ૩૭) જનાબે ખદીજા (સ.અ.)નો અસ્મા બિન્તે ઉમૈસથી વાયદો લેવોઃ

અલી બિન ઈસાએ બયાન કર્યું છે કે મારાથી સય્યદ જલાલુદ્દીન અબુલ હમીદ ઈબ્ને ફખ્ખાર મુસવીએ પણ શબ્દોના થોડાક ફેરફારની સાથે આ હદીસ બયાન કરી છે કે અસ્મા બિન્તે ઉમૈસનું બયાન છે કે જનાબે ખદીજા (સ.અ.)ની વફાતના સમયે હું ત્યાં પહોંચી તો તેઓ રોવા લાગ્યા. મેં પુછયું કેતમે તો સય્યદતુલ નિસા છો અને તમે તો નબીના પત્નિ છો. તમને તો રસુલે ખુદા (સ.અ.વ.) એ પોતાની ઝબાનથી જન્નતની બશારત આપી છે તો પણ તમે રડો છો?

જનાબે ખદીજા (સ.અ.) એ ફરમાવ્યુંઃ હું એટલા માટે નથી રડતી પરંતુ મને ખ્યાલ આવે છે કે જ્યારે મારી દીકરીની શાદી થાય છે તો તેને એક એવી ઔરતની જરૂરત હોય છે જે તેની જરૂરીયાત પુરી કરે, તેની સંભાળ રાખે. મારી દીકરી જનાબે ફાતેમા (સ.અ.) હજુ ઘણા નાના છે. અગર મારી વફાત થઈ જશે તો તેની શાદીના સમયે કોણ તેની દેખભાળ કરશે?

અસ્મા બિન્તે ઉમૈસે કહ્યુંઃ અય મારી માલેકા! હું તમારાથી વાયદો કરૂં છું કે અગર હું તે સમય સુધી જીવત હઈશ તો તમારી જગ્યાએ હું તેમની દેખભાળ કરીશ.

જનાબે ફાતેમા (સ.અ.)ની વિદાયની રાત્રે જ્યારે રસુલે ખુદા (સ.અ.વ.) તશરીફ લાવ્યા અને ફરમાવ્યુંઃ દરેક ઔરતો હવે અહીંથી ચાલ્યા જાય અને રૂમને ખાલી કરી દે.

દરેક ઔરતો ચાલી ગઈ પરંતુ હું ન ગઈ. જ્યારે રસુલે ખુદા (સ.અ.વ.) ત્યાંથી ચાલવા લાગ્યા તો તેમણે મને ધ્યાનથી જોયા અને ફરમાવ્યુંઃ તમે કોણ છો?

અસ્મા બિન્તે ઉમૈસે કહ્યુંઃ હું અસ્મા બિન્તે ઉમૈસ છું.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ શું મેં તમને જવાનું નહોતું કહ્યું?

મેં કહ્યુંઃ જી હા. અય અલ્લાહના રસુલ (સ.અ.વ.)! તમે ફરમાવ્યું હતું. મારા માં-બાપ તમારા ઉપર કુરબાન થાય. મારો હરગીઝ એવો ઈરાદો ન હતો કે હું તમારા હુકમની મુખાલેફત કરૂં. પરંતુ હકીકત એ છે કે મેં જનાબે ખદીજા (સ.અ.)થી વાયદો કર્યો હતો.

ત્યારબાદ જનાબે અસ્માએ રસુલે ખુદા (સ.અ.વ.)ને પુરો વાક્યો સંભળાવ્યો તો રસુલે ખુદા (સ.અ.વ.)ની આંખોમાં આંસુ આવી ગયા અને ફરમાવ્યુંઃ તો તમે એટલા માટે અહીંથા રોકાણા છો?

અસ્મા એ કહ્યુંઃ જી હા. અલ્લાહની કસમ! એટલા માટે જ રોકાઈ છું.

આ સાંભળીને રસુલે ખુદા (સ.અ.વ.) એ મને દોઆ આપી.

# પ્રકરણ-૬
# હઝરત ફાતેમા ઝહરા (સ.અ.)નો હઝરત અલી (અ.સ.) સાથે વર્તન

## ૧) કુરૈશની ઔરતોના મેણા ટોણાઃ

હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) થી રિવાયત છે કે હઝરત ફાતેમા ઝહરા (સ.અ.) ને અમુક ઔરતોએ એમ કહ્યું કે ફલાણા ફલાણા લોકોએ તમારા પિતાને તમારો પૈગામ આપ્યો, પરંતુ તેઓએ તેને રદ્ કરી દીધો અને એક ફકીર મર્દથી તમારી શાદી કરી દીધી.

આ સાંભળીને હઝરત ફાતેમા ઝહરા (સ.અ.) રસુલે ખુદા (સ.અ.વ.) ની ખીદમતમાં આવ્યા અને ફરમાવ્યુંઃ 'પિતા! તમે મારી શાદી એક મુફલીસ શખ્સ સાથે કરી દીધી.'

રસુલે ખુદા (સ.અ.વ.) એ હઝરત ફાતેમા (સ.અ.) નો હાથ પકડીને હલાવ્યો અને ફરમાવ્યુંઃ 'એ ફાતેમા (સ.અ.વ.)! એવુ નથી પરંતુ મે તમારી શાદી એક એવા શખ્સથી કરી છે જે ઈસ્લામમાં સૌથી પહેલા છે અને ઈલ્મમા સૌથી વધારે સંપૂર્ણ છે અને હીલ્મમાં સૌથી વધારે અફઝલ છે, શું તમને નથી ખબર કે હઝરત અલી (અ.સ.) દુનિયા અને આખેરતમાં મારા ભાઈ છે?'

આ સાંભળીને હઝરત ફાતેમા ઝહરા (સ.અ.) મુસ્કુરાવા લાગ્યા અને અર્ઝ કરીઃ 'અય અલ્લાહના રસુલ! હું તેના પર રાજી અને ખુશ છું.'

(કિતાબ મનાકીબે ઈબ્ને શહરે આશુબ)

- અબુ કબીલની રિવાયત છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) ને ફરમાવ્યું કેઃ 'મે તમારી તે સમય સુધી શાદી ન કરી જ્યા સુધી કે જીબ્રઈલે અમીન ખુદાનો હુકમ લઈને ન આવ્યા.'

ઈમરાન બીન હસીન અને હબીબ બીન અબી સાબીતની રિવાયતમાં છે કે રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું કેઃ- 'મે તમારી શાદી તેનાથી કરી છે જે ઈલ્મમાં સૌથી બેહતર છે.'

- ઈબ્ને ગસાનની રિવાયત છે કે રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું: 'મે તમારી શાદી તેનાથી કરી છે જે (મારા પછી) સૌથી અફઝલ છે.'
- કીતાબ ઈબ્ને શાહી અબ્દુર રઝઝાકમા પોતાની સનદોની સાથે અકરમાથી રિવાયત છે કે રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું: 'મે તમારી શાદી એવા શખ્સ સાથે કરી છે જે મારા ખાનદાનમાં મને સૌથી વધારે મહેબુબ (પસંદ) છે.'

(કિતાબ મનાકીબે ઈબ્ને શહરે આશુબ)

ઈબ્ને અબ્બાસ એ હઝરત સલમાને ફારસીથી રિવાયત કરી છે કે હુ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ની પાસે ઉભા-ઉભા રસુલ (સ.અ.વ.)ના હાથો પર પાણી નાખી રહ્યો હતો કે જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) ગમગીન હાલતમાં આવ્યા.

રસુલે ખુદા (સ.અ.વ.) એ પોતાનો હાથ તેમના સર પર રાખ્યો અને ફરમાવ્યું: ''અય હુરીયહ! તમારી ગમગીન થવાનુ કારણ શુ છે?'

જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) એ ફરમાવ્યું: 'પિતા! કુરૈશની અમુક ઔરતોએ મારા અને હઝરત અલી (અ.સ.) વિષે મેણુ લગાવતો જુમ્લો કહ્યો.'

રસુલે ખુદા (સ.અ.વ.) એ પુછયું: તે ઓરતો શું કહી રહી હતી? જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) એ ફરમાવ્યું: તેઓ કહતી હતી કે રસુલે ખુદા (સ.અ.વ.) પર તેમની દીકરી એટલી બોજારૂપ હતી કે રસુલે ખુદા (સ.અ.વ.) એ તેમની શાદી કુરૈશના એક એવા મર્દ જે ફકીર છે તેનાથી કરી દીધી, જે માલમાં સૌથી વધારે ગરીબ છે, તેની પાસે દુન્યવી માલમાંથી કાઈ નથી.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું: બેટી! ખુદાની કસમ મે આ શાદી નથી કરી પરંતુ આ શાદી તો ખુદ ખુદાએ કરે છે. પહેલા તો ફલાણા ફલાણા શખ્સોએ તમારી સાથે શાદીનો પૈગામ મોકલ્યો હતો પરંતુ મે તમારા મામલાને અલ્લાહને હવાલે કરી દીધો હતો અને લોકોથી કાઈ મતલબ ન રાખ્યો; રોઝે જુમ્મા હું નમાઝે સુબ્હમા મશ્ગુલ હતો કે ત્યારે મે મલાએકાની પાંખો ની અવાજ સાંભળી જોયું તો જીબ્રઈલે અમીન મલાએકાની ૭૦ સફોને લઈને નાઝીલ થયા છે; તે હાલતમાં કે તમામ મલાએકા પોતાના માથા પર તાજ પહેરેલો હતો અને કીમતી ઝવેરાત અને જન્નતી લીબાસથી તૈયાર થયેલા હતા.

મે પુછયું: ભાઈ જીબ્રઈલ! આ મલાએકાઓનો સમૂહ અને આ રીતે ખુશીનુ શું કારણ છે?

જીબ્રઈલે અમીને કહ્યું: અય અલ્લાહના રસુલ! અલ્લાહ તઆલાએ ઝમીન તરફ નઝર કરી તો મર્દોમાં અલી (અ.સ.)ને મુન્તખબ કર્યા અને ઓરતોમાંથી જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ને મુન્તખબ કર્યા પછી બન્નેની શાદી કરી દીધી (એટલા માટે અમે બધા ખુબજ ખુશ છીએ).

આ સાંભળીને જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) એકદમ મુસ્કુરાયા અને અર્ઝ કરી: પિતા! જે અલ્લાહ અને તેનો રસુલ (સ.અ.વ.) રાઝી હોય હું પણ રાજી અને ખુશ છુ.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું: 'અય ફાતેમા (સ.અ.)! હજી વધારે બયાન કરૂ જેથી તમારા દીલમા હઝરત અલી (અ.સ.) ની મોહબ્બત પૈદા થાય.'

જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) એ ફરમાવ્યું: જી હા, ઈરશાદ ફરમાવો.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું: ઠીક છે સાંભળો! હશ્રના મૈદાનમાં જે લોકો અલ્લાહની બારગાહમાં સવાર થઈને જશે તેમાં અમે

ચારથી વધારે કોઈ ઈઝઝતદાર અને એહતેરામ લાયક નહી હોય. એક તો મારો ભાઈ સાલેહ (સ.અ.વ.) પોતાની ઊટણી પર સવાર હશે, બીજા મારા કાકા જનાબે હમ્ઝા જે મારી ઊટણી ગઝબા પર હશે, ત્રીજા હું બુરાક પર સવાર થઈશ, ચોથા તમારા શૌહર હઝરત અલી (અ.સ.) જેઓ જન્નતની એક ઊટણી પર સવાર હશે.

જનાબે ફાતેમા (સ.અ.) એ પુછયુઃ પિતા! તે ઊટણી કેવી હશે? રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ બેટી! તે ઊટણીની પૈદાઈશ નુરથી હશે અને તેનો પહેલુ મખમલની જેમ નરમ હશે, તેનો રંગ પીળો, તેનુ માથુ લાલ, આંખોનુ કુંડાળુ કાળી, તેના પગો સોનાના, મેહાર તાજા મોતીની, આંખો યાકુતની, પેટ લીલા ઝબરજુદનુ અને તે ઊટણી પર એક સફેદ મોતીયો નો કુબ્બો (અમારી) હશે જે એટલો સાફ અને પારદર્શક હશે કે તેનુ ઝાહીર તેના બાતીનથી અને બાતીન તેના ઝાહીરથી દેખાશે. આ અલ્લાહની ઊટણીમાથી એક ઊટણી હશે તેના ૭૦ રૂકન હશે અને એક રૂકન બીજા રૂકન સુધી ૭૦૦૦૦ મલક હશે જેઓ વિવિધ ઝબાનોમાં અલ્લાહ તઆલાની તસ્બીહ અને તકદીસ કરતા હશે અને જે સમયે હઝરત અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) તે ઊટણી પર સવાર થઈને મલાએકાની સફોમાંથી પસાર થશે તો મલાએકા કહેશે કેઃ જુઓ આ બંદો અલ્લાહ તઆલાની નઝદીક કેટલો મોહતરમ છે, એવુ માલુમ થાય છે કે આ કોઈ નબીએ મુરસલ છે અથવા કોઈ મુકર્રબ મલક છે અથવા અર્શને ઉચકનાર છે અથવા કુરસીને ઉચકનાર છે.

તે સમયે અર્શની નીચેથી આવાજ આવશેઃ અય લોકો સાંભળો આ શખ્સ ન તો મુરસલ નબી છે અને ન તો મુકર્રબ મલક છે પરંતુ આ હઝરત અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) છે.

આ અવાજ બધા સાંભળશે અને પછી ચારેય દિશાથી ખુદાની મખ્લુક તેમને જોવા માટે તુટી પડશે અને હઝરત અલી (અ.સ.)ની શાન જોઈને કહેશેઃ ઈન્ના લીલ્લાહે વ ઈન્ના એલય્હે રાજેઉન અમે દુનિયામાં તેના બારામાં હદીસો સાંભળતા હતા પરંતુ તસ્દીક નહોતા કરતા. લોકો અમને નસીહત કરતા હતા પરંતુ અમે કબુલ નહોતા કરતા અને જે લોકો હઝરત અલી (અ.સ.) ના દોસ્તો હશે તેઓ આ ઉરવતુલવુસ્કા (હઝરત અલી અ.સ.) ના દામન ને પકડી લેશે.

અય ફાતેમા (સ.અ.)! અલી (અ.સ.)ના દોસ્તો આ રીતે નજાત પામશે. ત્યારબાદ રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ અય ફાતેમા (સ.અ.)! શું હું હજી વધારે બયાન કરૂ જેથી તમે હઝરત અલી (અ.સ.)થી વધારે મોહબ્બત કરવા લાગો?

જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) એ ફરમાવ્યુંઃ પિતા! હજી વધારે બયાન કરો.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ એક વખત જીબ્રઈલે અમીન નાઝીલ થયા અને કહ્યુંઃ અય અલ્લાહના રસુલ! તમે અલ્લાહ તરફથી હઝરત અલી (અ.સ.) ને સલામ પહોચાડી દયો.

આ સાંભળીને જનાબે ફાતેમા (સ.અ.) ઉભા થઈ ગયા અને કહેવા લાગ્યાઃ પિતા! હું એ વાત પર ખુબ ખુશ છુ કે અલ્લાહ, મારો રબ છે અને અય પિતા! તમે નબીએ ખાતમ છો અને તમારા કાકાનો દીકરો મારો શૌહર અને ખુદાનો વલી છે.

(કીતાબ મનાકીબે ઈબ્ને શહરે આશુબ)

## ૨) શૌહરની ઈતાઅતનો હુકમઃ

ઈબ્ને અબી યાફુરએ ઈમામ જાફરે સાદીક (અ.સ.) થી રિવાયત કરી છે કેઃ અય અલ્લાહ તઆલાએ પોતાના રસુલ તરફ વહય નાઝીલ કરી કે

જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) ને કહી દયો કે (પોતાના શૌહર) હઝરત અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ની નાફરમાની કયારેય નહી કરે, એટલા માટે કે અગર તેઓ તેનાથી નારાઝ થઈ ગયા તો હું પણ જનાબે ફાતેમા (સ.અ.) થી ખુશ નહી થઈશ.

(કીતાબે આમાલીએ શૈખે મુફીદ)

**૩) આલે મોહમ્મદ (સ.અ.વ) ના ઘરોમાં એક મહીનાથી આગ પણ રોશન નથી થઈઃ**

સુવૈદ બીન ગફલહથી રિવાયત છે કે એક વખત હઝરત અલી (અ.સ.) માલની સખ્તીમાં મુબ્તેલા થઈ ગયા તો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) જનાબે રસુલે ખુદા (સ.અ.વ.) ની પાસે ગયા અને દરવાજો ખટખટાવ્યો; હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ અય ઉમ્મે અયમન! હું મારી વહાલી દીકરીની આહટ મહેસુસ કરૂ છુ જરા જોવો તો ખરા કે દરવાજા પર કોણ છે?

ઉમ્મે અયમને દરવાજો ખોલ્યો તો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) દાખલ થયા.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ બેટી! આજે આ સમયે કેમ આવ્યા છો?

જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) એ ફરમાવ્યુંઃ પિતા! એ ઈરશાદ ફરમાવો કે ફરીશતાઓ કઈ ચીજને પોતાની ખોરાક બનાવે છે?

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ અલ્લાહની હમ્દ કરવી તે ફરીશતાઓની ખોરાક છે.

જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) એ પુછયુઃ અને અમારી ગીઝા શુ છે?

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ બેટી! તે ઝાતની કસમ જેના કબ્જાએ કુદરતમાં મારી જાન છે એક મહીનાથી બધા આલે મોહમ્મદ (સ.અ.) ના ઘરોમાં આગ પણ રોશન નથી થઈ, સારૂ હું તમને તે પાંચ કલેમાત બતાવુ છુ જે જીબ્રઈલ (અ.સ.) એ મને બતાવ્યા હતા. હઝરત ફાતેમા ઝહરા (સ.અ.) એ ફરમાવ્યુંઃ પિતા! ઈરશાદ ફરમાવો

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ તે પાંચ કલેમાત આ છે.

يَا رَبَّ الْأَوَّلِينَ وَ الْآخِرِينَ يَا ذَا الْقُوَّةِ الْمَتِينِ وَ يَا رَاحِمَ الْمَسَاكِينِ

وَيَا أَرْحَمَ الرَّاحِمِين

આ સાંભળીને જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) એ પાછા આવી ગયા. હઝરત અલી (અ.સ.) એ પુછયુઃ અય ફાતેમા (સ.અ.)! તમારા પર મારા મા-બાપ ફીદા થાય, હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ શું ફરમાવ્યું?

જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) એ ફરમાવ્યુંઃ હું દુનિયા માટે ગઈ હતી અને આખેરત લઈને આવી છું હઝરત અલી (અ.સ.) એ ફરમાવ્યુંઃ બેશક તમારી સામે ભલાઈ જ ભલાઈ છે.

(કીતાબ દઅવાતે રાવન્દી)

### ૪) આપ (સ.અ.)ને શીકાયત કે હઝરત અલી (અ.સ.) બધુ જ રાહે ખુદામાં આપી દે છેઃ

હઝરત ઈમામ જાફરે સાદીક (અ.સ.) થી રિવાયત છે કે એક વખત જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) એ જનાબે રસુલે ખુદા (સ.અ.વ.) ને શીકાયત કરી કેઃ અય અલ્લાહના રસુલ! અલી (અ.સ.) તો ઘરમાં કોઈ ચીજ નથી છોડતા, બધુ જ મીસ્કીનોને આપી દે છે.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ બેટા ફાતેમા (સ.અ.)! અલી (અ.સ.)ના કારે ખૈર (નેક કામ)ના મામલામા હું કઈ રીતે દખલ કરી

શકુ? (જે રીતે થઈ શકે અલી (અ.સ.)ના દરેક મામલામાં ખુશ રહેવાની કોશીશ કરો) કારણકે અલી (અ.સ.) ની નારાઝગી મારી નારાઝગી છે અને મારી નારાઝગી અલ્લાહની નારાઝગી છે.

(કીતાબ મીસ્બાહુલ અન્વાર)

### ૫) આપ (સ.અ.)ની હયાતીમાં હઝરત અલી (અ.સ.) પર બીજી ઓરતો હરામ હતીઃ

અબુ બસીરે ઈમામ જઅફરે સાદીક (અ.સ.) થી રિવાયત કરી છે કેઃ અલ્લાહ તઆલા એ હઝરત અલી (અ.સ.) પર જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) ની ઝીંદગીમાં તમામ ઔરતોને હરામ કરી દીધી હતી.

એક સવાલ કરનારે પુછયુ કેઃ એમ કેમ હતુ? ઈમામ સાદીક (અ.સ.) એ ફરમાવ્યું કેઃ જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) પાકો પાકીઝા હતા અને તેઓને હૈઝ નહોતુ આવતુ (કીતાબ આમાલીએ શૈખે મુફીદ)

### ૬) સુરે હલઅતા માં આપ (સ.અ.)નો એહતેરામઃ

આલીમ (અ.સ.) એટલે કે હઝરત ઈમામ જાફરે સાદીક (અ.સ.) થી કોઈએ પુછયુ કેઃ અલ્લાહ તઆલા એ સુરે હલઅતા એહલેબૈતની શાનમાં નાઝીલ કર્યો છે તેમાં જન્નતની દરેક નેઅમતોનો ઝીક્ર છે પરંતુ હુરૂલ્ઈનનો ઝીક્ર નથી તેનુ શું કારણ છે?

ઈમામ સાદીક (અ.સ.) એ ફરમાવ્યું કેઃ એવુ એટલા માટે કરવામાં આવ્યું છે કે જેથી જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) નો એહતેરામ બાકી રહે (કારણકે જનાબે ફાતેમા (સ.અ.) પણ હુરા છે)

(મનાકીબ)

સુફયાને સોરીએ અબુ સાલેહથી રિવાયત કરી છે કેઃ આ આયત وَإِذَا النُّفُوسُ زُوِّجَتْ (સુરે તકવીર : ૭) થી મુરાદ એ છે કે ; કયામતના દિવસે

તમામ મોઅમેનીન જ્યારે પુલે સેરાત પર થી પસાર થઈને બીજી તરફ પહોચશે તો અલ્લાહ તઆલા, જન્નતના દરવાજા પર દુનિયાની ઔરતોમાંથી ચાર ઓરતોની સાથે તેની શાદી કરશે અને તેના સીવાય ૭૦૦૦૦ હુર પણ તેના હીસ્સામાં આવશે સીવાય હઝરત અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.); એટલા માટે કે હઝરત ફાતેમા બતુલ (સ.અ.) ના હઝરત અલી (અ.સ.) દુનિયામાં પણ શૌહર છે અને આખેરતમાં પણ હઝરત અલી (અ.સ.) જનાબે ઝહરા (સ.અ.)નો શૌહર હશે, દુનિયાની કોઈપણ ઔરત ત્યા આખેરતમાં હઝરત અલી (અ.સ.) ની જવઝા નહી બની શકે, પરંતુ ૭૦૦૦૦ હુર અલ્લાહ તઆલા તેમને (હઝરત અલી અ.સ.) પણ અતા કરશે અને દરેક હુરના ૭૦૦૦૦ નોકરો હશે.

# પ્રકરણ-૭
# જનાબે ઝહરા (સ.અ.) પર મઝાલીમ, તેમનુ ગીર્યા અને બુકા અને આપ (સ.અ.) ની શહાદતનું બયાન

## ૧) દુનિયાના પાંચ મશહુર રોવાવાળાઃ

સોહૈલે બેહરાનીએ હઝરત ઈમામ જાફરે સાદીક (અ.સ.)થી રિવાયત કરી છે કેઃ દુનિયામાં ખુબ જ રોવાવાળા ૫ થયા છેઃ (૧) હઝરત આદમ (અ.સ.) (૨) હઝરત યાકુબ (અ.સ.) (૩) હઝરત યુસુફ (અ.સ.) (૪) જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) (૫) ઈમામ અલી ઈબ્ને હુસૈન ઝયનુલ આબેદીન (અ.સ.)

હઝરત આદમ (અ.સ.) જન્નતની ફીરાકમાં એટલા રડયા કે તેમના ગાલ પર નહેરોની જેવા નીશાન પડી ગયા હતા; હઝરત યાકુબ (અ.સ.) પોતાના દીકરા હઝરત યુસુફ (અ.સ.)ની જુદાઈમાં એટલા રડયા કે તેમની આંખની રોશની ચાલી ગઈ ત્યા સુધી કે તેમને કહેવામાં આવ્યું (જેને કુરઆને મજીદમાં અલ્લાહ તઆલા એ આ પ્રમાણે નકલ કર્યું છે)

قَالُوا تَاللهِ تَفْتَؤُا تَذْكُرُ يُوسُفَ حَتَّى تَكُونَ حَرَضاً أَوْ تَكُونَ مِنَ الْهَالِكِينَ

(સુરે યુસુફ : ૮૫)

ખુદાની કસમ! તમે હમેશા જનાબે યુસુફ (અ.સ.)ને જ યાદ કરતા રહેશો ત્યા સુધી કે તમે બીમાર પડી જાવ કે હલાક થઈ જાવ.

એજ રીતે હઝરત યુસુફ (અ.સ.) પણ પોતાના પિતાની જુદાઈમાં એટલા રડયા કે કૈદખાનાના બીજા કૈદીઓ તેમના રોવાના લીધે પરેશાન થઈ ગયા અને કહેવા લાગ્યા કે તમે રોવા માટે દિવસ કે રાતમાંથી કોઈ એક સમય નક્કી કરી લ્યો જેથી જનાબે યુસુફ (અ.સ.) એ તેઓની વાત માની લીધી.

હઝરત ફાતેમા ઝહરા (સ.અ.) પણ પોતાના પવિત્ર પિતાની જુદાઈમા એટલા રડયા કે મદીનાવાળાઓ એ તેમની પાસે આ પૈગામ

મોકલ્યો કે તમારા દરેક સમયે રોવાથી અમે લોકો તંગ આવી ગયા છે. જનાબે ફાતેમા ત્યારબાદ શોહદાની કબરો પર જઈને રડયા કરતા હતા.

હઝરત ઈમામ અલી ઈબ્ને હુસૈન ઝયનુલ આબેદીન (અ.સ.) પોતાના મહાન પિતા પર પુરી જીંદગી રોતા રહ્યા જ્યારે પણ તેમની સામે ખાવાનુ રાખવામાં આવતુ તેઓ ગીર્યા કરતા હતા ત્યા સુધી કે એક દિવસ ઈમામ સજ્જાદ (અ.સ.)ના ગુલામે કહ્યું કેઃ મને ડર છે કે રોતા-રોતા તમારી જાન ન ચાલી જાય.

ઈમામ સજ્જાદ (અ.સ.) એ ફરમાવ્યુંઃ હું મારા રંજો-ગમની શીકાયત અલ્લાહથી કરૂ છુ અને હું અલ્લાહ તરફથી તે જાણુ છુ તે તુ નથી જાણતો, મને જ્યારે પણ બની ફાતેમાનુ મકતલ યાદ આવે છે તો રડવુ આવે છે.

(કીતાબ ખેસાલે શૈખે સદુક અ.ર.)

શૈખે સદુકની આમાલીમાં પણ ઈબ્ને મઅરૂફથી આજ પ્રકારની રિવાયત છે.

## ૨) રસુલે ખુદા (સ.અ.વ.)નો વફાતનો સમય અને આપ (સ.અ.)નું ગીર્યા કરવુઃ

આમાલીએ શૈખે મુફીદમાં અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસથી રિવાયત છે કેઃ જ્યારે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)નો વફાતનો સમય નઝદીક આવ્યો તો રસુલે ખુદા (સ.અ.વ.) એટલુ રડયા કે આપની દાઢી મુબારક આસુઓથી તર થઈ ગઈ. કોઈએ રસુલે ખુદા (સ.અ.વ.) ને ગીર્યાનુ કારણ પુછયુ તો રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ હું મારી ઝુર્રીયત (ઔલાદ) માટે ગીર્યા કરૂ છુ કારણકે હું એ જોઈ રહ્યો છુ કે બદકાર લોકો મારા બાદ મારી ઔલાદ પર કેવા-કેવા ઝુલ્મ કરશે; જાણે હું જોઈ રહ્યો છુ કે મારા બાદ મારી દીકરી જનાબે ફાતેમા (સ.અ.) પર વિવિધ પ્રકારના ઝુલ્મ કરી રહ્યા છે અને જનાબે ફાતેમા (સ.અ.)

બાબા-બાબા કહીને પુકારી રહ્યા છે પરંતુ મારી ઉમ્મતમાં કોઈ એવુ નથી જે તેની મદદ કરે.

આ સાંભળીને હઝરત ફાતેમા ઝહરા (સ.અ.) રોવા લાગ્યા. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું: બેટી મારી સામે ન રોવો! જનાબે ફાતેમા (સ.અ.) એ ફરમાવ્યું: બાબા! હું મારી મુસીબત પર ગીર્યા નથી કરી રહી પરંતુ તમારી જુદાઈ મારા પર સખત છે.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું: બેટી તમને ખુશખબર થાય કે તમે પણ બહુત જલ્દી મને મળશો કારણ કે તમે મારી એહલેબૈતમાંથી મારી પાસે આવવાવાળામાં પહેલા હશો.

(કીતાબ આમાલીએ શૈખે મુફીદ)

અબુબક્ર જમાલ અને અબુ નઈમ ફઝલ બીન ઝલીન અને શઅબીએ મસરૂકથી અને સોનનમાં કઝવીનીથી અને અબાના અબ્કરીથી અને મુસ્નદમાં મૌસીલથી અને ફઝાએલમાં એહમદથી પોતા-પોતાની સનદોની સાથે ઉરવહથી અને તેણે મસરૂક થી પણ આજ રિવાયત નકલ કરી છે.

શૈખે સદુક (અ.ર.) એ પોતાની સનદોની સાથે ઈબ્ને અબ્બાસથી રિવાયત કરી છે કે જ્યારે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) આ બીમારીમાં મુબ્તેલા થયા (જેમા તેમની વફાત થઈ) તો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) રસુલે ખુદા (સ.અ.વ.) ની પાસે આવ્યા. રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું: બેટી મને મારી મૌતની ખબર આપવામા આવી છે. આ સાંભળીને જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) રોવા લાગ્યા.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું: બેટી તમે ન રોવો, મારા બાદ તમારા પર સાડી બોતેર (૭૨.૫) દિવસ નહી પસાર થાય કે તમે મારાથી આવીને મળશો (વફાત થશે) અને તમે મને ત્યાં સુધી નહી મળશો જ્યા સુધી કે તમને જન્નતના ફુલોનો તોહફો ન મળી જાય.

આ સાંભળીને જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) હસવા લાગ્યા.

(કીતાબ કસસુલ અંબીયા)

સહીહ બુખારી, સહીહ મુસ્લીમ, હીલ્યતુલ્અવ્લીયા અને મુસ્નદ એહમદ બીન હમ્બલમા રિવાયત છે કે આયેશાથી રિવાયત છે કે જનાબે રસુલે ખુદા (સ.અ.વ.) એ પોતાની મૌતની બીમારીમાં જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) ને બોલાવ્યા અને તેમને પોતાની નઝદીક બોલાવીને કાનમાં કાંઈક કહ્યું જેને સાંભળીને જનાબે ફાતેમા (સ.અ.) રોવા લાગ્યા ત્યારબાદ ફરી વખત રસુલે ખુદા (સ.અ.વ) એ કાઈક કાનમાં કહ્યું તો જનાબે ફાતેમા (સ.અ.) મુસ્કુરાવા લાગ્યા.

આયેશા કહે છે કે જ્યારે જનાબે ઝહરાને રોવાનો અને મુસ્કુરાવાનુ કારણ પુછયુ તો જનાબે ઝહરા (સ.અ.) એ જવાબ આપ્યો કે મારા પિતાએ જ્યારે પોતાની મૌતની ખબર આપી તો હું રડવા લાગી અને જ્યારે એમ ફરમાવ્યું કે તેમની વફાત બાદ સૌથી પહેલા હું તેમને જઈને મળીશ (વફાત પામીશ) તો હું મુસ્કુરાવા લાગી.

કીતાબ ઈબ્ને શાહીનમાં હઝરત ઉમ્મે સલમા અને આયેશાથી રિવાયત છે કે તેઓએ જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) ને મુસ્કુરાવ્વાનુ અને ગીર્યા કરવાનુ કારણ પુછયુ તો જનાબે ઝહરા (સ.અ.) એ જવાબ આપ્યો કે બાબાએ પોતાની મૌતની ખબર આપી અને ફરમાવ્યું કે મારા બાદ મારી એહલેબૈત પર સખ્તી કરવામાં આવશે અને મસાએબનો પહાડ તુટી પડશે, આ સાંભળીને હું રોવા લાગી પરંતુ જ્યારે ફરમાવ્યું કે તમે મારી સૌથી પહેલા મુલાકાત કરશો આ સાંભળીને હું હસવા લાગી

હઝરત ઈમામ જઅફરે સાદીક (અ.સ.)થી રિવાયત છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની વફાત બાદ જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) ફકત ૭૫ દિવસ હયાત રહ્યા અને તે અરસામાં જનાબે ઝહરા દરેક સમયે ગમઝદા રહેતા. તેમને તસલ્લી દેવા માટે હઝરત જીબ્રઈલે અમીન

હંમેશા આવ્યા કરતા હતા અને તેમને તેમના મહાન પિતાના જન્નતના મકાનની કૈફીયત અને જનાબે ઝહરા (સ.અ.)ની ઝુર્રીયત (ઔલાદ) પર જે વાકેઆત (હાદસા) ગુઝરવાના હતા તેને બયાન કરતા અને હઝરત અલી (અ.સ.) તેને લખી લેતા હતા.

(કીતાબ અલ ખરાએજ વલ જરાએહ)

તફસીરે અય્યાશીમાં રિવાયત છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.)ની વફાત બાદ એક વખત હઝરત ઉમ્મે સલમા જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની પાસે આવ્યા. જનાબે ઉમ્મે સલમાએ પુછયું: અય બીન્તે રસુલ! તમે કેમ છો?

જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) એ ફરમાવ્યું: ખુબજ દુઃખ અને બેચૈનીમાં પસાર કરી રહી છું, બાબાની વફાત થઈ, તેના વસી પર ઝુલ્મ કરવામાં આવ્યો, રસુલે ખુદા (સ.અ.વ.)ના હીજાબને તાર-તાર કરી નાખવામાં આવ્યો; કુરઆની આયતો અને રસુલ (સ.અ.વ.)ની અહાદીસની એકદમ વિરૂધ્ધ ઈમામત અને વસાયત પર કબ્જો કરી લેવામાં આવ્યો પરંતુ આ બદ્રી અને ઓહદી કેવા હતા જેઓ નિફાકવાળાના દીલોમાં પરવરીશ થઈ રહ્યા હતા અને અત્યાર સુધી એટલા માટે છુપાયેલુ હતુ કે શક્ય છે કે રસુલે ખુદા (સ.અ.વ.)ની ગીબત ક્રે. હવે જ્યારે કે આ લોકો હુકુમત પર કબ્જો મેળવી ચુક્યા છે તો અમારા પર ઝુલ્મની વર્ષા શરૂ કરી દીધી અને હવે તે રસ્સી કપાઈ જશે જે ઈમાનના બંને સરો (માથા)ને મેળવેલા હતા અને અલ્લાહે જે આ વાયદો કર્યો છે કે તે રીસાલતની હીફાઝત અને મોમેનીનની કીફાયત કરશે, તે જે લોકો કમજોર ઈમાનવાળા છે તેની નઝરમાં શંકાશીલ દેખાશે અને ત્યાં તે લોકો આ ફરેબથી ભરપુર દુનિયાથી માલ અને દૌલત ભેગો કરવામાં લાગેલો છે અને અહીયા લોકો મદદ માટે પુકારે છે જેના પિતા અને વારીસો જંગ મા કામ આવ્યા છે અને શહાદતના દરજ્જા પર ફાએઝ થયા.

### ૩) રસુલે ખુદા (સ.અ.)ની ભવિષ્યવાણીઃ

ઈબ્ને અબ્બાસે જનાબે રસુલે ખુદા (સ.અ.વ.)થી એક લાંબી રિવાયત છે કે જેમા હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ પોતાની એહલેબૈત પર ભવિષ્યમાં થવાવાળા મઝાલીમની ખબર આપી હતી; તે બારામાં હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ મારી દીકરી ફાતેમા (સ.અ.) સય્યદતો નેસાઈલ આલમીન (દુન્યાની તમામ ઔરતો ના સરદાર છે) મારો એક ટુકડો છે, મારી આંખોનુ નુર છે, મારા દીલનો મેવો છે, મારી તે રૂહ છે જે મારા બંને પહેલુ દરમીયાન છે, ઈન્સાની શક્લમાં હુર છે જે સમયે તેઓ પોતાની મેહરાબે ઈબાદતમાં પોતાના રબની સામે ઉભા રહે છે તો તેનુ નુર મલાએકા એ રીતે જોવે છે જે રીતે જમીનના રહેવાવાળા સીતારાઓને જોવે છે તે સમયે અલ્લાહ તઆલા પોતાના ફરીશ્તાઓને ફરમાવે છેઃ

અય મારા મલાએકા! જરા મારી ખાસ કનીઝ જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ને જોવો જે મારી દરેક કનીઝોની સરદાર છે તે મારી સામે એ રીતે ઉભા છે કે મારા ખૌફ અને રોઅબો જલાલથી તેના હાથ પગ ધ્રુજી રહ્યા છે અને પુરા દીલથી સાથે મારી ઈબાદતમાં મશ્ગુલ છે અય મારા ફરીશ્તાઓ! હું તમને ગવાહ બનાવીને કહું છું કે મે તેના શીઆઓને જહન્નમથી નજાત આપી દીધી.

ત્યારબાદ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ જ્યારે હું ફાતેમા (સ.અ.)ને જોઉ છું તો મને તે મઝાલીમ યાદ આવે છે જે મારા બાદ તેના પર કરવામાં આવશે, જાણે હું જોઈ રહ્યો છું કે વિવિધ પ્રકારે તેમના ઘરની બેહુરમતી કરવામા આવે છે. તેના એહતેરામને બરબાદ કરી રહ્યા છે; તેમનો હક ગસબ કરવામાં આવે છે, તેમને મીરાસ (વારસા)થી મહરૂમ કરી રહ્યા છે, તેમના પહેલુને શીકસ્તા કરી રહ્યા છે જેના લીધે તેમનુ બાળક (મોહસીન) પોતાની માં ના શીકમમાં શહીદ

થઈ ગયા અને તે (જનાબે ઝહરા સ.અ.) વા મોહમ્મદા કહીને પુકારી રહ્યા છે અને કોઈ જવાબ દેવાવાળુ નથી, તે ફરીયાદ કરી રહ્યા છે અને તેની કોઈ ફરીયાદે પહોંચવાવાળુ નથી, મારા બાદ તેઓ સતત ગમગીન અને દુઃખમાં જીવન બસર કરી રહ્યા છે; દરેક સમયે રોતી રહે છે, ક્યારેક તે (જનાબે ઝહરા સ.અ.) પોતાના ઘરથી વહ્યનો સીલસીલો કપાઈ જવાને યાદ કરે છે ક્યારેક મારી જુદાઈને યાદ કરે છે, ખાસ કરીને રાતના સમયે તેઓ ખુબજ બેચૈન થઈ જાય છે કારણકે હવે નમાઝે શબમા કુરઆનની તિલાવતની મારી અવાજ નથી સાંભળતા, પછી તે જોવે છે કેઃ પોતાના પિતાના ઝમાનામાં તો તેની ખુબજ ઈઝઝત હતી પરંતુ અત્યારે લોકો દરમ્યાન ઝલીલ છે.

તે સમયે પરવરદીગારે આલમ મલાએકાને મોકલીને તેમને આશ્વાસન આપશે અને તે (મલાએકા) આવીને આજ રીતે તેને (જનાબે ઝહરા સ.અ.)ને પુકારશે જે રીતે જનાબે મરયમ બીન્તે ઈમરાનને પુકારતા હતા. મલાએકા કહેશે કેઃ

يَا فَاطِمَةُ إِنَّ اللهَ اصْطَفَاكِ وَ طَهَّرَكِ وَ اصْطَفَاكِ عَلٰى نِسَاءِ
الْعَالَمِينَ يَا فَاطِمَةُ اقْنُتِي لِرَبِّكِ وَ اسْجُدِي وَ ارْكَعِي مَعَ الرَّاكِعِينَ اللهِ
تَفْتَؤُا تَذْكُرُ يُوسُفَ حَتَّى تَكُونَ حَرَضاً أَوْ تَكُونَ مِنَ الْهَالِكِين

અય ફાતેમા (સ.અ.)! અલ્લાહે તમને મુન્તખબ કર્યા છે અને પાક રાખ્યા છે અને તમને આલમીનની ઔરતો પર ચુટયા અય ફાતેમા! પોતાના રબ (ની સામે) કુનુત પઢો અને રૂકુઅ કરવાવાળાની સાથે રૂકુઅ કરો.

ત્યારબાદ જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) ને દર્દની તકલીફ શરૂ થશે તે બીમાર પડી જશે તો અલ્લાહ તેની સંભાળ લેવા માટે જનાબે મરયમ

બીન્તે ઈમરાનને મોકલશે અને તે આવીને મારી દીકરીની સંભાળ લેશે અને તેનુ દીલ બહેલાવશે ; પછી જ્યારે બીમારી વધી જશે તો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) અલ્લાહની બારગાહમાં ફરીયાદ કરશે અને કહેશેઃ અય મારા મઅબુદ! હવે હું ઝીંદગીથી કંટાળી ગઈ છુ અને દુનિયાવાળાથી બેઝાર થઈ ચુકી છુ હવે તો મને મારા પિતાથી મેળવી દયો.

પછી અલ્લાહ તેની દુઆને કબુલ કરી લેશે અને તે મારી એહલેબૈતમાંથી સૌથી પહેલા મને આ હાલતમાં મળશે કે જે ગમગીન અને દુઃખી હશે, અને ગઝબનાક અને મકતુલ હશે, તે સમયે હું તેને જોઈને કહીશ કે ખુદાયા! તુ લઅનત કર તેના પર જેણે મારી ફાતેમા (સ.અ.) પર ઝુલ્મ કર્યો, અઝાબ કર તેના પર જેણે તેને નારાઝ કરી ઝલીલ કર તેને જેણે આને (જનાબે ઝહરા સ.અ. ને) ઝલીલ કરવા ચાહ્યુ અને જહન્નમની આગમા નાખ તેને જેણે આના પહેલુ ને ઘાયલ કર્યું, ત્યા સુધી કે તેના શીકમમાં નુ બાળક પણ પડી ગયુ (શહીદ થઈ ગયુ).

અને મારી આ દુઆ પર ફરીશતાઓ આમીન કહેશે.

**૪) આપ (સ.અ.)નું ખ્વાબ-વફાતે રસુલ (સ.અ.વ.)ની પછીઃ**

અબુ બસીરે હઝરત અબુ અબ્દીલ્લાહ ઈમામ જાફરે સાદીક (અ.સ.) થી રિવાયત કરી છે કેઃ જ્યારે રસુલે ખુદા (સ.અ.વ.)ની વફાત થઈ તો તેઓ બે ચીજો છોડીનેપ ગયા. એક અલ્લાહની કીતાબ (કુરઆન) અને બીજી પોતાની ઈતરત અને એહલેબૈત અને રસુલે ખુદા (સ.અ.વ.) એ જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ને રાઝ તરીકે આ કહી દીધુ હતુ કે તેઓ તેની એહલેબૈતમાંથી સૌથી પહેલા તેમની પાસે પહોચવાવાળા છે.

જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) નુ બયાન છે કે પોતાના પવિત્ર પિતાની વફાત ના થોડા દિવસો પછી હું એક વખત અર્ધજાગૃત અવસ્થામાં હતી કે મે જોયુ જાણે કે મારી પાસે પિદરે બુઝુર્ગ્રવાર તશરીફ લાવ્યા છે અને જેવા મે મારા પિતાને જોયા તુ હું બેકરાર થઈને ચીખવા લાગી કે બાબા! અમારાથી આસમાની ખબરો કપાઈ ગઈ છે અને હજી હું એ હાલતમાં હતી કે જોયુ કે આસમાનમાંથી મલાએકાની એક સફ પછી બીજી સફ નાઝીલ થઈ રહ્યા છે અને તેમની આગળ-આગળ જે બે ફરીશ્તા છે તેઓ મને આવીને મને ઉપાડીને આસમાન પર લઈ ગયા, ત્યા મે મારૂ સર ઉઠાવીને જોયુ તો અસંખ્ય મહેલો, બગીચાઓ, નહેરો દેખાયા, એક મહેલ પછી બીજો મહેલ, એક નહેર પછી બીજી નહેર, એક બાગ પછી બીજો બાગ અને આ મહેલો ની હુરો મને એકી નઝરે જોઈ રહી છે, જેની ખુબસુરતી મોતીયોની જેમ પાણીદાર હતી અને તેઓએ મને હસી-હસીને આવકાર કર્યો અને બોલીઃ મરહબા! અય ખાતુને જન્નત, તમારા લીધે જ જન્નતની અને અમારી પૈદાઈશ થઈ છે.

જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) ફરમાવે છે કેઃ મલાએકા મને લઈને ઉપર ચાલ્યા જતા હતા, ત્યા સુધી કે તેઓ મને એક એવા મહલમાં લઈ ગયા જેમા ઘણા બધા મહેલો હતા, દરેક મહેલમાં એવા ઘર હતા કે જેને કોઈ આંખે જોયા નહી હોય, તેમા તખ્ત પાથરેલા છે જેના પર સુન્દુસ અને ઈસ્તબરકનુ ફર્શ પાથરેલુ છે અને રેશમની રજાઈ પાથરેલી હશે.

જગ્યાએ જગ્યાએ સોના ચાંદીના વાસણ રાખેલા છે અને દસ્તરખ્વાન વિવિધ ખોરાકથી સજાવેલ હતુ.

તે બાગોમાં એક નહેર જારી હતી જેનુ પાણી બરફથી વધારે સફેદ, મુશ્કથી વધારે ખુશ્બુદાર હતુ મે પુછયુઃ આ કઈ નહર છે અને આ ઘર કોનુ છે?

તેઓએ જવાબમાં કહ્યુંઃ આ ઘર હઝરત અલી (અ.સ.) નું છે. આ જન્નતનો સૌથી ઉચો હિસ્સો છે, તેની ઉપર જન્નતનો બીજો કોઈ દરજ્જો નથી અને આ તમારા પિતા અને તેની સાથે તે લોકો જેને અલ્લાહ તઆલા અહીયા રાખવા ચાહે છે, તેના ઘર છે.

ફરી મે પુછયુઃ આ નહેર કઈ છે?

તેઓએ કહ્યુંઃ આ નહેર કૌસર છે જેનો વાયદો અલ્લાહે કર્યો હતો કે તમારા બાબા ને દેશે.

મેં પુછયુઃ મારા પિતા ક્યા છે?

તેઓએ કહ્યુંઃ તેઓ હમણા તમારી પાસે આવતા જ હશે.

હજી હું આ વાતો કરી રહી હતી કે મારી સામે અમુક એવા મહેલો ઝાહીર થયા જે પહેલાના મહેલો કરતા વધારે સફેદ અને નુરાની હતા અને તેના ફર્શો પણ પહેલાના ફર્શો કરતા વધારે ખુબસુરત હતા એટલામાં મેં જોયુ કે ઘણા ઉચા ઉચા તખ્ત બીછાવેલા છે જેના પર બહેતરીન ફર્શ પાથરેલા છે જેના પર મારા પિતા અને તેમના ઘણા બધા મોટા સહાબીઓ વિગેરે તશરીફ ફરમાવેલા છે. જ્યારે તેઓએ મને જોઈ તો પોતાની પાસે બોલાવી અને ગળે લગાડી લીધી અને મારી પેશાની ને બોસો આપ્યો અને ફરમાવ્યુંઃ મરહબા! અય મારી દુખ્તર!

આમ કહીને રસુલે ખુદા (સ.અ.વ.) એ મને પોતાની પાસે બેસાડી દીધી અને ફરમાવ્યુંઃ અય બેટી! શુ તમે જોતા નથી જે કાઈ અલ્લાહ તઆલાએ તમારી માટે અહીયા તૈયાર કર્યું છે. ત્યારબાદ મારા પિતાએ મને ઘણા બધા મહેલોની સૈર કરાવી જે દરેક પ્રકારના સામાનોથી સજાવેલુ હતુ અને ફરમાવ્યુંઃ અય ફાતેમા! આ તમારા અને તમારા શૌહર, તમારી ઔલાદ અને તમારા અને તમારા દોસ્તો માટે રહેવાની

જગ્યા છે જેઓ હંમેશા તેમાં રહેશે હવે તમે ખુશ થઈ જાવ કારણકે તમે થોડા દિવસોમાં મને મળવાવાળા છો.

જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) નું બયાન છે કે આ સાંભળીને મારા દીલની ખુશીનો કોઈ પાર ન હતો અને મારો શૌખ વધી ગયો અને જે સપનાની હાલતમાં હતી તે દુર થઈ ગઈ. હઝરત અલી (અ.સ.) ફરમાવે છે કે જ્યારે જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) ખ્વાબથી બેદાર થયા તો તેઓએ મને બોલાવ્યો. મે પુછયુઃ શુ હાલ છે?

જનાબે ફાતેમા (સ.અ.) એ પોતાનો પુરો વાકેઓ જે સપનામા જોયુ હતુ તે બયાન કર્યું અને જનાબે ઝહરા (સ.અ.) એ ખુદા અને રસુલ (સ.અ.વ.) ની કસમ આપી કે જ્યારે તેમની વફાત થઈ જાય તો તેની જાણ કોઈને ન કરે સીવાય જનાબે રસુલે ખુદા (સ.અ.વ.) ના પત્ની - જનાબે ઉમ્મે સલમા, ઉમ્મે અયમન અને ફીઝઝા અને મદ્રોમાં મારા બંને ફરઝંદ - ઈમામ હસન અને ઈમામ હુસૈન (અ.સ.), અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ, જનાબે સલમાને ફારસી, અમ્મારે યાસીર, મીકદાદ, અબુઝર અને હોઝૈફહ (ને જ જાણ કરશો). એમ પણ કહ્યું કે મે તમારા માટે હલાલ કર્યું કે મારી મૌત પછી મારા શરીર પર નઝર કરો તેથી જ્યારે ઔરતો મને ગુસ્લ આપે તમે પણ ગુસ્લમાં તેમની સાથે શરીક થાવ અને મને રાતના સમયે દફન કરજો અને કોઈને મારી કબ્રનુ નીશાન ન બતાવજો.

હઝરત અલી (અ.સ.) ફરમાવે છે કે જ્યારે તે રાત્રી આવી જેમા જનાબે ફાતેમા (સ.અ.)ની વફાત થઈ ત્યારે તેઓએ (જનાબે ઝહરા સ.અ.) કોઈને જોઈને કહ્યુંઃ વ અલય્કુમ સલામ ત્યારબાદ કહ્યુંઃ અય રસુલે ખુદા (સ.અ.વ.) ના કાકાના દીકરા! મારી પાસે જનાબે જીબ્રઈલ

આવ્યા છે મને સલામ કરી છે અને કહ્યું છે કે અલ્લાહે તમને સલામ મોકલ્યા છે અને ફરમાવ્યું કે અલ્લાહના હબીબની ચહીતી અને તેના દીલનો મેવો, આજે જન્નતુલ્ફીરદૌસની તરફ ચાલ્યા જશે. આ પૈગામ દઈને જીબ્રઈલે અમીન ચાલ્યા ગયા.

હઝરત અલી (અ.સ.) નુ બયાન છે કે પછી મે બીજી વખત જનાબે ફાતેમા (સ.અ.) ને કહેતા સાંભળ્યા વ અલય્કુમ સલામ અય રસુલ (સ.અ.વ.) ના કાકા દીકરા! આ મીકાઈલ છે, તેણે પણ તે જ પૈગામ આપ્યો જે જીબ્રઈલે આપ્યો હતો. ત્યારબાદ જનાબે ફાતેમા (સ.અ.) એ ફરી કહ્યુંઃ વ અલય્કુમ સલામ આ કહેતાજ તેમની આંખો ખુલી ગઈ અને ફરમાવ્યું હવે ઈઝરાઈલ આવી ગયા છે અને તેના પર પુર્વથી પશ્ચિમ સુધી તેના પર ફેલાયેલા છે અને જે શકલો સુરત મારા પિતાએ બતાવી હતી બીલ્કુલ એવી જ સુરત છે.

ત્યારબાદ કહ્યુંઃ વ અલય્કુમ સલામ! યા કાબેઝલ્અરવાહ આ રીતે તેઓએ મલકુલમૌત ને સલામનો જવાબ આપ્યો અને ફરમાવ્યુંઃ જલ્દી કરો, મને તકલીફ ન દેતા.

પછી અને સાંભળ્યુ કે તેઓ કહી રહ્યા હતાઃ અય મારા અલ્લાહ! અય મારા પરવરદીગાર! હું તારી તરફ આવી રહી છું, જહન્નમની આગ તરફ નહી. આમ કહીને જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) એ આંખો બંધ કરી લીધી હાથ ફેલાવી દીધા અને રૂહ તેમના પવિત્ર જીસ્મમાથી એ રીતે પરવાઝ કરી ગઈ જાણે તે ક્યારેય તેમના શરીરમાં ન હતી. (કીતાબ દલાએલે હુમૈરી)

**૫) રસુલે ખુદા (સ.અ.વ.) ની વફાત પર આપ (સ.અ.)ના મરસીયા અને નૌહાઃ**

અલ્લામા મજલીસી (અ.ર.) ફરમાવે છે કે મને જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની વફાતના બારામાં અમુક કીતાબોમા રિવાયત મળી છે અને હું ઈચ્છુ છુ કે તેને પણ પેશ કરૂ, જો કે તે રિવાયત કોઈ બીજી મુસ્તનદ કીતાબમા મને નથી મળી તે એ છે કેઃ વરકહ બીન અબ્દુલ્લાહનું બયાન છે કે એક વખત હું મક્કાએ મુકર્રરમા હજના ઈરાદાથી ગયો અને ખાનએ કાબાના તવાફમા મશ્ગુલ હતો કે મે એક ઘઉવર્ણી ખુબસુરત અને મીઠી ઝબાન વાળી કનીઝને જોઈ જે ફસાહતના કમાલની સાથે અલ્લાહની બારગાહમાં આ દુઆ માંગી રહી હતી કેઃ અય બૈતુલ હરામ અને ઝમઝમ અને મકામ અને મશાએરે એઝામ અને હઝરત મોહમ્મદે મુસ્તફા, ખૈરૂલ્અનઆમ અને તેની માનનીય ઔલાદના માલીક! હું તારી પાસે માંગુ છુ કે મને મારા આકા અને મૌલા અને તેમની ઝુર્રીયતે પાકની સાથે મહેશુર કરજે.

પછી તેણે હાજર લોકોને મુખતાબ થઈને કહ્યુંઃ અય હાજીઓનો સમુહ! તમે લોકો ગવાહ રહેજો કે મારૂ આ ઈમાન છે કે મારા આકા અને તેમની પવિત્ર આલ, દુનિયાના તમામ બહેતરીન લોકોથી બહેતર છે અને નેકોકારમાં ચુટાયેલા છે અને તે લોકોનો ઝીક્ર ફેલાયેલો છે, આ દરેક ફખ્રવાળા છે.

વરકહ બીન અબ્દુલ્લાહનુ બયાન છે કેઃ મે તેને કહ્યુંઃ અય કનીઝ! મને લાગે છે કે તુ રસુલે ખુદા (સ.અ.વ.) ની એહલેબૈતની મોહીબ છો?

તેણે (કનીઝે) કહ્યુંઃ હા.

મે પુછયુઃ તુ કોણ છો અને તારા આકા કોણ છે?

તેણે જવાબ આપ્યોઃ મારૂ નામ ફીઝઝા છે, હું હઝરત ફાતેમા ઝહરા (સ.અ.) બીન્તે મોહમ્મદે મુસ્તફા (સ.અ.વ.) ની કનીઝ છુ.

અલ્લાહ તઆલા તેના પર અને તેમના પિતા પર, તેમના શૌહર પર અને તેમના ફરઝંદો પર પોતાની રહેમત નાઝીલ કરે.

મે કહ્યું: મરહબા! ખુબજ સારૂ થયુ કે તમારી મુલાકાત થઈ ગઈ, મને તમારાથી મળવાનો અને વાત કરવાનો ખુબજ શૌખ હતા, હવે હું ચાહુ છુ કે તમને થોડી વાતો વધારે પુછુ , તેથી તવાફ ખત્મ કરી લ્યો તો ખોરાક વેચનારના બઝારમાં મારી રાહ જોજો હું પણ તવાફ ખત્મ કરીને ત્યા પહોચુ છુ.

જ્યારે મે તવાફ પુરો કરી લીધો અને હું મારા ઘેર જવા લાગ્યો તો જમવાનુ વેચનારના બજારમાં થઈને પસાર થયો મે જનાબે ફીઝઝા ને જોયા કે તેઓ લોકોથી એકદમ અલગ એક બાજુ બેઠા છે. હું તેમની પાસે ગયો અને થોડી રકમ તેમને આપી જે હદીયો હતો (સદકો નહોતો) પછી મે કહ્યું કાઈક પોતાની શેહજાદી જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) ની વફાતના હાલાત બયાન કરો અને એ પણ સાંભળાવો કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ની વફાત બાદ તેમના પર શુ ગુજર્યુ.

આ સાંભળતાજ જનાબે ફીઝઝાની આંખોમા આસુ છલકાવા લાગ્યા અને રોવા લાગ્યા અને કહેવા લાગ્યા કેઃ અય વરકહ! તે એ ચીનગારીઓને ભડકાવી દીધી જે મે મારા દીલમાં છુપાવી રાખી હતી, હવે જ્યારે તે પુછયુ છે તો બયાન કરૂ છુ. સાંભળો! જ્યારે રસુલે ખુદા (સ.અ.વ.) ની વફાત થઈ તો મદીનામાં કોઈ નાનો કે મોટો શખ્સ એવો ન હતો જે ગમગીન ન થયો હોય, રીશ્તેદારો અને અસ્હાબ દરેકે રસુલ (સ.અ.વ.) ની વફાત પર ગીર્યા કર્યું, દરેક વ્યકિત આપ (સ.અ.વ.) ના ગમમાં મુબ્તેલા થયા પરંતુ તે દરેકમા કોઈનો ગમ જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) થી વધારે ન હતો અને તેમનો (જનાબે ઝહરા સ.અ.) ગમ દિવસે ને દિવસે શદીદ થતો જતો હતો. સાત દિવસ સુધી જનાબે ઝહરા (સ.અ.) ની હાલત એ હતી કે તેમનો ગીર્યા

ક્યારેય બંધ થતો નહોતો અને દિવસે ને દિવસે તેમના ગીર્યામાં વધારો થતો હતો જ્યારે આઠમો દિવસ આવ્યો તો જનાબે ઝહરા (સ.અ.) એ સબ્ર જાહેર થયો અને રાતના સમયે પોતાના ઘરેથી નૌહા કરતા નજરે પડયા (બહાર આવ્યા) અને જનાબે ઝહરા (સ.અ.) ની અવાજ એકદમ રસુલે ખુદા (સ.અ.વ.) ના અવાજ જેવો હતો, તેથી લોકો એમ સમજ્યા કે રસુલે ખુદા (સ.અ.વ.) તેમની કબ્રમાંથી બહાર આવ્યા છે. દરેક બાજુથી મર્દો, ઔરતો અને બાળકો પોત-પોતાના ઘરોમાંથી બહાર નીકળ્યા અને શેહઝાદીને ફરતા ઘેરી લીધા અને લોકોએ પોતાના ઘરનો ચિરાગ ગુલ કરી દીધા કે જેથી ઔરતોના ચેહરાઓ પર નઝર ન પડે અને તે સમયે જનાબે ઝહરા (સ.અ.) ના નૌહાથી લોકોના દીલ ફાટી રહ્યા હતા. જનાબે ઝહરા (સ.અ.) ફરમાવતા હતાઃ **વા અબતાહો વા સફીયાહો વા મોહમ્મદા વા અબલ્કાસેમાહો.**

અય બાબા! તમે ક્યા છો? અય યતીમો અને બેવાઓના વાલી તમે કયા છો? હાય! હવે કોણ ખાનએ કા'બા અને મકામે ઈબ્રાહીમની ખબર લેશે; હવે કોણ તમારી દર્દથી ભરપુર દીકરીની ફરીયાદને પહોંચશે?

ત્યારબાદ જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) પોતાના દામનમાં ડગલે ને પગલે લડખડાતા રસુલે ખુદાની કબ્ર તરફ આગળ વધ્યા હાલત એ હતી કે આંખોમાંથી આસુ જારી છે રસ્તો દેખાતો નહોતો, પડતા પડતા રસુલે ખુદાની કબ્ર પર જઈ પહોચ્યા; જેવી જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની નઝર પિતાની કબ્ર પર પડી અને ગુલદસ્તએ અઝાનને જોયુ તો બેહોશ થઈને પડી ગયા અને ઔરતોમાં હલચલ મચી ગઈ. કોઈએ તેને પોતાના ખોળામાં સંભાળ્યા અને કોઈ દોડીને પાણી લેવા ગયુ અને તેમના માથા અને ચેહરા પર પાણી છાટયું જ્યારે હોશ આવ્યો તો આ રીતે બૈન કરવા લાગ્યાઃ બાબા! મારી તાકાત ચાલી ગઈ, સુકુન છીનવાઈ ગયુ,

દુશ્મન બુરાઈ પર દીલમાં ગમની આગ ભડકી રહી છે. બાબા! હું તમારા બાદ પરેશાન છુ, મારી અવાજ દબાઈ ગઈ, મારી કમર તુટી ગઈ, ઝીંદગી તબાહ અને બરબાદ થઈ ગઈ. બાબા! તમારા બાદ મારી તનહાઈમા મારો કોઈ મદદગાર નથી અને ન તો કોઈ મારા આંસુ લૂંછવાવાળુ છે અને ન તો કોઈ મારી કમજોરી અને અશકિતમાં મારો મદદગાર છે. બાબા! તમારા બાદ કુરઆને મોહકમની આયતનો ખાતમો થઈ ગયો જીબ્રઈલ અને મીકાઈલએ આવવાનુ છોડી દીધુ. બાબા! તમારા બાદ બધી તદબીરો પલ્ટી ગઈ અને મારા પર દરેક બાજુથી દરવાજો બંધ કરી દેવામાં આવ્યો અને હું હવે આ દુનિયાથી બેઝાર છુ જ્યાં સુધી મારા સીનામાં શ્વાસ આવતો-જતો રહેશે હું ત્યાં સુધી આ જ રીતે તમારા પર રોતી રહીશ અને ન તો તમારી મુલાકાતનો શૌખ ઓછો થશે અને ન તો તમારી જુદાઈનો ગમ ઓછો થશે.

પછી મોટા અવાજે પુકારવા લાગ્યાઃ

અય બાબા! તમારી જુદાઈ પર મારો રંજ અને ગમ દરેક સમયે તાજો છે અને ખુદાની કસમ! મારો કલેજો ગમથી ફાટી રહ્યો છે. દિવસે ને દિવસે મારો રંજો અને ગમમાં વધારો થતો જાય છે, ઓછો નથી થતો. પછી ફરમાવ્યુંઃ બાબા! તમારી વફાતથી દુનિયા અંધારી થઈ ગઈ અને દુનિયાના બાગ પર, હવે હું સતત તમારી જુદાઈમાં નૌહો કરતી રહીશ ત્યા સુધી કે તમારાથી આવીને મળુ.

બાબા! જ્યારથી તમે મને છોડીને ગયા છો મારો સબ્ર અને સુકુન ખત્મ થઈ ગયો.

બાબા! તમારા બાદ બેવાઓ અને મીસ્કીનોની કોણ ખબર લેવાવાળુ છે, તમારા બાદ કયામત સુધી આ ઉમ્મત નો કોણ વાલી અને વારીસ છે?

બાબા! તમારા બાદ અમે એકદમ ઝઈફ અને કમજોર થઈ ગયા છીએ.

બાબા! તમારા બાદ લોકોએ અમારાથી મોઢુ ફેરવી લીધી જ્યારે કે તે જ લોકો તમારી હયાતીમાં અમારો ખુબજ એહતેરામ કરતા હતા પછી તમારી જુદાઈમાં આસુ કેમ ન વહાવીએ, તમારી જુદાઈ પર સદાય ગમગીન કેમ ન રહીએ, તમારા બાદ કઈ રીતે ઉંઘ આવે. તમે જ તો દીનની બહાર (વસંત) હતા, અંબીયાના નુર હતા, આ મુસીબતમાં પહાડો પોતાની જગ્યા કેમ છોડી નથી દેતા, સમંદર કેમ સુકાઈ નથી જાતા અને જમીમાં ઝલઝલો (ધરતીકંપ) કેમ નથી આવતો, હાય! તમારી જુદાઈની મુસીબત શુ ઓછી હતી કે લોકોએ તમારા બાદ અમારા પર મુસીબતોનો વધારે પહાડ તોડી દીધા.

બાબા! તમારા પર આસમાનના ફરીશતાઓ ગીર્યા કરી રહ્યા છે અને ત્યા પણ તલાતુમ બરપા છે. તમારા બાદ તમારૂ મીમ્બર વીરાન છે તમારી મેહરાબે ઈબાદ્દત સુનુ છે અને મુનાજાતથી ખાલી છે. તમારી કબ્ર તમને તેની આગોશમાં લઈને ગર્વ અનુભવે છે.

બાબા! તમારા બાદ તમારી બારગાહ સુમસાન અને સોગવાર છે હું પણ જ્યાં સુધી હયાત રહીશ તમારી અઝાદાર રહીશ અને અબુલ હસન (અ.સ.) પણ તમારા અઝાદાર રહેશે. તે અબુલ હસન કે જે તમારા બંને ફરઝંદોના પિતા છે, તમારા ભાઈ છે, દોસ્ત છે, મહેબુબ છે (પસંદીદહ) તેજ કે જેની પરવરીશ તમે બચપણથી કરી છે, અને પછી મોટા થયા તો તમે તેમને પોતાનો ભાઈ બનાવ્યો અને તમામ મુહાજીર અને અન્સાર, પહેલા અને અંતિમ પર તેમને શરફ અતા કર્યો, આ મુસીબતના વાદળ અમો એહલેબૈત પર છે. અમે રોતા-રોતા મરી રહ્યા છે, ગમ અમારાથી દુર નથી થતો.

આમ કહીને જનાબે ઝહરા (સ.અ.) એ એક એવી ઠંડી આહ ભરી કે એવુ લાગતુ હતુ કે જાણે કે રૂહ શરીર થી અલગ થઈ જશે, પછી જનાબે ઝહરા (સ.અ.) એ ફરમાવ્યું:

આહ! જ્યારથી મે ખાતેમુન્નબીય્યીન ને ખોયા છે મારા સબ્રમાં કમી થઈ ગઈ છે અને સુકુન રૂખ્સત થઈ ગયુ છે. હા, અય આંખ ખુબ આસુ વહાવ અને આસુઓનો સૈલાબ વહાવવામાં કંજુસાઈ ન કર.

અય અલ્લાહના રસુલ! અય અલ્લાહના ચુટાયેલા, અય યતીમો અને ઝઈફોની પનાહગાહ તમારા ગમમાં પહાડ અને જંગલી જાનવરો દરેક રોઈ રહ્યા છે. ઝમીન અને પક્ષીઓ દરેક ગીર્યા કરે છે. હુજુન અને રૂકુન અને મશઅર માતમ કરી રહ્યા છે; બત્હા નૌહા કરી રહ્યો છે. તમારી મેહરાબ અને તમારી દર્સની બેઠક રોઈ રહ્યા છે કે હવે તે કુરઆનના દર્સ દેવાવાળા બાકી ન રહ્યા; ઈસ્લામ રોઈ રહ્યો છે કે હવે તમારી વફાત પછી ગરીબ થઈ ગયો, કાશ! તમે તમારા મીમ્બરને જોત કે ચારેય તરફ અંધારૂ છવાયેલુ છે. પરવરદીગાર! મારી વફાત નઝદીક કરી દે કારણકે હવે મારી ઝીંદગી વિરાન થઈ ગઈ છે.

## ૬) રસુલે ખુદા (સ.અ.વ.)ની વફાત પર આપ (સ.અ.)નો મરસીયોઃ

મનાકીબ ઈબ્ને શહેરે આશુબમાં રિવાયત છે કે હઝરત ફાતેમા ઝહરા (સ.અ.) એ પોતાના પિતાની વફાત બાદ આ મરસીય્યહ પઢયાઃ

હકીકતમાં રસુલે ખુદા (સ.અ.વ.)ની વફાતથી અમારા પર એક એવી મુસીબત પડી છે (જે અસહ્ય છે કારણકે) તમે કીનો કરવાવાળા ન હતા, સાફ દીલ, સારો સ્વભાવ, પાકો પાકીઝા નસ્લ અને ખાનદાનથી હતા.

બાબા! તમે ચંદ્ર હતા અને એવુ નુર હતા જેનાથી લોકો રોશની હાસીલ કરતા હતા ; તમારી પાસે માનનીય ખુદા તરફથી વહય આવતી હતી, જીબ્રઈલ-રૂહુલ અમીન, તમારી મૌજુદગીમાં અમારા ઘરમાં આવતા હતા, અફસોસ તે પણ ગાયબ થઈ ગયા અને હવે દરેક પ્રકારની ખબરો છુપાઈ ગઈ છે. કાશ! રસુલે ખુદાની વફાત અને પરદામાં છુપાઈ જવા પહેલા, મને મૌત આવી ગઈ હોત. આહ! અમારા પર એવી મુસીબત પડી જે આજ સુધી કોઈ અજમી અને અરબી પર નથી પડી. અલ્લાહની આ જમીન વિશાળ હોવા છતા અમારા પર તંગ થઈ ગઈ છે.

બાબા! તમારા બંને નવાસા તમારા ગમમાં છે અને મારા પર મોટો રંજ અને ગમ તારી છે. ખુદાની કસમ! તમે દરેક ઝમાનાથી અફઝલ અને બેહતર હતા અને જે જગ્યાએ સચ્ચાઈ અને જુઠ મૌજુદ હોય એવા માહોલમાં તમે સૌથી મોટા સાદીક (સાચા) હતા. હવે જ્યા સુધી અમારી આંખો બાકી છે અમે તમારા પર ગીર્યા કરતા રહેશુ.

ઉમરૂ બીન દીનારે હઝરત ઈમામ જાફરે સાદીક (અ.સ.)થી રિવાયત કરી છે કેઃ જનાબે રસુલે ખુદા (સ.અ.) ની વફાત બાદ હઝરત ફાતેમા ઝહરા (સ.અ.) જ્યા સુધી જીવતા રહ્યા કોઈએ તેમને હસતા નથી જોયા.

### ૭) હઝરત બીલાલ (અ.ર.)થી અઝાનની ફરમાઈશઃ

કિતાબ મન લા યહઝરહુલ ફકીહના પ્રકરણ બાબુલ અઝાનમાં રિવાયત છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ની વફાત બાદ, જનાબે બીલાલે અઝાન કહેવાની છોડી દીધુ હતુ અને કહ્યું કે હું રસુલે ખુદા (સ.અ.વ.)ના બાદ હવે કોઈના માટે અઝાન નહી દઉ.

એક દિવસ જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) એ ફરમાવ્યુંઃ હું ચાહુ છુ કે હું મારા પિતાના મોઅઝઝીનની અઝાન સાંભળુ.

આની ખબર જનાબે બીલાલને મળી તો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ખાતર અઝાનના ગુલદસ્તા પર પહોચ્યા અને અઝાન શરૂ કરી જેવું જનાબે બીલાલએ અલ્લાહો અકબર  કહ્યું ,શેહજાદીને પિતાનો ઝમાનો યાદ આવી ગયો અને બેચૈન થઈને રોવા લાગ્યા. અઝાન કહેતા કહેતા જ્યારે જનાબે બીલાલ અશ્હદો અન્ન મોહમ્મદુર રસુલુલ્લાહ કહ્યું તો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) એ એક ચીખ મારી અને બેહોશ થઈ ગયા, લોકોએ આવીને જનાબે બીલાલને કહ્યું હવે કોના માટે અઝાન કહો છો, રસુલે ખુદાની દુખ્તરનો તો ઈન્તેકાલ થઈ ગયો છે.

જનાબે બીલાલે અઝાન રોકી દીધી, જ્યારે જનાબે ઝહરા (સ.અ.)ને હોશ આવ્યો અને ખબર પડી કે જનાબે બીલાલ એ અઝાન રોકી દીધી તો તેને કહેવરાવ્યુ કેઃ જનાબે બીલાલને કહો કે અઝાનને પુરી કરે.

જનાબે બીલાલે કહ્યુંઃ અય દુખ્તરે રસુલ! મને તમારી મૌતનો ડર છે એટલા માટે હવે તમે મને માફ કરો (હવે હું અઝાન નહી કહીશ).

**મદીનાના શૈખોની વિનંતીઃ**

જનાબે ફીઝઝા કહે છે કેઃ ત્યારબાદ જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) પોતાના ઘરે પાછા ફર્યા અને દિવસ રાત રડવામાં વ્યસ્ત રહ્યા, ના તો તેમની આહ બંધ થઈ ન આસું બંધ થયા. અંતમા મદીનાના શૈખો હઝરત અમીરૂલ મોઅમેનીનની ખીદમતમાં આવ્યા અને કહ્યુંઃ અય અબુલ હસન! જનાબે ફાતેમા (સ.અ.) દિવસ-રાત ગીર્યા કરતા રહે છે જેના લીધે ન તો અમે રાત્રે ચૈનથી સુઈ શકીએ છીએ અને ન તો દિવસે અમારા કામકાજ કરી શકીએ છીએ. તેથી તમે તેમને અમારી તરફથી આ વિનંતી કરો કે તેઓ યા તો દિવસે રોયા કરે અથવા રાત્રે ગીર્યા કરે.

આ સાંભળીને હઝરત અલી (અ.સ.) જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) ની પાસે આવ્યા અને મદીનાના શૈખોનો પૈગામ તેઓને

પહોચાડયો. જનાબે ઝહરા (સ.અ.) એ કહ્યુંઃ અય અબુલ હસન! તમે તે લોકોની કહી દયો કે - જનાબે ફાતેમા (સ.અ.) હવે તમો લોકોના દરમ્યાન વધારે દિવસો જીવતા નહી રહેશે. તેથી તે પોતે જ્યાં સુધી જીવશે તેઓ ગીર્યા ને નહી છોડશે. આ રીતે દિવસ-રાત પોતાના પિતાની જુદાઈમાં ગીર્યા કરતા રહેશે ત્યા સુધી કે પોતાના પિતાથી મુલાકાત કરે.

હઝરત અલી (અ.સ.) એ ફરમાવ્યુંઃ બીન્તે રસુલ! તમે જે ચાહો તે કરો તમને કોઈ રોવાથી રોકી નથી શકતા.

ત્યારબાદ હઝરત અલી (અ.સ.) એ જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) માટે મદીનાથી બહાર બકીમાં એક રૂમ બનાવી આપ્યો જેને બય્તુલ્હુઝન કહેવાય છે, તેથી જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) નો ત્યારબાદ એ દસ્તુર થઈ ગયો કે સુબ્હના સમયે ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.) ને પોતાની સાથે લઈને જન્નતુલ્બકી જતા અને આખો દિવસ ત્યા ગીર્યા કરતા જ્યારે સાંજ થતી તો હઝરત અમીરૂલમોઅમેનીન (અ.સ.) તેમને જઈને લઈ આવતા.

## ૮) આપ (સ.અ.)નો ખિતાબઃ

આમાલીએ તુસીમાં ઈબ્ને અબ્બાસ થી મઆનીલ અખ્બારમાં ફાતેમા બીન્તે હુસૈનથી અને એહતેજાજે તબરસીમાં સુવૈદ બીન ગફલહથી રિવાયત છે કે જ્યારે જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) મૌતની બીમારીમાં મુબ્તેલા થયા તો મુહાજીર અને અન્સારની અમુક ઔરતો તેમની હાલચાલ પુછતા હાજર થયા અને તેઓએ સલામ કર્યા બાદ કહ્યુંઃ બિન્તે રસુલ તમે કઈ હાલતમાં સુબ્હ કરી, તમારી તબીયત કેમ છે?

જનાબે ઝહરા (સ.અ.) એ ફરમાવ્યુંઃ ખુદાની કસમ! મેં એ હાલતમાં સુબ્હ કરી કે હવે તમારી દુનિયાથી નફરત અને તમારા મર્દોથી નફરત થઈ ગઈ, મે આ ખજુરો ને દાત લગાડવાની પહેલા જ થુકી

દીધો. (ઈબ્ને અબી કહાફાના દરબારમાં) અનુભવ પછી તેનાથી બેઝાર થઈ ચુકી છુ. અલ્લાહ ખરાબ કરે તે તલવારનુ જે બુઠ્ઠી થઈ ગઈ છે અને તે નેઝાનુ જે ફાટી ચુક્યો છે, અને તે અભિપ્રાયનુ જે ફાસીદ (ખરાબ) થઈ જાય; કેટલો ખરાબ અંજામ તે લોકોએ પોતા માટે તૈયાર કર્યો છે તેઓ પર અલ્લાહનો ગઝબ નાઝીલ થાય અને તેઓ હંમેશા અઝાબમાં મુબ્તેલા રહે પછી અમે પણ તેની લગામ તેના ગળામાં નાખી દીધી અને તેઓને એકદમ વીખરાય જવા માટે છોડી દીધા અને તેનો બોજો તેના જ કાંધા (ખંભા) પર રાખી દીધો. હવે એ ઝાલીમ કૌમ ચાહે કાન-નાક કપાવે, પગ તોડાવે અથવા કચડી નાખવામાં આવે અમે તેની જવાબદારીથી છુટા છીએ, પરંતુ તેઓ પર અફસોસ થાય છે કે આ લોકો રીસાલતની ઉંચી શીખર અને નબુવ્વતની મજબુત ચાર દીવાલો અને વહ્ય અને ઈલ્હામની મંઝીલ, દીન અને દુનિયાની બાબતોના માહીર છે, તેનાથી આ ખીલાફત ને હટાવીને ક્યા લઈ ગયા!! તે ચેતી જાત કે તેમાં તેઓનો જ સ્પષ્ટ નુકશાન છે અને ખુદાની કસમ! આ ઈન્તેકામ અબુલ હસન (અ.સ.) થી એટલા માટે લેવામાં આવ્યો કે તેમની (અ.સ.) ની તલવારે તેઓની શક્લો સુરત બગાડી નાખ્યા હતા, અને તેઓએ તે લોકોને કચડી નાખ્યા હતા. તેમની જંગ તે લોકો માટે અઝાબ બની ગયો હતો અને તે (હઝરત અલી અ.સ.) ખુદાની રાહમાં એકદમ સિંહ બની જતા હતા.

અને અલ્લાહની કસમ! તે લગામ જે રસુલે ખુદા (સ.અ.વ.) અબુલ હસનને સોપીને ગયા હતા, જો આ લોકો તેને છીનવી ન લીધુ હોત તો ખરેખર અબુલ હસન તેને પોતાના હાથમાં રાખત અને એક એવી સપ્રમાણ રફતાર (વર્તણુક) થી દરેકને લઈને ચાલત કે ન તો સવારીની નાક થી ઝખ્મી થાત અને ન સવારને કોઈ તકલીફ પહોચત. તે (હઝરત અલી અ.સ.) દરેકને એક વિશાળ અને લાંબુ, સ્વચ્છ પાણી અને

ઉભરાતા ઝરણા પર પહોંચાડી દેત કે જેની બંને કિનારે પાણીથી ઉભરાઈને છલકાવા લાગત, અને તેઓને જાહેરમાં અને છુપી રીતે દરેક રીતે નસીહત કરત પોતે દૌલત ભેગી ન કરી લેત, દુનિયાને , બસ ખાલી તરસ છીપાવી લેત અને ભુખ મટાડી દેત પછી લોકોને ખબર પડી જાત કે ઝાહીદ કોણ છે અને લોભી કોણ છે; સાચો કોણ છે? અને જુઠ્ઠો કોણ છે? ખરેખર અગર આ આબાદીવાળા ઈમાનદારીથી કામ લેત, તકવા ઈખ્તેયાર કરત તો આસમાન અને ઝમીનથી તેના માટે બરકતો ના દરવાજા ખુલી જાત પરંતુ તે લોકોએ તો રસુલે ખુદા (સ.અ.વ.) ને જુઠલાવ્યા અને હવે તેઓ જે કાઈ કરી રહ્યા છે, તેનો તેનાથી હીસાબ થશે.

તેમાથી જે લોકોએ ઝુલ્મ કર્યો છે તે લોકો પોતાના ગુનાહની સજા પામશે અને અલ્લાહને મજબુર નથી કરી શકતા, સાંભળો! જ્યા સુધી તમે હયાત છો તમે જોશો કે ઝમાનો તમને કેવી કેવી અજાયબીઓ દેખાડે છે અગર તેના પર તમને નવાઈ ન લાગે તો લોકોની વાતો પર નવાઈ પમાડજો, કાશ! મને ખબર હોત કે તે લોકોએ કઈ દલીલ અને સનદ પર ભરોસો કર્યો, ક્યા પાયા પર યકીન કર્યા, કઈ રસ્સીને પકડી અને કોની ઔલાદ ની વિરૂધ્ધ પગલા ભરીને તેના પર હાવી થઈ ગયા, કેટલો ખરાબ છે તેનો મદદગાર, કેટલો ખરાબ છે તેનો સાથી અને કેટલો ખરાબ છે તે બદલો જે ઝાલીમોને મળશે? તે લોકોએ, ખુદાની કસમ, રહેબર (રસ્તો દેખાડનાર) ના બદલે રેહરવ (રસ્તા પર ચાલનાર) અને લીડરની બદલે પૈરવને લઈ લીધા. આમ છતા આ લોકો એમ સમજે છે કે તેઓએ ખુબજ સારૂ કામ કર્યુ છે અને ચેતો કે તે જ લોકો ફસાદ કરવાવાળા છે પરંતુ તેઓ મહેસુસ નથી કરતા, અફસોસ, તે શખ્સ જે લોકોને નેકી તરફ હીદાયત કરતો હોય તે અનુસરણ કરવા લાયક છે કે પછી તે શખ્સ જે પોતે હીદાયત નથી પામતો જ્યા સુધી તેની હીદાયત

ન કરવામાં આવે? આ તમને લોકોને શુ થઈ ગયુ છે તમે લોકો શુ ફેસલો કરો છો?

હું કસમ ખાઈને કહુ છુ કે આ (ખીલાફતની ઊટણી) તો હામેલા થઈ ગઈ છે હવે એટલી રાહ જુવો કે તેના પેટથી બાળક પૈદા થઈ જાય અને તેના આચળ દુધથી ભરપુર થઈ જાય પછી તમે જો જો કે તેના આચળોથી દુધના બદલે તાજુ લોહી અને હળાહળ ઝેરની ધાર ફુટી નીકળશે. આ તે સમય હશે જ્યારે ગલત કામ કરનાર નુકશાન ઉઠાવશે અને પાછળ આવવાવાળા, આગળ જવાવાળાના કાર્યનુ ફળ ચાખશે ; આજે તમે આ ફીત્ના પર દીલખોલીને ખુશ થાવ પરંતુ યાદ રાખો કે તે સમય આવવાનો છે જ્યારે ઝુલ્મ અને અત્યાચાર ની આંધી ચાલવા લાગશે સીતમની  તલવાર લોકોના માથા પર મંડળાયેલી હશે, દરેક બાજુ બદઅમનીનો દૌર શરૂ હશે, તમારો માલને નાહક્ક છીનવામાં આવશે. પછી તમારા સરને ખેતીના પાકની જેમ કાપી નાખવામાં આવશે. હાય અફસોસ! તે સમયે તમારી હાલત પર અત્યારે તો તમે તે ભવિષ્યમાં થવાવાળા વાકેઆતથી અંધારામાં છો પરંતુ અમે પણ જબરદસ્તી તમને સાચા અને સીધા રસ્તા પર નથી લઈ જઈ શકતા.

કિતાબ એહતેજાજમાં પણ સુવૈદ બીન ગફલહથી ઓછો વત્તો આ જ ખુત્બો નકલ થયેલ છે. ત્યારબાદ સુવૈદનુ બયાન છે કે હઝરત ફાતેમા ઝહરા (સ.અ.) નો આ ખુત્બો સાંભળીને ઔરતો પાછી ફરીને તેઓએ પોતાના મર્દોને સંભળાવ્યો તેથી અમુક મુહાજીર અને અન્સારીઓ જનાબે ઝહરા (સ.અ.) ની પાસે આવ્યા અને માફી માંગી અને કહ્યું :

અય દુનિયાની ઔરતોની સરદાર! અગર આ ખિલાફત અને અમારી બયઅત પહેલા અબુલ હસન (અ.સ.) એ તેનો ઉલ્લેખ અમારાથી કર્યો હોત તો અમે તેઓને છોડીને કોઈ બીજાને ખલીફા ન બનાવત.

જનાબે સય્યદા (સ.અ.) એ ફરમાવ્યુંઃ હવે જાવ, તમારે જે કરવુ હતુ તે કરી ચુક્યા, હવે આ ભુલ કર્યા પછી બહાનાથી કોઈ ફાયદો નથી.

(કીતાબ એહતેજાજે તબરસી)

શૈખે સદુક (અ.ર.) એ કિતાબ સકીફાથી આ રિવાયત નકલ કરી છે.

આમાલીએ શૈખે મુફીદ (અ.ર.)માં પણ અમુક વાકયોના વધઘટની સાથે ઈબ્ને અબ્બાસથી જનાબે ફાતેમા (સ.અ.)નો આજ ખુત્બો નકલ છે.

કશફુલ્ગુમ્માહના લેખકે પણ આ રિવાયત નકલ કરી છે.

ઈબ્ને અબીલ્હદીદ મોઅતઝલી એ પણ શરહે નહજુલ બલાગાહમા આ રીવાયત નકલ કરી છે.

## ૯) એહતેઝાર ના સમય (વફાત નઝદીક નો સમય)નો હાલઃ

અબ્દુલ્લાહ બીન હસન એ પોતાના પિતાથી અને તેઓએ તેમના દાદાથી રિવાયત કહી છે કેઃ જ્યારે જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) નો મૌતનો સમય નઝદીક આવ્યો તો જનાબે ઝહરા (સ.અ.) એ એક બાજુ ધ્યાનથી જોયુ અને ફરમાવ્યુંઃ સલામ થાય જીબ્રઈલ પર, સલામ થાય રસુલે ખુદા (સ.અ.વ.) પર, પરવરદીગાર! હું તારા રસુલની પાસે આવી રહી છુ, તારી રઝા, તારી પાડોશમાં અને તારા એ ઘર તરફ આવી રહી છુ જે દારૂસ્સલામ છે. ત્યારબાદ જનાબે ઝહરા (સ.અ.) એ ત્યા હાજર લોકોને કહ્યુંઃ બતાવો કે શુ તમે લોકો પણ તે જોઈ રહ્યા છો જે હું જોઈ રહી છુ?

હાજર લોકોએ જે તેમને પાસે હતા તેઓએ પુછયુઃ બતાવો કે તમે શુ જોઈ રહ્યા છો?

જનાબે ઝહરા (સ.અ.) એ ફરમાવ્યુંઃ હું જોઈ રહી છુ કે આસમાનથી ફરીશતાઓની સફો નાઝીલ થઈ છે. આ જીબ્રઈલ છે, આ મારા પિતા રસુલે ખુદા (સ.અ.વ.) છે જેઓ ફરમાવી રહ્યો છેઃ બેટી! મારી પાસે આવી જાવ, તમારી માટે જે કાઈ અહીયા છે તે દુનિયાથી બહેતર છે.

- ઝૈદ બીન અલીથી રિવાયત છે કે જ્યારે જનાબે ફાતેમા (સ.અ.) નો વફાતનો સમય આવ્યો તો જનાબે ફાતેમા (સ.અ.) એ જીબ્રઈલ અમીન અને હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ને સલામ કરી પછી મલેકુલ મૌતને સલામ કરી અને જે લોકો જનાબે ફાતેમા (સ.અ.) ની નઝદીક હતા તે લોકોએ ફરીશતાઓની આહટ (અવાજ) મહેસુસ કરી અને ત્યાં ખુબજ સરસ ખુશ્બુ ફેલાઈ ગઈ.

હઝરત અબુ જઅફર ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) થી આ રિવાયત છે કે રસુલે ખુદા (સ.અ.વ.) ની વફાત પછી જનાબે ફાતેમા (સ.અ.) ફકત ૬ મહીના હયાત રહ્યા.

હઝરત અબુ જઅફર (અ.સ.) થી આ રિવાયત પણ છે કે હઝરત ફાતેમા ઝહરા (સ.અ.) ૧૫ દિવસ બીમાર રહીને તેનો ઈન્તેકાલ થઈ ગયો.

હઝરત જઅફર બીન મોહમ્મદ (અ.સ.) થી રિવાયત છે કે : જનાબે ફાતેમા (સ.અ.) ના દફન ના સમયે નીચેના લોકો જ મૌજુદ હતા.

સલમાને ફારસી, મીકદાદ બીન અસ્વદ, અબુઝરે ગફફારી, ઈબ્ને મસઉદ, અબ્બાસ બીન અબ્દુલ મુતલીબ, ઝુબૈર બીન અવામ.

હઝરત અબુ જઅફર (અ.સ.) એ પોતાના બાપદાદાથી રિવાયત કરી કે હઝરત ફાતેમા (અ.સ.) બીન્તે રસુલે ખુદા (સ.અ.વ.), રસુલે

ખુદા (સ.અ.વ.) ની વફાત પછી ૬ મહીના ઝીંદા રહ્યા અને આ સમયે જનાબે ફાતેમા (સ.અ.) ને હસતા નથી જોવામાં આવ્યા.

હઝરત અબુ જઅફર (અ.સ.)થી રિવાયત છે કે હઝરત ફાતેમા (સ.અ.)ને સાત પડવાળુ કફન આપવામાં આવ્યુ.

સઅદ બીન ઝરીફે હઝરત અબુ જઅફર ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.)થી રિવાયત કરી કે જનાબે ફાતેમા (સ.અ.), હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ની વફાતના ૫૦ દિવસ પછી બીમાર થઈ ગયા અને સમજી ગયા કે આ મૌતની બીમારી છે અને જનાબે ફાતેમા (સ.અ.) એ હઝરત અલી (અ.સ.) ને બોલાવ્યા અને થોડાક કાર્યો સોપયા. તેનાથી વસીયત કરી, અને હઝરત અલી (અ.સ.) તેમની બધી જ વાત પર અમલ કરવાનુ યકીન આપતા જતા હતા આથી જનાબે ફાતેમા (સ.અ.)એ ફરમાવ્યુંઃ અય અબુલ હસન (અ.સ.) જનાબે રસુલે ખુદા (સ.અ.વ.) એ મને ખબર આપી હતી કે મને એહલેબૈતમાંથી સૌથી પહેલા તેમનાથી મુલાકાત થશે અને જે કાંઈ રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું હતુ તે જ થશે તેથી અલ્લાહ ના હુક્મો પર સબ્ર કરજો અને અલ્લાહની કઝા પર રાજી રહેજો.

પછી જનાબે ફાતેમા (સ.અ.) એ હઝરત અલી (અ.સ.) ને પોતાના ગુસ્લ અને કફન અને રાતના સમયે દફન કરવાની વસીયત કરી અને હઝરત અલી (અ.સ.) એ આમ જ કર્યું. પછી જનાબે ફાતેમા (સ.અ.) એ હઝરત અલી (અ.સ.)ને માલ અને મીલ્કત ના બારામાં વસીયત કરી જ્યારે હઝરત અલી (અ.સ.) જનાબે ફાતેમા (સ.અ.) ના દફન વગેરેથી ફારીગ થયા તો બે આદમી હઝરત અલી (અ.સ.) ને મળ્યા. તેઓએ હઝરત અલી (અ.સ.) ને પુછયુંઃ તમે આમ શા માટે કર્યું?

હઝરત અલી (અ.સ.) એ ફરમાવ્યુંઃ આ ફાતેમા (સ.અ.)ની વસીયત હતી. (મીસ્બાહુલ અનવાર)

એક દિવસ હઝરત અલી (અ.સ.) ઝોહરની નમાઝ પઢીને ઘરની તરફ જઈ રહ્યા હતા તો હઝરત અલી (અ.સ.) એ જોયુ કે કનીઝો રોતી અને પીટતી આવી રહી છે.

હઝરત અલી (અ.સ.) મે પુછયુ શું વાત છે? શા માટે રોવો છો?

તેઓએ જવાબ દીધોઃ અય હઝરત અલી (અ.સ.) જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) સૈયદ્દતુલ આલમીન ની ખબર લો. તેની હાલત ખુબજ નાજુક છે. મુશ્કીલ છે કે તમે ત્યાં જાઓ ત્યાં સુધી તેને હયાત પામો.

આ સાંભળી હઝરત અલી (અ.સ.) ખુબજ ઝડપથી ઘરની તરફ ચાલ્યા જ્યારે દરવાજાની અંદર દાખીલ થયા તો જોયુ કે જનાબે ફાતેમા (સ.અ.) એક પથારી  કે જે મિસ્રી ચાદરની છે તેમા સુતા છે અને ગમ અને બેચેનીના કારણે ક્યારેક ડાબો હાથ સમેટી લે છે અને જમણો હાથ ફેલાવે છે અને ક્યારેક જમણો હાથ સમેટી લે છે અને ડાબો હાથ ફેલાવે છે.

હઝરત અલી (અ.સ.) આ જોતા જ પોતાનો અમામો પોતાના સર મુબારકથી ઉતારી લીધો અને ખભા પરથી ચાદર ઉતારી અને આગળ વધીને જનાબે ફાતેમા (સ.અ.) નુ મુબારક સર પોતાની આગોશમાં રાખી દીધું અને કહ્યું એ ઝહેરા (સ.અ.)! જનાબે ઝહરા (સ.અ.) એ જવાબ ન દીધો તો હઝરત અલી (અ.સ.) મે પાછા બોલાવ્યા એ બીન્તે મુસ્તુફા (સ.અ.વ.) .

જનાબે ઝહરા (સ.અ.) એ જવાબ ન દીધો તો હઝરત અલી (અ.સ.) એ પાછા બોલ્યા એ તે કરીમની બેટી જે ઝકાતનો માલ પોતાની અબાના દામનમાં નાખીને ફકીરના ઘરોમાં પહોંચાડતા હતા.

તો પણ જનાબે ફાતેમા (સ.અ.) એ કોઈ જવાબ ન દીધો. તો હઝરત અલી (સ.અ.) પાછા બોલ્યા એ તે નબી (સ.અ.વ.) ની બેટી જેની પાછળ આસમાનના ફરીશ્તાઓએ નમાઝ પઢી. પરંતુ કોઈ જવાબ ન આવ્યો પછી હઝરત અલી (સ.અ.) એ કહ્યું એ ફાતેમા ઝહેરા

(સ.અ.)! મારાથી વાત કરો હું નબીનો ભાઈ અલી બીન અબી તાલીબ (અ.સ.) છું.

હઝરત અલી (અ.સ.) નુ બયાન છે કે આ અવાઝ પર જનાબે ફાતેમા (સ.અ.) એ આંખોને ખોલી દીધી અને મારા ચહેરા પર નજર નાખીને રોવા લાગી. હું પણ રોવા લાગ્યો. પછી હઝરત અલી (અ.સ.) એ પુછયુ એ ફાતેમા (સ.અ.) તમે આ સમયે શું મહેસુસ કરો છો? હું અલી બીન અબી તાલીબ (અ.સ.) છું.

જનાબે ફાતેમા (સ.અ.) એ ફરમાવ્યું યા અલી! હું અત્યારે મારી સામે મૌતને જોઈ રહી છું જેના વગર કોઈ ઉપાય નથી અને મને ખબર છે કે તમે મારા પછી શાદી વગર નહી રહી શકો તેથી અગર તમે મારા પછી શાદી બીજી કોઈ ઔરત થી કરો તો એક દિવસ તેની પાસે રહેજો અને એક દિવસ મારા બચ્ચા (હઝરત હસન અ.સ. અને હઝરત હુસૈન અ.સ.) ની પાસે રહેજો અને આ બન્નેને ક્યારેય ખીજાતા નહી કારણકે તે મારા પછી યતીમ અને ગરીબ અને દિલ તૂટી ગયેલા થઈ જશે. હજી તો તેઓએ પોતાના (નાનાનો) ગમ ઉઠાવ્યો છે અને આજે તે મારો ગમ જોશે. ખુદા તે ઉમ્મતને હલાક કરે જે તેઓને કત્લ કરશે અને તેમના દુશ્મન બની જશે.

આના પછી જનાબે ફાતેમા (અ.સ.) એ થોડાક અશ્આર પઢીયા જેનો ખુલાસો આ છે :

અય અલી (અ.સ.)! અગર તમે રોવા ચાહો તો મારી હાલત પર દીલ ખોલીને રોઈ લ્યો કારણકે હવે જુદાઈનો સમય આવી પહોંચ્યો છે, અય મારા હમદમ! જરા બાળકોથી ખબરદાર રહેજો તેઓ મારાથી ખુબજ માનુસ છે; મારી હાલત પર રોવો અને મારા યતીમોની હાલત પર રોવો અને કરબલાના શહીદોને ન ભુલશો. આ બાળકો હવે મારાથી

જુદા થઈ રહ્યા છે. તેઓ યતીમ અને હેરાન થઈ જશે કારણકે બખુદા જુદાઈનો દિવસ આવી પહોચ્યો છે.

હઝરત અલી (અ.સ.) એ ફરમાવ્યુંઃ બીન્તે રસુલ! તમને આ ખબર ક્યાથી મળી ગઈ જ્યારે કે હવે આપણા ઘરમાં વહ્ય પણ નાઝીલ નથી થતી.

જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) એ ફરમાવ્યુંઃ અય અબુલ હસન! હમણા હમણા મારી આંખ લાગી ગઈ હતી. મે મારા પ્યારા અને મારા ચાહવાવાળા પિતાને સપનામાં જોયા કે તેઓ એક સફેદ મોતીના મહેલમા બેઠા છે અને રસુલે ખુદાએ જેવા મને જોઈ તો અવાજ આપીઃ બેટી ફાતેમા! અહીયાં મારી પાસે આવો હું તમારો મુશ્તાક છું. પછી મે કહ્યું બાબા! હું પણ તમારી પાસે આવવા માટે તમારા કરતા પણ વધારે મુશ્તાક છું.

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ સારૂ તો પછી આજે રાત્રે તમે મારી પાસે આવી જશો.

અય અલી (અ.સ.)! મારા પિતાનો કૌલ (વાત) સાચી હોય છે તેથી જ્યારે તમે સુરે યાસીનની તિલાવત કરી લ્યો તો સમજી લ્યો કે મારો ઈન્તેકાલ થઈ ગયો છે, પછી મને તમારા હાથે ગુસ્લ દેજો પરંતુ મારા કપડા મારા શરીરીથી અલગ ન કરતા કારણકે હું પાકો પાકીઝા છુ અને તમારી સાથે મારા નઝદીકના રીશ્તેદાર નમાઝે જનાઝામાં શરીક થાય અને રાતના સમયે મને દફન કરજો તે વાતોની મારા પિતાએ મને ખબર આપી છે.

હઝરત અલી (અ.સ.) ફરમાવે છે કેઃ ખુદાની કસમ! જેવુ જનાબે ફાતેમા (સ.અ.) એ કહ્યું હતુ તેવુ જ મે કર્યુ અને તેમને તેમના લીબાસમાં જ ગુસ્લ આપ્યુ અને તેમના શરીરથી કપડા અલગ ન કર્યા કારણકે અલ્લાહની કસમ! તેઓ મુબારક અને પાકો પાકીઝા હતા. મે

જનાબે રસુલે ખુદા (સ.અ.વ.) માંથી વધેલુ હુનુતથી તેમને હુનુત આપ્યુ, કફન પહેરાવ્યુ, જ્યારે રીદાથી / ચાદરથી મોઢુ ઢાકવા લાગ્યો તો મે આવાજ આપીઃ અય ઉમ્મે કુલ્સુમ! અય ઝયનબ! અય ફીઝઝા! અય હસન (અ.સ.)! અય હુસૈન (અ.સ.)! આવો અને તમારી માઁ ના આખરી દીદાર કરી લ્યો કારણકે હવે તેનાથી કયામતના દિવસે જ મુલાકાત થશે.

આ સાંભળીને ઈમામ હસન અને ઈમામ હુસૈન (અ.સ.) આમ કહેતા દોડયાઃ હાય અફસોસ! હજી તો અમે નાના નો ગમ પણ નહોતા ભુલ્યા કે માઁ પણ અમારાથી જુદા થઈ ગયા, અય માદરે ગીરામી! જ્યારે તમે નાનાની ખીદમતમાં પહોંચો તો અમારા દરેકના સલામ પહોચાડજો અને કહેજો કે, અય નાના જાન! અમે તમારા બાદ યતીમ થઈ ગયા.

જનાબે અમીરૂલમોઅમેનીન ફરમાવે છે કે ખુદા ગવાહ છે કે જ્યારે હસનૈન (અ.સ.) એ આ કલેમાત કહ્યા તો જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) ની રોવાની આવાજ આવી અને જનાબે ઝહરા (સ.અ.) એ પોતાના બંને હાથોને ફેલાવીને બંને શેહઝાદાઓને પોતાની છાતીએ સુવરાવ્યા, એટલામાં હાતીફે ગૈબીની આવાજ આવી, અય અબુલ હસન! આ બાળકોને ઉપાડી લ્યો કારણકે તેઓના રોવાથી આસમાન ના ફરીશતાઓ રોઈ રહ્યા છે અને ખુદાના હબીબને તેની પ્યારી દીકરીની મુલાકાતનો શોખ છે.

હઝરત અલી (અ.સ.) ફરમાવે છે કે આ સાંભળીને મે બંને બાળકોને તેમની માતા ની છાતી થી અલગ કર્યા અને ચાદરના છેડાને બાંધી દીધા અને આ અશઆર પઢવા લાગ્યોઃ

તરજુમોઃ અય ફાતેમા (સ.અ.)! તમારી જુદાઈ મારા માટે સૌથી મોટી મુસીબત છે, હવે હું જ્યા સુધી જીવતો રહીશ આસુ વહાવતો

રહીશ મારી તે હમદમ માટે જે ઉચ્ચ દુનિયાની સફર પર ચાલી ગઈ, અય આંખ! તુ આંસુઓથી મારી મદદ કર કારણકે મારો ગમ કાયમી છે હું હંમેશા મારી હમદમ માટે ગીર્યા કરતો રહીશ.

ત્યારબાદ હઝરત અલી (અ.સ.) જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) ની મય્યતને લઈને મસ્જીદે નબવીમા આવ્યા અને રસુલે ખુદા (સ.અ.વ.) ની કબ્ર ની સામે રાખીને કહ્યું:

અય અલ્લાહના રસુલ! તમારા પર મારા સલામ થાય, અય હબીબે ખુદા! તમારા પર મારા સલામ થાય; અય નુરે ખુદા! તમારા પર મારા સલામ થાય, અય ખુદાના ચુટાયેલા બંદા! તમારા પર મારા સલામ થાય, મારા તરફથી સતત સલામ, તમારા બંને ફરઝંદો તરફથી અને તમારી તે જીગરનો ટુકડાની તરફથી સલામ થાય જે આજે તમારી ખીદમતમાં હાજર થઈ રહી છે. અફસોસ, તે અમાનત (જલ્દીથી) વાપસ લઈ લેવામાં આવી. અફસોસ, રસુલે ખુદા (સ.અ.વ.) અને જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) ની જુદાઈથી મારી આંખોની સામે દુનિયા અંધારી થઈ ગઈ.

ત્યારબાદ હઝરત અલી (અ.સ.) જનાઝાને લઈને રસુલે ખુદા (સ.અ.વ.) ના રોઝાથી બહાર નીકળ્યા અને તેમની એહલેબૈત અને ખાસ સહાબીઓ અને દોસ્તો અને થોડા અન્સાર અને મુહાજીરોની સાથે હઝરત અલી (અ.સ.) એ નમાઝે જનાઝા પઢી. જ્યારે હઝરત અલી (અ.સ.) જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની મય્યતને કબ્રમાં ઉતારી ચુક્યા તો આ મરસીયો પઢયા:

"હું જોઈ રહ્યો છુ કે હું દુનિયાના મસાએબમાં ઘેરાયેલો છુ અને હવે તો હું મારી મૌત સુધી બીમાર અને મુસીબતોમાં મુબ્તેલા જ રહીશ, જ્યારે પણ બે દોસ્ત આપસમાં મળશે તો તેનો અંજામ જુદાઈ સીવાય કાઈ નથી. અય અલ્લાહના રસુલ! જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) ને ખોવા તે વાતની દલીલ છે કે કોઈ દોસ્ત બાકી નહી રહેશે."

### ૧૦) આપ (સ.અ.)ની કબ્રની જગ્યાને નક્કી કરવીઃ

મનાકીબ ઈબ્ને શેહરે આશુબમાં છે કે શૈખ અબુ જાફર તુસી (અ.ર.) એ કહ્યું કે વધારે શક્યતા એ છે કે જનાબે ઝહરા (સ.અ.) પોતાના જ ઘરમાં દફન થયા અથવા તો રસુલે ખુદા (સ.અ.વ.) ના રોઝામાં દફન થયા છે અને તે વાતનો ટેકો રસુલે ખુદા (સ.અ.વ.) ના આ કૌલથી થાય છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છે :

اِنَ بَيْنَ قَبْرِی وَ مِنْبَرِی رَوْضَةٌ مِنْ رِيَاضِ الْجَنَّةِ

બેશક મારી કબ્ર અને મારા મીમ્બર દરમ્યાન જન્નતના બાગોમાંથી એક બાગ છે.

સહીહ બુખારીમાં (مِنْبَرِی મીમ્બરી) ના બદલે (بَيتِی મારૂ ઘર) છે આ જ તે કિતાબ હીલ્યતુલ્અવ્લીયા, તીરમીઝી અને મુસ્નદે એહમદ બીન હમ્બલ મા પણ છે.

હઝરત અલી (અ.સ.) ની રિવાયત છે કે રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ

تُرْعَةٍ مِنْ تُرَعِ الْجَنَّةِ

પરંતુ તેનો અર્થ પણ એ જ છે અને કહેવામાં આવે છે કે રોઝાની હદ રસુલે ખુદા (સ.અ.વ.) ની કબ્રથી મીમ્બરના દરમ્યાનની તે જમીન છે જે સેહને શરીફવાળા સુતુનો સુધી મળેલી છે.

- મોહમ્મદ બીન અબી નસ્રનુ બયાન છે કે મે હઝરત અબુલ હસન (અ.સ.) થી જનાબે ફાતેમા (સ.અ.) ની કબ્રના બારામાં સવાલ કર્યો તો હઝરત અલી (અ.સ.) એ ફરમાવ્યું કે તે મોઅઝઝમા પોતાના ઘરમાં દફન થયા છે. પરંતુ જ્યારે બની ઉમય્યાએ મસ્જીદનો વિસ્તાર વધાર્યો તો કબ્ર પણ મસ્જીદથી ભળી ગઈ.

- યઝીદ બીન અબ્દુલ્મલીકે પોતાના જદથી રિવાયત કરી છે કે એક વખત હું જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) ની ખીદમતમાં હાજર થયો તો જનાબે ઝહરા (સ.અ.) એ પોતે સલામથી શરૂઆત કરી અને પુછયુઃ શા માટે આવ્યા છો? મે કહ્યુંઃ બરકત હાસીલ કરવા માટે હાજર થયો છું.

જનાબે ફાતેમા (સ.અ.) એ ફરમાવ્યુંઃ મારા પિતા (જે સામે કબ્રમા મૌજુદ છે) એ ફરમાવ્યું કેઃ જે વ્યકિતએ તેમના (રસુલ સ.અ.વ.) પર અથવા મારા પર ત્રણ દિવસ સતત સલામ કરી તો અલ્લાહ તઆલા તેના પર જન્નત વાજીબ કરી દે છે.

રાવી કહે છે કેઃ મેં કહ્યું કેઃ શું તમારી અને તેમની જીંદગીમાં? જનાબે ઝહરા (સ.અ.) એ ફરમાવ્યુંઃ હા, અને અમારી મૌત (શહાદત) પછી પણ.

(કીતાબ મનાકીબે ઈબ્ને શહરે આશુબ)

## ૧૧) આપ (સ.અ.)ની વસીય્યતોઃ

કિતાબ રવ્ઝતુલ્વાએઝીનમા રિવાયત છે કે હઝરત ફાતેમા ઝહરા (સ.અ.) સખ્ત બીમાર પડયા અને ૪૦ દિવસ સુધી તે જ બીમારીમા મુબ્તેલા રહ્યા અને તેમની વફાત થઈ. જ્યારે જનાબે ફાતેમા (સ.અ.) ને જાણ થઈ કે હવે વફાત નઝદીક છે તો ઉમ્મે અયમન અને અસ્મા બીન્તે ઉમૈસ ને બોલાવ્યા અને હઝરત અલી (અ.સ.) ને પણ બોલાવવા માટે કોઈને મોકલ્યા.

જ્યારે હઝરત અલી (અ.સ.) તશરીફ લાવ્યા તો ફરમાવ્યુંઃ અય (મારા પિતાના કાકાના દીકરા!) મને મારી વફાતની ખબર આપવામા આવી છે અને હવે હું મારી અંદર કાઈ તકલીફ મહસુસ નથી કરતી એવુ

લાગે છે કે હવે હું મારા પિતાની સાથે મળી જવાની છું એટલા માટે હું અમુક તે કાર્યોની વસીય્યત કરવા ચાહુ છુ જે મારા દીલમાં છે.

હઝરત અલી (અ.સ.) એ ફરમાવ્યું કેઃ બીન્તે રસુલ! તમે જે વસીય્યત કરવા ચાહો છો તે કરો. આમ કહીને હઝરત અલી (અ.સ.) જનાબે ઝહરા (સ.અ.) ના સરહાને બેસી ગયા અને બધાને રૂમમાંથી બહાર ચાલ્યા જવાનો હુકમ કર્યો.

જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) એ ફરમાવ્યુંઃ અય અબુલ હસન! જ્યારથી તમારો અને મારો સાથ રહ્યો છે તમે મને જુઠુ બોલતા અથવા ખયાનત કરતા નથી જોઈ અને ન તો ક્યારેય મે તમારા હુકમની મુખાલેફત કરીને કોઈ કામ કર્યું કે જે તમને પસંદ ન હોય.

હઝરત અલી (અ.સ.) એ ફરમાવ્યુંઃ મઆઝલ્લાહ! ભલા આવુ થઈ પણ નથી શકતુ કારણકે તે તમારામાં અલ્લાહની મઅરેફત, તકવા, નેકીઓ અને ખૌફે ખુદા સૌથી વધારે છે, ભલા આ પ્રશંસનીય સીફાતો હોવા છતા શૌહરના હુકમની મુખાલેફત નો તસવ્વુર પણ નથી કરી શકાતો. આ જ કારણ છે કે મે તમને કોઈ મૌકા પર ઠપકો પણ નથી આપ્યો. મારી માટે તમારી જુદાઈ ખુબજ સખત છે પરંતુ આ એવા અમ્ર છે કે જરૂરી છે. ખુદાની કસમ! તમારી વફાતના ખ્યાલે મારા માટે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ના ગમને તાજો કરી દીધો. ઈન્ના લીલ્લાહે વ ઈન્ના એલય્હે રાજેઉન . હાય અફસોસ! આ કેટલી મોટી મુસીબત છે અને એટલી મોટી (મુસીબત) છે કે તેને સહન કરવુ ખુબજ મુશ્કેલ છે.

આમ ફરમાવીને હઝરત અલી (અ.સ.) અને જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) બંને લાંબા સમય સુધી રડતા રહ્યા ત્યારબાદ હઝરત અલી (અ.સ.) એ જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) ના સરને પોતાના મુબારક સીનાથી લગાડયો અને ફરમાવ્યુંઃ દુખ્તરે રસુલ! જે ચાહો તે વસીય્યત

કરો હું ઈન્શાલ્લાહ તેને દીલોજાનથી પુરી કરીશ અને મારા દરેક કામ પર તેને અગ્રતા આપીશ. જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) એ ફરમાવ્યુંઃ જઝાકલ્લાહો ખય્રલજઝા, ખુદા તમને મારા તરફથી તેની બેહતરીન જઝા આપે અય રસુલ (સ.અ.વ.) ના કાકાના દીકરા! પહેલી વસીય્યત મારી એ છે કેઃ

તમે મારા બાદ અમામાથી શાદી કરજો કારણ કે તે મારા બાળકો માટે મારી જેવી જ છે તે એટલા માટે કહી રહી છુ કે મર્દનો પત્ની વગર કોઈ ચારો નથી.

મારી બીજી વસીય્યત એ છે કે : મારી મય્યતને તાબુતમા રાખીને ઉઠાવવામા આવે જે મને મલાએકાએ બનાવીને દેખાડયુ હતુ.

હઝરત અલી (અ.સ.) એ ફરમાવ્યુંઃ મને બતાવો કે તેઓએ કેવુ તાબુત બનાવીને દેખાડયુ હતુ?

જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) એ તેની પુરી વિગત, તાબુતની શકલ અને કૈફીયત બયાન કરી અને હઝરત અલી (અ.સ.) તે જ રીતે તાબુત બનાવતા રહ્યા અને જનાબે ઝહરા (સ.અ.) ની વફાત બાદ તે જ તાબુતમાં તેમની મય્યત રાખીને ઉઠાવી; તેના પહેલા કોઈ જનાઝો આ રીતે ઉઠાવવામાં નહોતો આવ્યો અને ન તો આ રીતનો તાબુત કોઈએ જોયો હતો.

ત્યારબાદ ફરમાવ્યુંઃ મારી ત્રીજી વસીય્યત એ છે કે મારા જનાઝામાં તે લોકો ન આવે જેઓએ મારા પર ઝુલ્મ કર્યો છે, મારો હક છીનવ્યો છે તે લોકો મારા અને રસુલે ખુદા (સ.અ.વ.) ના દુશ્મન છે તેથી તેઓને અને તેમને અનુસરનારને મારી નમાઝે જનાઝા પણ પડવા ન દેતા.

ચોથી વસીય્યત એ છે કે જ્યારે લોકો રાત્રે સુઈ જાય અને રાતનો ઘણો સમય પસાર થઈ જાય તે વખતે મને દફન કરજો.

- કશફુલ્ગુમ્મહ મા નકલ છે કે એક વખત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) એ એક પેટીમાંથી એક કીતાબ કાઢી અને તેમાથી વાંચ્યુ, તેમાં જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) ની વસીય્યત લખેલી હતી તે વસીય્યત નામામાં બીસ્મીલ્લાહીર રહમાનીર રહીમ ના પછી લખેલુ હતુ કેઃ

આ તે બાબતો છે જેની વસીય્યત જનાબે ફાતેમા બીન્તે મોહમ્મદ (સ.અ.) કરે છે. વસીય્યત એ છે કે તેમના સાત બાગ હઝરત અલી (અ.સ.) માટે છે, પછી તેમનો ઈન્તેકાલ થઈ જાય તો ઈમામ હસન (અ.સ.) માટે છે, તેમના ઈન્તેકાલ બાદ ઈમામ હુસૈન (અ.સ.) માટે છે અને તેમના ઈન્તેકાલ બાદ તે મીલ્કતનો હકદાર તે હશે જે મારી ઔલાદમાં સૌથી મોટો હશે. તેમના સાક્ષી બન્યા જનાબે મીકદાદ અને ઝુબૈર બીન અવામ અને લખનાર હઝરત અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) છે.

અસ્મા બીન્તે ઉમૈસનુ બયાન છે કે જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) મને વસીય્યત કરી હતી કે જ્યારે મારો ઈન્તેકાલ થઈ જાય તો મારૂ ગુસ્લ તમારી અને હઝરત અલી (અ.સ.) સીવાય બીજુ કોઈ ન દે. તેના લીધે જ મે અને હઝરત અલી (અ.સ.) એ તેમને ગુસ્લ આપ્યુ. રાવીનુ બયાન છે કે જ્યારે રાતનો એક હીસ્સો પસાર થઈ ગયો અને લોકોની આંખો બંધ થઈ ગઈ તો હઝરત અલી (અ.સ.) ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.), જનાબે અમ્માર, જનાબે મીકદાદ, જનાબે અકીલ, ઝુબૈર, જનાબ અબુઝર, જનાબે સલમાન અને બુરૈરહ બીજા બની હાશીમની સાથે જનાજો લઈને બહાર આવ્યા અને રાતના પડદામાં તેમને દફન કર્યા.

પછી હઝરત અલી (અ.સ.) એ જનાબે ઝહરા (સ.અ.) ની કબ્રની આજુ બાજુ અમુક નકલી કબરો પણ બનાવી દીધી જેની સંખ્યા સાત હતી જેથી અસ્લી કબ્રની ઓળખ ન થઈ શકે.

અમુક મખ્સુસીન નુ બયાન છે કે હઝરત અલી (અ.સ.) એ જનાબે ઝહરા (સ.અ.) ની કબ્રને જમીનની એકદમ બરાબર રાખી અને તેમના નીશાનને પણ મીટાવી દીધુ જેથી કબ્રની જગ્યા ની ખબર ન પડે.

(કીતાબ રવ્ઝતુલ્વાએઝીન)

## ૧૨) આપ (સ.અ.)ને દફન કર્યા બાદ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની કબ્રથી ખીતાબઃ

કાફીમાં હઝરત અબુ અબ્દીલ્લાહ હુસૈન ઈબ્ને અલી (અ.સ.) થી રિવાયત છે કે જ્યારે જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) ની વફાત થઈ ગઈ અને હઝરત અલી (અ.સ.) એ તેમને છુપી રીતે દફન કરીને કબ્રના નીશાન ને મીટાવી દીધુ તો ત્યારબાદ હઝરત અલી (અ.સ.) ઉભા થયા અને હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ની કબ્ર તરફ રૂખ કરીને ફરમાવ્યુંઃ

અય અલ્લાહના રસુલ! તમારા પર મારા સલામ થાય અને તમારા પર સલામ થાય તેના કે જે તમારી દીકરી, જે તમારી ઝાએરહ (ઝીયારત કરનારી) અને તમારીકબ્ર મુબારક નઝદીક ખાક નીચે સુવાવાળી છે, ની તરફથી અને તેની તરફથી જેણે અલ્લાહ તઆલા એ તમારા એહલેબૈતમાંથી મુન્તખબ કરીને તમારી ખીદમતમાં પહોચાડી દીધા.

અય અલ્લાહના રસુલ! તમારી દીકરીની જુદાઈ પર સબ્ર ખુબજ ઓછો છે અને સય્યદતો નીસાઈલ આલમીન ના જુદાઈમાં મારૂ સુકુન ઓછુ થઈ ગયુ છે પરંતુ શું કરૂ, જ્યારે તમારી જુદાઈનો ગમ સહન કરવો પડયો જે આનાથી પણ મોટો ગમ હતો, તો પછી આ મુસીબત પર થોડોક સબ્ર આવી જ જશે. જ્યારે કે મે જ તમને મારા હાથોથી કબ્રમાં ઉતાર્યા અને તમારી રૂહ તે હાલતમાં નીકળી કે તમે મારા ગળા

અને છાતી દરમ્યાન સુતા હતા. હા, અલ્લાહની કીતાબમાં એવા મોકા પર સૌથી સારી કબુલ કરવાવાળી એક આયત છે અને તે એ કે ઈન્ના લીલ્લાહે વ ઈન્ના એલય્હે રાજેઉન

પછી હઝરત અલી (અ.સ.) એ ફરમાવ્યુંઃ અફસોસ મારી પાસે રાખેલી ચીજ મારાથી પરત લઈ લેવામા આવી. મને સોપવામાં આવેલી અમાનત પાછી લેવામાં આવી. જનાબે ઝહરા (સ.અ.) મારાથી એકાએક જુદા થઈ ગયા ફાતેમા ઝહરા (અ.સ.) મારાથી બહુત જલ્દી અને એકદમ જુદા થઈ ગયા.

યા રસુલલ્લાહ! હવે આ વાદળી રંગનો આસમાન અને આ માટીના રંગની જમીન મને એકદમ ખરાબ લાગે છે. મારો ગમ અને દુઃખ કાએમી થઈ ગયો છે. હવે મારી રાત્રીઓ જાગતા જ પસાર થશે. આ ગમ મારા દીલથી નહી નીકળે ત્યાં સુધી કે અલ્લાહ તઆલા મને પણ તમારી પડોસમાં પહોંચાડી દે. મારો આ રંજ અને ગમ ખતમ થનારો નથી અને હાય! કેવી રીતે જલ્દીથી આપણે એકબીજા થી જુદા થઈ ગયા બસ હું અલ્લાહથી જ ફરીયાદ કરૂ છું.

ત્યારબાદ હઝરત અલી (અ.સ.) એ ફરમાવ્યુંઃ યા રસુલલ્લાહ! નઝદીકમાં તમારી બેટી તમને બયાન કરશે કે તમારી ઉમ્મતે તેના પર કયા કયા ઝુલ્મ અને સીતમ કર્યા. તમે ખુદ તેના હાલને પુછી લેજો અને બહુજ સરસ રીતે પુછજો કારણકે નથી ખબર કે કેટલી ગમગીન વાતો છે જેને તેણે આ દુનિયામાં કોઈને બયાન નથી કરી શક્યા હવે તે તમારાથી બયાન કરશે અને આનો ફેસલો અલ્લાહ જ કરશે. તેજ બહેતરીન ફેંસલો કરવા વાળો છે. સારૂ તમારા બંને પર મારા સલામ થાય. રૂખ્સતીના સલામ, આ કોઈ દુશ્મન ના સલામ નથી અને નથી તેના સલામ જે તમારા પર મોકલીને થાકી ગયો હોય. અગર હું અહીયાથી પાછો જાવ તો તે માટે નહી કે થાકી ગયો છુ અને અગર હું બેઠો રહુ તો એ માટે

નહી કે મને અલ્લાહના તે વાઅદા બારામાં કાંઈ બદગુમાની છે જે તેણે પોતાના સાબીર બંદાથી કર્યો છે પરંતુ મને યકીન છે કે સબ્ર કરવામાં વધારે અમાન છે અને સબ્ર વધારે યોગ્ય છે. અગર તે લોકોનો ગલબો ન હોત કે જેઓ અત્યારે ગાલીબ થઈ ગયા છે તો હું જીંદગી ભર અહીયા બેઠો રહેત અને મૃત્યુ પામેલા ફરઝંદની માં ની જેમ જનાબે ફાતેમા (સ.અ.)ની કબ્ર પર ગીર્યા અને ઝારી કરતા રહે. અલ્લાહ તઆલા પોતે જ જોઈ રહ્યો છે કે મે તમારી બેટી ને કઈ પરિસ્થિતિની વજહથી છુપી રીતે દફન કરવા પડયા અને કઈ રીતે ફાતેમા (સ.અ.)થી તેનો હક અને તેની મીરાસ છીનવામાં આવ્યો જ્યારે કે હજી તમારી વફાત ના વધારે દિવસો પણ ગયા ન હતા અને ન તમારી યાદ જુની થઈ હતી.

યા રસુલલ્લાહ! હું અલ્લાહથી ફરીયાદ કરૂ છું કેઃ અલ્લાહ જ મને તમારી જુદાઈ પર સબ્ર કરવાની તૌફીક આપે અને તમારા અને તમારી બેટી ફાતેમા (સ.અ.) પર દુરૂદ અને સલામ થાય.

(કાફી)

## ૧૩) જફર, જામેઆ અને મુસહફે ફાતેમા (સ.અ.) શું છે?

અબુ ઉબૈદાથી રિવાયત છે કે એક વખત મારા થોડા અસહાબોએ હઝરત ઈમામ જઅફરે સાદીક (અ.સ.)થી જફરના બારામાં પુછયું કે તે શું છે?

ઈમામે ફરમાવ્યુંઃ તે બળદની એક ખાલ છે જે ઈલ્મથી ભરેલુ છે.

પછી પુછયુ કે અને જામેઆ શું છે?

તો ઈમામે ફરમાવ્યુંઃ તે એક સહીફા છે જે ચામડા પર લખેલુ છે તેની લંબાઈ ૭૦ હાથ છે અને પહોળાઈ ઉંટની રાનના બરાબર છે. તેના પર દરેક તે વાત લખેલી છે જેની લોકોને જરૂરત હોય છે. તેમાં

દરેક મસઅલાનો જવાબ છે ત્યાં સુધી કે તેમા એક ખરાશ સુધીનુ પણ બયાન મૌજુદ છે.

કોઈએ પુછ્યુ અને મુસહફે ફાતેમા (સ.અ.) શું છે?

આ સાંભળીને ઈમામ થોડી વાર ચુપ રહ્યા પછી ફરમાવ્યું: સાંભળ, રસુલે ખુદા (સ.અ.વ.) ની વફાત બાદ જનાબે ફાતેમા (સ.અ.) ૭૫ દિવસ જીવતા રહ્યા અને તેમને પોતાના પિતાની જુદાઈમાં ખુબજ ગમ હતો તેથી તે અરસામાં જીબ્રઈલે અમીન તેમની પાસે આવતા અને તેમને તસલ્લી આપતા અને એ પણ બતાવતા કે હવે તેમના પિતા કયા મકામ પર છે. કયારેક તે બતાવતા કે તેમની ઔલાદની સાથે દુનિયાવાળાઓ કેવુ વર્તન કરશે. આ પ્રકારની વાતોને હઝરત અલી (અ.સ.) લખી લેતા હતા. આજ લખાણનુ નામ મુસહફે ફાતેમા (સ.અ.) છે.

(કાફી)

## ૧૪) કબ્રને ખોદવાનો ઈરાદો અને હઝરત અલી (અ.સ.)નો ગુસ્સો:

હઝરત અલી (અ.સ.) એ જનાબે ફાતેમા (સ.અ.) ને દફન કર્યા પછી તેમની કબ્રને છુપાવવા માટે જન્નતુલ બકીમાં ૪૦ કબ્ર બનાવી દીધી. મુસલમાનોને જ્યારે જનાબે ફાતેમા (સ.અ.) ની વફાતની ખબર પડી તે બકીના કબ્રસ્તાનમાં આવ્યા (જેથી ફાતેહા પઢે) પરંતુ ત્યાં પહોચ્યા તો તેઓએ ૪૦ નવી કબ્ર બનેલી જોઈ તો તે કબ્રમાં જનાબે ફાતેમા (સ.અ.) ની કબ્રને નક્કી ન કરી શકયા તો ખુબજ પરેશાન થયા તો એક બીજાથી મલામત કરવા લાગ્યા કે ખુબજ અફસોસની વાત છે કે જનાબે રસુલે ખુદા (સ.અ.વ.) એક બેટીને છોડીને ગયા હતા તે બીચારી પણ ઈન્તેકાલ કરી ગઈ અને દફન પણ થઈ ગઈ પરંતુ તમે લોકો આપ(સ.અ.)ની વફાતના સમયે ન પહોચ્યા અને ન તેની નમાઝે

જનાઝા પડયા. હવે તમને તે પણ ખબર નથી કે તેની કબ્ર કયા છે અને કઈ છે?

જ્યારે સાહેબે સત્તાધારીઓને ખબર પડી તો તેણે હુકમ દીધો કે આ બધી કબ્રોને ખોદીને અસલી કબ્ર કઈ છે તે શોધે જેથી તેમની નમાઝે જનાઝા પડવામાં આવે.

જ્યારે આની ખબર હઝરત અલી (અ.સ.) ને થઈ કે આ લોકોનો આ ઈરાદો છે તો હઝરત અલી (અ.સ.) એ જ હાલતમાં ઘરની બહાર આવ્યા કે ગુસ્સાથી આંખ લાલ થઈ રહી હતી. ગળાની રગો ફુલેલી હતી અને હઝરત અલી (અ.સ.) પોતાની મશ્હુર પીળી કબા પહેરેલી હતી (જે તેઓ સખ્ય મસાએબના સમયે પહેરતા હતા) અને ઝુલ્ફીકારને ટેકતા જન્નતુલ બકીમાં પહોચ્યા. કોઈકે તે લોકો પાસે જઈને ખબર પહોંચાડી કે હઝરત અલી (અ.સ.) ગુસ્સામાં આવી રહ્યા છે અને તેઓએ કસમ ખાધી છે કે અગર આ કબ્રોમાંથી કોઈ એક કબ્રને પણ એક ઈંટ ઉપાડવામાં આવે તે ખુનની નદી વહેવડાવી દઈશ.

એટલામાં હઝરત અલી (અ.સ.) ને ઉમર બીન ખત્તાબની મુલાકાત થઈ ગઈ.

તેઓએ કીધુ એ અબુલ હસન (અ.સ.) તમે અમારૂ શું બગાડી શકો છો, ખુદાની કસમ અમે ફાતેમા (સ.અ.) ની કબ્ર ખોદીને તેમને મય્યત પર નમાઝ પઢશુ.

આ સાંભળીને હઝરત અલી (અ.સ.) એ આગળ વધીને ગીરેબાન પકડી લીધો અને તેમને ઉપાડીને જમીન પર પટકયા અને ફરમાવ્યું:

અય હબશી ઔરતના બચ્ચા! મે મારો હક એ માટે છોડી દીધો કે બધા લોકો દીને ઈસ્લામથી ફરી ન જાય, પરંતુ ફાતેમા (સ.અ.)ની કબ્ર

તરફ તે અથવા તારા સાથીઓએ આંખ ઉઠાવીને જોયું તો હું તમારા લોકોના ખુનથી આ જમીન સીંચી દઈશ. હવે અગર આ ઈચ્છો તો આગળ કદમ વધારીને જોવો. એટલામાં અબુ બકરે વચ્ચે આવીને કહ્યું એ અબુલ હસન (અ.સ.) તમને ખુદા અને તેના રસુલ(સ.અ.વ.)નો વાસ્તો તેને છોડી દો. અમારો વાયદો છે કે હવે અમે એવી વાત નહી કરશુ જે તમારા ગુસ્સાનું કારણ બને.

આ સાંભળીને હઝરત અલી (અ.સ.) એ ઉમર બીન ખત્તાબને છોડી દીધા અને બધા લોકો પાછા ચાલ્યા ગયા.

(દલાએલુલ ઈમામત તબરી)

## ૧૫) આપ (સ.અ.)ના ઘરના દરવાજાને સળગાવવામાં આવ્યોઃ

અલ્લામા મજલીસી અ.ર. ફરમાવે છે કે મે કીતાબ સુલૈમ બીન કૈસમાં આ વાકેઓ આ રીતે જોયો છે કે જનાબે સલમાન અને જનાબે અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસનું બયાન છે કે જે દિવસે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ની વફાત થઈ, તે જ દિવસે (હજી તો રસુલને દફન પણ નહોતા કર્યા) થોડાક વ્યકિતઓ સીવાય દરેક લોકોએ બયઅત તોડી નાખી અને મુરતદ થઈ ગયા (ફરી ગયા) અને મુખાલેફત પર ભેગા થઈ ગયા તે સમયે હઝરત અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) રસુલે ખુદા (સ.અ.વ.) ના ગુસ્લો કફનમાં મશ્ગુલ હતા અને પછી હઝરત અલી (અ.સ.) રસુલે ખુદા (સ.અ.વ.) ની વસીય્યત મુજબ કુરઆને મજીદને જમા કરવા અને તરતીબ કરવામાં વ્યસ્ત થઈ ગયા અને તે લોકોથી કાઈ લેવા દેવા નહોતુ એક સલાહકારે અબુબક્રને કહ્યું કે હવે દરેક લોકો તમારી બય્અત કરી ચુકયા છે સીવાય તે શખ્સ (હઝરત અલી અ.સ.) અને તેના ઘરવાળાઓ તેથી તેઓની પાસે કોઈને મોકલો અને તેને પણ બોલાવો.

અબુ બક્ર એ તેઓની પાસે કુન્ફુઝ નામનો એક શખ્સ ને મોકલ્યો અને કહ્યું: અય કુન્ફુઝ! તુ હઝરત અલી (અ.સ.) ની પાસે જા અને કહે કે ચાલો તમને રસુલે ખુદાના ખલીફા બોલાવે છે.

કુન્ફુઝ હઝરત અલી (અ.સ.) ને બોલાવવા માટે ઘણી વાર આવ્યો પરંતુ હઝરત અલી (અ.સ.) એ જવાનો ઈન્કાર કરી દીધો. હઝરત અલી (અ.સ.) ના ઈન્કાર કરવા પર અબુ બક્ર ના તે સલાહકારને ગુસ્સો આવ્યો અને તેણે ખાલીદ બીન વલીદ અને કુન્ફુઝને હુકમ આપ્યો કે તમે લોકો લાકડીઓ અને આગ લઈને મારી સાથે આવો.

તેથી એ દરેક લોકો આગ અને લાકડીઓ લઈને હઝરત અલી (અ.સ.) અને જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) ના દરવાજા પર પહોચ્યા તે સમયે જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) તેમના દરવાજાની પાછળ બેઠા હતા અને તેમના માથા પર પાટો બાંધેલો હતો અને રસુલે ખુદા (સ.અ.વ.) ની વફાતના ગમમાં એકદમ કમજોર થઈ ગયા હતા.

તે સલાહકાર (ઉમર ઈબ્ને ખત્તાબ) આગળ વધ્યો અને તેને દરવાજા ને ખખડાવ્યો અને અવાજ આપી અય અલી! દરવાજો ખોલો. જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) એ ફરમાવ્યું: અય ઉમર! અમને આ હાલ પર છોડી દે એટલા માટે કે અમારા માટે તો હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) નો ગમ જ કાફી છે.

ઉમરે કહ્યું: દરવાજો ખોલો નહીંતર હું તમારા ઘરમાં આગ લગાડી દઉ છું.

જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) એ ફરમાવ્યું: અય ઉમર! શું તુ ખુદાથી નથી ડરતો અને મારા ઘરમાં જબરદસ્તી દાખલ થવા માંગો છો?

તેના પર ઉમરે આગ અને લાકડીઓ લઈને દરવાજાને સળગાવી દીધો અને ધક્કો મારીને દરવાજો ખોલ્યો. જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) સામે હતા અને ફરીયાદ કરી અય બાબા, અય રસુલુલ્લાહ!

આ સાંભળીને ઉમરે પોતાની તલવારને (મ્યાનની સાથે) જનાબે સય્યદા (સ.અ.) ના પહેલુ પર મારી અને જનાબે ઝહરા (સ.અ.) એ એક ચીખ મારી પછી ઉમરે જનાબે સૈયદા (સ.અ.) ના હાથ પર ઝર્બ લગાડી, જનાબે સૈયદા (સ.અ.) ફરી ચીલ્લાવા લાગ્યા અય બાબા આ ચીખની અવાજ સાંભળીને હઝરત અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) તરત જ દોડયા અને ઉમરનો ગરેબાન પકડીને જોરથી પટકયો, જેની તે કોઈ તાબ ન લાવી શકયો અને જમીન પર પડી ગયો અને હઝરત અલી (અ.સ.) એ ઉમરના નાક અને ગળા પર ઝર્બ લગાવી અને તેને કત્લ કરવાનો ઈરાદો કર્યો પણ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ની વસીય્યત યાદ આવી ગઈ કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ આ મૌકા પર સબ્ર કરવાની તાકીદ કરી હતી. હઝરત અલી (અ.સ.) એ ફરમાવ્યું: અય ઉમર ઈબ્ને ખત્તાબ હું તેની કસમ ખાઈને કહુ છુ જેણે હઝરત મોહમ્મદ (સ.અ.વ.) ને નબી બનાવીને ઈઝઝત બક્ષી, અગર અલ્લાહે મારીથી પહેલાથી આ વાયદો ન લીધો હોત તો તમે લોકો મારા ઘરમાં દાખલ થઈ જ ન શકત.

એટલામાં ઉમરે પોતાના બીજા સાથીઓની મદદથી હઝરત અલી (અ.સ.) ના ગળામાં રસ્સી નાખી દીધી અને તેમને ખેચીને બહાર લઈ ગયા. આ જોઈને જનાબે ફાતેમા (સ.અ.) એ અટકાવ્યા પરંતુ કુન્ફુઝે જનાબે સૈયદા (સ.અ.) ને એવુ ચાબુક મારી કે જેનુ નીશાન મરતા દમ સુધી બાકી રહ્યુ. જ્યારે જનાબે ઝહરા (સ.અ.) એ દરવાજાની પાછળ પનાહ લીધી તો તેણે દરવાજાને જોરથી જનાબે ઝહરા (સ.અ.) ની ઉપર દબાવ્યો જેનાથી જનાબે ઝહરા (સ.અ.) ની પાંસળીઓ ટુટી ગઈ

અને જે બાળક તેમના શીકમમાં હતુ તે શહીદ થઈ ગયુ. ત્યારબાદ જનાબે ફાતેમા (સ.અ.) સતત બીમાર રહ્યા ત્યા સુધી કે જનાબે ફાતેમા (સ.અ.) આ જ હાલતમાં વફાત પામ્યા. અલ્લાહ તે શહીદા (જનાબે ફાતેમા સ.અ.) પર હંમેશા હંમેશા પોતાની રહેમતો નાઝીલ કરે અને ઝાલીમો પર હંમેશા લાનત કરે.

ત્યારબાદ આ રિવાયત હજી આગળ છે જેમા તે મહાન મસાએબ નો ઝીક્ર કરવામા આવ્યો છે જે તેના પછી બન્યુ છે.

ઈબ્ને અબ્બાસ બયાન કરે છે કે પછી જનાબે ફાતેમા (સ.અ.) ને જાણ થઈ કે અબુ બક્રએ ફીદક પર કબ્જો કરી લીધો છે તો જનાબે ઝહરા (સ.અ.) બની હાશીમની ઔરતોના વર્તુળમા બહાર નીકળ્યા અને અબુબક્ર પાસે આવ્યા અને ફરમાવ્યુંઃ અય અબુ બક્ર! શુ તુ મારાથી તે જમીન પણ લેવા ચાહો છો જે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ મને આપી હતી.

આ સાંભળીને અબુબક્ર એ દવાત માગ્યુ અને ઈચ્છયુ કે તે જમીનને વાપસ કરવા માટે હુકમનામુ જાહેર કરે એટલામાં ઉમર ઈબ્ને ખત્તાબ આવ્યો અને બોલ્યોઃ અય રસુલના ખલીફા! તમે આ દસ્તાવેજ ત્યા સુધી ન લખો જ્યા સુધી જનાબે ફાતેમા (સ.અ.) પોતાના દાવા માટે સબુત પેશ ન કરે.

જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) એ ફરમાવ્યુંઃ હઝરત અલી (અ.સ.) અને જનાબે ઉમ્મે અયમન તેના ગવાહ છે.

ઉમરે કહ્યુંઃ એક અજમી ઔરત (જનાબે ઉમ્મે અયમન)કે જે સરખી રીતે વાત ન કરી શકતી હોય તેની ગવાહી કબુલ નથી અને હવે રહ્યા હઝરત અલી (અ.સ.) તો તે પોતાના મતલબની જ વાત કરશે.

આ સાંભળીને જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) ગુસ્સાની હાલતમાં પાછા ચાલ્યા ગયા અને તેમની બીમારી વધી ગઈ.

હઝરત અલી (અ.સ.) નો રોજીંદો ક્રમ હતો કે પાંચેય સમયની નમાઝ મસ્જીદમાં પઢતા હતા. એક વખત હઝરત અલી (અ.સ.) જ્યારે નમાઝ ખત્મ કરી ચુક્યા તો અબુબક્ર અને ઉમરએ પુછયુઃ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ની દીકરીને કેમ છે? અને કહ્યું અય અલી (અ.સ.)! અમારી અને જનાબે ફાતેમા (સ.અ.) દરમ્યાન જે બનાવ બન્યો છે તેનાથી તમે વાકેફ છો. અગર તમે યોગ્ય સમજો તો અમને તેમની પાસે લઈ જાવ જેથી અમે અમારી ગલતીઓની તેમની પાસે માફી માંગીએ.

હઝરત અલી (અ.સ.) એ ફરમાવ્યુંઃ તમારી મરજી

પછી આ બંને હઝરત અલી (અ.સ.) ની સાથે જનાબે ફાતેમા (સ.અ.) ના દરવાજા પર પહોચ્યા. હઝરત અલી (અ.સ.) અંદર ગયા અને ફરમાવ્યુંઃ અય સૈયદા! ફલાણો અને ફલાણો દરવાજા પર ઉભા છે તમને સલામ કરવા ચાહે છે તમારો શુ મત છે? શું તેમને અંદર બોલાવુ?

જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) એ ફરમાવ્યુંઃ અય અલી (અ.સ.)! આ ઘર પણ તમારૂ છે અને હું પણ તમારી પત્ની છુ તમને દરેક પ્રકારનો ઈખ્તેયાર છે.

હઝરત અલી (અ.સ.) એ ફરમાવ્યુંઃ ઠીક છે તમે પડદો નાખી દયો.

જનાબે સૈયદા (સ.અ.) એ હીજાબ પહેરી લીધો અને દીવાલની તરફ મોઢુ રાખીને બેસી ગયા પછી તે બંને અંદર દાખલ થયા અને સલામ કર્યા પછી બોલ્યાઃ અય ફાતેમા (સ.અ.)! તમે અમારાથી રાજી થઈ જાવ, અલ્લાહ તમારાથી રાજી થાય.

જનાબે સૈયદાએ ફરમાવ્યુંઃ મને રાજી કરવા અને પોતાની ગલતીઓ પર પસ્તાવાનુ શુ કારણ છે કે જેના લીધે તમે બંને મારી પાસે આવ્યા છો?

તેઓએ કહ્યુંઃ હકીકતમાં અમે અમારી ગલતીઓ પર પસ્તાઈએ છીએ અને ઉમ્મીદ છે કે તમે તેને માફ કરી દેશો.

જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) ફરમાવ્યુંઃ અગર તમે બંને સાચા હો તો હું તમને બંને ને એક વાત પુછુ છુ તે સાચુ કહેજો અને હું તે જ વાત પુછીશ જેના બારામા મને ખબર હોય કે તમે તેને જાણો છો, અગર તમે સાચુ કહેશો તો હું સમજીશ કે તમે લોકો અહીયા સાચી નીય્યતથી આવ્યા છો.

તે બંનેએ કહ્યુંઃ સારૂ, તમે જે પુછવા ચાહો તે પુછો.

જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) એ ફરમાવ્યુંઃ હું તમને ખુદાની કસમ આપીને પુછુ છુ કે તમે મારા મહાન પિતાને આમ ફરમાવતા સાંભળ્યા છે કેઃ

فَاطِمَةُ بَضْعَةٌ مِنِّي مَنْ آذَاهَا فَقَدْ آذَانِي

(ફાતેમા (સ.અ.) મારો જ એક ભાગ છે. જેણે તેને અઝીય્યત (તકલીફ) આપી તેણે મને અઝીય્યત પહોચાડી)

તે બંનેએ કબુલ કર્યું અને કહ્યુંઃ હા સાંભળ્યુ છે.

આ સાંભળીને જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) એ પોતાના બંને હાથોને આસમાન તરફ ઉચા કર્યા અને કહ્યુંઃ

اَللَّهُمَّ إِنَّهُمَا قَدْ آذَيَانِي فَأَنَا أَشْكُوهُمَا إِلَيْكَ وَ إِلَى رَسُولِكَ لَا وَ اللهِ لَا أَرْضَى عَنْكُمَا أَبَداً حَتَّى أَلْقَى أَبِي رَسُولَ اللهِ

*'ખુદા તુ ગવાહ રહેજે કે આ બંનેએ મને અઝીય્યત આપી હું આ બંનેની શીકાયત તારાથી અને તારા રસુલથી કરૂ છુ. હું આ બંનેથી હંમેશા નારાજ રહીશ ત્યા સુધી કે હું રસુલે ખુદા (સ.અ.વ.) ની મુલાકાત કરૂ.'*

فَأُخْبِرَهُ بِمَا صَنَعْتُمَا فَيَكُونَ هُوَ الْحَاكِمَ فِيكُمَا

(અને તમારો તે વર્તન બયાન કરીશ જે તમે મારી સાથે કર્યો છે પછી તે સમયે તેઓ જ તમારા બંનેનો ફેસલો કરશે)

આ સાંભળીને અબુબક્ર રોવા લાગ્યો અને ખુબજ રડવા લાગ્યો.

ઉમરે કહ્યું: અય ખલીફએ રસુલ! તમે એક ઔરતની વાતોમાં આવીને રોવા લાગ્યા અને ડરી ગયા.

ત્યારબાદ જ્યાં સુધી જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) જીવતા રહ્યા તે બંને માટે બદ્દુઆ કરતા રહ્યા.

જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) પોતાના પિતાની વફાત બાદ ફકત ૪૦ દિવસ જીવતા રહ્યા. જ્યારે તેમની બીમારી સખ્ત થઈ તો જનાબે ઝહરા (સ.અ.) એ હઝરત અલી (અ.સ.) ને બોલાવ્યા અને ફરમાવ્યું:

અય રસુલે ખુદા (સ.અ.વ.) ના કાકાના દીકરા! હવે મારો અંતીમ સમય છે, હું વસીય્યત કરૂ છું કે તમે મારા પછી અમામાથી શાદી કરજો કારણકે તે મારા બાળકો સાથે મારી જેવુ વર્તન કરે છે; બીજુ એ કે મારી માટે તાબુત તૈયાર કરી દેજો જેને બનાવતા મને મલાએકા એ શીખવ્યુ છે; ત્રીજી વસીય્યત એ છે કે મારા દુશ્મન મારા જનાઝા પર ન આવે અને ન તો મારા દફનમાં શરીક થાય અને ન મારી નમાઝે મય્યતમા શામીલ થાય.

ઈબ્ને અબ્બાસ કહે છે કે જનાબે ફાતેમા (સ.અ.)ની તે જ દિવસે વફાત થઈ. જેને સાંભળીને મદીનાના મર્દો અને ઔરતોમાં કોહરામ

બરપા થયો અને લોકો એ રીતે મુઝતર થયા જે રીતે રસુલે ખુદા (સ.અ.વ.) ની વફાત ના દિવસે મુઝતર થયા હતા. અબુબક્ર અને ઉમર હઝરત અલી (અ.સ.) ની પાસે તઅઝીયત માટે આવ્યા અને બોલ્યાઃ અય અલી (અ.સ.) અમારા આવવા પહેલા બીન્તે રસુલની નમાઝે જનાઝા ન પઢી લેતા.

પરંતુ જ્યારે રાત થઈ તો હઝરત અલી (અ.સ.) એ અબ્બાસ અને ફઝલ, જનાબે મીકદાદ, જનાબે સલમાન, જનાબે અબુઝર અને જનાબે અમ્મારને બોલાવ્યા અને જનાબે ફાતેમા (સ.અ.) ની નમાઝે મય્યત પઢયા અને તે જ સમયે દફન કર્યા.

જ્યારે સવાર થઈ તો અબુબક્ર અને ઉમર અને બીજા લોકો પણ જનાબે ઝહરા (સ.અ.) ની નમાઝે મય્યત પઢવા આવ્યા.

જનાબે મીકદાદએ કહ્યું કેઃ અમે તો તેમને રાત્રે જ દફન કરી દીધા.

આ સાંભળીને ઉમરે, અબુબક્ર તરફ જોઈને કહ્યું કે શું મેં તને નહોતુ કહ્યું કે આ લોકો એમ જ કરશે.

અબ્બાસે જવાબ આપ્યોઃ જનાબે ફાતેમા (સ.અ.)ની વસીય્યત હતી કે તમને બંનેને નમાઝે મય્યતમાં શરીક ન કરે.

ઉમરે કહ્યુંઃ અય બની હાશીમ! તમે લોકો તમારો જુનો હસદ નહી છોડશો અને આ કીનો તમારા દીલમાંથી કયારેય નહી જાય; સારૂ ખુદાની કસમ હવે તો અમારો ઈરાદો છે કે તેમની (જનાબે ઝહરા સ.અ.) કબ્ર ખોદીને તેમની નમાઝે મય્યત પઢશું.

હઝરત અલી (અ.સ.) એ જવાબ આપ્યોઃ અય ઝહહાકના દીકરા! ખુદાની કસમ અગર તે તેનો ઈરાદો પણ કર્યો અને તેની તરફ આંખ ઉઠાવીને પણ જોયુ તો હું વાયદો / કસમ તોડી નાખીશ અને જે

તલવારને મે મ્યાનમાં રાખી લીધી છે, ફરી તેને બહાર કાઢીશ અને તે મ્યાનમાં ત્યાં સુધી નહી જશે જ્યા સુધી તારૂ લોહી ન વહાવી લે.

આ સાંભળીને ઉમર ચુપ થઈ ગયો. તેને ખબર હતી કે જ્યારે હઝરત અલી (અ.સ.) કસમ ખાઈ છે તો તેને પુરી પણ કરે છે. (કીતાબ સુલૈમ બીન કૈસ હીલાલી/તારીખે અબુલ ફીદા પે.૧૫૬/ કીતાબ ઈમામત વ સિયાસત પે.૧૩/સહીહ બુખારી બાબ-૫/ સહીહ મુસ્લીમ ભાગ-૨ પે.૯૧)

## ૧૬) માના શિક્મમાં જનાબે મોહસીન (અ.સ.)ની શહાદતઃ

અબુ બસીર એ હઝરત અબુ અબ્દીલ્લાહ ઈમામ જઅફરે સાદીક (અ.સ.)થી રિવાયત કરી છે કે ઈમામે ફરમાવ્યુંઃ જનાબે ફાતેમા (સ.અ.)ની વફાત ૩ જમાદીઉલ આખર મંગળવાર ૧૧ હીજરી સન ના થઈ હતી અને જનાબે ફાતેમા (સ.અ.)ની વફાતનુ કારણએ હતુ કે ઉમર બીન ખત્તાબના ગુલામ કુનફુઝએ પોતાના માલીકના હુકમથી જનાબે ફાતેમા (સ.અ.)ના શીકમે મુબારકમાં મ્યાનના નીચેના ભાગની અણીને મારી જેના લીધે તરત જ જનાબે મોહીસન ની શહાદત થઈ ગઈ અને આના પછી જનાબે ફાતેમા (સ.અ.) ખુબજ બીમાર હતા અને જે લોકોએ જનાબે ફાતેમા (સ.અ.) ને તકલીફ આપી હતી તે લોકોમાંથી કોઈને પોતાના ઘરે આવવાની રજા ન આપી પરંતુ રસુલે ખુદા (સ.અ.વ.) ના અસ્હાબોમાંથી બે અસ્હાબોએ આવવાની ઈજાઝત માટે હઝરત અલી (અ.સ.) ને પોતાના વસીલા બનાવ્યા આથી હઝરત અલી (અ.સ.) ના કહેવા પર જનાબે ફાતેમા (સ.અ.) એ તે બંને ને આવવાની રજા આપી. જ્યારે આ બંને અંદર આવ્યા અને હાલ પુછયો તો જનાબે ફાતેમા (સ.અ.) એ ફરમાવ્યુંઃ અલહમ્દોલીલ્લાહ હું ઠીક છુ. એ બતાવો કે શું તમે બંને એ રસુલે ખુદા (સ.અ.વ.) ને આ ફરમાવતા નથી સાંભળ્યુ કે

فَاطِمَةُ بَضْعَةٌ مِنِّي مَنْ آذَاهَا فَقَدْ آذَانِي وَمَنْ آذَانِي فَقَدْ أَذَى الله

(જનાબે ફાતેમા (સ.અ.) મારો જ એક ટુકડો છે, જેણે તેને તકલીફ આપી તેણે મને પણ તકલીફ આપી અને જેણે મને તકલીફ આપી તેણે અલ્લાહને તકલીફ આપી? )

તે બંનેએ કીધુ જી હા અમે આ હદીસ સાંભળી હતી.

જનાબે ફાતેમા (સ.અ.) એ ફરમાવ્યું સારૂ તો એ પણ સાંભળી લ્યો કે અલ્લાહની કસમ! તમે બંનેએ મને તકલીફ આપી છે.

આ સાંભળીને તે બંને બહાર આવી ગયા અને જનાબે ફાતેમા (સ.અ.) તેના પર આ રીતે નારાજ આ દુનિયાથી રૂખ્સત થઈ ગયા. (દલાએલુલ ઈમામત તબરી)

**૧૭) આપ (સ.અ.)ને ઝખ્મી કરવામાં આવ્યાઃ**

એહતેજાજે તબરસીમાં રિવાયત છે કે આ એહતેજાજ કે જે હઝરત ઈમામ હસન (અ.સ.) એ મોઆવીયા અને મોઆવીયાના સાથીઓ વિરૂધ્ધ કર્યા તેમા એક આ પણ હતો કે ઈમામ હસન (અ.સ.) એ મુગૈરહ બીન શઅબાને ફરમાવ્યુંઃ તુ તે જ વ્યકિત તો છે જેણે મારી માતા જનાબે ફાતેમા બીન્તે મોહમ્મદ (સ.અ.) ને માર પીટ કરી જેના કારણે તેમનુ બાળક (જનાબે મોહસીન અ.સ.) શહીદ થઈ ગયા, તે આ એટલા માટે કહ્યું કે તારી નજરમાં હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ની કોઈ ઈઝઝત ન હોતી અને ન તો તેના ફરમાન અને હુકમોની કોઈ અહમીય્યત હતી; જ્યારે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) ને ફરમાવ્યું હતુઃ

أَنْتِ سَيِّدَةِ نِسَاءِ أَهْلِ الْجَنَّة

અય મુગૈરહ! ખુદાની કસમ તારો અંજામ જહન્નમની આગ છે.

(કીતાબ એહતેજાજે તબરસી)

## ૧૮) શૈખૈનથી નારાઝગી અને દફન વીધીઃ

મનાકીબે ઈબ્ને શહરે આશુબ અને સહીહ મુસ્લીમમાં આયેશાથી એક લાંબી રિવાયત વર્ણન કરવામાં આવી છે. તેમા આ છે કેઃ જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) એ કોઈને અબુબક્રની પાસે મોકલ્યો અને પોતાના પિતાનો વારસો તલબ કર્યો (ત્યારબાદ પુરો બનાવ વિગતવાર બયાન કર્યો, પછી લખ્યુ કે) આ બનાવ પછી જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) એ અબુબક્રથી સંબંધ કાપી નાખ્યો, વાત કરવાની પણ છોડી દીધી ત્યા સુધી કે જનાબે ઝહરા (સ.અ.) ની વફાત થઈ અને અબુબક્ર તેમના જનાઝા પર નમાઝ પણ ન પઢી શકયો કારણ કે આ જનાબે સૈયદા (સ.અ.)ની વસીય્યત હતી.

વાકેદી એ કે જે એહલેસુન્નતના આલીમોમાંથી એક મોટા આલીમ છે, લખ્યુ છે કેઃ જ્યારે જનાબે ફાતેમા (સ.અ.)ની વફાતનો સમય નઝદીક હતો તો તેમણે હઝરત અલી (અ.સ.) ને વસીય્યત કરી કે તેમની નમાઝે જનાઝામાં અબુબક્ર અને ઉમર શરીક ન થાય. હઝરત અલી (અ.સ.) એ તેમની વસીય્યત પર અમલ કર્યો.

ઈબ્ને અબ્બાસથી રિવાયત છે કે જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) એ વસીય્યત કરી કે મારી વફાતની ખબર અબુ બક્ર અને ઉમરને ન કરવામા આવે અને તે બંને તેમની નમાઝે જનાઝામાં પણ શરીક ન થાય એટલા માટે હઝરત અલી (અ.સ.) એ તે મોઅઝઝમાને રાત્રીના અંધકારમાં જ દફન કર્યા અને તે બંનેને તે આ બાબતની જાણ ન કરી.

- તારીખે અબુબક્ર બીન કામીલમાં આયેશાથી રિવાયત છે કે જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) રસુલે ખુદા (સ.અ.વ.)ની વફાત બાદ ૬ મહીના જીવતા રહ્યા જ્યારે તેમની વફાત થઈ તો હઝરત અલી (અ.સ.) એ તેમને રાત્રીના દફન કર્યા અને હઝરત અલી (અ.સ.) જ તેમની નમાઝ પઢયા.

ઉપરોકત તારીખ ની યાદીમાં ઝોહરીની આ રિવાયત પણ નકલ છે કે જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) રાતના સમયે દફન થયા.

તે જ તારીખમાં ઝોહરીથી આ રિવાયત પણ છે કે હઝરત અમીરૂલ્મોઅમેનીન (અ.સ.) અને હઝરત ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.) એ રાતના સમયે દફન કરીને તેમની કબ્રને છુપાવી દીધી.

- તારીખે તબરીમા નકલ છે કે જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) ને રાતના સમયે દફન કરવામાં આવ્યા અને તેમના જનાઝામાં જનાબે અબ્બાસ, હઝરત અલી (અ.સ.), મીકદાદ અને ઝુબૈર સીવાય બીજુ કોઈ હાજર ન થયું.
- બીજી રિવાયતમાં છે કે જનાબે ઝહરા (સ.અ.) ના જનાઝા પર હઝરત અલી (અ.સ.), હઝરત ઈમામ હસન (અ.સ.), હઝરત ઈમામ હુસૈન (અ.સ.), જનાબે અકીલ, જનાબે સલમાન, જનાબે અબુઝર, જનાબે મીકદાદ, જનાબે અમ્માર અને બુરૈદહ નમાઝ પઢયા. બીજી રિવાયતમા છે કે જનાબે અબ્બાસ અને ફઝલ એ પણ નમાઝ પઢી. એક બીજી રિવાયતમા છે કે હોઝૈફા અને ઈબ્ને મસઉદએ પણ નમાઝે જનાઝામા શીરકત કરી.
- અસ્બગ ઈબ્ને નબાતા એ હઝરત અલી (અ.સ.) ને પુછયુ કેઃ જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) ને રાતના સમયે શા માટે દફન કરવામાં આવ્યા?

હઝરત અલી (અ.સ.) એ ફરમાવ્યુંઃ જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) અમુક લોકોથી નારાજ હતા એટલા માટે મે ન ઈચ્છયુ કે તે લોકો તેના જનાઝામાં શરીક થાય એવી જ રીતે દરેક તે શખ્સ જે તે લોકોને દોસ્ત રાખતો હોય જેનાથી જનાબે ફાતેમા (સ.અ.) નારાઝ

હતા તેના પર હરામ છે કે તેઓ જનાબે ફાતેમા (સ.અ.) ની ઔલાદોમાંથી કોઈના જનાઝા પર નમાઝ પઢે.

રિવાયતમાં છે કે હઝરત અલી (અ.સ.) એ જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) ની કબ્રને જમીનના સ્તર બરાબર રાખી અને એમ પણ કહેવામા આવે છે કે હઝરત અલી (અ.સ.) એ જનાબે ફાતેમા (સ.અ.) ની કબ્રોની ચારેય તરફ નકલી કબ્રો બનાવી દીધી જેથી તેમની અસલી કબ્રની ઓળખ ન થઈ શકે અને ગૈર લોકો નમાઝ ન પઢી શકે.

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ની વફાત બાદ જ્યારે જનાબે ફાતેમા (સ.અ.) તે બીમારીમા મુબ્તેલા થયા જેના લીધે તેમની વફાત થઈ તો આ બંને (અબુબક્ર અને ઉમર) અયાદ્દત માટે આવ્યા અને અંદર આવવાની ઈજાઝત માંગી. જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) એ ઈજાઝત દેવાની મનાઈ કરી, અબુબક્ર એ જ્યારે આ જોયુ તો ખુદાથી અહદ કર્યો કે જ્યા સુધી જનાબે ફાતેમા (સ.અ.) ની પાસે જઈને તેમને પોતાનાથી રાજી ન કરી લે ત્યા સુધી કોઈ મકાનના છાપરા નીચે નહી આવે તેથી તે રાત્રે અબુબક્ર એ બકીના કબ્રસ્તાનમાં કોઈપણ છત વગર પસાર કરી, જ્યારે સવાર થઈ તો ઉમર હઝરત અલી (અ.સ.) પાસે આવ્યો અને તેમને કહ્યુંઃ અય અલી (અ.સ.)! તમને ખબર છે કે અબુબક્ર રસુલે ખુદા (સ.અ.વ.) ના યારે ગાર છે, તેમના સહાબી અને રફીકુલકલ્બ ઈન્સાન છે, અમે લોકો કેટલી વખત તમારી પાસે જનાબે ફાતેમા (સ.અ.) ની મુલાકાતની બાબતે આવી ચુકયા છીએ પરંતુ જનાબે ફાતેમા (સ.અ.) રાજી નથી થતા તેથી હવે તમે તેમને ભલામણ કરો જેથી મુલાકાત થઈ જાય.

તેના કહેવા પર હઝરત અલી (અ.સ.) ઘરમાં તશરીફ લાવ્યા અને શેહઝાદીને કહ્યુંઃ અય બીન્તે રસુલ! તે બંનેએ જે કાઈ કહ્યું છે તે તમને ખબર છે, આ બંને ઘણીવાર તમારી મુલાકાત માટે ઘરે આવી ચુકયા છે

પરંતુ મે દરેક વખતે પાછા મોકલી દીધા છે તેઓ પાછા મારી પાસે આવ્યા છે અને તમારી ઈજાઝતની રાહ જોવે છે.

જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) એ ફરમાવ્યું કે હું તે બંનેને મુલાકાતની ઈજાઝત નહી આપુ અને ન તો તેઓથી વાત કરીશ ત્યા સુધી કે મારા પિતાની મુલાકાત કરૂ.

હઝરત અલી (અ.સ.) એ ફરમાવ્યુંઃ મે તે બંનેને વાયદો કરી લીધો છે.

જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) એ ફરમાવ્યુંઃ અગર તમે વાયદો કરી લીધો છે તો આ ઘર તમારૂ જ છે અને ઔરતોએ પોતાના શૌહરની ઈતાઅત કરવી જોઈએ એટલા માટે હું તમારી મુખાલેફત કયારેય નહી કરીશ. તમે જેને ચાહો તેને અંદર આવવાની ઈજાઝત આપો.

પછી હઝરત અલી (અ.સ.) બહાર તશરીફ લઈ ગયા અને બંને ને અંદર આવવાની ઈજાઝત આપી. તેઓ અંદર આવી ગયા જ્યારે તેમની નજર જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) પર પડી તો તેઓએ સલામ કરી પરંતુ શેહઝાદીએ જવાબ ન આપ્યો અને પોતાનો ચહેરો તેમનાથી ફેરવી લીધો. તે બંને બીજી તરફથી સામે આવ્યા અને ફરી સલામ કરી. જનાબે ફાતેમા (સ.અ.) ફરીવાર ચહેરો ફેરવી લીધો, આમ ઘણી વાર થયુ.

(પછી મજબુરન) જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) એ હઝરત અલી (અ.સ.) ને કહ્યુંઃ અય અલી! ચાદર નાખી દયો. અને નઝદીકની ઔરતોને કહ્યુંઃ મારા ચહેરાને ફેરવી નાખો.

જ્યારે તે ઔરતોએ તેમનો ચહેરો ફેરવી નાખ્યો તો તે બંને ફરી સામે આવ્યા.

અબુબક્ર એ કહ્યું: અય બીન્તે રસુલ! અમે તમારી પાસે તમને રાજી કરવા અને તમારા ગઝબથી બચવા માટે આવ્યા છે અને એવુ ઈચ્છીએ છીએ કે હવે તમે અમને માફ કરી દયો અને જે કાઈ થઈ ગયુ છે તેને જતુ કરો

જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) એ ફરમાવ્યું: મે તમારાથી આ સીલસીલામા વાત ન કરવાનો અહદ કર્યો છે ત્યા સુધી કે મારા પિતાની ખીદમતમા પહોંચીને તમારા તે કાર્યો કે જે તમે મારી સાથે કર્યા છે તેની શીકાયત કરૂ.

તે બંને એ કહ્યું: હવે અમે તમારી પાસે માફી માંગવા આવ્યા છે અને તમને રાજી કરવા ચાહીએ છીએ તેથી અમને માફ કરી દયો અને દરગુઝર થી કામ લ્યો અને જે કાઈ થઈ ગયુ તેના પર ખફા ન થાવ. ત્યારે જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) હઝરત અલી (અ.સ.) ની તરફ મુતવજજેહ થયા અને કહ્યું હું આ બંનેથી બીલ્કુલ વાત કરવા નથી ચાહતી, ફકત એક વાત તેમને પુછો જે તેઓએ રસુલે ખુદાથી સાંભળી છે, પછી અગર તેઓએ સાચુ કહ્યું તો જો મારી રાય હશે તેના પર અમલ કરીશ.

તે બંનેએ કહ્યું: અમે ખુદાને સાક્ષી રાખીને કહીએ છીએ કે અમે સાચુ કહીશુ.

જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) એ ફરમાવ્યું: સારૂ હું ખુદાની કસમ આપીને તમને પુછુ છુ કે શું રસુલે ખુદા (સ.અ.વ.) એ તમે બંનેની સામે આ નહોતુ ફરમાવ્યું કે ફાતેમા મારો એક ભાગ છે, હું તેનાથી છુ અને તે મારાથી છે, જેણે તેને અઝીય્યત આપી તેણે મને અઝીય્યત આપી અને જેણે મને અઝીય્યત આપી તેણે ખુદાને અઝીય્યત આપી અને જેણે મારી વફાત બાદ પણ અઝીય્યત આપી તો એવુ છે કે જેવુ તેમને મારી હયાતીમાં અઝીય્યત આપી અને જેણે તેમને મારી હયાતીમાં

અઝીય્યત આપી આ એવુ છે જાણે કે તેણે મારી વફાત બાદ અઝીય્યત આપી?

બંને એ કહ્યું: હા, ખુદાની કસમ! અમે રસુલે ખુદા (સ.અ.વ.) થી આ સાંભળ્યુ છે.

જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) એ ફરમાવ્યું: બસ હવે હું પણ ખુદાને ગવાહ બનાવીને કહુ છુ અને જે લોકો અહીયા હાજર છે તે દરેક ગવાહ રહે કે આ બંનેએ મને અઝીય્યત આપી છે મારી હયાતીમાં પણ અને વફાતના સમયે પણ, ખુદાની કસમ! હું તમે બંનેના બારામા વાત નહી કરૂ ત્યા સુધી કે મારા રબની પાસે પહોંચી જાવ અને તેની બારગાહમાં તમારી શીકાયત કરૂ.

આ સાંભળીને અબુબક્ર એ આહ અને વાવેલા કરવાનુ શરૂ કરી દીધુ અને કહ્યું એ કાશ મારી માઁ એ મને પૈદા ન કર્યો હોત કે હું આ દિવસ જોવત.

ઉમરે કહ્યું લોકો પર આશ્ચર્ય છે કે તેઓએ તને (અબુબક્ર) કેવી રીતે પોતાના કાર્યોનો વાલી બનાવી દીધો. તે હાલતમાં કે તમે ખુબજ બુઢા થઈ ગયા છો અને એક ઔરતની નારાઝગી પર રડયા કરો છો અને તેની રઝામંદી ની ઈચ્છા રાખો છો અગર એક ઔરત નારાઝ પણ રહે તો તેમાં શું વાંધો છે?

આમ કહીને બંને ઉભા થઈ ગયા અને ઘરની બહાર નીકળી ગયા. ત્યારબાદ જ્યારે જનાબે ફાતેમા (સ.અ.) ને તેમની પોતાની વફાતની ખબર અલ્લાહ તરફથી દેવામાં આવી તો જનાબે ઝહરા (સ.અ.) એ ઉમ્મે અયમનને તેમની પાસે બોલાવ્યા.

ઉમ્મે અયમન તે ઔરતોમાંથી હતા જેના પર જનાબે ફાતેમા (સ.અ.) ને ખુબજ ભરોસો હતો.

જનાબે ઝહરા (સ.અ.) ઉમ્મે અયમનને ફરમાવ્યુંઃ એ ઉમ્મે અયમન મને મારી વફાતની ખબર આપવામાં આવી છે તેથી અલી (અ.સ.) ને મારી પાસે બોલાવો.

જ્યારે હઝરત અલી (અ.સ.) તેમની પાસે આવ્યા તો જનાબે ફાતેમા (સ.અ.) એ તેમને ફરમાવ્યું એ રસુલે ખુદા (સ.અ.વ.) ના કાકાના દીકરા હું તમને થોડી વાતોની વસીય્યત કરવા ચાહુ છુ. તમે તેને સારી રીતે યાદ રાખજો.

હઝરત અલી (અ.સ.) એ ફરમાવ્યુંઃ જે ચાહો તે વસીય્યત કરો.

જનાબે ઝહરા (સ.અ.) એ ફરમાવ્યુંઃ મારા પછી ફલાણી ઔરતથી શાદી કરજો એટલા માટે કે તે મારા બાળકોની મારી જેમજ પરવરીશ કરશે અને મારા માટે એવુ તાબુત તૈયાર કરો જેની શકલ મલાએકાએ મને દેખાડી દીધી છે અને જ્યારે મારી વફાત થાય તો દિવસ અથવા રાત્રી નો કોઈ પણ સમય હોય મારો જનાઝો તરત જ ઉઠાવી લેજો - મોડુ ન કરતા પરંતુ તેનો ખ્યાલ રાખજો કે દુશ્મનોમાંથી કોઈપણ મારા જનાઝામાં શરીક ન થઈ શકે અને ન મારી નમાઝે જનાઝા પઢે.

હઝરત અલી (અ.સ.) એ વાયદો કરી લીધો. તમારી દરેક વસીય્યત પર અમલ કરવામાં આવશે.

પછી જ્યારે જનાબે ફાતેમા (સ.અ.) ની વફાત થઈ તો તે રાતનો સમય હતો તેથી હઝરત અલી (અ.સ.) એ તેમની વસીય્યત પ્રમાણે તેજ સમયે તેમનો જનાઝો ઉઠાવવાની તૈયારી કરી. જ્યારે ગુસ્લ કફન થઈ ગયુ તો હઝરત અલી (અ.સ.) એ જનાઝાને ઘરની બહાર કાઢયો અને ખજુરોની ડાળીઓને રોશન કરીને જનાઝાને આગળ આગળ ચાલ્યા પછી હઝરત અલી (અ.સ.) એ તેમની નમાઝે જનાઝા પઢી અને રાત્રીના જ દફન કર્યા.

જ્યારે સવાર થઈ તો અબુબક્ર અને ઉમર જનાબે ફાતેમા (સ.અ.) નો હાલ-ચાલ પુછવા બીજી વખત આવતા હતા. રસ્તામાં એક કુરૈશ મર્દથી મુલાકાત થઈ.

તે બંનેએ તેમને પુછયુ તુ કયાંથી આવી રહ્યો છે?

તેણે જવાબ આપ્યો હઝરત અલી (અ.સ.) ને જનાબે ફાતેમા (સ.અ.) ની તાઝીયત દેવા ગયો હતો.

તે બંનેએ કહ્યું શું? જનાબે ફાતેમા (સ.અ.) ની વફાત થઈ ગઈ છે?

તે કુરૈશીએ કહ્યુંઃ હા તે રાત્રે ના સમયે દફન પણ કરી દેવામા આવ્યા છે.

આ સાંભળીને તે બંને બહુ રડવા લાગ્યા અને હઝરત અલી (અ.સ.) ની પાસે આવીને મળ્યા અને કહ્યું કે ખુદાની કસમ તમે અમારી સાથે બુરાઈ કરવામાં કોઈ કમી નથી રાખી. આ તેના કારણે છે કે તમારા દીલમાં અમારો કીનો છે. આ બીલ્કુલ એ રીતનો વાકીઓ છે જે રીતે તમે રસુલે ખુદા (સ.અ.વ.) ના ગુસ્લો કફનમાં અમને શરીક ન કર્યા અને જે રીતે તમારા ફરઝંદ ઈમામ હસન (અ.સ.) ને તમે શીખવાડયુ હતુ કે તેઓએ અબુબક્રને  કહ્યું કે મારા પિતાના મીમ્બર પરથી ઉતરી આવો. હઝરત અલી (અ.સ.) એ ફરમાવ્યુંઃ અગર હું તમને કસમ ખાઈને કાઈ કહુ તો શું મારી કસમ પર યકીન કરશો?

તેઓએ કહ્યુંઃ કેમ નહી

હઝરત અલી (અ.સ.) એ તે બંનેને મસ્જીદમા લઈને આવ્યા અને ફરમાવ્યુંઃ રસુલે ખુદા (સ.અ.વ.) એ મને વસીય્યત કરી હતી કે ગુસ્લના સમયે તેમના શરીરના અંગોને તેના કાકાના દીકરા સીવાય કોઈ બીજુ ન જોવે એટલા માટે હું ગુસ્લ આપતો હતો અને મલાએકા તેમના

પડખાને ફેરવતા હતા અને ફઝલ બીન અબ્બાસ પાણી નાખતા હતા તે હાલતમા કે પોતાની આંખો પર પટ્ટી બાંધેલી હતી. મે જ્યારે ઈરાદો કર્યો રસુલે ખુદા (સ.અ.વ.) ના મુબારક શરીરથી પહેરણ અલગ કરૂ તો જોરથી એક આવાજ આવી કે રસુલે ખુદા (સ.અ.વ.) નુ પહેરણ ન ઉતારો. આ આવાજ ઘણી વખત આવ્યો તેથી મે પહેરણ ન ઉતાર્યું અને પહેરણમાં જ રસુલે ખુદા (સ.અ.વ.) ને ગુસ્લ આપ્યા પછી રસુલે ખુદા (સ.અ.વ.) ને કફન પહેરાવ્યુ અને કફન પહેરાવ્યા પછી જ તેમના મુબારક શરીર પરથી પહેરણ અલગ કર્યું.

હવે રહી મારા દીકરા ઈમામ હસન (અ.સ.) ની વાત તો તે તમે પણ જાણો છો અને દરેક મદીનાવાળા પણ જાણે છે કે તેઓ નમાઝે જમાઅતમાં મસ્જીદમાં દાખલ થતા અને નમાઝીઓની સફોને ચીરતા મસ્જીદના મેહરાબમાં પહોંચી જતા અને જે સમયે રસુલે ખુદા (સ.અ.વ.) સજદાની હાલતમાં હતા તો તે રસુલે ખુદા (સ.અ.વ.) ની પીઠ પર બેસી જતા હતા અને રસુલે ખુદા (સ.અ.વ.) એ રીતે સજદામાંથી સર ઉઠાવતા હતા કે તેમનો એક હાથ હસન (અ.સ.) ની પીઠ પર હોય અને બીજો હાથ પોતાના પગ પર હતો આ રીતે તેઓ નમાઝ ને પુરી કરતા હતા.

તે બંને એ કહ્યું કે હા, અમને પણ ખબર છે. હઝરત અલી (અ.સ.) એ ફરમાવ્યું તો પછી તમને બંને ને એ પણ ખબર છે અને દરેક મદીના વાળાઓને પણ ખબર છે કે ઈમામ હસન (અ.સ.) દોડતા રસુલે ખુદા (સ.અ.વ.) ની પાસે જતા હતા અને બંને ખભા પર બેસી જતા અને તેમના પગ રસુલે ખુદા (સ.અ.વ.) ની છાતી પર એ રીતે લટકતા હતા કે ઈમામ હસન (અ.સ.)ની ચમક મસ્જીદના આખરી હીસ્સાથી દેખાતી હતી.

જ્યારે રસુલે ખુદા (સ.અ.વ.) ખુત્બો દેતા હતા તો ઈમામ હસન (અ.સ.) તેમના ખભા પર ચઢતા રહેતા હતા ત્યા સુધી કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ખુત્બો પુરો કરી લેતા હતા.

તેથી જ્યારે તે બાળકે એ જોયુ કે એક અજનબી શખ્સ તેના નાના ના મીમ્બર પર છે તો તે વાત તેને પસંદ ન આવી અને તરત જ કહી દીધુ કે મારા પિતાના મીમ્બર પરથી ઉતરી આવ ખુદાની કસમ! ન તો મે ઈમામ હસન (અ.સ.) ને આ વાતનો હુકમ આપ્યો હતો અને ન તેણે મારા કેહવાથી આ કહ્યું હતુ.

હવે રહી વાત જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) ની તો તમે જોયુ કે મે તેમની સાથે તમને બંનેને મળવા માટે ઈજાઝત લીધી હતી પછી જે કાઈ જનાબે ઝહરા (સ.અ.) એ તમારાથી વાત કરી હતી તે પણ તમને ખબર છે. ખુદાની કસમ! જનાબે ઝહરા (સ.અ.) એ મને વસીય્યત કરી હતી કે તમે બંને તેના જનાઝામાં હાજર ન થાય. તેથી મે તેમની વસીય્યત પર અમલ કર્યો અને હું તેની મુખાલેફત કેવી રીતે કરૂ?

ઉમરે કહ્યુંઃ આ બહાના બાજી છોડી દયો, હું હમણા કબ્રસ્તાનમાં જઈને જનાબે ફાતેમા (સ.અ.) ની કબ્રને ખોદીશ અને તેની નમાઝે મય્યત પઢીશ.

હઝરત અલી (અ.સ.) એ ફરમાવ્યુંઃ તમે હરગીઝ એવુ નથી કરી શકતા અને અગર તમે આ ઈરાદો કર્યો તો હું ખુદાની કસમ ખાઈને કહુ છુ કે હું તમારૂ આ સર જેમા તમારી બંને આંખો ચમકી રહી છે તમારા તનથી જુદા કરી દઈશ અને મારા અને તમારા દરમ્યાન ફકત તલવાર જ ફેસલો કરશે.

જ્યારે તે બંનેમાં ઘણો સખ્ત કલામી થવા લાગી અને ઝઘડો વધ્યો તો મુહાજેરીન અને અન્સાર ભેગા થઈ ગયા અને તેઓએ કહ્યુંઃ ખુદાની કસમ! અમે તેને સહન નહી કરીએ કે કોઈ શખ્સ રસુલે ખુદા

(સ.અ.વ.) ના કાકાના દીકરા, રસુલના ભાઈ અને તેમના વસીથી આ રીતે સખ્ત કલામ કરે.

ત્યારબાદ તે લોકોએ આ બંને ને અલગ કરી દીધા અને ફીત્નો થતા થતા રહી ગયો.

(કીતાબ એલલુશ્શરાએઅ)

## ૧૯) હઝરત અબ્બાસ ઈબ્ને અબ્દુલ્મુત્તલીબ નો મત કે આપ (સ.અ.)નો જનાઝો શાનો શૌકતથી ઉઠાવવામાં આવેઃ

અમ્મારે યાસીરથી રિવાયત છે કે જ્યારે જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) તે બીમારીમા મુબ્તેલા થયા જેમા તેમની વફાત થઈ અને બીમારી સખ્ત વધી ગઈ તો જનાબે અબ્બાસ ઈબ્ને અબ્દુલ્મુત્તલીબ (રસુલે ખુદા સ.અ.વ. ના કાકા) જનાબે ફાતેમા (સ.અ.) ની અયાદ્દત માટે આવ્યા તો તેમને કહેવામાં આવ્યુ કે જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) ની હાલત ખુબજ ખરાબ છે. તેઓ કોઈની મુલાકાત નથી કરી શકતા.

આ સાંભળીને જનાબે અબ્બાસ પોતાના ઘરે પાછા આવ્યા અને કોઈ શખ્સની સાથે હઝરત અલી (અ.સ.) ને એ કહેવરાવ્યુ કે અય મારા ભાઈના ફરઝંદ! તમારા કાકા તમને સલામ કહે છે અને કહે છે કે જનાબે ફાતેમા (સ.અ.) ની હાલત સાંભળીને મારી હાલત ખરાબ છે કે હું પણ ઈન્તેકાલ કરી જાવ (તે પહેલા કે જનાબે ફાતેમા સ.અ. જુદા થઈ જાય) કારણકે મારો ખ્યાલ છે કે તે (જનાબે ફાતેમા સ.અ.) આપણા બધાથી પહેલા રસુલે ખુદા (સ.અ.વ.) ને જઈને મળશે પછી અગર ખુદા નખ્વાસ્તે આ વાત થઈ જાય તો હું તમારા પર કુરબાન, મને તેનો મૌકો આપજો કે હું દરેક મુહાજીર અને અન્સારને ભેગા કરૂ જેથી તે

દરેકને તેમના જનાઝા પર નમાઝ પઢવાનો સવાબ હાસીલ થાય અને તેમાં દીની શાનો શૌકત પણ હોય.

અમ્મારનુ બયાન છે કે જે સમયે હઝરત અલી (અ.સ.) ને આ પૌગામ મળ્યો ત્યારે હું હઝરત અલી (અ.સ.) પાસે હાજર હતો. હઝરત અલી (અ.સ.) એ જનાબે અબ્બાસનો પૈગામ પહોચાડવા વાળાને કહ્યું કેઃ જઈને મારા કાકાને મારા સલામ પહોચાડજો અને કહેજો કે ખુદા મને તમારી શફક્કત અને મોહબ્બતથી હંમેશા સરફરાઝ કરતો રહે, તમારા મતની જાણ થઈ. જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) મઝલુમા છે. તેમને તેમના હક્ક અને વારસાથી વંચીત કરી દેવામા આવ્યા, તેના બારામાં જે વસીય્યત રસુલે ખુદા (સ.અ.વ.) એ કહી હતી તેને પુરી ન કરવામા આવી અને ન તો ખુદા અને રસુલના હક્કનો તેના બારામાં કોઈ ખ્યાલ રાખવામાં આવ્યો અને અલ્લાહ હાકીમ તરીકે કાફી છે અને ઝાલીમો થી ઈન્તેકામ લેવા વાળો છે.

હું તમને વિનંતી કરૂ છુ કે તમે જે મશ્વેરો આપ્યો છે તેના પર અમલ કરવા માટે મને મજબુર ન કરો કારણકે જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) એ વસીય્યત કરી છે કે તેમની વફાત ને છુપી રાખવામાં આવે.

જ્યારે જનાબે અબ્બાસ ને આ પૈગામ મળ્યો તો તેઓ એ કહ્યું કેઃ મારા ભત્રીજાને અલ્લાહ મગ્ફેરત કરે (માફ કરે) અને તે તો આ પણ બક્ષએલાજ છે (મગ્ફુર જ છે) તેમની રાય / મત પર હું કોઈ એઅતેરાઝ નથી કરી શકતો એટલા માટે કે જનાબે અબ્દુલ્મુત્તલીબની ઔલાદમાં હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ના બાદ કોઈ ફરઝંદ મારા ભત્રીજા હઝરત અલી (અ.સ.) થી વધારે બરકતવાળા પૈદા નથી થયો, હંમેશા દરેક બુઝુર્ગી અને શરફની તરફ સૌથી પહેલા તેણે પહેલ કરી છે. તે દરેક ફઝીલતમાં સૌથી વધારે છે અને ઈલ્મમાં પણ દરેક પર અને દરેક મુસીબત અને પરેશાનીમાં સૌથી વધારે જેહાદ કરવાવાળા છે. આ

તે જ છે જે અલ્લાહ અને તેના રસુલ પર સૌથી પહેલા ઈમાન જાહેર કરવાવાળા હતા.

(કીતાબ આમાલીએ શૈખે મુફીદ અ.ર.)

## ૨૦) આપ (સ.અ.)ની નમાઝે જનાઝા પઢવાવાળાનો શરફઃ

કિતાબ ખેસાલે સદુક (અ.ર.) મા હઝરત અલી (અ.સ.) થી રિવાયત છે કે ૭ આદમી માટે જમીન પૈદા કરવામા આવી છે અને તેના લીધે જ દરેકને રીઝક મળે છે, વરસાદ થાય છે, અને તેના લીધે જ દુનિયામાં બસીરત બાકી છે અને તે આ છેઃ

૧) જનાબે અબુઝર ૨) જનાબે સલમાન ૩) જનાબે મીકદાદ ૪) જનાબે અમ્માર ૫) જનાબે હોઝૈફહ ૬) અબ્દુલ્લાહ ઈબ્ને મસઉદ અને ૭) હું તેમનો ઈમામ છુ. આ જ તે લોકો છે જેને જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) ના જનાઝા પર નમાઝ પઢવાનો શરફ હાસીલ થયો.

રેજાલે કશી માં પણ હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) થી પોતાના મહાન પિતાથી અને પોતાના જદ્દ થી પણ આ જ રિવાયત નકલ કરવામા આવી છે.

## ૨૧) વફાતની તારીખ અને ગુસ્લો-કફનઃ

એક રિવાયતમાં છે કે હઝરત ફાતેમા ઝહરા (સ.અ.)ની વફાત ૨૦ જમાદીઉલ આખરના થઈ અને વફાતના દિવસે તેમની ઉમ્ર મુબારક પુરા અઢાર વર્ષ હતા જેમા ૮૫ (પંચાશી) દિવસ રસુલે ખુદા (સ.અ.વ.) ની વફાત પછીના દિવસો છે.

હઝરત અલી (અ.સ.) જનાબે ફાતેમા (સ.અ.) ને ગુસ્લ અને કફન આપ્યુ. હઝરત અલી (અ.સ.) અને ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.), જનાબે ઝયનબ (સ.અ.) અને જનાબે ઉમ્મે કુલસુમ અને જનાબે ફીઝઝા (સ.અ.) અને અસ્મા બીન્તે ઉમૈસના

સીવાય કોઈ બીજુ જનાબે ફાતેમા (સ.અ.) ના જનાઝા પર હાજર નહોતુ. હઝરત અલી (અ.સ.) જનાબે ફાતેમા (સ.અ.)નો જનાઝો રાતના સમયે જન્નતુલબકીમાં લઈ ગયા તે સમયે તેમના જનાઝાની સાથે ફકત ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.) હતા. આ જ હઝરાતે જનાબે ફાતેમા (સ.અ.) ની નમાઝે જનાઝા પઢી તે સમયે પણ તેમના જનાઝાની નમાઝ અને દફનમાં કોઈ શરીક ન થઈ શકયુ અને ન કોઈને જનાબે ફાતેમા (સ.અ.) ના ઈન્તેકાલની ખબર મળી.

(કીતાબ દલાએલુલ્ઈમામત તબરી)

આસેમી એ પોતાની સનદોની સાથે મોહમ્મદ બીન ઉમરથી રિવાયત કરી છે કે જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) ની વફાત થી રિવાયત કરી છે કે જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) ની વફાત ૩ માહે રમઝાન ના થઈ અને તે સમયે જનાબે ફાતેમા (સ.અ.) ની ઉમ્ર મુબારક લગભગ ૨૯ (ઓગણત્રીસ) વર્ષ હતી.

અબુ અબ્દીલ્લાહ ઈસ્ફહાનીએ પોતાની કીતાબ અલ્મઅરેફત મા લખ્યુ છે કે હઝરત અલી (અ.સ.) ના શાદી (નીકાહ) જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) થી મદીનામાં હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ની હીજરત પછી થઈ અને શાદીના એક વર્ષ પછી વિદાય થઈ, તેમના શીકમથી ઈમામ હસન (અ.સ.), ઈમામ હુસૈન (અ.સ.) અને જનાબે મોહસીન (અ.સ.) અને જનાબે ઉમ્મે કુલ્સુમે સુગરા અને જનાબે ઝયનબે કુબરા (સ.અ.) પૈદા થયા.

## ૨૨) આપ (સ.અ.)ની વફાત અને ઉમ્રના બારામાં વિવિધ રિવાયતોઃ

મોહમ્મદ બીન ઈસ્હાક એ લખ્યુ છે કે જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) ની વફાત સમયે તેમની ઉમ્ર ૨૮ વર્ષ હતી અને અમુકે કહ્યું કે

૨૭ વર્ષ હતી. એક રિવાયતમાં છે કે જનાબે ફાતેમા (સ.અ.) ની વિલાદત - રસુલે ખુદા (સ.અ.વ.) ની વિલાદત પછીના ૪૧ માં વર્ષની શરૂઆતમાં થઈ. આ હીસાબથી જનાબે ફાતેમા (સ.અ.) ની ઉમ્ર ૨૩ વર્ષ થાય છે પરંતુ મોટા ભાગના ઈતિહાસકારોનુ કહેવુ છે કે જનાબે ફાતેમા (સ.અ.) ની ઉમ્ર ૨૯ વર્ષ અથવા ૩૦ વર્ષ હતી.

અલ્લામા મજલીસી અ.ર. ફરમાવે છે કે અબુલ્ફરજ ઈસ્ફહાની એ મકાતેલુત્તાલેબીન મા લખ્યુ છે કે જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) ની વફાત, હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ની વફાતના થોડા દિવસો બાદ થઈ પરંતુ મુદ્દતમાં ઈખ્તેલાફ છે. લોકો વધારેમા વધારે મુદ્દત ૮ મહીના અને ઓછામા ઓછી મુદ્દત ૪૦ દિવસ બયાન કરે છે, જે રિવાયત હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) થી આ બારામાં વારીદ થઈ છે તે વધારે ભરોસાપાત્ર છે. તેમા છે કે જનાબે ફાતેમા (સ.અ.) ની વફાત જનાબે રસુલે ખુદા (સ.અ.વ.) ની વફાતના ત્રણ મહીના પછી થઈ.

મીસ્બાહે કફઅમીમા અને મીસ્બાહે ઝાએરીનમા નકલ છે કે જનાબે ફાતેમા (સ.અ.) ની વફાત ૩ જમાદીઉલ્આખર હીજરી ૧૧ ના થઈ.

મીસ્બાહે ઝાએરીનમાં છે કે ઈબ્ને અબ્બાસના કહેવા પ્રમાણે જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) ની વફાત અને ઉમ્રના બારામાં જે વિવિધ રિવાયતો વારીદ થઈ છે તે દરેકની મુમકીન નથી અને ન તો વફાતની તારીખો અને સાચી ખબરોના દરમ્યાન શકય છે. જેમા આ છે કે જનાબે ફાતેમા (સ.અ.) પોતાના પિતાની વફાત બાદ ૭૫ દિવસ જીવતા રહ્યા કારણકે અગર હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ની વફાત ૨૮ સફર માનવામાં આવે તો તેના લીધે જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) ની વફાત જમાદીઉલ અવ્વલની દરમ્યાનની તારીખોમાં આવે અને અગર હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ની વફાતના બારામાં ૧૨ રબીઉલ અવ્વલને માનવામાં આવે જેને સામાન્ય મુસલમાન રિવાયત કરે છે તો જનાબે

ફાતેમા (સ.અ.) ની વફાત જમાદીઉલ્આખરની છેલ્લી તારીખોમાં માનવી પડે.

અબુલ્ફરજ ઈસ્ફહાની એ હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) થી જે રિવાયત કરી છે કે જનાબે ફાતેમા (સ.અ.) - રસુલે ખુદા (સ.અ.વ.) ની વફાતના ત્રણી મહીના સુધી જીવંત રહ્યા. તેની ૩ જમાદીઉલ આખરની સાથે શકય છે.

બની શકે કે તેનો શુમાર કરવામા આવ્યો હોય અને તેનું સમર્થન તે રિવાયતથી પણ થાય છે જેને તબરીએ હઝરત ઈમામ જાફર સાદીક (અ.સ.)થી નકલ કરી છે.

## ૨૩)વફાત સમયે આપ (સ.અ.)ની ઉમ્રના બારામાં ઈખ્તેલાફઃ

સૈયદુલ્હફફાઝ અબુમન્સુર દયલમીએ પોતાની સનદોની સાથે રિવાયત કરી છે કે એક વખત અબ્દુલ્લાહ ઈબ્ને હસન, હીશ્શામ ઈબ્ને અબ્દુલ્મલીકની પાસે ગયા ત્યા કલ્બી પણ હાજર હતા. હીશ્શામ એ અબ્દુલ્લાહ ઈબ્ને હસન ને પુછયુઃ અય અબુ મોહમ્મદ! જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) ની ઉમ્ર (વફાત સમયે) કેટલી હતી?

અબ્દુલ્લાહ ઈબ્ને હસને જવાબ આપ્યો કેઃ ૩૦ વર્ષ.

પછી તેણે કલ્બીને પુછયુઃ તમે શુ કહો છો?

કલ્બીએ કહ્યુંઃ ૩૫ વર્ષ

હીશ્શામ એ અબ્દુલ્લાહ ઈબ્ને હસન ને કહ્યુંઃ તમે સાંભળો છો કે કલ્બી શુ કહે છે?

અબ્દુલ્લાહ ઈબ્ને હસન એ જવાબ આપ્યોઃ મને મારી માઁ ના બારામાં પુછો અને કલ્બીને તેમની માઁ ના બારામા પુછો. તેને તેની માઁ ની ઉમ્રની વધારે ખબર હશે અને મને મારી માઁ ની ઉમ્રની વધારે ખબર છે.

## ૨૪) પોતાના દરેક માલને સદકો કરવાની વસીય્યતઃ

દલાએલે તબરીમાં નકલ છે કે હઝરત ઈમામ જાફરે સાદીક (અ.સ.) એ પોતાના પવિત્ર બાપદાદાથી અને તેમણે જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) બારામા રિવાયત કરી છે કે હઝરત ફાતેમા ઝહરા (સ.અ.) એ વસીય્યત કરી કે નબીની પત્નીઓમાંથી દરેક ને ૧૨ ઔંસ અને બની હાશીની ઔરતોમાંથી પણ દરેકને એટલુ જ દેવામા આવે પછી અમામા બીન્તે અબુલઆસ ને પણ તેમાથી કાઈ દેવામા આવે. (કીતાબ દલાએલે તબરી)

બીજી સનદોની સાથે અબ્દુલ્લાહ ઈબ્ને હસન એ ઝૈદ બીન અલી થી રિવાયત કરી છે કેઃ જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) એ પોતાના તમામ માલ બની હાશીમ અને બની અબ્દુલ્મુત્તલીબને વહેચવાની વસીય્યત કરી અને હઝરત અલી (અ.સ.) ને તેમા ગૈર લોકોને પણ શામીલ કરી લીધા.

## ૨૫) વસીય્યતનામાનુ લખાણઃ

આ વસીય્યતનામુ જનાબે ફાતેમા ઝહરા બીન્તે રસુલે ખુદા (સ.અ.વ.) નુ છેઃ સૌ પ્રથમ હું ગવાહી આપુ છુ કે ખુદાએ વહદહુ લાશરીક સીવાય કોઈ ખુદા નથી; મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.) તેમના બંદા અને રસુલ છે, જન્નત અને જહન્નમ હક્ક છે, કયામત આવવાની છે જેમા કોઈ શક નથી અને અલ્લાહ કબ્રવાળાને ફરી વખત જીવંત કરશે.

અય અલી (અ.સ.)! હું ફાતેના બીન્તે મોહમ્મદ (સ.અ.વ.) છુ જેની શાદી અલ્લાહ તઆલાએ તમારી સાથે કરી હતી જેથી દુનિયા અને આખેરતમા તમારી પત્ની છુ અને તમે બીજાની નિસ્બત મારા માટે વધારે અગ્ર છો. તેથી તમે જ રાતના સમયે મને ગુસ્લો કફન અને હુનુત કરજો અને કોઈને ખબર ન આપતા, હું તમને ખુદાને હવાલે કરૂ છુ મારા બાળકોને મારા સલામ કહેજો, હવે કયામત માં જ મુલાકાત થશે.

જ્યારે રાત થઈ તો હઝરત અલી (અ.સ.) એ વસીય્યત ના મુતાબીક જનાબે ફાતેમા (સ.અ.) ને ગુસ્લ આપ્યુ ત્યારબાદ ઈમામ હસન (અ.સ.) ને કહ્યુંઃ જાવ અબુઝર ને બોલાવી લાવો. જ્યારે તે આવ્યા તો બંને એ જનાબે ફાતેમા (સ.અ.) ને તે જગ્યાએ સુવરાવ્યા જ્યા જનાબે ફાતેમા (સ.અ.) નમાઝ પઢયા કરતા હતા પછી હઝરત અલી (અ.સ.) એ તેના પર નમાઝ પઢી, પછી બે રકાત બીજી પઢયા, નમાઝ બાદ પોતાના બંને હાથો આસમાન તરફ ઉંચા કરીને કહ્યુંઃ ખુદાયા, આ તારા નબીની દુખ્તર જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) છે જેને તે અંધકારથી નુરની તરફ બહાર કાઢયા અને તેણે પોતાના નુરથી જમીનને રોશન કરી દીધી.

પછી હઝરત અલી (અ.સ.) જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) નો જનાઝો લઈને બકીમાં પહોચ્યા તો આવાજ આવી કે અમારી તરફ આવો, અમારી તરફ આવો કારણકે જનાબે ફાતેમા (સ.અ.) ની ખાક (માટી) અહીયા થી જ ઉઠાવવામાં આવી હતી.

તેથી બકીના જે ભાગમાંથી અવાજ આવી હતી હઝરત અલી (અ.સ.) જનાબે ફાતેમા (સ.અ.) ના જનાઝાને તે તરફ લઈ ગયા તો હઝરત અલી (અ.સ.) એ જોયુ કે એક ખોદેલી કબ્ર છે તેથી તાબુત તે કબ્રની પાસે રાખી દીધુ, દફન કર્યા બાદ હઝરત અલી (અ.સ.) કબ્રની બાજુમા બેસી ગયા અને ફરમાવ્યુંઃ

અય ઝમીન! હું મારી અમાનત તને સોંપુ છું. આ બીન્તે રસુલ છે, તેનો ખ્યાલ રાખજે.

કોઈએ ગૈબથી જવાબ આપ્યોઃ અય અલી (અ.સ.)! હું જનાબે ફાતેમા (સ.અ.) પર તમારાથી વધારે મહેરબાન છુ તેથી ઈત્મેનાનથી પાછા ફરો.

આ સાંભળીને હઝરત અલી (અ.સ.) એ તે કબ્રને જમીનની બરાબર - સપાટ કરી દીધી અને હંમેશા માટે કબ્રનુ નીશાન ભુસી નાખ્યુ. કોઈ નથી જાણતુ કે કબ્ર કયા છે? (કીતાબ મનાકીબે કદીમ)

**૨૬) આપ (સ.અ.)ની વફાત પર હઝરત અલી (અ.સ.)નો મરસીયોઃ**

જ્યારે જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) ની વફાત થઈ તો હઝરત અલી (અ.સ.) આ મરસીયો પઢયાઃ

لِكُلِّ اجْتِمَاعٍ مِنْ خَلِيلَيْنِ فُرْقَةَ

તરજુમોઃ જ્યારે પણ બે દોસ્ત ભેગા થાય છે તો તેને અલગ પણ થવુ પડે છે.

હાકીમએ લખ્યુ છે કે જ્યારે જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની વફાત થઈ તો હઝરત અલી (અ.સ.) આ મરસીયો પઢયા.

મારી જાન આહની સાથે અટકેલી છે, કાશ તે પણ આહની સાથે જ નીકળી જાત (અય ફાતેમા સ.અ.) તમારા બાદ જીવવામાં કોઈ મજા નથી (હુ) એટલા માટે રોવ છુ કયાંક મારી જીંદગીની મુદ્દત લાંબી ન થઈ જાય.

જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) ની વફાત પર હઝરત અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) નો મરસીયોઃ

**તે જે હઝરત અલી (અ.સ.) ની તરફ મનસુબ છે તેમા નકલ છે કે હઝરત અલી (અ.સ.) જનાબે ફાતેમા (સ.અ.) ની વફાત પછી આ અશઆર પઢયાઃ**

૧. અરે! શું ઝીંદગીને લાંબી કરવાનો કોઈ રસ્તો છે પરંતુ આ કયા શકય છે જ્યારે કે આ મૌત ટળી નથી શકતી.

૨. મને જોકે મૌતનુ પુરૂ યકીન છે કે આવીને રહેશે પરંતુ તેમ છતા મારી આરઝુઓ અને તમન્નાઓની રસી ખુબજ લાંબી છે.

૩. ઝમાનો દિવસ-રાત રંગ બદલતો રહે છે અને તેના જ દરમ્યાન લોકોની રૂહ પણ પ્રવાસ કરતી રહે છે.

૪. હક્કની મંઝીલ સુધી લોકોને પાછુ ફરવુ યકીની છે અને દરેક શખ્સને તે જ રસ્તા પર જવાનુ છે.

૫. મેં ઈઝઝતના દિવસોમાં મૌતના ઝીક્રને કાપી નાંખ્યો જ્યારે કે દરેક ઈઝઝતદાર મૌતની મંઝીલ પર પહોંચીને ઝલીલ અને રૂસ્વા થઈ જાય છે.

૬. હું મારી જાતને દુનિયાના વિવિધ કારણોનુ શિકાર પામુ છુ અને હકીકતમાં દુનિયામાં રહેવાવાળા દરેક શખ્સ મરતા દમ સુધી વિવિધ કારણોના લીધે ગીરફતાર રહે છે.

૭. હું મારા મહેબુબને મળવા માટે આતુર છુ પરંતુ શું તેના સુધી પહોંચવાનો કોઈ રસ્તો છે?

૮. જગ્યાના એઅતેબારથી હું તેનાથી ખુબજ દુર છુ અને મારા પહેલા તે જુદાઈના લીધે બીજા ઘણા બધા સારા લોકો પણ મરી ગયા છે.

૯. જુદાઈની મીસાલ જે એક કહેવાવાળાએ કહી છે. હું તેને પોતાના ઝબાનથી બયાન કરૂ છું.

૧૦. જ્યારે પણ બે દોસ્ત મળશે તેનામાં અંતમા જુદાઈ થઈ જશે. જુદાઈ એવી કઠીન ચીજ છે કે આના મુકાબલામાં બધી વસ્તુ આસાન છે.

૧૧. મારૂ ફાતેમા (સ.અ.) ને ખોઈ દેવુ રસુલે ખુદા (સ.અ.વ.) ની વફાત પછી તે વાતની દલીલ છે કે કોઈ દોસ્ત બાકી નથી રહેતો.

૧૨. તે બંનેની જુદાઈ પછી હવે દુનિયામાં કંઈ રીતે જીંદગીના દિવસો પસાર કરૂ? તમારા જાનની કસમ તેની કોઈ બીજી સુરત શકય નથી.

૧૩. મારી મૌત પછી જલ્દીથી મારી યાદ પણ લોકોના દીલોથી ગાયબ થઈ જશે અને મારા દોસ્તના દીલમાં મારી જગ્યાએ બીજો આવી જશે.

૧૪. તે દોસ્ત સાચો નથી જે દોસ્તીનો હક્ક અદા કરતા કરતા થાકી જાય અને તે દોસ્ત પણ સાચો નથી જે મારા ગાયબ થવા પછી મારો બદલ ઈખ્તીયાર કરે.

૧૫. હા સાચો દોસ્ત તે છે જેની મોહબ્બત હંમેશા બાકી રહે. જે મારી રાઝોની હીફાઝત કરે અને મારા મોઆમેલામાં મારી મદદ કરે.

૧૬. જે દિવસે દુનિયાથી મારી જીંદગીનો રીશતો ટુટી જશે તો તેના પર રોવાવાળી જેટલુ પણ રોવે તે ઓછુ છે.

૧૭. ઈન્સાન એ ચાહે છે કે મારો દોસ્ત ન મરે જ્યારે કે તેની તમન્ના પુરી થવાની કોઈ શકયતા નથી.

૧૮. દુનિયાના માલનુ વેડફાઈ જવુ એટલુ વધારે નુકશાનકારક નથી જેટલુ ઈઝઝતદાર લોકોની મૌતથી નુકશાન આપશે.

૧૯. આ જ કારણે પથારી થી મારૂ પહેલુ કયારેય અડીયુ નથી અને આવુ કઈ રીતે થઈ શકે છે જ્યારે કે દીલમા જુદાઈની આગ સળગી રહી છે.

## ૨૭) આપ (સ.અ.)ની વફાત પર હઝરત અલી (અ.સ.) એ આ પણ અશઆર કહ્યાઃ

૧. મારો મહેબુબ તે છે કે જેની જગ્યા કોઈ મહેબુબ નથી લઈ શકતો અને મારા દીલમાં તેના સિવાય બીજા કોઈની જગ્યા નથી.

૨. મારો મહેબુબ મારી આંખોથી જીસ્માની તૌર પર દુર થઈ ગયો છે પરંતુ મારા દીલથી તે કયારેય દુર નહી થાય.

હઝરત અલી (અ.સ.) એ આ અશઆર પણ જનાબે ફાતેમા (સ.અ.) ની વફાત પછી તેમને સંબોધીને કહ્યાં:

૧. મને શુ થઈ ગયુ છે કે હું કબ્રસ્તાનમાં ઉભા ઉભા મારા દોસ્તની કબ્રને સલામ કરૂ છુ પરંતુ મને કોઈ જવાબ નથી મળતો.

૨. એ દોસ્ત તમને શું થઈ ગયુ છે કે મારા સલામનો જવાબ પણ નથી આપતા? શું તમે દોસ્તીના આદાબને ભુલાવી દીધા છે.

પછી હઝરત અલી (અ.સ.) એ પોતેજ તે દોસ્ત તરફથી કહ્યું:

૧. તે દોસ્તએ જવાબ આપ્યો કે હું તમને કંઈ રીતે જવાબ આપુ જ્યારે કે હું પથ્થરો અને માટીના ઢગલાની નીચે દબાએલો છું.

૨. મારી ખુબસુરતી તો આ માટી ખાઈ ગઈ છે. એટલા માટે મે પણ તમને ભુલાવી દીધા. હું હવે મારા દોસ્તો અને અઝીઝો થી છુપાવી દેવામાં આવ્યો છું.

૩. હવે મારા આખરી સલામ કબુલ કરો હવે મારી અને તમારી મોહબ્બતનો રીશ્તો તુટી ગયો છે.

પરંતુ શરહે દીવાને જનાબે અમીરૂલ મોઅમેનીનમાં આ રિવાયત નકલ છે કે આ છેલ્લા ત્રણ અશઆર હાતીફે ગૈબીથી સાંભળવામાં આવ્યા હતા. (કિતાબ દીવાન મનસુબ બે અમીરૂલ મોઅમેનીન)

## ૨૮) વફાતના પહેલા આપ (સ.અ.)ની દોઆઓ:

કિતાબ મિસ્બાહુલ અન્વારમાં હઝરત અબુ જઅફર ઈમામ મોહમ્મદદ બાકીર (અ.સ.) થી રિવાયત છે કે રસુલે ખુદા (સ.અ.વ.) ની વફાત બાદ જનાબે ફાતેમા (સ.અ.) ફકત ૬૦ દિવસ જીવતા રહ્યા. ત્યારબાદ જનાબે ઝહરા (સ.અ.) ની બીમારી સખ્ત થઈ ગઈ. જનાબે

ઝહરા (સ.અ.) તે મુદ્દતમાં જે દુઆઓ અને શિકાયતો પોતાના મઅબુદથી કરતા હતા તે આ છેઃ

યા હય્યો યા કય્યુમ! હું તને તારી રહેમતનો વાસ્તો દઈને ફરીયાદ કરૂ છુ કે તુ મારી ફરીયાદને પહોચ મને જહન્નમની આગથી નજાત આપ મને જન્નતમાં પહોચાડી દે અને મને મારા પિતા હઝરત મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.) થી મેળવી દે.

જનાબે ફાતેમા (સ.અ.) ની આ દુઆ સાંભળીને હઝરત અલી (અ.સ.) ફરમાવતા રહેતા હતા કેઃ એ ફાતેમા (સ.અ.) પરેશાન ન થાવ, અલ્લાહ તમને સેહત અને આફીયત આપશે. હજી અલ્લાહ તમને બાકી રાખશે.

જનાબે ઝહરા (સ.અ.) ફરમાવતા હતાઃ એ અબુલ હસન (અ.સ.) હું ખુબજ જલ્દીથી અલ્લાહ તઆલાની બારગાહમા પહોંચવા ચાહુ છું.

પછી હઝરત અલી (અ.સ.) થી જનાબે ઝહરા (સ.અ.) એ વસીય્યત કરી કે મારા પછી સદકો દેવામા આવે અને ઘરના સામાનને સદકામા દેવામાં આવે. આ વસીય્યત પણ કરી કે તમે મારા પછી અમામાથી શાદી કરજો તે મારા બાળકોને ખુબજ ચાહે છે.

જનાબે ઝહરા (સ.અ.) ની વફાત પછી હઝરત અલી (અ.સ.) એ તેમને રાતના સમયે દફન કર્યા.

ઈબ્ને અબ્બાસથી રિવાયત છે કે એક વખત જનાબે ફાતેમા (સ.અ.) એ રસુલે ખુદા (સ.અ.વ.) ને સપનામાં જોયા. જનાબે ફાતેમા (સ.અ.) બયાન કરે છે કેઃ મે સપનામાં મારા પિતાને તે ઝુલ્મોની શીકાયત કરી જે લોકોએ મારા પર તેમની વફાત પછી કર્યો હતો.

તો મારા પિતાએ ફરમાવ્યુંઃ બેટી તમારા માટે આખેરતમાં તે છે જે મુત્તકીન માટે ત્યા તૈયાર છે અને તમે નઝદીકમાં મારી પાસે આવવાવાળા છો.

હઝરત ઈમામ જઅફરે સાદીક (અ.સ.) એ પોતાના પવિત્ર બાપદાદાની રિવાયત કહી છે કે જ્યારે જનાબે ફાતેમા (સ.અ.) નો વફાતનો સમય નઝદીક આવ્યો તો જનાબે ફાતેમા (સ.અ.) રડવા લાગ્યા.

હઝરત અલી (અ.સ.) એ પુછ્યુ સય્યદા શા માટે રડો છો?

જનાબે ફાતેમા (સ.અ.) એ ફરમાવ્યુંઃ હું તે ખ્યાલના લીધે રડુ છુ કે મારા પછી તમારે કેટલી મુસીબત બરદાશ્ત કરવી પડશે. હઝરત અલી (અ.સ.) એ ફરમાવ્યુંઃ તમે ન રોવો અલ્લાહની રાહમાં આ બધા મસાએબ મારી નજરમાં કાંઈ નથી.

પછી જનાબે ઝહરા (સ.અ.) એ વસીય્યત કરીઃ મારા જનાઝા પર શૈખૈનને આવવાની ઈજાઝત ન દેવામાં આવે.

હઝરત અલી (અ.સ.) એ તેમજ કર્યું.

# પ્રકરણ-૮
# કયામતના દિવસે અલ્લાહ તઆલાની નજરમાં જનાબે ફાતેમા (સ.અ.)નો મરતબો અને અઝમત

## ૧) ખાતુને જન્નતનું હશ્રના મૈદાનમાં અને જન્નતમાં ઈસ્તેકબાલ (આવકાર):

સુલેમાન બિન મોહમ્મદે ફલાણાથી અને ફલાણાથી તેણે ઈબ્ને અબ્બાસથી રિવાયત કરી છે કે મેં હઝરત અલી (અ.સ.)ને આમ ફરમાવતા સાંભળ્યાઃ એક દિવસ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) જનાબે ફાતેમા (સ.અ.)ની પાસે આવ્યા તો જોયુ કે જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) ગમગીન છે.

રસુલે ખુદા (સ.અ.વ.) એ પુછયુંઃ બેટી! ગમગીન હોવાનું શું કારણ છે?

જનાબે ઝહરા (સ.અ.) એ ફરમાવ્યુંઃ અય પિતા! તમે એક વખત કયામતના દિવસનું ઝીક્ર કર્યું હતું તે દિવસે લોકો બરેહના (નિર્વસ્ત્ર) મહેશુર થશે.

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ બેટી! તે એક અઝીમ દિવસ હશે પરંતુ જીબ્રઈલે અમીને અલ્લાહના તરફથી મને આ ખબર આપી છે કે કયામતના દિવસે જેના માટે સૌથી પહેલા ઝમીન ફાટશે તે હું હઈશ. તેના પછી મારા દાદા જનાબે ઈબ્રાહીમ (અ.સ.) હશે પછી તમારા પતિ હઝરત અલી (અ.સ.) હશે. ત્યાર પછી અલ્લાહ તઆલા જીબ્રઈલે અમીનને ૭૦,૦૦૦ ફરીશ્તાઓ સાથે નાઝીલ કરશે. તેઓ તમારી કબ્ર ઉપર ૭ ખૈમા બનાવશે. પછી ઈસ્રાફીલ જન્નતથી નુરના ત્રણ જન્નતી લીબાસ લઈને આવશે અને તમારી સિરહાને ઉભા રહેશે અને જીબ્રઈલે અમીન અવાઝ આપશેઃ અય ફાતેમા બિન્તે મોહમ્મદ (સ.અ.)! મહેશરમાં ચાલવા માટે ઉભા થાવ.

તે સમયે તમે ઈત્મેનાનથી ઉઠશો. તમે નિવસ્ત્ર નહિ હોવ. ત્યારે ઈસ્રાફીલ તમને તે નુરી લીબાસ આપશે. તમે તેને પહેરશો પછી રૂકાઈલ નામનો એક ફરીશ્તો નુરની ઉંટણી લઈને હાજર થશે જેની

લગામ તાજા મોતીઓની હશે. જેમાં સોનાની દોરી હશે. તમે તેના ઉપર સવાર થશો. રૂકાઈલ તેની લગામ પકડીને ચાલશે. તમારી આગળ આગળ ૭૦,૦૦૦ ફરીશતા હશે. તેઓના હાથેમાં તસ્બીહના અલમ હશે. જ્યારે તમારી સવારી આગળ વધશે તો ૭૦,૦૦૦ જન્નતની હુરો તમારા ઈસ્તેકબાલ માટે આવશે. જેઓ ખુબજ ખુશ થશે. દરેકના હાથમાં નુરની એક અંગુઠી હશે જેના કોઈપણ જાતની આગ વગર ઉદની ખુશ્બુ ફેલાયેલી હશે તે હુરોના માથા ઉપર લીલા જબરઝદનો તાજ હશે. આ હુરો જનાબે ફાતેમા (સ.અ.)ની ડાબી બાજુ ચાલશે. જ્યારે તમે થોડા આગળ વધશો તો જનાબે મરયમ બિન્તે ઈમરાન તમારા ઈસ્તેકબાલ માટે આવશે. તેની સાથે પણ તે જ સામાન હશે જે તમારી પાસે હશે. જનાબે મરયમ તમને સલામ કરશે અને તેઓ પોતાના જાહોજલાલની સાથે તમારી જમણી બાજુ તમારી સાથે સાથે ચાલશે.

ત્યાર પછી તમારી માતા જનાબે ખદીજા બિન્તે ખોવેલદ તમારા ઈસ્તેકબાલ માટે આવશે. તેઓ દરેક ઔરતોમાં સૌથી પહેલા અલ્લાહ અને તેના રસુલ ઉપર ઈમાન લાવ્યા. તેમની સાથે પણ ૭૦,૦૦૦ ફરીશતાઓ હશે. તેઓના હાથમાં તક્બીરના અલમ હશે જ્યારે તમે તે સમુહ પાસે પહોંચશો તો એક હુર તમારા ઈસ્તેકબાલ માટે આવશે. તેમની સાથે સાથે ૧૦૦૦ હુરો હશે અને તેમની સાથે જનાબે આસીયા બિન્તે મઝાહીમ પણ હશે. પછી આ દરેક તમારી સાથે તેઓની દરેક હુરોને લઈને તમારી સાથે ચાલીને મહેશરવાળાઓની દરમ્યાન આવશે કારણકે અલ્લાહ તઆલા તમામ મખ્લુકને એકજ મૈદાનમાં એ રીતે મહેશુર કરશે કે તેઓ દરેકના કદમ બરાબર હશે.

આના પછી એક મુનાદી અર્શની નીચેથી નીદા આપશે અને તેની અવાઝને બધા મહેશરવાળા સાંભળશે. અય મહેશરવાળા પોતાની આંખોને બંધ કરી દો. જેથી જનાબે ફાતેમા બિન્તે મોહમ્મદ (સ.અ.)

અને તેની સાથે ઔરતો અહીંથી પસાર થઈ જાય. અય બેટી! તે દિવસે કોઈ શખ્સ તમારી તરફ નહીં જોઈ શકે સિવાય કે હઝરત ઈબ્રાહીમ (અ.સ.) ખલીલુલ્લાહ અને અલી બિન અબી તાલિબ (અ.સ.). પછી હઝરત આદમ (અ.સ.), જનાબે હવ્વાને તલબ કરશે તો તેઓ તેમને તમારી માતા જનાબે ખદીજા (સ.અ.)ની સાથે જોશે જે તમારી આગળ હશે.

ત્યારબાદ તમારા માટે એક નુરનું મીમ્બર રાખવામાં આવશે જેના સાત પગથીયા હશે. એક પગથીયાથી બીજા પગથીયાની વચ્ચે મલાએકાની લાઈન હશે. મલાએકાના હાથોમાં નુરના અલમ હશે. જન્નતની હુરો તે મીમ્બરની જમણી અને ડાબી બાજુ વર્તુળમાં હશે.

તમારા મીમ્બરની જમણી બાજુ સૌથી નઝદીક ઔરતો જનાબે હવ્વા અને જનાબે આસીયા હશે. જ્યારે તમે આ મીમ્બરના સૌથી ઉંચા પગથીયા પર પહોંચશો તો તમારી પાસે જીબ્રઈલે અમીન આવીને અર્ઝ કરશેઃ અય ફાતેમા (સ.અ.) તમે તમારી હાજત બયાન કરો કે તમે શું ચાહો છો?

તમે કહેશો પરવરદિગાર! તું મને મારા દીકરાઓ ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.)ને દેખાડ. પછી તે બન્ને તમારી પાસે એ હાલતમાં આવશે કે ઈમામ હુસૈન (અ.સ.)ની કપાએલી ગરદનથી લોહી જારી હશે અને તેમાંથી અવાજ આવશે પરવરદિગાર! તું આજે મારો ઈન્તેકામ તે લોકોથી લે જેઓએ મારા ઉપર ઝુલ્મ કર્યો છે.

તે સમયે ખુદાવંદે આલમ ગઝબમાં આવશે. અલ્લાહના ગઝબના લીધે જહન્નમ અને બધાજ મલાએકા ગઝબમાં આવી જશે અને જહન્નમથી એક ડરાવનારી આવાઝ આવશે અને અંદરથી એક ફોઝ નીકળશે જે ઈમામ હુસૈન (અ.સ.) અને તેમની ઔલાદ અને નસ્લ, વિગેરેના કાતીલોને વીણી વીણીને પકડશે.

તે લોકો કહેશે પરવરદિગાર! અમે તો ઈમામ હુસૈન (અ.સ.)ને કત્લ કરવાના સમયે ત્યાં હાજર પણ ન હતા (પરંતુ આ બહાનું સાંભળવામાં નહિં આવે). અલ્લાહ તઆલા જહન્નમના નિંયુક્ત ફરીશતાઓને હુકમ આપશે જોવો આમાં જેટલા લીલી આંખો અને કાળા ચહેરાવાળા લોકો છે આ બધાને માથાનાવાળથી પકડી પકડી જહન્નમના સૌથી નીચા હીસ્સા (અસ્ફલ)માં નાખી દો કારણકે આ હુસૈન (અ.સ.)ના દોસ્તોની સાથે દુશ્મની કરતા હતા.આ દુશ્મની એટલી વધી ગઈ હતી કે આ લોકોના બાપ-દાદાઓને ઈમામ હુસૈન (અ.સ.)થી હતી અને તેઆએ ઈમામ હુસૈન (અ.સ.) ને કત્લ કર્યા હતા.

પછી જીબ્રઈલ (અ.સ.) કહેશેઃ અય ફાતેમા (સ.અ.)! બીજી કોઈ હાજત હોય તો કહો.

જનાબે ફાતેમા (સ.અ.) ફરમાવશેઃ પરવરદિગાર! માર શીઆ?

અલ્લાહ તઆલા ફરમાવશે મેં તે લોકોને માફ કર્યા.

જનાબે ફાતેમા (સ.અ.) ફરમાવશેઃ પરવરદિગાર મારા બચ્ચાઓના દોસ્તો?

અલ્લાહ તઆલા ફરમાવશેઃ મેં તેઓને પણ માફ કર્યા.

જનાબે ફાતેમા (સ.અ.) પાછા ફરમાવશેઃ પરવરદિગાર! મારા દોસ્તોના દોસ્તો.

પરવરદિગાર ફરમાવશેઃ અય ફાતેમા (સ.અ.) તમે જન્નતમાં તો જાઓ જે કોઈ તમારાથી મુતમસ્સીક હશે તે પણ તમારી સાથે જન્નતમાં જશે.

તે વખતે બધી જ મખ્લુક હસરતથી કહેશે કાશ! અમે પણ ફાતેમા (સ.અ.)ના દોસ્તોમાંથી હોત.

પછી તમે જન્નતની તરફ રવાના થઈ જશો અને તમારી સાથે તમારા દોસ્તો તમારા બચ્ચાઓના દોસ્તો અને અલી (અ.સ.)ના દોસ્તો હશે. આ બધા મુત્મઈન હશે અને આ લોકોની શર્મગાહો છુપાએલી

હશે અને આ લોકોથી દરેક પ્રકારના રંજ અને ગમ દુર હશે. બીજા બધા લોકો ડર અને નિરાશામાં મુબ્તેલા હશે પરંતુ આ લોકોને કોઈ પ્રકારનો ડર નહિ હોય. બીજા બધા લોકો પ્યાસા હશે પરંતુ આ લોકો પ્યાસા નહિ હોય.

જ્યારે તમે જન્નતના દરવાજા પાસે પહોંચશો તો ૧૨,૦૦૦ હુરો તમારા ઈસ્તેકબાલ માટે બહાર આવશે. જેઓએ તમારાથી પહેલા અને પછી કોઈનો ઈસ્તેકબાલ નહિ કર્યો હોય. તેમના હાથોમાં નુરની કંદીલો હશે. તે નુરની સવારી ઉપર સવાર થયેલા હશે જેના ઉપર પીળુ સોનાનું અને લાલ યાકુતની અમારી હશે. તેની લગામમાં તાજા મોતીઓ હશે. બધી સવારી પર સુન્દુસનો ફર્શ હશે. જ્યારે તમે જન્નતમાં દાખલ થશો તો જન્નતના લોકો તમને 'મરહબા કહેશે'. તમારા શીઆઓ માટે ઝવેરાતના દસ્તરખાન નુરના પાયા પર રાખવામાં આવશે અને તેઓ આ દસ્તરખાનમાંથી ખાવામાં મશ્ગુલ થઈજશે. જ્યારે કે બીજા લોકો હજુ સુધી હશ્રના મૈદાનમાં પોતાનો હિસાબ-કિતાબ દઈ રહ્યા હશે.

ત્યારબાદ જ્યારે બધા અલ્લાહના અવલીયા જન્નતમાં પોત-પોતાની જગ્યાએ પહોંચી જશે તો હઝરત આદમ (અ.સ.) અને તેના પછીના અંબીયા (અ.સ.) તમારી ઝિયારત માટે આવશે.

જન્નતના બીલ્કુલ વચ્ચે એક ડાળમાં બે મોતી હશે એક સફેદે અને બીજુ પીળું હશે. આ બન્ને મોતીની અંદર ઘણા મહેલ અને ઘર આરસના બનાવેલા હશે. દરેક મોતીની અંદર ૭૦,૦૦૦ ઘર હશે. સફેદ મોતીમાં આપણે અને આપણા શીઆઓના ઘર હશે અને પીળા મોતીમાં હઝરત ઈબ્રાહીમ (અ.સ.) અને તેમની ઔલાદના ઘર હશે.

જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) એ ફરમાવ્યુંઃ અય પિતા હું એવું નથી ઈચ્છતી કે તમારી વફાતનો દિવસ જોવ અથવા તમારી વફાત પછી એક દિવસ પણ જીવતી રહું.

રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું: અય બેટી! જીબ્રઈલે મને ખબર આપી છે કે તમે મારા પછી જીવતા રહેશો પરંતુ એહલેબૈત (અ.મુ.સ.)માંથી તમે મને સૌથી પહેલા મળશો અને પછી મહાન વયલ (જહન્નમ) છે તેના માટે જે તમારા ઉપર ઝુલ્મ કરે અને કામ્યાબ છે તે જે તમારી નુસરત અને મદદ કરે.

અતાનું બયાન છે કે ઈબ્ને અબ્બાસથી જ્યારે પણ આ હદીસનું બયાન કરતા તો તેના પછી આ આયતની તિલાવત જરૂર કરતા હતા.

وَالَّذِيْنَ اٰمَنُوْا وَاتَّبَعَتْهُمْ ذُرِّيَّتُهُمْ بِاِيْمَانٍ اَلْحَقْنَا بِهِمْ ذُرِّيَّتَهُمْ

وَمَآ اَلَتْنٰهُمْ مِّنْ عَمَلِهِمْ مِّنْ شَيْءٍ ؕ كُلُّ امْرِیٍٔ بِمَا كَسَبَ رَهِيْنٌ

(સુરએ તુર, આ. ૨૧)

જે લોકો ઈમાન લાવ્યા અને તેની ઔલાદોએ તેનું અનુસરણ કર્યું તો અમે તેની ઔલાદને (જન્નતમાં) તેનાથી મેળવી દઈશું અને તેના અમલની જઝામાં કોઈ કમી નહિ કરીશું. દરેક શખ્સને તે મળશે જે તેણે કર્યું હશે.

(તફસીરે ફુરાત)

## ૨) જન્નતની ખાતુનનો જન્નતમાં પ્રવેશ:

અબુલ કાસીમ અલવી હસનીએ ફલાણાથી અને તેણે ફલાણાથી તેણે ઈબ્ને અબ્બાસથી રિવાયત કરી છે કે રોઝે કયામત એક મુનાદી અવાજ કરશે:

يَامَعْشَرَ الْخَلَائِقِ غُضُّوا أَبْصَارَكُم

અય મખ્લુકના સમુહ પોતાની આંખ બંધ કરી લો જેથી જનાબે ફાતેમા (સ.અ.) બિન્તે મોહમ્મદે મુસ્તુફા (સ.અ.વ.)ની સવારી અહીંયાથી પસાર થઈ જાય.

પછી તમે જ તે પહેલી હસ્તી હશો જેને જન્નતના લિબાસ પહેરાવવામાં આવશે અને ૧૨,૦૦૦ જન્નતની હુરો તમારા ઈસ્તેકબાલ માટે જન્નતથી આવશે. જેઓએ તેના પહેલા કોઈનો ઈસ્તેકબાલ નહિ કર્યો હોય. જનાબે ફાતેમા (સ.અ.) અને તે હુરો એવી ઉંટણી ઉપર સવાર થશે કે જેના પગ યાકુતના અને તેની લગામો મોતીઓની હશે. તેની અમારીઓ પાણીદાર મોતીની હશે. દરેક અમારીમાં સુનદુસનું ગાદલુ હશે. આ દરેક ઉંટણી પર સેરાતથી પસાર થઈને જન્નતમાં પહોંચશે તો જન્નતવાળાઓ તેમને જોઈને ખુબજ ખુશ થશે.

જન્નતની વચ્ચમાં અમુક સફેદ રંગના મહેલ હશે. અમુક પીળા રંગના મહેલ હશે, આ મહેલો એક મોતીઓની ડાળમાં કોતરેલા હશે. સફેદ મહેલોમાં ૭૦,૦૦૦ ઘર મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની પાક આલ માટે હશે અને પીળા મહેલોમાં ૭૦,૦૦૦ ઘર જનાબે ઈબ્રાહીમ (અ.સ.) અને તેમની ઔલાદો માટે હશે. જન્નતમાં પહોંચીને જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) એક નુરાની ખુરશી ઉપર બેસી જશે અને બાકીની વ્યકિતઓ તેમની આજુ બાજુ વર્તુળકારમાં બેસી જશે. તે સમયે જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની પાસે એક ફરીશતાને મોકલવામાં આવશે જે ન તો તેની પહેલા કોઈની પાસે મોકલવામાં આવ્યો હશે અને ન તો તેના પછી કોઈ પાસે મોકલવામાં આવશે. તે કહેશેઃ અય ફાતેમા (સ.અ.)! તમારો રબ તમારા ઉપર ખુબજ મહેરબાન છે અને તમને તોહફો પછી દુરૂદ અને સલામ કહ્યા છે અને ફરમાવ્યું છે કે તમે જે ચાહોતે માંગો હું આપીશ.

જનાબે ફાતેમા (સ.અ.) એ ફરમાવ્યુંઃ અલ્લાહ તઆલા એ મને દરેક પ્રકારની નેઅમતો આપી છે અને તેના કરમ અને બુઝુર્ગીથી મને નવાઝી છે. પોતાની જન્નત મારા માટે મુબાહ કરી દીધી છે. હું હવે અલ્લાહ તઆલાથી મારી ઔલાદ અને તેમના દોસ્તોના બારામાં સવાલ કરૂં છું કે તેમને પણ જન્નતમાં દાખલ કરી દે.

તેથી અલ્લાહ તઆલાએ જનાબે ફાતેમા (સ.અ.)ને તેમની ઔલાદ અને જેણે તેમની ઔલાદને (જનાબે ફાતેમા સ.અ. ના લીધે) દોસ્ત રાખ્યા હશે અને જનાબે ફાતેમા (સ.અ.)ના લીધે તેમની હિફાઝત કરી છે (જન્નત અને બીજી નેઅમતો) આપી દઈશ.

જનાબે ફાતેમા (સ.અ.) અલ્લાહ તઆલાની બક્ષીશ અને અતાને જોઈને ફરમાવશેઃ

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِي أَذْهَبَ عَنَّا الْحَزَنَ وَأَقَرَّ بِعَيْنِي

વખાણ છે તે અલ્લાહના કે જેણે અમારાથી ગમને દુર કર્યો અને મારી આંખોને ઠંડી કરી.

જઅફરનું બયાન છે કે મારા પિતા કહ્યા કરતા હતા કે જ્યારે ઈબ્ને અબ્બાસ તે હદીસને યાદ કરતા તો તરત જ આ આયતની તિલાવત કરતા હતા

وَالَّذِينَ آمَنُوا وَاتَّبَعَتْهُمْ ذُرِّيَّتُهُم بِإِيمَانٍ أَلْحَقْنَا بِهِمْ ذُرِّيَّتَهُمْ

(સુરએ તુર, આ. ૨૧)

(તફસીરે ફુરાત)

### ૩) મહેશરવાળા લોકોને આંખો બંધ કરવાનો હુકમોઃ

સમાનીએ પોતાના કવામીયા નામના રિસાલામાં, ઝઆફરાની એ ફઝાએલ સહાબામાં, અસ્નઈએ કિતાબ 'એઅતેકાદે એહલે સુન્નત'માં અકબરી એ અબાયામાં એહમદે કિતાબ ફઝાએલમાં અને ઈબ્ને મોઅઝમ એ પોતાની કિતાબ અરબઈનમાં પોત પોતાની સનદોની સાથે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)થી રિવાયત કરી છે કે કયામતના દિવસે બધા લોકો પરવરદિગારે આલમની સામે ઉભા હશે. તે સમયે પડદાની અંદરથી એક મુનાદી નીદા આપશે.

أَيُّهَا النَّاسُ غُضُّوا أَبْصَارَكُمْ وَنَكِّسُوا رُءُوسَكُمْ فَإِنَّ فَاطِمَةَ بِنْتَ مُحَمَّدٍ

صَتَجُوزُ عَلَى الصِّرَاط

અય લોકો પોતપોતાની આંખો બંધ કરી લો અને પોતાના માથાને નમાવી દો કારણકે જનાબે ફાતેમા બિન્તે મોહમ્મદ (સ.અ.વ.)ની સવારી પુલે સેરાત ઉપરથી પસાર થવાની છે.

અને અબુ અય્યુબની રિવાયતમાં છે કે પછી જનાબે ફાતેમા (સ.અ.)ની સાથે ૭૦,૦૦૦ હુરો પણ વિજળીની જેમ પુલે સેરાત ઉપરથી પસાર થઈ જશે.

(કિતાબ મનાકીબે ઈબ્ને શેહરે આશોબ)

**બીજી:**

શૈખે સદુક (અ.ર.)એ પોતાની સનદોની સાથે હઝરત ઈમામ જઅફરે સાદિક (અ.સ.)થી રિવાયત કરી છે કે કયામતના દિવસે અલ્લાહ પહેલા અને છેલ્લા જમાનાના દરેક લોકોને મેદાનમા ભેગા કરશે પછી એક મુનાદી નિદા આપશે. બધા મહેશરવાળાઓ પોતાની આંખો બંધ કરી લો અને પોતાના માથાને નમાવી દો જેથી જનાબે ફાતેમા (સ.અ.) પુલે સેરાત ઉપરથી પસાર થઈ જાય.

આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું: પછી બધા લોકો પોતાની આંખો બંધ કરી લેશે. તે સમયે જનાબે ફાતેમા (સ.અ.) જન્નતની એક ઉંટણી ઉપર સવાર થઈને ૭૦,૦૦૦ ફરીશ્તાઓના વર્તુળમાં હશ્રના મૈદાનમાં દાખલ થશે અને એક માનનીય મકામ ઉપર ઉભા રહેશે. પછી તેઓ પોતાની ઉંટણીથી ઉતરશે અને ઈમામ હુસૈન (અ.સ.)ના લોહીથી ભરેલું કમીઝ હાથમાં લઈને આ રીતના ફરિયાદ કરશે: પરવરદિગાર! આ મારા દીકરા ઈમામ હુસૈન (અ.સ.)નો કમીઝ છે અને તને ખબર છે જે કાંઈ તેની સાથે વર્તન કરવામાં આવ્યું છે.

અલ્લાહ તઆલાની તરફથી અવાજ આવશેઃ અય ફાતેમા (સ.અ.)! મારી મરઝી તમારા હવાલે છે (તમે જે કહેશો તે જ કરવામાં આવશે).

જનાબે ફાતેમા (સ.અ.) ફરમાવશેઃ પરવરદિગાર! હું ઈમામ હુસૈન (અ.સ.)ના કાતીલોથી ઈન્તેકામ ચાહું છું.

પછી અલ્લાહ તઆલા જહન્નમના એક શોલાને હુકમ આપશે તે શોલો જહન્નમથી નિકળીને મૈદાન હશ્રમાંથી ઈમામ હુસૈન (અ.સ.)ના કાતીલોને એ રીતના ગળી જશે (જે રીતે કોઈ કબુતર દાણો ગળી જાય છે). તે શોલો તે લોકોને લઈને જહન્નમમાં ફરી પાછો પલટી જશે અને તે લોકો તેમાં અલગ અલગ પ્રકારની તકલીફ આપનારો અઝાબમાં ગિરફતાર કરવામાં આવશે.

ત્યારબાદ જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) પોતાની ઉંટણી પર સવાર થઈને જન્નતમાં જશે. મલાએકા તેમની સાથે હશે. જનાબે ફાતેમા (સ.અ.)ની ઔલાદ તેમની આગળ આગળ હશે અને તેમના ચાહવાવાળા જનાબે ફાતેમા (સ.અ.)ની જમણી અને ડાબી બાજુ સાથે સાથે હશે.

## ૪) હઝરત ઈમામ હુસૈન (અ.સ.)નું હશ્રના મૈદાનમાં આવવુંઃ

હઝરત અબુ અબ્દીલ્લાહ ઈમામ જઅફરે સાદિક (અ.સ.)થી રિવાયત છે કે રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ

કયામતના દિવસે જનાબે ફાતેમા (સ.અ.) માટે એક નુરનો ખૈમો રાખવામાં આવ્યો. ત્યારબાદ ઈમામ હુસૈન (અ.સ.) ત્યારે એ રીતે આવશે કે પોતાનું કપાએલુ સર તેમના હાથો ઉપર રાખેલુ હશે. તેમનો આ હાલ જોઈને જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) એક ચીખ મારશે જેને સાંભળીને કોઈ મુકર્રબ મલાએકા કોઈ નબીએ મુરસલ અને કોઈ મોઅમીન બંદો એવો નહિ હોય જે જનાબે ફાતેમા (સ.અ.)ને આ હાલત ઉપર આંસુ ન વહાવે.

ત્યારબાદ અલ્લાહ તઆલા કોઈ શખ્સને ઈન્સાની શકલમાં મોકલશે જે ઈમામ હુસૈન (અ.સ.)ના કાતીલોથી જંગ કરશે. પછી અલ્લાહ તઆલા તે લોકોને જેઓએ ઈમામ હુસૈન (અ.સ.)ને કત્લ કર્યા હતા અને તેમની સામે જંગનો સામાન તૈયાર કર્યો હતો અથવા દુશ્મનના લશ્કરમાં કોઈપણ રીતે શિરકત કરી હતી તે દરેકને એક જગ્યાએ ભેગા કરશે. પછી તે શખ્સ ઈમામ હુસૈન (અ.સ.)ના દરેક દુશ્મનોને એક એક કરીને કત્લ કરશે. ત્યારબાદ જેને કત્લ કરવામાં આવ્યા છે તેમને બીજી વખત જીવતા કરવામાં આવશે. આ સમયે ઈમામ હુસૈન (અ.સ.)ના પિતા હઝરત અલી (અ.સ.) તે દરેકને કત્લ કરશે. ત્યારબાદ તે લોકોને ફરી જીવંત કરવામાં આવશે અને તે દરેકને ઈમામ હસન (અ.સ.) કત્લ કરશે. ત્યારબાદ ફરી વખત દરેકને જીવતા કરવામાં આવશે. તે વખતે તે દરેકને ઈમામ હુસૈન (અ.સ.) કત્લ કરશે. આ રીતે તે લોકોને વારંવાર જીવંત કરવામાં આવશે અને અમારી ઔલાદમાંથી કોઈ એવું નહિ બચશે જે તે લોકોને કત્લ ન કરે. તે સમયે અલ્લાહ તઆલા જનાબે ફાતેમા (સ.અ.)ના દીલથી ગઝબ અને અફસોસને દુર કરી દેશે.

ત્યારબાદ ઈમામ જઅફરે સાદિક (અ.સ.)એ ફરમાવ્યું: અલ્લાહ તઆલા અમારા શીઆઓ ઉપર રહેમ કરે. ખુદાની કસમ આ તે જ લોકો છે જે હકીકતમાં મોઅમીન છે કારણકે તે લોકોએ એક લાંબા સમય સુધી અમારા ગમમાં અમારી સાથે શિરકત કરી.

(કિતાબ સવાબુલ આમાલ)

બીજી રિવાયતમાં છે કે જનાબે રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું: કયામતના દિવસે ફાતેમા ઝહરા (સ.અ.) પોતાની ખાસ ઔરતોના વર્તુળમાં મૈદાને હશ્રમાં આવશે. તો તેઓને કહેવામાં આવશે કેએ બિન્તે રસુલ (સ.અ.વ.) જન્નતનમાં દાખલ થઈ જાવ.

જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) ફરમાવશેઃ જ્યાં સુધી હું એ ન જોઈ લઉ કે મારા ફરઝંદ ઈમામ હુસૈન (અ.સ.)ની સાથે શું વર્તન કરવામાં આવ્યું છે ત્યાં સુધી હું હરગીઝ જન્નતમાં દાખીલ નહિ થાવ.

તેમને કહેવામાં આવશે કયામતના મૈદાનમાં નઝર કરો.

જ્યારે જનાબે ફાતેમા (સ.અ.) નઝર કરશે તો ઈમામ હુસૈન (અ.સ.)ને એવી રીતે જોશે કે તેમના શરીર ઉપર સર નહિ હોય. જનાબે ફાતેમા (સ.અ.) આ દ્રશ્ય જોઈને એક ચીખ મારશે અને આહો બુકામાં મશ્ગુલ થઈ જશે. જનાબે ફાતેમા (સ.અ.)ને રોતા જોઈને (હઝરત રસુલે ખુદા સ.અ.વ.) પણ રોવા લાગશે અને બધાજ મલાએકાઓ પણ રોવા લાગશે. આ સમયે અલ્લાહ તઆલાને જલાલ આવશે અને તે એક એવા પ્રકારની આગ જેને હબહબ કહે છે અને જેને અલ્લાહ તઆલાએ હજાર વર્ષ સુધી પોતાના ગઝબની હવાથી ભડકાવી છે અને તે બળતા બળતા કાળી પડી ગઈ છે. જેમાં ખુશી કયારેય દાખલ નહિ થાય અને જેમાંથી ગમ કયારેય બહાર નહિ નીકળે. આ આગને અલ્લાહ હુકમ આપશે કે આ ઈમામ હુસૈન (અ.સ.)ના કાતીલોને જે હાફીઝે કુરઆન પણ છે તેને ગળી જા.

પછી તે જહન્નમના આગના શોલો જહન્નમમાં તે બધાને ગળી જશે. જ્યારે આ લોકો તેના ડરમાં પહોંચશે તો જહન્નમ પણ ચીલ્લાવી ઉઠશે અને તે લોકો પણ ચીલ્લાવશે અને તેઓ સ્પષ્ટ અવાજમાં કહશેઃ અય પરવરદિગાર! તે અમને મુર્તીપૂજા કરનારાઓથી પણ પહેલા કેમ જહન્નમમાં દાખલ કરી દીધા?

જવાબ મળશેઃ જે ઈલ્મ હોવા છતા ગુનાહ કરે છે તેને આવી જ સજા દેવામાં આવે છે અને જેને ઈલ્મ ન હોય અને તે ગુનાહ કરે તો તેને આવી સજા નથી મળતી બલ્કે તેના માટે માફીની ગુંજાઈશ છે.

(કિતાબ સવાબુલ આમાલ)

બીજી હઝરત અલી (અ.સ.)ની રિવાયત છે કે રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ કયામતના દિવસે ફાતેમા (સ.અ.)ની સામે ઈમામ હુસૈન (અ.સ.)નું કપાએલુ સર પેશ કરવામાં આવશે જેમાંથી ખુન ટપકી રહ્યું હશે. આ સરે અકદસને જોઈને જનાબે ફાતેમા (સ.અ.) ફરિયાદ કરશેઃ

وَاوَلَدَاهُوَاثَمَرَةَفُؤَادَاهُ

હાય, મારા લાલ, હાય મારા દીલના મેવા.

જનાબે ફાતેમા (સ.અ.)ની ફરિયાદને સાંભળીને મલાએકા પણ ફરિયાદ કરવા લાગશે અને મહેશરવાળાઓને કહેશેઃ અય ફાતેમા (સ.અ.) તમારા ફરઝંદોના કાતીલોને અલ્લાહ હલાક જ કરતો રહેશે.

તે વખતે ખુદાની આવાઝ આવશે કે હા, બેશક હું ઈમામ હુસૈન (અ.સ.)ના કાતીલો અનેતે કાતીલના દોસ્તો અને તેને માનવાવાળાઓની સાથે આવોજ સુલુક કરીશ.

જનાબે ફાતેમા (સ.અ.) તે દિવસે જન્નતમાં એક સજાવેલી ઉંટણી પર સવાર થશે જેના ગાલ પહોળા હશે, આંખો મોટી હશે, માથું શુધ્ધ સોનાનું, ગરદન મુશ્ક અને અંબરની લગામ, લીલા જબરઝદની અને મોતીઓની ઝીન તેની પીઠ પર પડી હશે. પછી તેના ઉપર એક અમારી હશે જેના ઉપર ઈલાહી નુરનો પર્દો પડેલો હશે. તે અમારી અલ્લાહની રહેમતથી પૂર હશે. તેની લગામ દુનિયાના ફરસખોના હિસાબથી એક ફરસખ (ત્રણ માઈલ) લાંબી હશે. ૭૦,૦૦૦ ફરિશ્તાઓ તે અમારીને ચારે તરફથી ઘેરેલા હશે અને તસ્બીહ અને તહમીદ અને તેહલીલ અને તકબીરમાં મશ્ગુલ હશે અને ખુદાની હમ્દો સના કરતા હશે. ત્યારબાદ એક મુનાદી અર્શની નીચેથી અવાજ આપશેઃ અય મહેશરવાળાઓ! તમારી આંખો બંધ કરી લો કારણ કે જનાબે ફાતેમા બિન્તે રસુલે ખુદા (સ.અ.વ.)ની સવારી પુલે સેરાતથી પસાર થઈ રહી છે.

પછી જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) અને તેમના શીઆઓ પુલે સેરાતથી વિજળીની જેમ પસાર થઈ જશે અને જનાબે ફાતેમા (સ.અ.)ના દુશ્મન અને જનાબે ઝહરા (સ.અ.)ની પવિત્ર ઔલાદના દુશ્મનને જહન્નમની આગમાં નાખી દેવામાં આવશે.

(કિતાબ સવાબુલ આમાલ)

## ૫) જનાબે ફાતેમા (સ.અ.)ની ફરિયાદઃ

હઝરત અલી ઈબ્ને મુસા રેઝા (અ.સ.) એ પોતાના પવિત્ર બાપ-દાદાથી રિવાયત કરી છે કે રસુલે ખુદા (સ.અ.વ.) એ ઈરશાદ ફરમાવ્યુંઃ મારી દીકરી ફાતેમા (સ.અ.) કયામતના દિવસે તે રીતે ઉઠાડવામાં આવશે કે તેમની પાસે લોહીથી ભરેલા કપડા હશે અને તે કાએમે અર્શને પકડીને ફરિયાદ કરશે કે અય સૌથી મોટા આદીલ! મારી અને મારા ફરઝંદ ઈમામ હુસૈન (અ.સ.)ના કાતીલોની દરમ્યાન ફેંસલો કરી દે.

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છેઃ કાબાના રબની કસમ! અલ્લાહ તઆલા તેમની દરમ્યાન જરૂર ફેંસલો કરશે.

(કિતાબ ઓયુનો અખ્બારે રેઝા)

સહીફએ રેઝામાં પણ આના જેવીજ રિવાયત નકલ કરવામાં આવી છે.

## ૬) શફાઅતઃ

તાલકાનીએ મોહમ્મદ બિન જદીદ તબરીથી અને તેણે પોતાની સનદોની સાથે હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.)થી રિવાયત કરી છે કે મેં જનાબે જાબીર બિન અબ્દુલ્લાહ અન્સારીથી સાંભળ્યું છેઃ રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ જ્યારે કયામતનો દિવસ હશે તો મારી દીકરી જનાબે ફાતેમા (સ.અ.) જન્નતની એક ઉંટણી ઉપર સવાર

થઈને હશ્રના મૈદાનમાં આવશે. તે ઉંટણીના બન્ને પહેલુ ઉપર રેશમ લટકી રહ્યું હશે. તેની લગામ તાજા મોતીઓની, પગ લીલા જબરજદના, તેની પુછ મુશ્કની અને આંખો લાલ યાકુતની હશે.

તેની પીઠ ઉપર નુરની એક અમારી હશે જેનું જાહીર તેના બાતીનથી દેખાશે અને બાતીન જાહીરથી નઝર આવશે. તેનું બાતીન ઈલાહી માફીથી ભરપુર હશે અને જાહીર ઈલાહી રહમતથી ઘેરાયેલું હશે. તેમના માથા ઉપર નુરનો એક તાજ હશે અને જેના ૭૦ ખુણા હશે અને દરેક ખુણા યાકુત અને મોતીઓથી ભરેલા હશે અને આ ઝવાહેરાત હશ્રના મૈદાનમાં એ રીતે ચમકતા હશે જે રીતે આસમાન ઉપર સીતારા ચમકે છે.

પછી તેમની ડાબી બાજુ ૭૦,૦૦૦ ફરીશ્તા અને જમણી બાજુ ૭૦,૦૦૦ ફરીશ્તા હશે. જીબ્રઈલે અમીન ઉંટણીની લગામ પકડીને મોટા અવાજે નિદા આપશેઃ અય મહેશરવાળાઓઃ તમારી આંખોને બંધ કરી લો જેથી જનાબે ફાતેમા બિન્તે મોહમ્મદ (સ.અ.વ.)ની સવારી હશ્રના મૈદાનમાંથી પસાર થઈ જાય.

તે સમયે કોઈ રસુલ, કોઈ નબી કોઈ સીદ્દીક કે કોઈ શહીદ એવો નહિ હોય જે આ એલાન સાંભળીને પોતાની આંખોને બંધ ન કરી લે. પછી જનાબે ઝહરા (સ.અ.) હશ્રના મૈદાનથી પસાર થઈને ઈલાહી અર્શની સામે પહોંચશે અને ત્યાં પોતાને ઉંટણી પરથી પછાડી દેશે અને ફરિયાદ કરશે.

અય મારા અલ્લાહ! અય માલિક! તું મારી અને મારા ઉપર ઝુલ્મ કરવાવાળાઓ વચ્ચે ફેંસલો કરી દે અને મારી અને મારા ફરઝંદોના કાતિલો દરમ્યાન ફેંસલો કરી દે.

તે સમયે ખુદાવંદે આલમ કહેશેઃ અય મારી હબીબા! અય મારા હબીબની બેટી! તમે જે ચાહો તે માંગી લો હું તમને આપીશ. જેની ચાહો તેની શફાઅત કરો હું કબુલ કરીશ. હું મારી ઈઝઝત અને

જલાલની કસમ ખાઈને કહું છું કે આજે કોઈ ઝાલીમ મારાથી બચી નહિ શકશે.

જનાબે ફાતેમા (સ.અ.) ફરમાવશેઃ અય મારા અલ્લાહ! મારા માલિક આજે હું મારી ઔલાદ, મારા ચાહવાવાળા, મારા શીઆઓ અને મારી ઔલાદના શીઆઓની શફાઅત કરૂં છું. પછી અલ્લાહ તરફથી અવાજ આવશેઃ કયા છે જનાબે ફાતેમા (સ.અ.)ની ઔલાદ? તેમના શીઆ, તેમના ચાહવાવાળા, તેમની ઔલાદના શીઆ?

પછી તે લોકો તે શાનથી આવશે કે ચારે તરફથી રહેમતના ફરિશ્તાઓ તેને ઘેરેલા હશે. જનાબે ફાતેમા (સ.અ.) તેમની આગળ હશે. ત્યાં સુધી કે તે દરેકને જન્નતમાં દાખલ કરી દે.

(કિતાબ આમાલીએ શૈખે સદુક અ.ર.)

# પ્રકરણ-૯

# જનાબે ફાતેમા (સ.અ.)ની ઔલાદનું હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની ઔલાદ હોવું

## ૧) ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.) રસુલે ખુદા (સ.અ.વ.)ના સુલ્બી ફરઝંદ છે. કુરઆને મજીદથી દલીલઃ

એહતેજાજે તબરસીમાં અબુલ જારૂદથી રિવાયત છે કે એક વખત હઝરત અબુ જાઅફર ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) એ મને ફરમાવ્યુંઃ અય અબુ જારૂદ! લોકો ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.)ના બારામાં શું કહે છે?

મેં કહ્યું બધા લોકો ઈન્કાર કરે છે કે ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.) રસુલે ખુદા (સ.અ.વ.)ના ફરઝંદો નથી.

ઈમામે ફરમાવ્યુંઃ પછી તમે તે લોકોની સામે તેના વાતની મુખાલેફત પર કંઈ દલીલ પેશ કરી?

મેં કહ્યુંઃ મેં અલ્લાહ તઆલાના આ કૌલથી તેને રદ કરી દીધા જે અલ્લાહે હઝરત ઈસા (અ.સ.)ના બારામાં ફરમાવ્યું છેઃ

وَمِن ذُرِّيَّتِهِ دَاوُودَ وَسُلَيْمَانَ وَأَيُّوبَ وَيُوسُفَ وَمُوسَىٰ وَهَارُونَ ۚ
وَكَذَٰلِكَ نَجْزِي الْمُحْسِنِينَ ﴿٨٤﴾ وَزَكَرِيَّا وَيَحْيَىٰ وَعِيسَىٰ وَإِلْيَاسَ ۖ كُلٌّ
مِّنَ الصَّالِحِينَ

(સુરએ અન્આમ, આ. ૮૪-૮૫)

આ આયતમાં અલ્લાહ તઆલાએ હઝરત ઈસા બિન મરીયમ (સ.અ.)ને હઝરત ઈબ્રાહીમ (અ.સ.)ની ઔલાદમાંથી કરાર દીધા છે.

મેં તે લોકોની સામે આની દલીલમાં અલ્લાહ તઆલાનો આ કૌલ પણ પેશ કર્યોઃ

فَمَنْ حَاجَّكَ فِيهِ مِن بَعْدِ مَا جَاءَكَ مِنَ الْعِلْمِ فَقُلْ تَعَالَوْا نَدْعُ
أَبْنَاءَنَا وَأَبْنَاءَكُمْ وَنِسَاءَنَا وَنِسَاءَكُمْ وَأَنفُسَنَا وَأَنفُسَكُمْ ثُمَّ نَبْتَهِلْ
فَنَجْعَل لَّعْنَتَ اللَّهِ عَلَى الْكَاذِبِينَ

(સુરએ આલે ઈમરાન, આ. ૬૧)

ઈમામ (અ.સ.) એ ફરમાવ્યુંઃ પછી તે લોકો શું બોલ્યા?

મેં કહ્યું કે તે લોકો આનો જવાબ એ આપ્યો કે ઘણી વખત છોકરીની ઔલાદને પણ પોતાની ઔલાદ (બેટા) કહેવામાં આવે છે. પરંતુ નવાસા પોતાના નાનાની સુલ્બી ઔલાદ નથી હોતા.

આ સાંભળી ઈમામ (અ.સ.)એ ફરમાવ્યુંઃ અય અબુલ જારૂદ! ખુદાના વાસ્તે હું અલ્લાહની કિતાબથી હવે એક એવી આયત પેશ કરૂં છું જેના લીધે ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.) રસુલે ખુદા (સ.અ.વ.)ની સુલ્બમાં દાખલ છે. આનો કોઈ ઈન્કાર નથી કરી શકતા અને તે આયત આ છે.

حُرِّمَتْ عَلَيْكُمْ أُمَّهَاتُكُمْ وَبَنَاتُكُمْ وَأَخَوَاتُكُمْ وَعَمَّاتُكُمْ وَخَالَاتُكُمْ وَبَنَاتُ الْأَخِ وَبَنَاتُ الْأُخْتِ وَأُمَّهَاتُكُمُ اللَّاتِي أَرْضَعْنَكُمْ وَأَخَوَاتُكُم مِّنَ الرَّضَاعَةِ وَأُمَّهَاتُ نِسَائِكُمْ وَرَبَائِبُكُمُ اللَّاتِي فِي حُجُورِكُم مِّن نِّسَائِكُمُ اللَّاتِي دَخَلْتُم بِهِنَّ فَإِن لَّمْ تَكُونُوا دَخَلْتُم بِهِنَّ فَلَا جُنَاحَ عَلَيْكُمْ وَحَلَائِلُ أَبْنَائِكُمُ الَّذِينَ مِنْ أَصْلَابِكُمْ

(સુરએ નિસા, આ. ૨૩)

હરામ કરવામાં આવી છે તમારા ઉપર તમારી માં, તમારી દીકરીઓ અને તમારી બહેનો અને તમારી ફઈઓ.... અને તમારા તે દીકરાની પત્નિઓ જે તમારા સુલ્બથી હોય.

પછી ઈમામ (અ.સ.) એ ફરમાવ્યુંઃ અય અબુલ જારૂદ! આ ઈન્કાર કરનારાને પુછો કે શું રસુલે ખુદા (સ.અ.વ.) માટે એ જાએઝ છે કે ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.)ની પત્નિઓથી નિકાહ કરે? અગર તેઓ કહે કે જાએઝ છે તો અલ્લાહની કસમ તેઓ

જુઠા છે અને અગર તેઓ કહેકે જાએ નથી તો ખુદાની કસમ તેઓ બન્ને (ઈમામ હસન અ.સ. અને ઈમામ હુસૈન અ.સ.) રસુલે ખુદા (સ.અ.વ.)ના સુલ્બી દીકરા સાબીત થાય કારણકે તેઓની પત્નિઓ રસુલે ખુદા (સ.અ.વ.) ઉપર ફકત એટલા માટે હરામ છે કે આ બન્ને તેમના સુલ્બી ઔલાદ છે (એટલે કે તેમના સુલ્બથી છે).

(મનાકીબે ઈબ્ને શેહરે આશોબ)

અલ્લામા મજલીસી (અ.ર.) આ રિવાયતને નકલ કર્યા બાદ કહે છે કે ફાતેમા (સ.અ.)ની ઔલાદો ઉપર ઈબ્ને અને વલદ શબ્દનો ઉપયોગ ખુબજ થયો છે, આ મતલબની ઘણી બધી હદીસો 'બાબે એહતેજાજે રઝા'માં પેશ કરી ચુકયા છીએ અને બાકી હદીસો 'બાબે એહતેજાજે મુસા ઈબ્ને જઅફર અઝ ખોલફાએ ઝમાના'માં ઝીક્ર થશે.

આ આયતથી ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) એ જે દલીલ આપી છે તેનું કારણ એ છે કે બધાજ મુફસ્સીરોનો તેમાં એકમત છે કે દીકરીનો દીકરો (નવાસો) આ આયતમાં દાખલ છે અને હકીકતમાં આ હકીકી છે અને આ લોકો તે આયતથી એ દલીલ કરે છે કે નવાસાની પત્નિ નાના ઉપર હરામ અને આ દલીલ તે સમયે યોગ્ય થશે જ્યારે નવાસાને નાનાની સુલ્બી ઔલાદ માનવામાં આવે અને આ વિષય ઉપર આખી ચર્ચા ઈન્શાઅલ્લાહ 'અબ્વાબે ખુમ્સ'માં કરવામાં આવશે.

તફસીરે ફુરાતમાં અબુલ જારૂદની આજ રિવાયત શબ્દોના મામુલી ફર્કની સથે નકલ થયેલ છે.

કિતાબ કાફીમાં પણ અબ્દુસ્સમદથી આ રિવાયત છે.

- **શું ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.)ને રસુલે ખુદા (સ.અ.વ.)ના ફરઝંદ કહી શકાય છે?**

અબ્દુલ હમીદ બિન અબીલ હદીદ મોઅતઝલી શર્હે નહજુલ બલાગાહના લેખકે હઝરત અલી (અ.સ.)ના આ કૌલની નીચે જે

હઝરત અલી (અ.સ.) એ જંગે સીફફીનમાં ઈમામ હસન (અ.સ.)ને જંગના મૈદાન તરફ દોડતા જોઈને ફરમાવ્યું હતુંઃ તે છોકરાને રોકી લો. કયાંક તેઓ મારી કમર ન તોડી નાખે કારણ કે મને તે બન્નેનો (ઈમામ હસન અ.સ. અને ઈમામ હુસૈન અ.સ.)નો ઘણો ખ્યાલ છે. કયાંક તેમની શહાદતથી રસુલે ખુદા (સ.અ.વ.)ની નસ્લ કપાઈ ન જાય.

લેખક શર્હે નહજુલ બલાગાહમાં લખે છે કે અગર તમે એમ કહો કે શું ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.) અને તેમની ઓલાદને ઈબ્ને રસુલુલ્લાહ અને રસુલે ખુદા (સ.અ.વ.)ના ફરઝંદ કહી શકાય છે?

હું તેના જવાબમાં કહીશ કે હા, કહી શકાય છે કારણકે અલ્લાહ તઆલાએ ખુદ તે બન્નેને રસુલે ખુદા (સ.અ.વ.)ના ફરઝંદ કહ્યા છે અને અલ્લાહ તબારક વ તઆલા ફરમાવે છેઃ

فَقُلْ تَعَالَوْا نَدْعُ أَبْنَاءَنَا وَأَبْنَاءَكُمْ وَنِسَاءَنَا وَنِسَاءَكُمْ وَأَنفُسَنَا

وَأَنفُسَكُمْ ثُمَّ نَبْتَهِلْ فَنَجْعَل لَّعْنَتَ اللهِ عَلَى الْكَاذِبِينَ

(સુરએ આલે ઈમરાન, આ. ૬૧)

આમાં અલ્લાહ તઆલા અબ્નાઅનાથી ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.)ની મુરાદ લીધા છે.

અગર કોઈ શખ્સ કોઈની ઓલાદ માટે થોડા માલની વસીયત કરી જાય તો છોકરાની ઓલાદ પણ આ માલની હક્કદાર થશે.

અલ્લાહ તઆલાએ હઝરત ઈસા બિન મરયમ (સ.અ.)ને હઝરત ઈબ્રાહીમ (અ.સ.)ની ઓલાદ કરાર દીધા અને એહલે લુગત તે આમાં કોઈ ઈખ્તેલાફ નથી કર્યો કે છોકરીની ઓલાદથી કોઈ ઈન્સાનની નસ્લ કરાર નથી દઈ શકાતી.

હવે અગર તમે આમ કહો તો અલ્લાહ તઆલાના આ કૌલનો શું જવાબ દેશોઃ

مَّا كَانَ مُحَمَّدٌ أَبَا أَحَدٍ مِّن رِّجَالِكُمْ

મોહમ્મદ (સ.અ.વ.) તમારા મર્દોમાંથી કોઈના પિતા નથી.

હું આના જવાબમાં તમને ખુદ સવાલ કરીશ કે બતાવો આ આયતના હોવા છતા જનાબે રસુલે ખુદા (સ.અ.વ.) પોતાના ફરઝંદ ઈબ્રાહીમ બિન મારીયાએ કીબ્તીયાના બાપ હતા એટલે કે જે ઈબ્રાહીમ (અ.સ.)ના વિષે તમારો જવાબ હશે તે જ મારો જવાબ ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.)ના વિષે હશે.

બીજો જવાબ જે બધામાં સામાન્ય છે તે એ છે કે આ આયતથી ઝૈદ બિન હારીસ મુરાદ છે જેને જે અરબોએ રસુલે ખુદા (સ.અ.વ.)ના ફરઝંદ કહેવાનું શરૂ કરી દીધું હતું અને ઝૈદ બીન હારીસના બદલે ઝૈદ બિન મોહમ્મદ (સ.અ.વ.) કહેવા લાગ્યા કારણ કે અરબના લોકો જે ગુલામોને દત્તક લેતા તેને દત્તક લેવાવાળાના દીકરો કહેવા લાગે છે. આથી અલ્લાહ તઆલા એ આ કૌલથી આ રસ્મને રદ કરી દીધી અને જાહેલીયતના ઝમાનાના આ તરીકાથી લોકોને મનાઈ કરી અને ફરમાવ્યું કે મોહમ્મદ (સ.અ.વ.) તે મર્દોમાંથી કોઈના પિતા નથી જે બાલીગ છે અને તમારી લોકોની વચ્ચે મશ્હુર છે પરંતુ આનાથી એ લાઝીમ નથી આવતું કે રસુલે ખુદા (સ.અ.વ.) પોતાના તે બચ્ચાઓના પણ પિતા ન હતા જેના ઉપર લફઝ (અસર) રેજાલ (મર્દ) સાદિક નથી આવતું જેવી રીતે જનાબે ઈબ્રાહીમ (અ.સ.) અને ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.) છે.

ત્યારબાદ અલ્લામા ઈબ્ને અબીલ હદીદ મોતઝલીએ અમુક બીજા વાંધાઓનો ઝીક્ર કર્યો છે અને તેના જવાબ આપ્યા છે.

**૨) આપ (સ.અ.)ની ઔલાદ જનાબે રસુલે ખુદા (સ.અ.વ.)ની ઔલાદ છે. તે કુરઆને મજીદથી એક બીજી દલીલઃ**

અલ્લામા મજલીસી (અ.ર.) ફરમાવે છેઃ મેં મનાકીબની એક જુની કિતાબમાં આ રિવાયત જોઈ છે કે જનાબે રસુલે ખુદા (સ.અ.વ.) એ ઈરશાદ ફરમાવ્યુંઃ દરેક માં ની ઔલાદ પોતાના બાપના નસ્બથી મન્સુબ હોય છે સિવાય જનાબે ફાતેમા (સ.અ.)ની ઔલાદ કે હું તેમનો બાપ છું અને તેમનો નસ્બ છું.

અબુલ હસન બિન બશરાન એ પોતાની સનદોની સાથે યહ્યા બિન યામુર આમેરીથી રિવાયત કરી છે કે એક વખત હજ્જાજ બિન યુસુફે એક માણસ મોકલીને મને બોલાવ્યા અને કહ્યુંઃ અય યહ્યા! શું તમારો આ ખ્યાલ છે કે હઝરત અલી (અ.સ.)ની ઔલાદ જનાબે ફાતેમા (સ.અ.)ના પેટથી છે? તે રસુલે ખુદા (સ.અ.વ.)ની ઔલાદ છે?

મેં કહ્યુંઃ અગર તમે મને જાનની અમાન આપો તો હું તેના બારામાં કાંઈક કહું?

હજ્જાજે કહ્યુંઃ મેં અમાન આપી.

મેં કહ્યુંઃ સારૂ, તો હું તમારી સામે કુરઆને મજીદની આયત પઢું છું, ધ્યાનથી સાંભળો.

وَوَهَبْنَا لَهُ إِسْحَاقَ وَيَعْقُوبَ ۚ كُلًّا هَدَيْنَا ۚ وَنُوحًا هَدَيْنَا مِن قَبْلُ ۖ وَمِن ذُرِّيَّتِهِ دَاوُودَ وَسُلَيْمَانَ وَأَيُّوبَ وَيُوسُفَ وَمُوسَىٰ وَهَارُونَ ۚ وَكَذَٰلِكَ نَجْزِي الْمُحْسِنِينَ ﴿٨٤﴾ وَزَكَرِيَّا وَيَحْيَىٰ وَعِيسَىٰ وَإِلْيَاسَ ۖ كُلٌّ مِّنَ الصَّالِحِينَ

(સુરએ અન્આમ, આ. ૮૪-૮૫)

અને અમે તેને (ઈબ્રાહીમ અ.સ.)ને ઈસ્હાક અને યાકુબ (અ.સ.) આપ્યા. અમે તે દરેકને હિદાયત આપી અને તેનાથી વધારે નુહ (અ.સ.)ને હિદાયત આપી અને તેની (જનાબે ઈબ્રાહીમ અ.સ.)ની ઔલાદમાંથી જનાબે દાઉદ (અ.સ.) અને જનાબે સુલેમાન અ.સ.) અને જનાબે અય્યુબ (અ.સ.) અને જનાબે યુસુફ (અ.સ.) અને જનાબે મુસા (અ.સ.), જનાબે હારૂન (અ.સ.)ને પણ હિદાયત આપી અને અમે એહસાન કરવાવાળાઓને આજ રીતે જઝા આપીએ છીએ અને જનાબે ઝકરીયા (અ.સ.) અને જનાબે યહ્યા (અ.સ.) અને જનાબે ઈસા (અ.સ.), જનાબે ઈલ્યાસ (અ.સ.) દરેક સાલેહીનમાંથી છે.

એ હજ્જાજ! તમને પણ ખબર છે કે હઝરત ઈસા (અ.સ.) કલેમતુલ્લાહ છે અને રૂહુલ્લાહ છે. તેમને અલ્લાહ તઆલાએ બતુલે અઝરા જનાબે મરયમ (સ.અ.)ના પેટમાં બાપ વગર પેદા કર્યા છે. પરંતુ અલ્લાહ તેમનો શુમાર પણ જનાબે ઈબ્રાહીમ (અ.સ.)ની ઔલાદમાં કર્યો છે.

હજ્જાજે કહ્યું: સારૂં, તો પછી તમારે તેને ફેલાવવાને શું જરૂરત છે?

મેં કહ્યું: ખુદાએ ઈલ્મવાળા ઉપર વાજીબ કર્યું છે કે તેઓ જે કાંઈ જાણે છે તે લોકોને બતાવે અને તેને ન છુપાવે તેથી અલ્લાહ તબારક વ તઆલા ફરમાવે છે:

અને જ્યારે અલ્લાહે તે લોકોને જેઓને કિતાબ આપી છે વાયદો લીધો કે તેને સ્પષ્ટ રીતે લોકોને બયાન કરશે અને તેને છુપાવશે નહિ.

(સુરએ આલે ઈમરાન, આ. ૧૮૭)

હજ્જાજે કહ્યું: ઠીક છે પરંતુ હવે તેનું પુનરાવર્તન ન કરતો.

આમીરે શોઅબીનું બયાન છે કે એક રાત્રે હજ્જાજે મને બોલાવવા માટે એક માણસ મોકલ્યો. મને ખતરો મહેસુસ થયો. મજબુરન ઉભો થયો વુઝુ કર્યું અને મારા ઘરવાળાઓને વસીયત, વગેરે કરી. પછી હજ્જાજની પાસે પહોંચ્યો તો જોયુ કે ચામડું પાથરેલું છે અને તેના પર

ખુલ્લી તલ્વાર સામે રાખેલી છે. હજ્જાજને સલામ કરી તેણે મારી સલામનો જવાબ આપ્યો પછી બોલ્યો ડરો નહિ, મેં તમને આજે રાત્રથી કાલે ઝોહર સુધી અમાન આપી.

પછી તેણે મને તેની બાજુમાં બેસાડયો અને ઈશારા પર એક વ્યકિતને જે તૌકો જંજીરમાં જકડાએલ હતો તેને હાજર કરવામાં આવ્યો.

હજ્જાજે મને કહ્યુંઃ આ શૈખ કહે છે કે ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.) રસુલે ખુદા (સ.અ.વ.)ના ફરઝંદો છે અને તે પોતાની વાતને કુરઆનથી સાબીત કરે નહિતર હમણાંજ તેની ગરદન ઉડાડી દઈશ.

મેં કહ્યુંઃ અય અમીર પહેલા તે વ્યકિતને તોક અને જંજીરથી આઝાદ કરી દો પછી તેનાથી દલીલ માંગો જેથી તે આઝાદીથી વાત કરી શકે.

તેથી તે વ્યકિતને તોક અને જંજીરથી આઝાદ કરવામાં આવ્યો. હવે જેવું મેં તેને જોયુ તો તે સઈદ બીન જુબૈર હતા. આ જોઈને મને ખુબ દુઃખ થયું. મેં દીલમાં કહ્યું કે સઈદ ભલા આ વાતને કુરઆનથી કઈ રીતે સાબીત કરશે?

હજ્જાજે પાછું કહ્યુંઃ સઈદ તમે જે કાંઈ કહ્યું છે તેની દલીલ કુરઆનથી પેશ કરો. નહિંતર હું હમણા તમને કત્લ કરીશ.

સઈદે કહ્યુંઃ અય હજ્જાજ! થોડી મોહલત તો દે.

હજ્જાજ થોડીવાર ચુપ રહીને બોલ્યોઃ કુરઆનથી દલીલ પેશ કરો.

સઈદે કહ્યુંઃ થોડી વધારે મોહલત આપ.

હજ્જાજ પાછો ચુપ થઈ ગયો પછી બોલ્યો કુરઆનથી દલીલ પેશ કરો.

સઈદે કહ્યુંઃ બહેતર છે, સાંભળ.

وَوَهَبْنَا لَهُ إِسْحَاقَ وَيَعْقُوبَ كُلًّا هَدَيْنَا وَنُوحًا هَدَيْنَا مِن قَبْلُ وَمِن ذُرِّيَّتِهِ دَاوُودَ وَسُلَيْمَانَ وَأَيُّوبَ وَيُوسُفَ وَمُوسَىٰ وَهَارُونَ وَكَذَٰلِكَ نَجْزِي الْمُحْسِنِينَ

સઈદ પઢીને ચુપ થઈ ગયા અને હજ્જાજે કહ્યું: હવે આનાથી આગળ તમે પઢો.

હજ્જાજે આગણ પઢવાનું શરૂ કર્યું:

وَزَكَرِيَّا وَيَحْيَىٰ وَعِيسَىٰ

સઈદે કહ્યું: જરા વાર થોભી જાવ. હવે એ બતાવો કે હઝરત ઈસા (અ.સ.)નો ઝીક્ર આ આયતમાં કેમ આવ્યો છે. જ્યારે કે તેઓ બાપ વગર પૈદા થયા છે?

હજ્જાજે કહ્યું: કેમ ન આવે? તે પણ તો જનાબે ઈબ્રાહીમ (અ.સ.)ની ઔલાદમાં તો છે.

સઈદે કહ્યું: અય હજ્જાજ! અગર હઝરત ઈસા (અ.સ.)નો શુમાર જનાબે ઈબ્રાહીમ (અ.સ.)ની ઔલાદમાં છે જેના પિતા પણ ન હતા પરંતુ તેઓ હઝરત ઈબ્રાહીમ (અ.સ.)ની ઘણી પેઢીઓ પછી નવાસા છે. તે છતા પણ તેઓ જનાબે ઈબ્રાહીમ (અ.સ.)ની ઔલાદ કહેવાયા પરંતુ હઝરત ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.) તો રસુલે ખુદા (સ.અ.વ.)ની તરફ મન્સુબ થવાનો પહેલો હક રાખે છે કારણ કે તેઓ બન્ને તો રસુલે ખુદા (સ.અ.વ.)ના ખુદના નવાસા છે.

આ સાંભળીને હજ્જાજે હુકમ આપ્યો કે સઈદને ૧૦,૦૦૦ દીનાર આપવામાં આવે અને આ માલ તેની સાથે તેના ઘરે પહોંચાડવામાં આવે.

પછી હજ્જાજે સઈદને આઝાદ કર્યા અને પાછા જવાની ઈજાઝત આપી.

શોઅલબીનું બયાન છે કે જ્યારે સવાર થઈ તો મેં દીલમાં કહ્યું કે હું સમજતો હતો કે હું કુરઆનનો મોટો આલીમ છું પરંતુ હવે ખબર પડી કે હું તો કાંઈ નથી જાણતો. પછી હું સઈદની તલાશમાં નિકળ્યો અને મસ્જીદમાં પહોંચ્યો તો જોયું કે તે દીનાર તેની સામે રાખેલા છે અને લોકોને ૧૦-૧૦ દીનાર સદકામાં આપી રહ્યા છે અને આમ કહેતા જાય છે.

هَاذَا كُلُّهُ بِبَرَكَتِ الْحَسَنِ وَ الْحُسَيْنِ

આ દરેક ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.)ની બરકત છે. અગર અમે એકને નારાઝ કર્યો છે તો હજારને ખુશ પણ કર્યા છે અને અલ્લાહ તેના રસુલ (સ.અ.વ.)ને મારાથી રાઝી કરી લીધા છે.

(કિતાબ મનાકીબે કદીમ)

- કિતાબ દલાએલે તબરીમાં ફાતેમા કુબરા (સ.અ.)થી રિવાયત છે કે રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ દરેક નબીની એક આલ અને ઔલાદ થતી રહી છે જે તે નબીની તરફ મન્સુબ કરવામાં આવે છે અને મારી આલ અને ઔલાદ તે છે જે મારી તરફ મન્સુબ છે.

**૩) આપ (સ.અ.)ના શીકમથી પૈદા થવાવાળાનો શરફઃ**

હસન બીન મુસા વશ્શાઅ બગદાદીથી રિવાયત છે કે હું એક વખત ખુરાસાનમાં હઝરત ઈમામ અલી ઈબ્ને મુસા રેઝા (અ.સ.)ની ખિદમતમાં હાજર હતો. તે સમયે ત્યાં ઝૈદ બીન મુસા પણ હાજર હતા, અમુક લોકોથી જે ત્યાં હાજર હતા તેને ફખ્રથી કહેવા લાગ્યા કેઃ અમે લોકો એવા છે અને તેવા છે, વિગેરે.

હઝરત ઈમામ રેઝા (અ.સ.) એ ઝૈદની વાતો સાંભળીને ફરમાવ્યુંઃ

અય ઝૈદ! શું તમે કુફાના કરીયાણા વેચવાવાળાની વાત પર ફખ્ર કરો છો કે જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) એ પોતાને ગુનાહોથી બચાવી રાખ્યા, તેના લીધે અલ્લાહે તેની ઔલાદો પર જહન્નમની આગને

હરામ કરી દીધી છે. ખુદાની કસમ! આ હદીસ તો ફકત હઝરત ઈમામ હસન (અ.સ.) ઈમામ હુસૈન (અ.સ.) અને જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ના શીકમથી પૈદા થવાવાળા માટે છે.

સાંભળ! અગર જનાબે મુસા બીન જઅફર (અ.સ.) અલ્લાહની ઈતાઅતમાં દિવસે રોઝા રાખે અને રાત્રે ઈબાદત કરે અને તમે અલ્લાહની નાફરમાની કરો પછી કયામતના દિવસે બંને અલ્લાહની બારગાહમાં હાજર થાવ અને ત્યાં બંનેની સાથે એક સરખો વર્તન કરે તો તેનો અર્થ એ છે કે તમારો મરતબો અલ્લાહની નઝદીક તમારા પિતાથી પણ વધારે છે. યાદ રાખો! હઝરત અલી ઈબ્ને હુસૈન (અ.સ.) ફરમાવ્યા કરતા હતાઃ

لِمُحْسِنِنَا كِفْلَانِ مِنَ الْأَجْرِ وَلِمُسِيئِنَا ضِعْفَانِ مِنَ الْعَذَابِ

અમારા નેકી કરનાર માટે બમણો અજ્ર અને સવાબ છે અને અમારા બદકાર (ખરાબ કાર્ય કરનાર) માટે બમણો અઝાબ છે.

હસન વશ્શાઅનું બયાન છે કે પછી ઈમામ રેઝા (અ.સ.) મારી તરફ મુતવજ્જેહ થયા અને ફરમાવ્યુંઃ અય હસન! તમે લોકો આ આયતને કઈ રીતે પઢો છો?

يَا نُوحُ إِنَّهُ لَيْسَ مِنْ أَهْلِكَ ۖ إِنَّهُ عَمَلٌ غَيْرُ صَالِحٍ

(સુરએ હુદ, આ. ૪૬)

મેં કહ્યુંઃ અમુક લોકો તેને આમ પઢે છે

إِنَّهُ عَمَلٌ غَيْرُ صَالِحٍ

તેનો અમલ કારણકે ગૈર સાલેહ છે.

એટલા માટે અય નુહ (અ.સ.)! તે તમારા અહલથી બહાર નીકળી ગયો અને અમુક લોકો આમ પઢે છે કે إِنَّهُ عَمَلٌ غَيْرُ صَالِحٍ અય નુહ! આ તમારી ઔલાદ જ નથી. આ તો એક ગૈરે સાલેહ વ્યકિતની ઔલાદ છે.

ઈમામ રેઝા (અ.સ.) એ ફરમાવ્યુંઃ નહિ, હરગીઝ એવું નથી તે હઝરત નુહ (અ.સ.)ની જ ઔલાદ હતો પરંતુ તેણે અલ્લાહની નાફરમાની કરી એટલા માટે અલ્લાહે તેને જનાબે નુહ (અ.સ.)ની વલદીય્યત (ઔલાદ)માંથી બહાર કરી નાખ્યો.

બસ એવી જ રીતે જે અમારામાંથી અલ્લાહની ઈતાઅત નહિ કરે તે અમારામાંથી નથી અને અગર તમે અલ્લાહની ઈતાઅત કરશો તો અમારામાંથી હશો.

(કિતાબ મઆનીલ અખ્બાર)

નસાની એ અસદીથી અને તેણે સાલેહ બિન એહમદથી આના જેવી જ રિવાયત કરી છે.

(કિતાબ ઓયુને અખ્બારે રેઝા)

- મોહમ્મદ બિન મરવાનથી રિવાયત છે કે મેં એક વખત હઝરત ઈમામ જઅફરે સાદિક (અ.સ.)ને પુછયુંઃ શું હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું છે કે જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) એ પોતાની ઝાતને ગુનાહોથી મહેફુઝ રાખી છે એટલા માટે અલ્લાહ તઆલાએ તેમની ઔલાદ માટે જહન્નમની આગને હરામ કરવામાં આવી છે?

ઈમામ સાદિક (અ.સ.) એ ફરમાવ્યુંઃ હા, પરંતુ તેનાથી મુરાદ ફકત ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.) છે અને જનાબે ઝયનબ (સ.અ.) અને જનાબે ઉમ્મે કુલસુમ (સ.અ.) છે.

(કિતાબ મઆનીલ અખ્બાર)

હમ્માદ બિન ઉસ્માનથી રિવાયત છે કે મેં એક વખત હઝરત ઈમામ જઅફરે સાદિક (અ.સ.)ને કહ્યુંઃ મૌલા! હું તમારા પર કુરબાન, હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની આ હદીસનો શું અર્થ છેઃ

اِنَّ فَاطِمَةَ أَحْصَنَتْ فَرْجَهَا فَحَرَّمَ اللهُ ذُرِّيَّتَهَا عَلَى النَّارِ

જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) એ પોતાની ઝાતને ગુનાહોથી પાક રાખ્યા એટલા માટે અલ્લાહ તઆલાએ જહન્મને તેમની ઔલાદ ઉપર હરામ કરી દીધી છે.

ઈમામ સાદિક (અ.સ.) એ ફરમાવ્યુંઃ જહન્નમથી બરી (દૂર) તેમની ફકત એ ઔલાદ છે જે તેમના (જનાબે ઝહરા સ.અ.)ના શીકમથી પૈદા થઈ છે એટલે કે ઈમામ હસન (અ.સ.), ઈમામ હુસૈન (અ.સ.), જનાબે ઝયનબ (સ.અ.) અને જનાબે ઉમ્મે કુલ્સુમ (સ.અ.).

(કિતાબ મઆનીલ અખ્બાર)

હઝરત ઈમામ રેઝા (અ.સ.) એ પોતાના પવિત્ર બાપ દાદાથી રિવાયત કરી છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ જનાબે ફાતેમા (સ.અ.) એ પોતાની ઝાતને ગુનાહોથી બચાવી એટલા માટે અલ્લાહ તઆલાએ તેમની ઔલાદને જહન્નમ પર હરામ કરી દીધી છે.

(કિતાબ ઓયુને અખ્બારે રેઝા)

મીસ્બાહુલ અન્વારમાં પણ હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.)ની સનદથી આના જેવી જ રિવાયત બયાન કરી છે.

## ૪) ઝૈદ બિન ઈમામ મુસા કાઝીમ (અ.સ.)ને ઈમામ રેઝા (અ.સ.)નો ઠપકોઃ

માજીય્લવ્ય ઈબ્ને મોતવક્કીલ અને હમદાનીએ પોતાની સનદોની સાથે યાસીરથી રિવાયત કરી છે કે ઝૈદ બિન ઈમામ મુસા કાઝીમ (અ.સ.) એ મદીનમાં ખુરૂજ કર્યો. લોકોના ઘર બાળ્યા અને તેઓને કત્લ કર્યા. તેના જ લીધે તેનો લકબ ઝૈદુન્નાર થઈ ગયો.

પછી મામુને લશ્કર મોકલ્યુ અને તેમને ગીરફતાર કર્યા જ્યારે તેમને મામુનની સામે હાજર કરવામાં આવ્યા તો મામુને કહ્યુંઃ આને અબુલ હસન ઈમામ રેઝા (અ.સ.)ની પાસે લઈ જાવ.

યાસીરનું બયાન છે કે જ્યારે ઝૈદને ઈમામ રેઝા (અ.સ.)ની સામે હાજર કરવામાં આવ્યા તો ઈમામ રેઝા (અ.સ.) એ ફરમાવ્યું:

અય ઝૈદ! શું તમે પસ્ત વિચારના કુફાવાળાની આ વાત પર ગલત ફહમીમાં મુબ્તેલા છો:

فَاطِمَةَ أَحْصَنَتْ فَرْجَهَا فَحَرَّمَ اللهُ ذُرِّيَّتَهَا عَلَى النَّارِ

જનાબે ફાતેમા (સ.અ.) એ પોતાની ઝાતને ગુનાહોથી મહેફુઝ રાખી એટલા માટે અલ્લાહે તેમની ઔલાદને જહન્નમ પર હરામ કરી દીધી છે. આમાંથી જનાબે ફાતેમા (સ.અ.)ની પુરી નસ્લ મુરાદ નથી પરંતુ ફકત ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.) મુરાદ છે. અગર તમારો એ ખ્યાલ છે કે તમે અલ્લાહની નાફરમાની કરો તેમ છતાં તમને જન્નતમાં દાખલ થવા મળશે અને હઝરત ઈમામ મુસા કાઝીમ (અ.સ.) અલ્લાહની ઈતાઅત કરવા પછી જન્નતમાં જાય તો તેનો અર્થ એ થયો કે તમે અલ્લાહની નઝદીક ઈમામ મુસા બિન જઅફર (અ.સ.)થી પણ વધારે મોહતરમ છો.

ખુદાની કસમ! ઈતાઅત વગર કોઈ શખ્સ અલ્લાહની બારગાહથી કાંઈ મેળવી શકતો નથી. અગર તમારો એ ખ્યાલ છે કે તમે અલ્લાહની નાફરમાની કરીને જન્નત લઈ લેશો તો આ ખયાલ ખોટો છે.

ઝૈદે કહ્યું: હું તમારો ભાઈ છું અને તમારા પિતાનો જ દીકરો છું.

ઈમામ રેઝા (અ.સ.) એ ફરમાવ્યું: તમે મારા ભાઈ ત્યાં સુધી છો જ્યાં સુધી તમે અલ્લાહની ઈતાઅત કરશો.

સાંભળો! હઝરત નુહ (અ.સ.) એ ખુદાને કહ્યું હતું:

رَبِّ إِنَّ ابْنِي مِنْ أَهْلِي وَإِنَّ وَعْدَكَ الْحَقُّ وَأَنتَ أَحْكَمُ الْحَاكِمِينَ

'પરવરદિગાર! બેશક મારો દીકરો મારા અહલમાંથી છે અને ખરેખર તારો વાયદો સાચો છે અને તું દરેક ફેંસલો કરવાવાળામાં બહેતર ફેંસલો કરવાવાળો છે.'

(સુરએ હુદ, આ. ૪૫)

અલ્લાહ તઆલા એ જવાબ આપ્યો હતોઃ

يَانُوحُ إِنَّهُ لَيْسَ مِنْ أَهْلِكَ إِنَّهُ عَمَلٌ غَيْرُ صَالِحٍ

'અય નુહ (અ.સ.)! આ (દીકરો) તમારા અહલમાંથી નથી કારણ કે તેનો અમલ ગૈરે સાલેહ છે.'

(સુરએ હુદ, આ. ૪૬)

પછી જુઓ! (અય ઝૈદ) ખુદા એ જનાબે નુહ (અ.સ.)ના દીકરાને તેની નાફરમાનીના લીધે નુહ (અ.સ.)ના અહલમાંથી બહાર કાઢી નાખ્યો.'

(કિતાબ ઓયુનો અખ્બારે રેઝા)

- તારીખે બગદાદ અને કિતાબ સમઆની અને અરબઈન મોઅઝીન અને મનાકિબે ફાતેમા (સ.અ.), ઈબ્ને શાહીનમાં પોત પોતાની સનદોની સાથે હોઝૈફા અને ઈબ્ને મસ્ઉદથી આ રિવાયત છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ

'ફાતેમા (સ.અ.) એ પોતાની ઝાતને ગુનાહોથી પાક રાખ્યા એટલા માટે અલ્લાહે તેમની ઔલાદને જહન્નમ ઉપર હરામ કરી દીધી છે.'

ઈબ્ને માઝા કહે છે કે આ ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.) માટે મખ્સુસ છે અને એમ પણ કહેવામાં આવે છે કે જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ના શીકમથી જે પણ પૈદા થયા તે દરેક માટે છે અને આ રિવાયત ઈમામ રેઝા (અ.સ.)ની છે અને બહેતર એ છે કે જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની નસ્લમાં જેટલા મોઅમીન છે તે દરેક માટે છે.

(કિતાબ મનાકીબ ઈબ્ને શહરે આશુબ)

# પ્રકરણ-૧૦
# જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ના
# વકફો અને સદકાઓ

**૧) જનાબે ફાતેમા (સ.અ.)નો સદકો બની હાશીમ અને બની અબ્દુલ મુત્તાલીબ માટેઃ**

કિતાબ કાફીમાં અબુ મરીયમથી રિવાયત છે કે મેં હઝરત અબુ અબ્દીલ્લાહ ઈમામ જઅફરે સાદિક (અ.સ.)ને હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) અને હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ને સદકાના બારામાં પુછાવ્યું તો ઈમામ સાદિક (અ.સ.) એ ફરમાવ્યુંઃ તે અમારા માટે હલાલ છે.

પછી આ પણ ફરમાવ્યુંઃ જનાબે ફાતેમા (સ.અ.) એ પોતાના સદકાને બની હાશીમ અને બની અબ્દુલ મુત્તાલીબના માટે મખ્સુસ કરી દીધો હતો.

(કિતાબ કાફી)

**૨) વકફનામાનું લખાણઃ**

અબુ બસીરથી રિવાયત છે કે હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) એ એક વખત મને ફરમાવ્યુંઃ શું હું તમને જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની વસીય્યત પઢીને સંભળાવવું?

મેં કહ્યુંઃ હા, સંભળાવો.

પછી ઈમામ બાકીર (અ.સ.) એ એક પેટી અથવા એક ડબ્બો બહાર કાઢયો અને તેમાંથી એક દસ્તાવેજ કાઢયો અને તેને પઢયો જેમાં આ લખેલું હતું.

બિસ્મિલ્લાહ હીર રહમા નીર રહીમ

આ જનાબે ફાતેમા બિન્તે મોહમ્મદનું વસીય્યતનામું છે. હું (જનાબે ફાતેમા સ.અ.) વસીય્યત કરૂ છું મારા તે ૭ બાગોના બારામાં જેના નામ આ છે. ૧) અલ અવાફ ૨) દલાલ ૩) બરકા ૫) મુબીત ૫) હુસ્ના ૬) સાફેયહ ૭) ઉમ્મે ઈબ્રાહીમવાળા બાગો. આ દરેક હઝરત અલી (અ.સ.)ને આપવામાં આવે અને જ્યારે તેઓ દુનિયાથી વીદા થઈ

જાય (શહાદત થઈ જાય) તો તે દરેકના મુતવલી ઈમામ હસન (અ.સ.) હશે અને જ્યારે ઈમામ હસન (અ.સ.)ની શહાદત થઈ જાય તો તેના મુતવલી ઈમામ હુસૈન (અ.સ.) હશે અને ઈમામ હુસૈન (અ.સ.) પણ આ દુનિયામાં ન રહે તો મારી ઔલાદમાંથી જે સૌથી મોટા હોય તે તેના મુતવલી હશે. (વારસદાર થશે)

તેના સાક્ષી

અલ્લાહ, જ. મિકદાદ અને ઝુબૈર બિન અવામ છે.

લખનારઃ હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)

(કિતાબ કાફી)

અલી એ પોતાના પિતાથી તેણે ઈબ્ને અબી ઉમેરથી તેણે હમ્માદ બિન ઉસ્માનથી અને તેણે અબુ બસીરથી રિવાયત કરી છે કે તે બયાન કરે છે કે ઈમામ સાદિક (અ.સ.) એ ફરમાવ્યુંઃ શું હું તમને જનાબે ફાતેમા (સ.અ.)ની વસીય્યતનામું પઢીને સંભળાવું?

મેં કહ્યુંઃ હા, સંભળાવો.

ઈમામ (અ.સ.) એ એક સહીફો કાઢયો જેમાં આ લખેલું હતું.

'આ વસીય્યત અને અહદ છે જનાબે ફાતેમા (સ.અ.) બિન્તે મોહમ્મદ (સ.અ.વ.)ના તરફથી પોતાના માલના બારામાં હઝરત અલી (અ.સ.)ની માટે. પછી જ્યારે તેઓ શહીદ થઈ જાય તો આ ઈમામ હસન (અ.સ.)ને મળે, ઈમામ હસન (અ.સ.) પછી ઈમામ હુસૈન (અ.સ.)ને મળશે. ઈમામ હુસૈન (સ.સ.) પછી મારા શીકમમાંથી જે ઔલાદ મોટી હશે તેને મળશે (હઝરત અલી અ.સ.)ની ઔલાદમાં મારા પેટની ઔલાદ સિવાય કોઈને નહિ મળે) અને તે માલ આ છે. ૧) દલાલ ૨) અવાફ ૩) મોબીત ૪) બરકા ૫) હુસ્ના ૬) સાફેયહ ૭) અને ઉમ્મે ઈબ્રાહીમવાળો બાગ. આ વસીય્યત અને અહદના ગવાહ અલ્લાહ છે. જનાબે મીકદાદ બિન અસ્વદ અને ઝુબૈર બિન અવામ છે.

(કાફી)

## ૩) જનાબે સલમાનનો લગાવેલો બાગઃ

અલી એ પોતાના પિતાથી તેણે ઈબ્ને અબી નજરાનથી તેણે આસીમ બિન હમીદથી તેણે ઈબ્રાહીમ બિન અબી યહ્યા મઝનીથી અને તેણે હઝત ઈમામ જઅફરે સાદિક (અ.સ.)થી રિવાયત કરી છે કે 'મુબીત' નામનો બાગ તે છે જે જનાબે સલમાને લખાણ દ્વારા આપ્યો હતો પછી તેને અલ્લાહ તઆલાએ કોઈપણ મઆવઝા વગર પોતાના રસુલે ખુદા (સ.અ.વ.)ને આપી દીધો હતો. આ બાગ પણ જનાબે ફાતેમા (સ.અ.)ના સદકામાં શામીલ હતો.

(કાફી)

## ૪) આપ (સ.અ.)ના બાગોના નામઃ

મોહમ્મદ બિન યહ્યાએ એહમદ બિન મોહમ્મદથી અને તેણે હઝરત ઈમામ રેઝા (અ.સ.)થી રિવાયત કરી છે કે મેં ઈમામ (અ.સ.)ને તે ૭ બાગોના બારામાં પુછયું જે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની વારસામાં જનાબે ફાતેમા (સ.અ.)ને મળ્યા હતા.

ઈમામે ફરમાવ્યુંઃ તે બાગો હકીકત વકફ કરેલ હતા અને રસુલે ખુદા (સ.અ.વ.) એ તેમાંથી એટલું જ લેતા હતા જેટલું તેમના પોતાના મહેમાનો અને તાબેઈન માટે જરૂરત હતી. રસુલે ખુદા (સ.અ.વ.)ની વફાત બાદ હઝરત અબ્બાસ ઈબ્ને અબ્દુલ મુત્તાલીબે જનાબે ફાતેમા (સ.અ.)થી પોતાના બાગનો હિસ્સો માંગ્યો તો હઝરત અલી (અ.સ.) અને બીજા વ્યકિતઓએ તેના વફક હોવા પર ગવાહી આપી જે આ છેઃ દલાલ, અવાફ, હુસ્ના, સાફેયાહ, ઉમ્મે ઈબ્રાહીમનો બાગ, મુબીત અને બરકા.

# નોંધ